પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ    પાના: ૧૬
તા. ૧-૮-૨૦૨૫, શુક્રવાર
વર્ષ: ૧૪, અંક : ૧૨૪

Price Rs.:4  ABATAK-RAJKOT  0281- 2461234, 2460999  94266 72303  abataknews@gmail.com  @abtakmedia


**સુવિચાર**

ભાગ્યથી જેટલી અપેક્ષા રાખશો, તેટલા નિરાશ થશો... કર્મમાં વિશ્વાસ રાખો, અપેક્ષા કરતાં વધુ મળશે....

**રાજ્યના ૧૧૮ પોલીસ અધિકારી-કર્મચારીઓને કાલે વિશિષ્ટ-પ્રશંસનીય સેવા મેડલ એનાયત કરાશે**

(વાંચો છેલ્લા પાને)

ભાદરવો રહેશે ભરપૂર

# ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં સારા વરસાદનો વરતારો: હવામાન વિભાગ

## ૧ જૂનથી ૩૧ જુલાઈ સુધીમાં દેશમાં ૪૭૪.૩ મીમી વરસાદ નોંધાયો જે ૪૪૫.૮ મીમીની સરેરાશ કરતા ૬ ટકાનો વધારો નોંધાયો

## ઓગસ્ટમાં પૂર્વોત્તર અને તેની આસપાસના ક્ષેત્રોને બાકાત કરતા દેશના અન્ય ભાગોમાં સરેરાશ વરસાદ નોંધાશે



**અબતક, નવી દિલ્હી**

દેશમાં મેઘરાજાએ પ્રથમ રાઉન્ડમાં ધમાકેદાર બેટિંગ કર્યા બાદ હવે સિઝનના બીજા ભાગમાં પણ આ જ ફોર્મ જાળવી રાખે તેવો અંદાજ હવામાન વિભાગને છે. ભારતીય હવામાન વિભાગના મતે ચોમાસાનો બીજો તબક્કો ઓગસ્ટ અને સપ્ટેમ્બર પણ દેશવાસીઓને ભીંજવશે અને સરેરાશ કરતા વધુ વરસાદ પડે તેવી સંભાવના છે. ઓગસ્ટમાં પૂર્વોત્તર અને તેની આસપાસના ક્ષેત્રોને બાકાત કરતા દેશના અન્ય ભાગોમાં સરેરાશ વરસાદ નોંધાશે તેમ આઈએમડીના ડાયરેકટર જનરલ મૃત્યુંજય મોહાપાત્રાએ જણાવ્યું હતું. સપ્ટેમ્બરમાં પણ વરસાદ સરેરાશથી વધુ રહેવાનો અંદાજ છે. દેશમાં નૈઋત્યના ચોમાસાનું અપેક્ષા કરતા વહેલું આગમન થયું હતું અને અત્યાર સુધીમાં (જૂન અને જુલાઈ) દેશમાં સરેરાશથી વધુ વરસાદ નોંધાયો છે. હિમાચલ પ્રદેશ સહિતના કેટલાક રાજ્યોમાં વાદળ ફાટવાની ઘટનાને લીધે ઓચિંતા ધસમસતા પૂરને લીધે તારાજી સર્જાઈ હતી. દક્ષિણ પશ્ચિમના ચોમાસાની સિઝન દરમિયાન દેશમાં ઓગસ્ટ અને સપ્ટેમ્બરના મહિનાઓમાં સરેરાશથી વધુ (૪૨૨.૮ મીમીના લાંબા ગાળાના સરેરાશના ૧૦૬ ટકા) વરસાદ પડવાની શક્યતા છે. દેશના કેટલાક ક્ષેત્રો સિવાય મોટાભાગના વિસ્તારોમાં સરેરાશ કે તેથી વધુ વરસાદ પડવાની સંભાવના રહેલી હોવાનું મોહાપાત્રાએ ઉમેર્યું હતું. હવામાન વિભાગના અંદાજ મુજબ આગામી બે સપ્તાહમાં ઓછો વરસાદ

(અનુ. આઠમા પાને)

ઉલ્ટા ચોર કોટવાલ કો ડાંટે તેવો ઘાટ


# ડામાડોળ અર્થતંત્રથી બોખલાયેલા ટ્રમ્પે ભારતને ડેડ ઈકોનોમી ગણ્યું

## અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૫% ટેરિફ લાદવાની ઘોષણા સાથે ભારતીય અર્થતંત્રને મૃત કહ્યું, જેનો સંસદમાં જોરદાર જવાબ અપાયો

**અબતક, નવી દિલ્હી**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈકાલે ભારત પર ૨૫% ટેરિફ લાદવાની ઘોષણા કરી, જેની સાથે ભારતની બ્રિકસ સદસ્યતા અને રશિયા સાથેના તેના વેપારને લઈને નારાજગી વ્યકત કરી. ટ્રમ્પે ભારતની અર્થવ્યવસ્થાને ડેડ ઈકોનોમી ગણાવી છે. જેનો ભારતે ગુરુવારે સંસદમાં જોરદાર જવાબ આપ્યો છે. વાસ્તવિકતા જોઈએ તો ડામાડોળ અર્થતંત્રથી બોખલાયેલ ટ્રમ્પે ભારત ઉપર આંગળી ચીંધી છે. જેનાથી ઉલ્ટા ચોર કોટવાલ કો ડાટે તેવો ઘાટ સર્જાયો છે.

વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે સંસદમાં આપેલા નિવેદનમાં ટ્રમ્પના આક્ષેપોનો વળતો જવાબ આપ્યો અને ભારતના આર્થિક વિકાસની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો. તેમણે સ્પષ્ટ કહ્યું કે ભારત કોઈપણ વેપાર સોદામાં રાષ્ટ્રીય હિત સાથે સમાધાન નહીં કરે. ગોયલના નિવેદનના મુખ્ય પાંચ મુદ્દાઓ જોઈએ તો પ્રથમ



રાષ્ટ્રીય હિત પ્રથમ છે. ગોયલે જણાવ્યું કે ભારત સરકાર ખેડૂતો, કામદારો, ઉદ્યોગસાહસિકો, નિકાસકારો અને એમએસએમઈના હિતોનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે. કોઈપણ વેપાર સોદો ફક્ત રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને જ થશે.

બીજો મુદ્દો ભારત ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. ટ્રમ્પના 'મૃત અર્થતંત્ર'ના ટોણા સામે ગોયલે જણાવ્યું કે ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર છે. એક દાયકામાં ભારત 'ફ્રેજાઈલ ફાઈવ'માંથી વૈશ્વિક અર્થતંત્રનું 'બ્રાઈટ સ્પોટ' બની

(અનુ. આઠમા પાને)

**કોંગ્રેસ v/s કોંગ્રેસ**

### ટ્રમ્પના બફાટને રાહુલબાબાએ સમર્થનને આપતા શશી થરૂર અને રાજીવ શુકલા સામે પડ્યાં

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારતના ''મૃત અર્થતંત્ર'' અંગેના નિવેદનનું સમર્થન કર્યું, જ્યારે કોંગ્રેસ નેતા રાજીવ શુકલાએ ટ્રમ્પના મંતવ્યને ખોટું ગણાવ્યું. શુકલાએ કહ્યું, ''ટ્રમ્પનું એવું કહેવું કે ભારત અને રશિયાનું અર્થતંત્ર મૃત છે, તે ખોટું છે. ભારતનું અર્થતંત્ર મૃત નથી.'' તેમણે પી.વી. નરસિંહા રાવ અને મનમોહન સિંહના સમયમાં શરૂ થયેલા આર્થિક સુધારાઓનો ઉલ્લેખ કર્યો અને અટલ બિહારી વાજપેયી

(અનુ. આઠમા પાને)

# ૧૭ હજાર કરોડ લોન ફ્રોડમાં અનિલ અંબાણીને જેલમાં જવું પડશે??: ઈડીએ સમન્સ પાઠવ્યું

## મુંબઈમાં રિલાયન્સ ગ્રૂપ સાથે જોડાયેલી ૩૫ જગ્યાઓ પર તપાસ બાદ અનિલ અંબાણીને ૫ ઓગસ્ટે દિલ્હી આવવા ઈડીનું તેડું

**અબતક, મુંબઈ**

રિલાયન્સ ગ્રૂપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર અનિલ અંબાણીને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા રૂ.૧૭,૦૦૦ કરોડના કથિત લોન ફ્રોડ કેસમાં પૂછપરછ માટે સમન્સ જારી કરવામાં આવ્યું છે. ઈડીએ તેમને ૫ ઓગસ્ટે દિલ્હી સ્થિત મુખ્યાલયમાં હાજર થવા જણાવ્યું છે. આ કેસમાં મની લોન્ડરિંગના આરોપો હેઠળ તપાસ ચાલી રહી છે, જે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ નોંધાયેલ છે.



ઈડીની તપાસ અને રેડ ગત સપ્તાહે ઈડીએ મુંબઈમાં અનિલ અંબાણીના રિલાયન્સ ગ્રૂપ સાથે જોડાયેલી ૩૫ જગ્યાઓ પર તપાસ કરી હતી, જેમાં ૫૦ કંપનીઓ અને ૨૫ વ્યકિતઓનો સમાવેશ થાય છે. આ રેડ દરમિયાન ઈડીએ ઘણા દસ્તાવેજો અને કોમ્પ્યુટર ઉપકરણો જપ્ત કર્યા હતા.

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા રૂ.૧૦,૦૦૦ કરોડના ફંડના ડાયવર્ઝનની તપાસના રિપોર્ટ ઈડી સાથે શેર કરવામાં આવ્યો છે. સેબીના રિપોર્ટ અનુસાર, રિલાયન્સ

(અનુ. આઠમા પાને)

# કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ.૩૩.૫૦નો ઘટાડો

## ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરનો છૂટક વેચાણ ભાવ ૧૬૩૧.૫૦ કરાયો

**અબતક, રાજકોટ**

ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૧ ઓગસ્ટ, ૨૦૨૫ થી કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં ફરી એકવાર ઘટાડો કરીને હોટલ, રેસ્ટોરાં અને અન્ય વ્યાપારી સંસ્થાઓને મોટી રાહત આપી છે. ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૩૩.૫૦ નો ઘટાડો કરવામાં આવ્યો છે, જે આજથી અમલમાં આવશે. દિલ્હીમાં હવે ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરનો છૂટક વેચાણ ભાવ ૧૬૩૧.૫૦ થશે. જોકે, ૧૪.૨ કિલોગ્રામના ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

આ વર્ષે કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં આ ત્રીજો ઘટાડો છે. અગાઉ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ ભાવમાં ૭ નો ઘટાડો કરવામાં આવ્યો હતો, અને ત્યારબાદ ૧ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ સિલિન્ડર ૪૧ સસ્તો થયો હતો, જેનાથી ભાવ ૧૭૬૨ પર પહોંચી ગયો હતો. ભાવમાં થયેલા આ સતત ઘટાડાથી વ્યાપારી સંસ્થાઓના સંચાલન ખર્ચમાં ઘટાડો થવાની અને અંતે ગ્રાહકો માટે ભોજનના ભાવ પણ સ્થિર રહેવાની શક્યતા છે.

સરકારે કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં કરેલા આ ફેરફારથી મોંઘવારીના સમયમાં વેપારીઓને થોડી રાહત મળી છે, પરંતુ સામાન્ય નાગરિકો માટે ઘર વપરાશના

(અનુ. આઠમા પાને)

જીઓ અને મસ્કની લડાઈ જામશે?

# સેટેલાઈટ દ્વારા સ્ટારલિંકને દેશના ખૂણે-ખૂણે પહોંચાડવા એલોનને લીલીઝંડી

## હજુ પણ દેશના પર્વતીય વિસ્તારો, અંતરિયાળ ગામડાઓમાં ઈન્ટરનેટ સેવા યોગ્ય રીતે પહોંચી નથી તો સ્ટારલિંક હવે કેબલ અને ટાવર વિના ઝડપથી ઈન્ટરનેટ સેવા પુરી પાડશે

**અબતક, નવી દિલ્હી**

ભારતના ટેલિકોમ અને ઈન્ટરનેટ સેવા ક્ષેત્રે એક નવો અધ્યાય શરૂ થવાનો છે, કારણ કે એલોન મસ્કની સ્પેસએક્સ કંપનીની સેટેલાઈટ આધારિત ઈન્ટરનેટ સેવા સ્ટારલિંક ભારતમાં પ્રવેશ માટે લીલીઝંડી આપી છે. આ સાથે, દેશની સૌથી મોટી ટેલિકોમ કંપની રિલાયન્સ જીઓ, જે મુકેશ અંબાણીની આગેવાની હેઠળ ચાલે છે, સાથે તેની સીધી ટક્કર થશે. આ હરીફાઈ ભારતના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટીના ભાવિને નવું સ્વરૂપ આપી શકે છે.

સ્ટારલિંક એ સ્પેસએક્સનું એક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે, જેનો ઉદ્દેશ્ય લો-અર્થ ઓર્બિટમાં હજારો નાના સેટેલાઈટ્સનું નેટવર્ક ગોઠવીને વૈશ્વિક સ્તરે હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પૂરું પાડવાનો છે. આ સેવા ખાસ કરીને એવા વિસ્તારોને લક્ષ્ય બનાવે છે જ્યાં પરંપરાગત બ્રોડબેન્ડ અથવા ફાઈબર કનેક્શન ઉપલબ્ધ નથી. ભારત જેવા વિશાળ અને વૈવિધ્યસભર દેશમાં, જ્યાં ગ્રામીણ વિસ્તારોમાં ઈન્ટરનેટની પહોંચ હજુ પણ મર્યાદિત છે, સ્ટારલિંક માટે આ એક વિશાળ તક છે.

સ્ટારલિંકનું દાવો છે કે તે ૧૦૦-૨૦૦ એમબીપીએસ સ્પીડ સાથે ઈન્ટરનેટ પૂરું પાડી શકે છે, જે ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં રહેતા લોકો માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે.

બીજી તરફ, રિલાયન્સ જીઓએ ભારતના ટેલિકોમ બજારમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું છે. ૨૦૧૬માં તેની શરૂઆતથી, જીઓએ સસ્તા ડેટા પ્લાન્સ અને મફત કોલિંગની ઓફર્સ દ્વારા લાખો ગ્રાહકોને આકર્ષ્યા છે. આજે જીઓનું ૪જી નેટવર્ક દેશના મોટાભાગના શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં ફેલાયેલું છે, અને તે ૫જી સેવાઓના વિસ્તરણમાં પણ આગળ છે. જીઓની ફાઈબર-આધારિત બ્રોડબેન્ડ સેવા,



જીઓફાયબર, શહેરી વિસ્તારોમાં લોકપ્રિય બની છે, જ્યાં તે હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અને ઓટીટી પ્લેટફોર્મ્સનું બંડલ ઓફર કરે છે.

(અનુ. આઠમા પાને)

### સેટેલાઈટ ઝડપી ઈન્ટરનેટ પ્રદાન કરશે

સ્ટારલિંક અન્ય પરંપરાગત ઉપગ્રહ સેવાઓથી અલગ છે. જ્યારે ઈન્ટરનેટ પ્રદાન કરતા ઉપગ્રહો સામાન્ય રીતે પૃથ્વીથી લગભગ ૩૬,૦૦૦ કિલોમીટર ઉપર (ભૂસ્તર ભ્રમણકક્ષા) સ્થિત હોય છે, ત્યારે સ્ટારલિંકનું નેટવર્ક લો અર્થ ઓર્બિટમાં છે, જે ફક્ત ૫૫૦ કિલોમીટર ઉપર છે. સ્ટારલિંક પાસે હાલમાં ૭,૦૦૦ ઉપગ્રહોનું નેટવર્ક છે, પરંતુ ભવિષ્યમાં તેને ૪૦,૦૦૦ ઉપગ્રહો સુધી વધારવાની યોજના છે. આ ટેક્નોલોજીથી લોકો માત્ર ઝડપી ઈન્ટરનેટ જ નહીં મેળવી શકશે, પરંતુ ઓનલાઈન ગેમિંગ, વિડીયો કોલિંગ અને સ્ટ્રીમિંગ જેવી સુવિધાઓનો પણ કોઈ પણ અવરોધ વિના ઉપયોગ કરી શકશે.

'ટ્રમ્પ' ગમે તેવા ધમપછાડા કરે મોદીના નેતૃત્વમાં ભારત શકિતશાળી બની રહ્યું છે

# ઈંધણ-ઉર્જામાં આત્મ નિર્ભરતા તરફ ભારતની અડગ આગેકુચ

## વિશ્વનો એક પણ દેશ ભારતને કોઈપણ રિતે દબાવી ન શકે તેવું શકિતશાળી પ્લાનીંગ: સુર્ય અને પવન બાદ હવે હાઈડ્રોઝન ઉર્જાનો ભરપુર ઉપયોગ કરી ભારણ ઘટાડાશે

### સંરક્ષણમાં પણ ભારત મજબૂતી સાથે આત્મ નિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે

**અબતક, રાજકોટ**

પરંપરાગત ઉર્જાનો ઉપયોગ કરી ઈંધણ પરનું ભારણ ઘટાડવા પર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સતત ભાર મૂકી રહ્યા છે. જેના મીઠા પરિણામો હવે ભારતને મળવા લાગ્યા છે. ઈંધણ-ઉર્જામાં આત્મ નિર્ભરતા તરફ ભારત અડગ આગેકુચ કરી રહ્યું છે. સુર્ય ઉર્જા અને પવન ઉર્જાના ઉપયોગ બાદ હવે હાઈડ્રોજન ઉર્જાનો મહતમ ઉપયોગ કરી ભારતને ઈંધણમાં આત્મ નિર્ભર બનાવવામાં આવશે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગમે તેટલા ધમપછાડા કરે કે ટેરિફ ઝીંકે પરંતુ જે રિતે ભારત સરકારે આત્મનિર્ભરતાની ગાંઠ વાળી લીધી છે અને ખૂબજ ગંભીરતા સાથે કામગીરી કરવામાં આવી રહી છે. જેથી ભારત શકિતશાળી બની રહ્યું છે. સંરક્ષણમાં પણ ભારતની ઘરેલું તાકાતમાં વધારો થઈ રહ્યો છે.

ભારતમાં ઈંધણનું ઉત્પાદન ખૂબજ ઓછું છે જેના કારણે ૮૦થી ૮૫ ટકા કુડની આયાત કરવાની જરૂરિયાત રહે છે. અબોજો રૂપીયાનું વિદેશી હુંડીયામણ તો પેટ્રોલ-ડીઝલની આયાત પાછળ જતી રહી છે.સાથે સાથે કુડ બેરલનું ઉત્પાદન કરતા દેશો સતત ભારતને એક યા બીજી રીતે દબાવતા રહે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોતાનું સંપૂર્ણ ધ્યાન હાલ આત્મ નિર્ભરતા પર કેન્દ્રીત કરી દીધું છે. ઈંધણ અને ઉર્જા પર કોઈ દેશ પર કાયમી ધોરણે નિર્ભર રહેવું પડે અને તે દેશના તાબે સતત નાચતું રહેવું ભારતને હવે પોસાય તેમ નથી. ભારત હાલ વિશ્વની ચોથી સૌથી મોટી ઈકોનોમી બની ગઈ છે. આવામાં ઈંધણ-ઉર્જા માટે નરેન્દ્રભાઈની આત્મ નિર્ભરતાની હાંકલ ખરેખર દેશ માટે લાંબા ગાળે ખૂબજ મોટો ફાયદો કરાવનારી બની રહેશે.

ભારતે પહેલા સુર્યશકિતનો મહતમ ઉપયોગ કર્યા ત્યારબાદ પવન શકિતનો ઉપયોગ કરવામા આવ્યો અને હવે ગ્રીન હાઈડ્રોઝનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કંડલામાં ૧૦ મેગા વોટના ગ્રીન હાઈડ્રોઝન પ્લાન્ટ બનાવવાના શિલાન્યાસ બાદ માત્ર ચાર મહિનામાં ૧ મેગા વોટનો પ્રથમ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ ગઈકાલથી કંડલા ખાતે શરૂ કરી દેવામાં આવ્યો છે. ગુજરાત વિકાસની દિશામાં તેજ ગતિએ હરણફાળ ભરી રહ્યું છે. બંદરો, શિપિંગ અને જળમાર્ગના કેન્દ્રીય મંત્રી


(અનુ. આઠમા પાને)



# ફેફસાના કેન્સરનો વૈશ્વિક ઉજવણી દિવસ : એક શ્વાસ, એક આશા, એક નવો પ્રારંભ

## આ કેન્સર ફેફસાના કોષોમાં અસામાન્ય વૃદ્ધિને કારણે થાય છેઃ તેના મુખ્યત્વે બે પ્રકારોમાં એક નોન સ્મોલ સેલ લંગ કેન્સર અને સ્મોલ સેલ લંગ કેન્સર છેઃ તે થવાના મુખ્ય કારણોમાં ધૂમ્રપાન ૯૦ ટકા કેસો માટે જવાબદાર હોય છે, સેકન્ડ હેન્ડ સ્મોક પણ જોખમ વધારી શકે છે

કેન્સરનો ઈતિહાસ ચાર હજાર વર્ષ જૂનો છે. કેન્સર આજે પણ વિશ્વમાં મૃત્યુનું એક મુખ્ય કારણ છે. પ્રાચીન કાળથી જોવા મળતું કેન્સર આજે ૨૧ મી સદીમાં અધ્યતન તબીબી સુવિધાઓ અને ટેકનોલોજીને કારણે સામાન્ય થતું જાય છે, પણ સામાન્ય લોકોમાં આજે પણ કેન્સર વિશેની સમજ ઓછી હોવાને કારણે ઘણું મોડું નિદાન થતાં ગંભીર સમસ્યા ઊભી થાય છે. કેન્સરમાં વહેલું નિદાન અને ટ્રીટમેન્ટ બચવાના ચાન્સ વધારી દે છે. આજે વિશ્વ ફેફસાના કેન્સરનો દિવસ છે, જેની સમગ્ર વિશ્વમાં ઉજવણી થઈ રહી છે.



આ વર્ષની ઉજવણી થીમ ''પ્રારંભિક તપાસ અને સમાન સંભાળ માટે આવતા અવરોધો તોડવાની વાત'' કરે છે. ઝડપી નિદાન અને દર્દીના સારા પરિણામ માટે ટેકનોલોજી નો વધુ ઉપયોગ કરવો જોઈએ.

ફેફસાંના કેન્સર સામે જાગૃતિ લાવવા અને તેની સામે લડવા માટે, ચાલો આપણે સૌ આ દિવસે એક થઈએ અને જીવનના શ્વાસને મહત્વ આપીએ. ફેફસાનું કેન્સર ફેફસાના કોષોમાં અસામાન્ય વૃદ્ધિને કારણે થાય છે. તે પુરુષો અને સ્ત્રીઓ બંનેમાં કેન્સર સંબંધિત મૃત્યુનું એક મુખ્ય કારણ છે. ફેફસાના કેન્સરને મુખ્યત્વે બે પ્રકારોમાં વહેંચવામાં આવે છે,જેમાં નોન-સ્મોલ સેલ લંગ કેન્સર (NSCLC) છે, જે સૌથી સામાન્ય પ્રકાર છે, જે લગભગ ૮૫ ટકા કેસો માટે જવાબદાર છે. તેમાં એડીનોકાર્સિનોમા, સ્કવામસ સેલ કાર્સિનોમા અને મોટા સેલ કાર્સિનોમાનો સમાવેશ થાય છે. બીજું સ્મોલ સેલ લંગ કેન્સર (SCLC) જે ઓછું સામાન્ય પરંતુ વધુ આક્રમક હોય છે, અને ઘણીવાર શરીરના અન્ય ભાગોમાં તે ઝડપથી ફેલાય છે. ફેફસાના કેન્સરના મુખ્ય કારણોમાં ધૂમ્રપાન, સિગારેટ, સિગાર કે પાઈપનું ધૂમ્રપાન ફેફસાના કેન્સરનું મુખ્ય કારણ છે, જે લગભગ ૯૦ કેસો માટે જવાબદાર છે. સેકન્ડ હેન્ડ સ્મોક પણ જોખમી છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

એસ્બેસ્ટોસ જેવા કુદરતી ખનિજ ફાઈબર, જેનો ઉપયોગ ફાયર પ્રૂફિંગ સામગ્રી, કાર બ્રેક્સ અને ઈન્સ્યુલેશનમાં થાય છે, તે ફેફસાના કોષોને નુકસાન પહોંચાડી શકે છે. રેડોન ગેસ એ જમીનમાંથી નીકળતો એક કુદરતી રીતે બનતો કિરણોત્સર્ગી વાયુ છે, જે ઘરોમાં જમા થઈ શકે છે અને ફેફસાના કેન્સરનું કારણ બની શકે છે. પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ પણ ફેફસાના કેન્સરનું જોખમ વધારી શકે છે. ઘણા કિસ્સામા વ્યક્તિગત ઈતિહાસ પણ ફેફસાના કેન્સરનો કૌટુંબિક ઈતિહાસ ધરાવતા લોકોનમાં જોખમ વધારી શકે છે.

શરૂઆતમાં ફેફસાના કેન્સરના કોઈ ખાસ લક્ષણો જોવા મળતા નથી, પરંતુ રોગ વધે તેમ લક્ષણો દેખાઈ શકે છે, જેમાં લાંબા સમય સુધી રહેતી ઉધરસ જે સુધરતી નથી કે બગડે છે. છાતીમાં દુખાવો કે અગવડતા, શ્વાસ લેવામાં તકલીફ કે હાંફ ચઢવો, ગળફામાં લોહી પડવું અને ઉધરસ, અજાણતાં વજન ઘટવો, થાક, કર્કશતા (અવાજ બદલાઈ જવો), ગરદન કે ચહેરા પર સોજો, હાડકામાં દુખાવો (જો ત્યાં કેન્સર ફેલાયું હોય તો) જેવા લક્ષણો જોવા મળે છે.

ફેફસાના કેન્સરનું નિદાન અને સારવાર ખૂબ જ અગત્યની છે. વહેલું નિદાન સારવાર માટે વધુ અસરકારક હોય છે. નિદાન માટે છાતીનો એક્સ-રે, CT સ્કેન, PET સ્કેન, બાયોપ્સી અને લોહીના રિપોર્ટ્સનો સમાવેશ થાય છે. સારવારના વિકલ્પોમાં હાલ ઘણી સારવાર ઉપલબ્ધ છે, જેમાં સર્જરીમાં ગાંઠ અને આસપાસના કેટલાક તંદુરસ્ત પેશીઓને દૂર કરવી, કીમોથેરાપીથી કેન્સરના કોષોને મારવા માટે દવાઓનો ઉપયોગ, રેડિયેશન થેરાપીમાં કેન્સરના કોષોને નષ્ટ કરવા માટે ઉચ્ચ-ઊર્જાવાળા કિરણોનો ઉપયોગ કરવો, ટાર્ગેટેડ થેરાપીમાં કેન્સરના કોષોમાં ચોક્કસ અસામાન્યતાઓને લક્ષ્ય બનાવતી દવાઓ, ઈમ્યુનોથેરાપીમા કેન્સર સામે લડવા માટે શરીરની રોગપ્રતિકારક શકિતને મજબૂત બનાવવી જેવી દર્દીઓને ટ્રીટમેન્ટ અપાઈ રહી છે. ફેફસાના કેન્સરથી બચવાના ઉપાયોમા ધુમ્રપાન છોડવું અને ક્યારેય શરૂ ન કરવું એ ફેફસાના કેન્સરથી બચવાનો સૌથી મહત્વપૂર્ણ ઉપાય છે, સેકન્ડ હેન્ડ સ્મોક ટાળો, ધૂમ્રપાન કરતા લોકોથી દૂર રહો, પરિવારમાં વડીલ સિગરેટ પીતા હોય તો ઘરના સદસ્યને કેન્સર થવાની શક્યતા વધી જાય છે, જોખમી રસાયણોથી દૂર રહો, કાર્યસ્થળે એસ્બેસ્ટોસ જેવા રસાયણોના સંપર્કમાં ન આવવું, સ્વસ્થ આહારમાં ફળો અને શાકભાજીથી ભરપૂર સંતુલિત આહાર લેવો, નિયમિત કસરત કરવી અને શારીરિક પ્રવૃત્તિથી સ્વાસ્થ્ય સુધારવુ, જો તમે જોખમ ધરાવતા જૂથમાં છો, તો નિયમિત તબીબી તપાસ કરાવો.




ધૂમ્રપાન અને કાર્સિનોજેનિક ઉત્પાદનોના સંપર્કમાં આવવાથી તે ફેફસાના કેન્સરનો શિકાર બને છે

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર ફેફસાના કેન્સરને કારણે દર વર્ષે લગભગ ૧૮ લાખ લોકોના મોત થાય છે. ફેફસાના કેન્સર સામેની વૈશ્વિક લડાઈનું એક મહત્વપૂર્ણ રીમાઈન્ડર એટલે આજના દિવસની જનજાગૃતિ છે, આ દિવસનો હેતુ ધૂમ્રપાન, પર્યાવરણીય પરિબળો અને વારસાગત વલણ સહિત ફેફસાના કેન્સર સાથે સંકળાયેલા જોખમો વિશે જાગૃતિ લાવવાનો છે. તે પ્રારંભિક શોધ અને સારવારમાં પ્રગતિના મહત્વને પણ પ્રકાશિત કરે છે, જે જીવન ટકાવી રાખવાના દરમાં નોંધપાત્ર સુધારો કરી શકે છે. કેમ કે જીવનશૈલીની વર્તમાન પરિસ્થિતિઓ, તણાવપૂર્ણ પરિસ્થિતિઓ, ધૂમ્રપાન, નબળા પોષણ અને વાયુ પ્રદૂષણને કારણે ફેફસાના કેન્સર જેવી બીમારી અસામાન્ય નથી. જ્યારે શરીરમાં લંગ કેન્સરના લક્ષણો દેખાવા લાગે છે, ત્યારે દર્દી ડોક્ટર પાસે જાય છે. લંગ કેન્સરના લક્ષણો શાંત અથવા અસ્પષ્ટ હોઈ શકે છે, અથવા તો કેટલીકવાર તે ઓળખાયા વગર પણ વધવા માટેનું એક કારણ પણ બની શકે છે.

વારંવાર સ્ક્રીનીંગ કરવાથી, કેન્સરને પ્રારંભિક તબક્કામાં શોધી શકાય છે, જે સારવારની મદદથી રોગને મટાડવાની તકો વધારે છે. હાલના સમયની સારી વાત એ છે કે વર્તમાન યુગની હોસ્પિટલો અને ડોકટરો નિદાનમાં ઊંડાણપૂર્વક પહોંચવા માટે અદ્યતન મશીનરીથી સજ્જ છે. કેટલીકવાર કેન્સર કોઈપણ લક્ષણો વિના પણ નિયમિત તપાસમાં આકસ્મિક રીતે દેખાઈ આવે છે, જેથી કેન્સરના કોઈપણ શાંત ચિહ્નો શોધવા માટે તમારા ડોક્ટર સાથે નિયમિત આરોગ્ય તપાસ કરાવવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. એવા ઘણા રોગો છે, જે ફેફસાના કેન્સર જેવા લક્ષણોને મળતા આવે છે, જેમ કે ટીબી, જેના લક્ષણો અને ચિહ્નો ફેફસાના કેન્સર જેવા જ હોઈ શકે છે. તેથી, સચોટ નિદાન કરવું મહત્વપૂર્ણ છે. તેથી જ્યારે પણ તમને ઉપર જણાવેલ કોઈપણ સમસ્યાનો સામનો કરવો પડે, તો તેને અવગણશો નહીં અને તમારા ડોક્ટરની સલાહ લઈ લેવી.

**એસ્બેસ્ટોસ, રેડોન ગેસ, હવાનું પ્રદુષણ, વ્યક્તિગત ઈતિહાસ પણ ફેફસાના કેન્સરનું કારણ બની શકે છેઃ દર વર્ષે ૨૦ લાખથી વધુના મોત આ કેન્સરના કારણે થાય છેઃ વિશ્વમાં દર છ વ્યક્તિ પૈકી એક કેન્સરની ઝપટમાં આવે છેઃ પ્રથમ દસ સામાન્ય કેન્સરમાં આ કેન્સરનો સમાવેશ થાય છે, પણ તે સાઈલેન્ટ કિલર છેઃ પ્રાચીન ઈજિપ્ત અને ગ્રીસમાં કેન્સરના વર્ણનો જોવા મળે છે**

# વોર્ડ નં.૧૪માં રૂ.૨૫.૪૬ લાખના ખર્ચે બનેલી આંગણવાડીનું લોકાર્પણ

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ આંગણવાડીને ખૂલ્લી મૂકી



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૪માં આઈ.સી.ડી.એસ. વિભાગ (અર્બન)ના ઘટક નં.૩ની રૂ.૨૫.૪૬ લાખના ખર્ચે નવનિર્મિતઆંગણવાડી કેન્દ્ર (નંદઘર)ના બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

વોર્ડ નં.૧૪, લક્ષ્મીવાડી શેરી નં.૭/૧૬ કોર્નર, લક્ષ્મીવાડી ક્વાર્ટર્સની બાજુમાં, ડો.હેમાણીના કિલનિકની પાછળ આવેલી આ આંગણવાડીનું લોકાર્પણ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયાના ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે શહેર ભાજપ પ્રમુખ, ડો. માધવ દવે,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, શિશુ કલ્યાણ ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા,કોર્પોરેટર કેતનભાઈ પટેલ, વર્ષાબેન રાણપરા, કાર્યાલય મંત્રી મહેશભાઈ પરમાર, વોર્ડ સંગઠનના હોદેદારો, વોર્ડ નં.૧૪ના એન્જીનીયર, આઈ.સી.ડી.એસ. વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં આ વિસ્તારના રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા આ આંગણવાડી કેન્દ્રમાં રૂમ, કિચન, ટોઈલેટ, સ્ટોર રૂમ, કમ્પાઉન્ડ વોલ, ફર્નિચર, વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે. આ આંગણવાડીનું લોકાર્પણ થવાથી લક્ષ્મીવાડી વિસ્તારના નાગરિકોને સુવિધાનો લાભ મળશે.

# ઓખા-બાંદ્રા વચ્ચે દોડશે સ્પે. ટ્રેનઃ રવિવારથી બુકિંગ શરૂ

## ૧૪, ૧૬, ૧૭ અને ૧૯ ઓગષ્ટના રોજ ટ્રેનના ચાર ફેરા

**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ઓખા અને બાંદ્રા વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે.

ટ્રેન નંબર ૦૯૦૭૮ ઓખા-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ શનિવાર અને મંગળવારે ઓખાથી સવારે ૮:૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે વહેલી સવારે ૦૪:૦૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન ૧૬ અને ૧૯ ઓગસ્ટ ના રોજ ચાલશે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૭૭ બાંદ્રા ટર્મિનસ-ઓખા સ્પેશિયલ ગુરુવાર અને રવિવારે બાંદ્રા ટર્મિનસથી રાત્રે ૨૧:૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સાંજે ૧૬:૪૫ વાગ્યે ઓખા પહોંચશે. આ ટ્રેન ૧૪ અને ૧૭ ઓગસ્ટ ના રોજ ચાલશે.

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, જામનગર, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, વલસાડ, પાલઘર અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે.

ટ્રેન નંબર ૦૯૦૭૮/૦૯૦૭૭ માટેનું બુકિંગ રવિવારથી તમામ પીઆરએસકાઉન્ટરો અને આઈઆરસીટીસીનીવેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સંચાલન સમય, સ્ટોપેજ અને કોચની રચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# આવતીકાલનું રાશિફળ

**તા.૨.૮.૨૦૨૫, શનિવાર, સંવંત ૨૦૮૧, શ્રાવણ સુદ આઠમ, વિશાખા નક્ષત્ર, શુક્લ યોગ, બાલવ કરણ આજે રાત્રે ૧૧.૫૧ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) ત્યારબાદ વૃશ્ચિક (ન,ય) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ)** : સવાર બાજુનો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવું.

**મિથુન (ક,છ,ઘ)** : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.

**કર્ક (ડ,હ)** : જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.

**સિંહ (મ,ટ)** : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ)** : બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબતમાં સારું રહે.

**તુલા (ર,ત)** : તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય, સિફતથી કામ લેવું ગુસ્સામાં આવી નિર્ણયો ના કરવા સલાહ છે.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : સગા સ્નેહી મિત્રોથી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.

**મકર (ખ,જ)** : વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**કુંભ (ગ,સ,શ)** : ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારોથી સારું રહે, લાભદાયક દિવસ.

**મીન (દ,ચ,ઝ,થ)** : અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૭૨૦મું ચક્ષુદાન



**અબતક, રાજકોટ**

મોહનલાલ મુલચંદભાઈ ટેકવાણીનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન થયેલ છે. જે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરુ પાડયું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૭૨૦ ચક્ષુદાન થયેલ છે. જુલાઈ ૨૦૨૫ માં સાતમું ચક્ષુદાન થયેલ છે. આ ચક્ષુદાન અમદાવાદના આજીવન સેવક ગૌતમભાઈ મજમુદાર સહયોગથી થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# વૈષ્ણવાચાર્ય પરાગકુમારજી બુધવારે વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપશે



**અબતક, રાજકોટ**

વૈષ્ણવાચાર્ય ગોસ્વામી પરાગકુમારજી મહોદયના ગુરુપદે પવિત્રા બારસના પાવન પર્વે તા. ૬ ઓગસ્ટને બુધવારે બ્રહ્મસંબંધ દીક્ષા લેવાનો અવસર પ્રાપ્ત થશે. બ્રહ્મસંબંધ દીક્ષા ગોંડલ રોડ પર પી.ડી.એમ. કોલેજ પાસે ૬/૮ અંબાજી કડવા પ્લોટમાં સર્વોત્તમ હવેલી ખાતે અપાશે. બ્રહસંબંધ દીક્ષા લેનારા ભાઈઓએ ધોતી-બંડી તથા બહેનોએ સાડી-ચણીયા ચોલી સાથે લાવવા જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે પુષ્ટિમાર્ગમાં શ્રાવણ સુદ બારસ એટલે કે પવિત્ર બારસનું અનેરું માહાત્મય છે. આ દિવસે જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ ઠાકોરજીની આજ્ઞાથી સમસ્ત વૈષ્ણવોની પ્રતિનિધિ સમાન દામોદરદાસ હરસાનીજી (દમલાજી)ને બ્રહ્મ સંબંધ દીક્ષા આપી હતી.બ્રહ્મસંબંધ દીક્ષા લેવા ઈચ્છુક વૈષ્ણવોને તા. ૪ ઓગષ્ટ ને સોમવાર સુધી સર્વોત્તમ સેવા સંસ્થાના કાર્યાલયમાં રૂબરૂ અથવા રઘુરાજ સિસોદિયા મો. નં. ૯૩૭૬૯ ૪૭૧૩૧, હરેન્દ્રભાઈ નથવાણી, આશિષભાઈ વિસપરા, હિરેનભાઈ વડારીયા, પ્રકાશભાઈ મેંદપરા કિશનભાઈ કાલરીયાનો સંપર્ક કરવા જણાવાયું છે.

# કાર્યક્રમોની યાદી

**અબતક CHANNEL**

**તારીખ ૦૧-૦૮-૨૦૨૫ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેજીટેબલ કઠી રોલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દર્શના પંડ્યા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કાર્બન કોપી)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૨-૦૮-૨૦૨૫ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી કષ્ટભંજન દેવ) લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

# અબતક પંચાગ

**તા.૨-૮-૨૦૨૫ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિઃ** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** શ્રાવણ શુદ આઠમ વિછુડો રાત્રે ૧૧.૫૨થી
**નક્ષત્ર** વિશાખા
**યોગ** શુકલ **કરણઃ** બાલવ
**સુર્યોદય** ૬.૨૧ **સુર્યાસ્તઃ** ૭.૨૬
**ચંદ્ર રાશી** તુલા રાત્રે ૧૧.૫૨થી વૃશ્ચિક
**રાશિ અક્ષર** ર.ત./ન.ય
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૭ થી ૧.૨૦

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

# સૂડોકુ -૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | ૫ | ૪ | ૧ | |
| ૪ | ૧ | ૨ | | ૮ | ૭ | | | ૫ |
| ૫ | | | | ૩ | | ૬ | | ૮ |
| | | | | ૯ | | ૮ | ૭ | |
| ૨ | ૯ | | ૭ | | | | | |
| | | ૮ | | ૫ | | | ૬ | ૯ |
| ૧ | | ૭ | | | | | ૪ | |
| | | ૫ | | | | ૭ | ૯ | ૩ |
| | ૨ | ૪ | ૫ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૨ | ૬ | ૧ | ૩ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૫ | ૨ | ૮ | ૪ | ૯ | ૬ | ૧ |
| ૪ | ૬ | ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૩ | ૨ |
| ૯ | ૨ | ૩ | ૭ | ૬ | ૮ | ૧ | ૪ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૩ | ૯ | ૧ | ૭ | ૨ | ૮ |
| ૧ | ૭ | ૮ | ૪ | ૫ | ૨ | ૬ | ૯ | ૩ |
| ૨ | ૮ | ૯ | ૧ | ૩ | ૬ | ૫ | ૭ | ૪ |
| ૫ | ૪ | ૭ | ૮ | ૨ | ૯ | ૩ | ૧ | ૬ |
| ૩ | ૧ | ૬ | ૫ | ૪ | ૭ | ૨ | ૮ | ૯ |

# આ સમય વિશ્વ માટે ઊંડા ચિંતનનો છે

તા.૨૮ જુલાઈના અંકમાં લખ્યા મુજબ રુસમાં ભૂકંપ અને સમુદ્રમાં ખુબ મોટા મોજા ઉછળવા પામ્યા છે અને અનેક જગ્યાએથી ભૂસ્ખલનના સમાચાર પણ આવી રહ્યા છે તો અત્રે લખ્યા મુજબ મોટી કંપનીઓ કર્મચારીઓને છુટ્ટા કરી રહી છે તો બીજી તરફ વક્રી બુધ મહારાજ ટ્રમ્પની મતિ ભ્રષ્ટ કરી રહ્યા છે અને તેમના તુઘલખી નિર્ણયો અને વિચારોથી જે ખરેખર રાજનીતિ અને વિદેશનીતિ સમજે છે તેઓ સ્તબ્ધ છે. આટલા ઉંચા હોદ્દા પર બેસી આ પ્રકારની વાતો અને નિર્ણયો શોભાસ્પદ નથી જ. અત્રે અગાઉ લખ્યા મુજબ ભારતે પણ તેની વિદેશનીતિમાં ઘણા ફેરફાર કરવાના આવશે અને દોસ્ત અને દુશમનની નવી વ્યાખ્યાઓ વિચારવી પડશે. આ સમય વિશ્વ માટે ઊંડા ચિંતનનો છે કેમ કે આ સમય પર આપણે સૌ ભરેલા અગ્નિ પર બેઠા છીએ અને એક ગલત નિર્ણય સમગ્ર વિશ્વને હલાવી શકે છે તેમાં પણ જયારે અમેરિકા જેવા દેશમાં ધીર ગંભીર શાસક ના હોય ત્યારે તે ચિંતાનો વિષય બને છે.મંગળ મહારાજ કન્યામાં શનિની સાતમી દ્રષ્ટિમાં આવે છે જે અગાઉ અત્રે લખ્યા મુજબ કુદરતી આપદાઓ સામે કાળજી લેવાનું જણાવે છે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# લોકમેળાની તૈયારીનો ધમધમાટ: ૧૨૧ સ્ટોલ માટે કોઈ ખરીદદાર ન મળ્યું

## બાકી રહેતા સ્ટોલ કોર્પોરેશન, વિવિધ સામાજિક સંસ્થાઓ અને એનજીઓને ફાળવવામાં આવશે: સૌરાષ્ટ્રભરના ગામડાઓમાંથી આવતી પ્રજાને જુદી-જુદી જગ્યાએ ફ્રી પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે: ૧૦ ઓગસ્ટ સુધીમાં મેળામાં ફજર-ફાળકા ઉભા કરી દેવાશે

**અબતક, રાજકોટ**

રંગીલા રાજકોટમાં જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ૧૯૮૩થી લોકમેળો યોજવામાં આવે છે. આ લોકમેળો રાજકોટની ઓળખ બની ગયો છે. શરૂઆતથી શાસ્ત્રી મેદાનમાં યોજાતા મેળાની જનમેદનીમાં વધારો થવાને કારણે ૨૦૦૩થી રેસકોર્સ મેદાન ખાતે યોજવામાં આવે છે ત્યારે આગામી તા.૧૪ થી ૧૮ ઓગસ્ટ દરમિયાન રેસકોર્સ મેદાન ખાતે લોકમેળો યોજાશે જેની તૈયારીનો ધમધમાટ શરૂ કરી આવ્યો છે. જો કે બીજી બાજુ લોકમેળા હરાજી ડ્રોની પ્રક્રિયા થોડા દિવસ પૂર્વે પૂર્ણ કરી દેવાંમાં આવી હતી તે પછી પણ વધારાનો સમય આપી બાકી રહેતા ૧૪૩ સ્ટોલ માટે સમય વધારવામાં આવ્યો હતો. હજુ ૧૪૩ સ્ટોલમાંથી માત્ર ૨૧ સ્ટોલ માટેના ફોર્મ પરત આવ્યા હતા એટલે કે હજુ પણ મેળામાં ૧૨૧ જેટલા સ્ટોલ ખાલી રહેશે.





તસવીર: શૈલેષ વાડોલીયા

મળતી માહિતી મુજબ, બાકી રહેતા સ્ટોલ કોર્પોરેશન-સામાજિક સંસ્થાઓ અને એનજીઓને ફાળવી દેવામાં આવશે.ટૂંક સમયમાં જ સુધીમાં મેળાના શીર્ષક (નામ) માટેની ઘણી યાદીઓ આવી છે. ટૂંક સમયમાં જ લોકમેળાનું સત્તાવાર નામ જાહેર કરવામાં આવશે.

બીજીબાજુ રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે મેળાની તૈયારીનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે . જેમાં ખાસ તો અલગ અલગ ટાવર અને સ્ટોલ તેમજ મેઈન સ્ટેજ નાંખવાની કામગીરી આરંભાઈ છે.૧૦ ઓગસ્ટ સુધીમાં મેળામાં તમામ રાઈડ્સ ઉભી થઈ જાય તે મુજબનું આયોજન વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે.

આ વર્ષે સૌરાષ્ટ્રવાસીઓને લોકમેળો થોડો મોંઘો પડવાનો છે.નાની રાઈડસના ભાવ ૩૦ને બદલે આ વખતે ૩૫ રૂપિયા અને મોટી રાઈડ્સના ભાવે ૪૫ થી વધારીને ૫૦ નક્કી કરવામાં આવ્યા છે એટલે કે પાંચ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

લોકમેળામાં લોકોના મનોરંજન માટે વિવિધતાસભર સાંસ્કૃતિક કાર્યક્રમો માટે આકર્ષક ડોમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા વહીવટી

(અનુ. આઠમા પાને)

# યાજ્ઞિક રોડને સાતમ-આઠમ પહેલા ખુલ્લો મૂકી દેવાની ગણતરી

## સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડને જોડતા હયાત વોંકળાનું કામ પૂર્ણતાના આરે: કોર્પોરેશનના પદાધિકારીઓ અને ધારાસભ્યએ સ્થળ વિઝીટ કરી કામ ઝડપથી પુરૂં કરવા સૂચના આપી





તસવીર: શૈલેષ વાડોલીયા



**અબતક, રાજકોટ**

શહેરના યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોકમાં વોંકળા પરનો સ્લેબનો ભાગ ધરાશાયી થયા બાદ કરોડોના ખર્ચે નવો સ્લેબ બનાવવાની કામગીરી ચાલી રહી છે. યાજ્ઞિક રોડ પર બોક્સ કલ્વર્ટ બનાવવાની કામગીરીના કારણે છેલ્લા ત્રણેક માસથી શહેરના મુખ્ય માર્ગને બંધ કરી દેવામાં આવ્યો છે. હવે સાતમ-આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે. ત્યારે યાજ્ઞિક રોડને ખુલ્લો મુકી દેવા માટે તંત્રએ કમ્મર કસી છે. આજે કોર્પોરેશનના પદાધિકારીઓ અને ધારાસભ્યએ સ્થળ વિઝીટ કરી તાત્કાલીક અસરથી યુદ્ધના ધોરણે કામગીરી પૂર્ણ કરવાની તાકીદ કરી છે. જો સાતમ-આઠમના તહેવારમાં રોડ ખુલ્લો મુકવામાં નહિં આવે તો ટ્રાફિક સહિતની સમસ્યાઓ વકરે તેવી પણ ભીતિ દેખાઈ રહી છે.

શહેરના સેન્ટ્રલ ઝોન હેઠળના વોર્ડ નં.૭માં સર્વેશ્વર ચોકથી ડો.યાજ્ઞિક રોડને જોડતો હયાત વોંકળો ડાયવર્ટ કરી, નવું બોક્સ કલ્વર્ટ બનાવવાની કામગીરી ગતિમાં છે. આજે પદાધિકારીઓ, ધારાસભ્ય તેમજ અધિકારીઓની ઉપસ્થિતિમાં સ્થળ મુલાકાત કરી, કામગીરીનું રીવ્યુ કરવામાં આવ્યું હતું. સર્વેશ્વર ચોકથી ડો.યાજ્ઞિક રોડને જોડતા હયાત વોંકળો ડાયવર્ટ કરી, નવું બોક્સ કલ્વર્ટ બનાવવાની કામગીરીમાં હયાત વોંકળાની પાસે નવું આરસીસી બોક્સ કલ્વર્ટ ૨૫.૦૦ મી. લંબાઈમાં એવરેજ ૯.૦૦ મી. પહોળાઈ અને ૩.૦૦ મી. ઉંડાઈમાં વોંકળો, રીટેઈનીંગ વોલ, વિંગ વોલ તથા ડ્રેનેજ શિફ્ટીંગ કરવાના કામનો સમાવેશ થાય છે. પદાધિકારી, ધારાસભ્યએ ચાલુ કામગીરીનું નિરીક્ષણ કરી, બાકી રહેતી કામગીરીની વિગતો મેળવી, બાકી રહેતું કામ મેનપાવર, મશીનરીમાં વધારો કરી, સત્વરે પૂર્ણ કરવા કોન્ટ્રાકટર એજન્સીના પ્રતિનિધિઓને અધિકારીઓની રૂબરૂમાં સુચના આપવામાં આવી. આ સ્થળ મુલાકાતમાં મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, ઈ.ચા. નાયબ મ્યુનિસિપલ કમિશનર હર્ષદ પટેલ, ઈ.ચા. સિટી એન્જીનીયર અતુલ રાવલ, વોર્ડ એન્જીનીયર એમ.બી.ગાવિત, વોર્ડના આસી. એન્જીનીયર, વર્ક આસીસ્ટન્ટ, કોન્ટ્રાક્ટર એજન્સીના પ્રતિનિધિઓ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

# રોગચાળાને નાથવા 'વન ડે વન વોર્ડ' ઝુંબેશનો આરંભ

## સોમવારથી નિયત તારીખ મુજબ વોર્ડ વાઈઝ ઝુંબેશ હાથ ધરાશે: પોરાનાશક, બાયોલોજીકલ કંટ્રોલ, ફોગીંગ, આરોગ્ય શિક્ષણ સહિતની કામગીરી પર ભાર મૂકાશે

**અબતક, રાજકોટ**

ચોમાસાની સિઝનમાં સતત વકરી રહેલા રોગચાળાને નાથવા માટે કોર્પોરેશન દ્વારા આજથી 'વન ડે વન વોર્ડ' ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી છે. આગામી સોમવારથી દરેક વોર્ડમાં નિયત કરવામાં આવેલી તારીખે ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

ચોમાસાની ઋતુમાં સમય દરમ્યાન મચ્છર ઉત્પત્તિસ્થાનોમાં વધારો થવાથી વાહકજન્ય રોગો જેવા કે, મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા ફેલાવાની શક્યતાઓ પણ વધે છે. જેથી વાહકજન્ય રોગોની અટકાયત અને નિયંત્રણ માટે ઝુંબેશ સ્વરૂપે ચાલી રહેલ વિવિધ પ્રવૃતિઓમાં જનસમુદાયનો સહકાર પ્રાપ્ત થાય તે જરૂરી બની રહે છે.

કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા આજથી ''વન - ડે - વન - વોર્ડ''કાર્યક્રમ શરૂ કરાયો છે.



આજે તમામ વોર્ડની મુખ્ય વોર્ડ ઓફિસ ખાતેથી પદાધિકારી તથા કોર્પોરેટરઓ ઉપસ્થિતમાં આ ઝુંબેશનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં વોર્ડ નં.૪માં મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, વોર્ડ નં.૨માં ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, વોર્ડ નં.૩માં ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, વોર્ડ નં.૨માં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, વોર્ડ નં.૧૧માં શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, વોર્ડ નં.૨માં દંડક મનીષભાઈ રાડીયા, વોર્ડ નં.૧૪માં આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ સહિત વોર્ડ વાઈઝ વોર્ડના કોર્પોરેટરો લગત વોર્ડમાં ઉપસ્થિત રહી ઝુંબેશનો શુભારંભ કરાવેલ છે.

હવે પછી આ કાર્યક્રમ અન્વયે સોમવારથી પ્રોગ્રામ મુજબના વોર્ડમાં એક દિવસમાં એક વોર્ડમાં તમામ આરોગ્યની ટીમો મુકીને ટીમ વર્કથી ઝુંબેશ સ્વરૂપે વાહક નિયંત્રણની તમામ કામગીરી કરવામાં આવશે.

જેમાં ઘરની અંદર તથા આસપાસ મચ્છર ઉત્પતિ સ્થાનોમાં લાર્વીસાઈડ છંટકાવ કરવાની કામગીરી કરાવવામાં આવશે. વોર્ડમાં પાણી ભરાયેલ નાના - મોટા ખાડા - ખાબોચીયા કે જ્યાં મચ્છર ઉત્પતિ સ્થાન બની શકે છે ત્યાં પંપ દ્વારા દવા છંટકાવની કામગીરી કરવામાં આવશે. મોટા ખુલ્લા રહેતા પાણી ભરેલા પાત્રો / સ્થળોએ પોરાભક્ષક માછલી મુકવામાં આવશે. વાહકજન્ય રોગ માટે પોઝિટીવ જણાયેલ કેસમાં આસપાસના વિસ્તારમાં ચેપી મચ્છરોનો નાશ માટે ઘરની

(અનુ. આઠમા પાને)

# નમાલા રોડને પેવિંગ બ્લોક્ના થીગડાંનો મલમ



રાજકોટમાં આ વર્ષે જોઈએ તેટલો વરસાદ વરસ્યો પણ નથી છતાં શહેરમાં ગુણવત્તાયુક્ત સરકારી કામોના અભાવના પાપે રાજમાર્ગોની દશા અત્યંત દયનીય થઈ ગઈ છે. મુખ્યમંત્રીની કડક ટકોર બાદ પણ રાજકોટના રસ્તાઓની હાલતમાં સંતોષકારક સુધારો જોવા મળતો નથી. ગુણવત્તાની દ્રષ્ટિએ નમાલા પૂરવાર થયેલા રોડ પર હવે તંત્ર દ્વારા પેવિંગ બ્લોકના થીગડાં લગાવી ગાડું ગબડાવવામાં આવી રહ્યું છે. આ થીગડાં વાહનચાલકોને રાહત આપવાના બદલે પીડા આપી રહ્યા છે. કારણ કે પેવિંગ બ્લોકના થીગડાં પરથી જ્યારે વાહન પસાર થાય ત્યારે ચાલકે મોટો જટકો સહન કરવો પડે છે. સરકારી કામોમાં ગુણવત્તા સામે સતત સવાલો ઉભા થઈ રહ્યા છે. સામાન્ય વરસાદમાં પણ ડામર રોડ ભાંગીને ભૂક્કો થઈ જાય છે. તે સૌથી મોટી કમનશીબી છે.

તસવીર: શૈલેષ વાડોલીયા

# જસદણમાં વિકાસની નવતર ભેટ: રિવર ફ્રન્ટઅને કાળિયા બ્રિજના નવીનીકરણનું ખાતમુહૂર્ત

## મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે રૂા.૭૯૭.૭૩ લાખના ખર્ચના કામોનો પ્રારંભ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં વિકાસની નવી દિશા ખૂલી છે. જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે રૂા. ૭૯૭.૭૩ લાખના ખર્ચે બે મહત્વના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ કામોમાં જસદણ બાયપાસ પર સ્વામી વિવેકાનંદ સ્મશાન પાસે રૂા. ૫૦૯.૫૨ લાખના ખર્ચે રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ અને ભાદર નદી પરના કાળિયા બ્રિજને રૂા. ૨૮૮.૨૧ લાખના ખર્ચે હાઈ લેવલ સબમર્સિબલ બ્રિજ બનાવવાનો સમાવેશ થાય છે.



મંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ વિકાસ કામોથી જસદણ અને વિંછીયાના લોકો માટે સુવિધા અને રોજગારના નવા દ્વાર ખુલશે. ઘેલા સોમનાથ મંદિર બાદ આ રિવર ફ્રન્ટ એક આકર્ષક ફરવાલાયક સ્થળ બનશે. કાળિયા બ્રિજનું નવીનીકરણ થવાથી લાતી પ્લોટના ઉદ્યોગકારો અને સ્થાનિક નાગરિકો માટે અવરજવર સરળ બનશે. તેમણે ખાતરી આપી હતી કે, આ તમામ કામોની ગુણવત્તાનું ખાસ ધ્યાન રાખવામાં આવશે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને નાગરિકોને સંબોધતા મંત્રીએ સ્વચ્છતા જાળવવામાં નાગરિકોના સહકારની પણ અપીલ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, જસદણ અને વિંછીયા તાલુકામાં રસ્તાઓ અને બ્રિજના વિકાસની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ તકે, નગરપાલિકાના પ્રમુખ જીતેન્દ્રભાઈ છાયાણી સહિત અનેક પદાધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



જળસંપત્તિ અને પાણી પૂરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે રૂ. ૫૦૯.૫૨ લાખના ખર્ચે જસદણ બાયપાસ પરના સ્વામી વિવેકાનંદ સ્મશાન પાસે રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ અને રૂા.૨૮૮.૨૧ લાખના ખર્ચે ભાદર નદી પર (કાળીયા બ્રીજ) હાઈ લેવલ સબમર્સીબલ બ્રીજ બનાવવાના કુલ રૂ.૭૯૭.૭૩ લાખના ખર્ચના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, પવિત્ર શ્રાવણ માસમાં જસદણના નગરજનો તેમજ આસપાસના ગામડાઓને વિવિધ વિકાસ કામોની ભેટ મળી રહી છે. જસદણ વિંછીયા તાલુકાના નાગરિકો માટે ધાર્મિક સ્થળ ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ઉપરાંત સ્વામી વિવેકાનંદ સ્મશાન પાસે રીવરફ્રન્ટ ડેવલપમેન્ટને લીધે સુવિધા અને રોજગારનું કેન્દ્ર અને ફરવાલાયક સ્થળ બનશે. તથા ભાદર નદી પરના કાળીયા બ્રીજને હાઈ લેવલ સબ મર્સીબલ બ્રીજ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી રહી છે. જેના વિકાસથી જસદણના લાતી પ્લોટના ઉદ્યોગ વિસ્તારના ઉદ્યમીઓને, નગરજનોને અને અન્ય વટેમાર્ગુઓને આવાગમનમાં સરળતા રહેશે. રિવરફ્રન્ટ અને બ્રિજની કામગીરી ગુણવત્તાયુક્ત બને, તેનું ખાસ ધ્યાન રાખવામાં આવશે.

વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, જસદણ અને વિંછીયાના નાગરિકોને શાળા, કોલેજ, પુસ્તકાલય, આરોગ્ય કેન્દ્ર, રસ્તાઓ અને અન્ય જાહેર સ્થળો પર સ્વચ્છતા જાળવવા નાગરિકોનો સહકાર ખૂબ જ જરૂરી છે. જસદણ અને વિંછીયા તાલુકાના વિવિધ ગામોના રસ્તાઓ અને બ્રિજના વિકાસની કામગીરી પુરજોશમાં કરવામાં આવી રહી છે. જસદણ તાલુકો હેન્ડીક્રાફ્ટ, ઈમિટેશન સહિતના ક્ષેત્રોમાં રાજ્યમાં આગવું સ્થાન ધરાવે તે માટે રાજ્ય સરકાર સતત

(અનુ. આઠમા પાને)

# ઓબીસી સોશિયલ એક્ટિવિટી કમિટી દ્વારા તેજસ્વી તારલાઓને બિરદાવાશે





તસવીરઃ શૈલેષ વાડોલિયા

## ધો.૧૦ અને ૧૨માં ઉતમ પરિણામ પ્રાપ્ત કરનારા ઓબીસી સમાજના તેજસ્વી તારલાઓને બિરદાવવામા આવશેઃ અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ઓ.બી.સી. સોશ્યલ એક્ટિવિટી કમિટી દ્વારા સમાજના ઉત્કર્ષ અને શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના ઉમદા હેતુથી એક વિશેષ કાર્યક્રમ સરસ્વતી સન્માન સમારંભનું તા.૩૧-૮-૨૦૨૫ ને રવિવારના રોજ હેમુગઢવી હોલ ખાતે આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સમારંભમાં ધોરણ ૧૦ અને ૧૨માં ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરનારા ઓ.બી.સી. સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે. કમિટી વર્ષોથી સમાજના સર્વાંગી વિકાસ માટે અવિરતપણે કાર્યરત છે, અને આ કાર્યક્રમ શિક્ષણના મહત્વને ઉજાગર કરીને ભવિષ્યના ઘડવૈયાઓને પ્રેરણા પૂરી પાડશે.

'અબતક'ના મેનેજીંગ તંત્રી સતિશકુમાર મહેતા સાથેની શુભેચ્છા મુલાકાતમાં નિલેશભાઈ જલુ, સંદીપ ગોહિલ, આણંદભાઈ કરથીયા, રાજેશભાઈ ગઢવી, રાજુભાઈ ચૌહાણ, રવજીભાઈ મકવાણા મુળુભાઈ ઓડેદરા, ચંદુભાઈ ગરનારા સહિતનાએ વધુ વિગતો આપી હતી.

આ સન્માન સમારંભનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું ઔપચારિક રૂપે બિરદાવવાનો છે, અને તેમને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. શિક્ષણ એ કોઈપણ સમાજના વિકાસનો આધારસ્તંભ છે. આવા સન્માન સમારંભો દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે, જે તેમને ભવિષ્યમાં વધુ સારું પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કરે છે. આ પ્રસંગે વિદ્યાર્થીઓના માતા-પિતા અને

(અનુ. આઠમા પાને)

# રક્તદાન મહાદાનઃ જૈન સોશિયલ ગ્રુપ દ્વારા રવિવારે મેગા બ્લડ ડોનેશન કેમ્પ

## તમામ રક્તદાતાઓને ગિફ્ટ તેમજ મહિલા રક્તદાતાઓને પ્રેરીત કરવા વિશેષ ગિફ્ટ આપવામાં આવશે



તસવીરઃ શૈલેષ વાડોલિયા

### અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**

જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટ. ફેડરેશન આંતર રાષ્ટ્રીય સંસ્થા છે, જેમા દેશ-વિદેશમાં પોતાના ૪૩૮ ગ્રુપ્સ અને ૯૦૦૦૦ થી વધુ સભ્યો ધરાવતી સંસ્થા છે. સૌરાષ્ટ્ર રીજીયન આયોજીત રાજકોટ ઝોન પરિવાર સંકલિત જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ એલીટ અને એલીટ સંગીની પ્રાયોજીત સતત છઠ્ઠા વર્ષે પણ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તા.૩ ઓગષ્ટ ૨૦૨૫નાં રોજ જનકલ્યાણ હોલ, મહાવીર સ્વામી ચોક (એસ્ટ્રોન ચોક), રાજકોટ ખાતે સવારે ૮.૦૦ થી બપોરે ૨.૦૦ દરમ્યાન કરવામાં આવેલ છે.

અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમા અભય દોશી, ચેતન પંચમીયા, બકુલેશ મહેતા, જીજ્ઞેશ બોરડીયા, ધવલ શાહ, ચિરાગ મહેતા, નિરવ મહેતાએ વધુ વિગત આપી હતી.

પરંતુ ઘણીવાર સમયસર અને પૂરતા પ્રમાણમાં લોહી ન મળવાને લીધે મહામુલી માનવ જીંદગી જોખમમાં મુકાય છે. રાજકોટમાં તેમજ અન્ય શહેરોમાંથી સારવાર માટે આવતા તમામ દર્દીઓને તેમજ રકત જેનો ખોરાક છે તેવાં લોહીના વારસાગત રોગ થેલેસેમીયાનો ભોગ બનેલા થેલેસેમીક બાળકોને હાડમારી ભોગવ્યા વગર શહેરની બ્લડબેંક માંથી લોહી મળી રહે તે જોવાની આપણી નૈતીક ફરજ છે.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં મુખ્ય દાતાઅદાણી ફુડનાં હર્ષદભાઈ અદાણી તથા અદાણી પરિવાર (અદાણી મસાલા) તેમજ સહયોગી દાતા ઈન્દુભાઈ વોરા, નીતીનભાઈ કામદાર (જુલીયાના), રંજનબેન જયસુખલાલ પટેલ, જીજ્ઞેશભાઈ ખખ્ખર (રેશમ) તેમજ લક્કી ડ્રો દ્વારા ૨૨ ભાગ્યશાળી રકતદાતાને ૪૨'' ટીવી, ૩૨'' ટીવી, પચાસ લીટર નું ફ્રીજ, એરકુલર, ટ્રોલી બેગ, ૨ સોનાની ગીની, ૯ ચાંદીની ગીની તથા ૩ સ્માર્ટ વોચ, નોન સ્ટીક ફ્રાય પેન સેટ, સાઈકલ, પરફ્યુમ સ્પ્રે આપવામાં આવશે, આ કેમ્પમાં વિનયભાઈ જસાણીઃ શ્રીમદ્ રાજચંદ્ર સેવા ગ્રુપ રાજકોટનો પણ વિશેષ સેવા સહયોગ મળેલ છે.


આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ મેઈન, વેસ્ટ, મીડટાઉન, ડાઉન ટાઉન, રોયલ, યુવા, સેન્ટ્રલ, પ્રાઈમ, જેમ, જૈન જાગૃતિ સેન્ટર, દિગંબર જૈન સોશ્યલ ગ્રુપ, જૈન યુવા ગ્રુપ, જૈન યુવા જુનીયર તથા સંગીની મીડટાઉન, સંગીની ડાઉનટાઉન, જૈન ફોર યુ-રાજકોટ નો સહકાર આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં બહેનોને રકતદાન અંગે જાગૃત કરવા જે મહિલાઓ આ કેમ્પમાં રકતદાન કરશે તે દરેક મહિલા રકતદાતાઓને આકર્ષક ગીફ્ટ એનાયત કરવામાં આવશે. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં સિવીલ બ્લડ બેન્ક, રેડક્રોસ બ્લડ બેન્ક, સૌરાષ્ટ્ર વોલન્ટરી બ્લડ બેન્ક સેવા આપશે.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં સૌરાષ્ટ્ર રીજીયન ચેરમેન

(અનુ. આઠમા પાને)

# ભગવતીપરા વિસ્તારને વર્ષો જુની વીજ સમસ્યાથી મળશે રાહતઃ ઉદય કાનગડ

## ગિરિરાજ સબ સ્ટેશનમાંથી નવો ૧૧ કે.વી. સુખસાગર ફીડર શરૂ થતાં વીજ સમસ્યામાંથી મુકિત મળશે



**અબતક, રાજકોટ**

રાજકોટ : ધારાસભ્ય ઉદય કાનગડની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે શહેરના વિધાનસભા-૬૮ મતવિસ્તાર, વોર્ડ-૪માં આવતા ભગવતીપરા વિસ્તારમાં વધતી જતી વસ્તી અને વિકાસને ધ્યાનમાં લઈ આ વિસ્તારમાં રોડ, રસ્તા, પાણી, ભુગર્ભ, વીજળી જેવા વિકાસ કાર્યો વેગવંતા બનાવી પ્રજાની સુખ,સુવિધા અને સુખાકારીમાં વધારો થાય તે માટે ભારતીય જનતા પાર્ટી કાર્યરત છે ત્યારે ઘણા સમયથી ભગવતીપરા વિસ્તારમાં રહેવાસીઓને વારંવાર લાઈટ જવાની સમસ્યા ઉભી થતી હતી અને વરસાદ અને વાવાઝોડાની પરિસ્થિતિમાં સતત દસ-બાર કલાક વીજળીથી વંચિત રહેવું પડતું હતું.

આમ ભગવતીપરા, જુના મોરબી રોડ વિસ્તારમાં અલગ સબ ડિવિઝનથી પ્રજાના વીજ સમસ્યાને લગતા પ્રશ્નનો સુચારૂ નિકાલ આવ્યો છે ત્યારે જન સુખાકારી સાથે અવિરત વિકાસ એ જ લક્ષ્ય ના મંત્ર સાથે પરિણામલક્ષી કાર્ય થકી પ્રજાના પ્રાણપ્રશ્નોનો ઉકેલ આવ્યો છે ધારાસભ્ય ઉદય કાનગડએ પી.જી.વી.સી.એલ.ના એમ.ડી. કેતનભાઈ જોષી, રાજકોટ સીટી અધિક્ષક ઈજનેર બી.સી. રાઠોડ, કાર્યપાલક ઈજનેર મનોજ ગોહેલ, એચ.ટી-૧ સબ ડીવીઝનના નાયબ ઈજનેર એચ.જી. સોલંકી,એચ.ટી.-૧ સબ ડીવીઝનના જુની. ઈજનેર ડી.બી. ધ્રાંગા, મોરબી રોડ સબ ડીવીઝનના નાયબ ઈજનેર ડી.એન. પટેલ સહિતના અધિકારીઓ ને અભિનંદન પાઠવતા જણાવેલ હતું.

# પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવને પીળા પુષ્પોનો દિવ્ય શણગાર

## મહાદેવના દર્શને ઉમટ્યું માનવ મહેરામણ, ભક્તિમય માહોલ છવાયો

**અબતક, જયેશ પરમાર, સોમનાથ,**

શ્રાવણ માસના શુક્લ પક્ષની સાતમના પાવન અવસરે આદિ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને પીળા પુષ્પોના મનોરમ્ય શણગારથી અલંકૃત કરવામાં આવ્યા હતા. આ દિવ્ય શણગારથી મહાદેવનું સ્વરૂપ અત્યંત તેજોમય અને ભવ્ય લાગી રહ્યું હતું, જાણે કે પ્રકૃતિના પીળા રંગોથી મહાદેવ સ્વયં પ્રકાશિત થયા હોય. શ્રાવણ માસ હોવાને કારણે અને સાતમનો પવિત્ર દિવસ હોવાથી સોમનાથ મહાદેવના દર્શને ભક્તોનું માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળી હતી, જેમાં ભક્ત મહાદેવના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી પીળા પુષ્પોથી સજેલા મહાદેવના દર્શન કરીને ભક્તોએ પોતાની જાતને કૃતાર્થ માની હતી. સમગ્ર મંદિર પરિસર 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યો હતો અને ભક્તિમય માહોલ છવાઈ ગયો હતો. આ અલૌકિક દ્રશ્ય સોમનાથની આસ્થા અને શ્રદ્ધાનું પ્રતીક બની રહ્યું હતું.



## રવિવારે મિત્રતાનું પર્વ

# મિત્રતાના બંધનને યાદગાર બનાવવા જોહર કાર્ડસમાં ગિફ્ટ-બેલ્ટનો ખજાનો

### જોહર કાર્ડસ અને જોહર ગેલેરીમાં ઘડીયાળ, કીચેઈન તેમજ અવનવા ફેન્સીબેલ્ટ, લેધર બેલ્ટ, કોયન બેલ્ટ સહિતની વસ્તુઓ ઉપલબ્ધ








**અબતક, રાજકોટ**

રવિવાર તા.૩ ઓગસ્ટે ફ્રેન્ડશિપ ડે છે. મિત્રતાને કોઈ વય હોતી નથી, મિત્રતા ગમે ત્યારે, ગમે તેની સાથે નાત, જાતના ભેદભાવ વગર બંધાઈ જતી હોય છે. ફ્રેન્ડશિપ ડે ને ઉજવવા યુવાધન ઘેલું બન્યું છે. રાજકોટ શહેરમાં ફ્રેન્ડશિપ ડે ઉજવવા યુવાનોની કેવી પસંદગી છે ? ઘણા વર્ષોથી ફ્રેન્ડશિપ ડે એક તહેવાર બની ગયો છે, જેમાં નાના બાળકો થી મોટા ઉમર ના લોકો બેલ્ટ અને ગિફ્ટ ની ખરીદી કરતા હોય છે, રાજકોટમાં ડો.યાજ્ઞિક રોડ ખાતે આવેલ જોહર કાર્ડસવાળા યુસુફઅલી તથા હસનેનભાઈ તેમજ કાલાવડ રોડ, પ્રેમ મંદિર રોડ, ગાર્ડન સામે આવેલ જોહર ગેલેરી વાળા જોહરભાઈએ ફ્રેન્ડશિપ ડેના કાર્ડસ અને ગીફ્ટ આવી ગયેલ છે તેમજ ફ્રેન્ડશીપ બેલ્ટ ઘણા જ પ્રકારના આવેલ છે. લાબુબુ, યુનિકોન, ફ્રેન્ડશિપ બેલ્ટ નવું આકર્ષણ, જેમાં આ વખતે કોમ્બો સેટ આવેલ જેમાં ઘડિયાળ, કીચેન, બેલ્ટ આવે, ઈ સિવાય કપલ બેલ્ટ ઘણી પ્રકાર બેલ્ટ આવેલા છે જેમાં મેગનેટ વાળા બેલ્ટ, અલગ અલગ સિમ્બોલવાળા ફેન્સી બેલ્ટ, લેધરમાં અલગ અલગ બેલ્ટ, ક્રીસ્ટલના બેલ્ટ, કોટન રેશમની ગૂંથણીવાળા બેલ્ટ, ફ્રેન્ડ લખેલ બ્રોકન હાર્ટવાળા બેલ્ટ અને લોકેટ, માય ડીયર ફ્રેન્ડ, સુપર ફ્રેન્ડ, ગ્રેટ ફ્રેન્ડ વિ. લખાણવાળા બેલ્ટ, ઘડિયાળ વાળા બેલ્ટ, હાથ ની આંગળી મા પેહેરેવાની ઘડિયાળ તે સિવાય ઘણી ફ્રેન્ડશિપ બેલ્ટમાં વેરાયટીઓ આવેલ છે, આ સિવાય દોસ્તો માટે ચોકલેટ, ઘડિયાળ, કીચેન, વગેરે આપી શકાઈ છે.

# સફળતાની ગુંજઃ વીવીપી કોલેજે નેશનલ બોર્ડ એક્રેડીટેશનની બેવડી સિદ્ધિ મેળવી



## તકનીકી માપદંડોના ઉચ્ચત્તમ શિખરો વીવીપી કોલેજના ત્રણ ડિપાટમેન્ટે એક સાથે હાંસલ કર્યા

**અબતક, રાજકોટ**

સમગ્ર સૌરાષ્ટ્રની પ્રથમ સેલ્ફ ફાઈનાન્સ કોલેજ અને ગુજરાતની અગ્રણી એવી વીવીપી એન્જિનિયરિંગ કોલેજએ ફરી એક વાર જવલંત સફળતા મેળવતા નેશનલ બોર્ડ ઓફ એક્રેડીટેશનની માન્યતા સતત બીજીવાર મેળવી છે. વી.વી.પી.ની તકનીકી માપદંડોના ઉચ્ચતમ શિખરો સર કરવા એ આદત બની ગઈ છે. નેશનલ બોર્ડ ઓફ એક્રેડિટેશન સમગ્ર ભારતમાં તેમજ દુનિયાના વિવિધ દેશોમાં વોશિંગ્ટન અકોર્ડના માપદંડોના આધારે વિવિધ સંસ્થાઓને એક્રેડિટેશન આપતી હોય છે. આ વર્ષે વર્ષ ૨૦૨૫ માં ફરી એક વખત નેશનલ બોર્ડ ઓફ એક્રેડીટેશન દ્વારા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ, અને સિવિલ એન્જિનિયરિંગ એમ ત્રણ ડિપાર્ટમેન્ટને એન.બી.એ. માન્યતા પ્રાપ્ત થઈ છે.

વીવીપીની એક્રેડીટેશનની સફળતા માટે સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવીનભાઈ શેઠે સંસ્થાના પ્રિન્સિપાલ ડો. પિયુષભાઈ વણઝારા, એક્રેડીટેશન કમિટીના કન્વીનર ડો. અલ્પેશભાઈ આડેસરા, કો-કન્વીનર ડો. તેજસભાઈ પાટલીયા ડો. પરેશભાઈ ધોળકિયા, ડો. જીતેન્દ્રભાઈ મહેતા, ડો. ચાર્મીબેન પટેલ, ડો. સચિનભાઈ રાજાણી, ડો. હિતેશભાઈ આસાણી તેમજ સમગ્ર કર્મચારી અને વિદ્યાર્થીગણને

(અનુ. આઠમા પાને)

# કસ્તુરબા હાઈસ્કુલની સ્લો સાયકલિંગ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર લીધો ભાગ

## ગેલેક્સી સાયકલ અને હર્ક્યુલસ કંપનીના સહયોગથી સ્લો સાયકલિંગ, વક્તૃત્વ સ્પર્ધા અને કોથળા દોડ સહિતની સ્પર્ધા યોજાઈ, વિજેતાઓને સાયકલ આપી સન્માનિત કરાયા



**અબતક, રાજકોટ**

કસ્તુરબા વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા અને તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ગેલેક્સી સાયકલ એજન્સીના સહયોગથી અને હર્ક્યુલસ કંપનીના પ્રાયોજન હેઠળ યોજાયો હતો. આ આયોજનનો મુખ્ય હેતુ બાળકોને માત્ર શૈક્ષણિક ક્ષેત્રમાં જ નહીં પરંતુ જીવનના અન્ય પાસાઓમાં પણ આગળ વધવા માટે પ્રેરિત કરવાનો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવાથી

(અનુ. આઠમા પાને)

### વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને જીવનના અન્ય ક્ષેત્રોમાં પ્રોત્સાહિત કરવાનો હેતુઃ અનિશભાઈ વાધર



ગેલેક્સી એજન્સીના અનિશભાઈ જયકાંતભાઈ વાધરે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે કસ્તુરબા વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે ગેલેક્સી સાયકલ એજન્સીના સહયોગથી અને હર્ક્યુલસ કંપનીના પ્રાયોજન હેઠળ એક સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સ્લો સાયકલિંગ, વક્તૃત્વ સ્પર્ધા અને કોથળા દોડ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. સાયકલિંગ સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે અને તેના ફાયદાઓ વિશે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીને સાયકલ અને (અનુ. આઠમા પાને)

# ધોરાજીના છાડવાવદર સહકારી મંડળીના પ્રમુખને ખૂનની ધમકી : સાધારણ સભામાં ધમાલ

## સસ્પેન્ડેડ મંત્રી આણી ટોળકીએ બેઠકમાં ધસી જઈ પગાર અને પીએફ આપવાનું બેફામ ગાળો ભાંડી, મારવા દોડ્યા : રાયોટિંગ સહિતની કલમો હેઠળ ધોરાજી તાલુકા પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

ધોરાજીના છાડવાવદર સહકારી મંડળીના પ્રમુખને સાધારણ સભામાં જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ધોરાજી તાલુકા પોલીસ મથકમાં રાયોટિંગની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. સસ્પેન્ડેડ મંત્રી અને તેના મળતીયાઓ ગેરકાયદેસર મંડળી રચી સભામાં ધસી આવી પગાર અને પીએફ આપવાનું કહી બેફામ વાણી વિલાસ પણ કર્યો હતો.બનાવ અંગે ધોરાજીમાં સ્ટેશન રોડ રેલ્વે સ્ટેશનની બાજુમા વિપુલ ટાવરમાં રહેતાં હરેશભાઈ મુળુભાઈ હેરભા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પ્રભાત ચુનીલાલ હેરભા, કિશન બાબુ સિંધવ, ગોવા કુંભા સિંધવ, નીતિન કાળા સિંધવ, ભરત નાથા સોનારા અને ભલા નાથા સોનારા (રહે. તમામ છાડવાવદર ધોરાજી) નું નામ આપતાં ધોરાજી તાલુકા પોલીસે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ વર્ષ ૨૦૧૯ થી છાડવાવદર સહકારી મંડળીમાં પ્રમુખ તરીકે ચુંટાય આવેલ છે અને હાલ પણ મંડળીના પ્રમુખ તરીકેનો કાર્યભર સંભાળે છે. પ્રમુખ તરીકે ફરજ માત્ર ખેડુતોને ધીરાણ આપવાની કામગીરી તથા મંડળીની સામાન્ય સભામા હાજર રહી ઠરાવ પસાર કરવાનો હોય છે.

ધોરાજીના છાડવાવદર ગામના છાડવાવદર સેવા સહકારી મંડળીના મંત્રી કિશન સિંધવને ગઈ તા.૧૯/૧૧/૨૦૨૪ ના લ તેમના હોદ્દા પરથી સસ્પેન્ડ કરેલ અને સસ્પેન્ડ કરેલ મંત્રીને પી.એફ.તથા છેલ્લા મહીનાનો પગાર આપવાનો થતો ન હોય જેથી કિશન સિંધવને પી.એફ. તથા નવેમ્બર મહિનાનો પગાર આપેલ ન હતો. ગઈ તા.૨૯ ના છાડવાવદર ગામે બેન્ક ઓફ બરોડાની બાજુમા આવેલ કડવા પટેલ સમાજની વાડીમા છાડવાવદર સેવા સહકારી મંડળીની સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ હતું.

આ સામાન્ય સભા સાંજના સમયે શરૂ કરેલ અને સામાન્ય સભામા મંડળીના ઉપપ્રમુખ અરજણભાઈ કાનગડ, જમનાદાસ બાલધા, સિદાભાઈ કાનગડ, ગાંડાભાઈ કાનગડ, નારણભાઈ હેરભા, પ્રભાતકુમાર હેરભા, કિશનભાઈ સિંધવ, ગોવાભાઈ સિંધવ, નિતિનભાઈ સિંધવ, ભરતભાઈ સોનારા સહિતના લોકો સાધારણ સભામા હાજર રહેલ હતા. આ સભામા નિયમ મુજબ નિતિન સિંધવ, ભરત સોનારા, ભલા સોનારા હાજર રહી શકે નહી તેમ છતા પણ તેઓ સભામા આવેલ હતા.સભા શરૂ થયાના થોડી જ વારમાં પ્રભાતકુમાર હેરભા, કિશન સિંધવ સહિતના આરોપી એકી સાથે ઉભા થયેલ અને બધા ફરીયાદીને ગાળો આપવા લાગેલ અને એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી તેમને મારવા દોડી બોલવા લાગેલ કે, કિશનભાઈ મંત્રીનુ પી.એફ. અને પગાર કેમ અટકાવી દીધેલ છે, પીએફ અને પગાર આપો છો કે નહી, આ વખતે સાધારણ સભામા હાજર રહેલ અન્ય લોકોએ તેઓને પાછા વાળેલ અને તેઓ બોલવા લાગેલ કે, કિશનનો મંત્રીનો પગાર તથા પી.એફ નહી આપો તો તમને જીવતા નહી મુકીએ, બાદ આરોપી ત્યાથી ભાગી ગયેલ હતા.

બનાવ અંગેની ફરીયાદ પરથી ધોરાજી તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

### મંડળીના વહીવટમાં ગેરરીતિ આચરનાર મંત્રીને પાણીચું અપાયું'તું

છાડવાવદર સહકારી મંડળીના પ્રમુખને જાનથી મારી નાખવાની ધમકી આપનાર સસ્પેન્ડેડ મંત્રી સામે નવો ખુલાસો થયો હતો. જેમાં સહકારી મંડળી દ્વારા ૧૯૮૩ માં એક મંડળીના નામે જમીન ખરીદવામાં આવી હતી. જે હાલ મંડળીની જમીનની નોંધ પડેલ ન હતી, તેમ છતાં અન્ય કોઈ વ્યક્તિને જમીન બાબતનો દાખલો કાઢી આપવામાં આવ્યો હતો અને તે દાખલામાં બેન્ક મેનેજરની ખોટી સહી પણ તેને કરી નાખી હતી. જે બાબત મંડળીના મેનેજમેન્ટ સામે આવતા તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો.

---

### ચકચારી અમિત ખૂંટ આપઘાત પ્રકરણમાં

# સગીરાની ઓળખ છતી કરી દેનાર મહિલા એડવોકેટ સામે ગુનો: તોળાતી ધરપકડ

## એનસી ગુનો નોંધ્યા બાદ કોર્ટે લીલી ઝંડી આપતાં ગોંડલ તાલુકા પોલીસે વકીલ ભૂમિકા પટેલ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



રીબડાના ચકચારી અમિત ખૂંટ આપઘાત પ્રકરણમાં કાયદાના સંઘર્ષમાં આવેલી સગીરાની ઓળખ જાહેર કરી દેનાર મહિલા એડવોકેટ ભુમિકાબેન પટેલ વિરુદ્ધ ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે. અગાઉ એનસી ગુનો નોંધ્યા બાદ કોર્ટે લીલીઝંડી આપતાં ગુનો નોંધી પોલીસે મહિલા વકીલ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. જેથી હવે ગમે ત્યારે વકીલની ધરપકડ તોળાઈ રહી છે.

પ્રાપ્ત વિગત અનુસાર રીબડાના અમિત ખૂંટ વિરુદ્ધ એક સગીરાએ રાજકોટના એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રથમ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. બાદમાં અમિત ખૂંટે સુસાઈડ નોટમાં અનિરુદ્ધસિંહ જાડેજા, રાજદિપસિંહ જાડેજા, દુષ્કર્મની ફરિયાદ નોંધાવનાર સગીરા સહીતનું નામ લખી હનીટ્રેપમાં ફસાવ્યાનો આક્ષેપ કરી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે બાદ ગોંડલ તાલુકા પોલીસ મથકમાં આપઘાતની ફરજ પાડવાનો ગુનો નોંધાયો હતો. જે ગુનામાં બચાવ પક્ષે રોકાયેલ એડવોકેટ ભુમિકાબેન પટેલે મીડિયા સમક્ષ આપેલા ઈન્ટર્વ્યુમાં સગીરાની ઓળખ છતી થાય તે પ્રકારે વાત કરી હોય સગીરાનાં પિતાએ ગત તા.૧૭ નાં તાલુકા પોલીસ સ્ટેશનમાં વકીલ ભુમિકાબેન સામે જુવેનાઈલ એક્ટ કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

જે મામલે પોલીસે નોન કોગનીઝેબલ ગુન્હો નોંધી કોર્ટની પરમિશન માંગી હતી. દરમ્યાન કોર્ટ દ્વારા હુકમ થઈ જતા ગોંડલ તાલુકા પોલીસમાં નોન કોગનીઝેબલ ગુનામાંથી ભુમિકાબેન પટેલ વિરુદ્ધ વિધિવત ગુન્હો નોંધાયો હતો. જેથી હવે ગમે ત્યારે એડવોકેટ ભુમિકાબેન પટેલની ગમે ત્યારે ધરપકડ તોળાઈ રહી છે.

---

# માજોઠીનગરમાં મકાનમાંથી વિદેશી દારૂની ૭૨ બોટલ ઝડપાઈ

## આંબેડકરનગરમાં શરાબની ૨૪ બોટલ સાથે શખ્સ ઝડપાયો

**અબતક, રાજકોટ**

શહેરના દૂધસાગર રોડ પર આવેલા માજોઠી નગરમાં મકાનમાંથી વિદેશી દારૂની ૭૨ બોટલ અને ૧૫૦ રીંગરોડ પર આવેલા આંબેડકર નગરમાંથી શરાબની ૨૪ હોટલ સાથે શખ્સને શહેર પોલીસે ઝડપી લીધો છે.

તહેવારો નજીક આવતા બુટલેગરો મેદાનમાં આવી ગયા છે. જ્યારે પોલીસ તંત્ર પણ સક્રિય બન્યું છે. ત્યારે થોરાળા પોલીસ ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, દૂધસાગર રોડ પર આવેલા માજોઠીનગરમાં રહેતો આસિફ સલીમભાઈ મેણ નામના શખ્સે તેના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે. બાતમીના પગલે થોરાળા પોલીસની ટીમે મકાનમાં દરોડો પાડી, રૂ.૮૮ હજારની કિંમતની વિદેશી દારૂની ૭૨ બોટલ ઝડપી લીધી છે. જ્યારે દરોડા દરમિયાન આસિફ હાજર ન હોય તેની શોધ ખોળા હાથ ધરી છે. આ દરોડાની કામગીરી થોરાળા પીઆઈ એન જી વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એસ મહેશ્વરી, એ.એસ.આઈ દેવશીભાઈ ખાંભલા, મહેશભાઈ સોલંકી,હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર ગઢવી અને ઈમરાન ભાઈ ચુડાસમા સહિતના સ્ટાફે કરી છે. જ્યારે બીજો જુગારનો દરોડો બાતમીના આધારે માલવિયા નગર પોલીસની ટીમે ૧૫૦ રીંગરોડ પર આવેલા આંબેડકર નગર શેરી નંબર ૧૪ માં રહેતો મહેન્દ્ર ઉર્ફે ભૂરો દિનેશભાઈ રાખશીયા નામના શખ્સને એના મકાન પાસેથી શરાબની ૨૪ સાથે માલવિયા નગર હેડ કોન્સ્ટેબલ એ બી વીકમાં અને મનીષભાઈ સહિતના સ્ટાફે ઝડપી લીધો છે.

---

# ગુજરાતના સૌથી મોટા ડિજિટલ એરેસ્ટ કેસમાં રાજકોટની ભેજાબાજ બેલડી ઝબ્બે

## અંબિકા ટાઉનશીપમાં રહેતા નિલેશ રાંક સહિત બે શખ્સોને ઉઠાવી લેવાયા : ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ અને રાજકોટ શહેર એસઓજી ટીમની સંયુક્ત કાર્યવાહી

**અબતક, રાજકોટ**

ગુજરાતની સૌથી મોટી ડિજિટલ એરેસ્ટ ગુનામાં રાજકોટના બે શખ્સોને પોલીસે ઝડપી લઈ તપાસ આદરી છે. ગાંધીનગરની મહિલા તબીબને ડિજિટલ એરેસ્ટ કરી સાયબર માફિયાઓએ ૧૯ કરોડથી વધુની રકમ પડાવી હતી. જે મામલે ગાંધીનગર સાયબર ક્રાઈમની ટીમે તપાસ હાથ ધરતાં તેનું પગેરું રાજકોટ સુધી પહોંચ્યું હતું.

રાજકોટ શહેર એસઓજીની ટીમે ગાંધીનગર સાયબર ક્રાઈમને સાથે રાખી અંબિકા ટાઉનશીપમાં રહેતા નિલેશ જમન રાંક નામના શખ્સને દબોચી લીધો હતો. અને ગાંધીનગરની ટીમ તેને લઈ રવાના થઈ ગઈ હતી. ઉપરાંત નાજ નામના શખ્સને પણ દબોચી લીધો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

### રાજકોટના બંને શખ્સોના એકાઉન્ટમાં સાયબર ફ્રોડથી મેળવેલી રકમ ટ્રાન્સફર થયાનો ધડાકો : અન્ય ગુનામાં પણ સંડોવણીની શક્યતા

ઉપરાંત પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે ગાંધીનગરમાં મહિલા તબીબને ડિજિટલ અરેસ્ટ કરી રૂપિયા ૧૯ કરોડથી વધુની રકમ સાયબર માફિયાઓએ પડાવી લીધી હતી. જે મામલે ગાંધીનગર સાયબર ક્રાઈમની ટીમે તપાસ હાથ ધરતા તેનું પગેરું રાજકોટ નીકળતા આરોપીને પકડ્યો હતો. તેમ જ આરોપીના બેન્ક એકાઉન્ટમાં તે રૂપિયા ટ્રાન્સફર થયાનો પણ ઘટસ્ફોટ થયો હતો. હાલ પોલીસે તેની સઘન પૂછપરછ હાથ ધરી હતી અને વધુ સાયબર ગુનામાં પણ તેની સંડવણી હોવાની પૂરેપૂરી શક્યતા દર્શાવાય રહી છે.

---

# સિવિલ હોસ્પિટલમાં દર્દીના સગા સાથે ગેરવર્તણુકની ફરિયાદના પગલે બે સિક્યુરિટી જવાન અને નર્સ સસ્પેન્ડ

## સિવિલ હોસ્પિટલની કામગીરી સામે અસંતોષનો લોકગીત કલાકાર મીરાબેન આહીરનો વાયરલ વીડિયોના પડઘા તપાસ સમિતિએ આકરી કાર્યવાહી કરી

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી વિભાગમાં દર્દી ને દાખલ કરી સારવાર કરવામાં વિલંબ થયા ના આક્ષેપ સાથે વિડિયો વાયરલ થવાની ઘટનામાં સિવિલ હોસ્પિટલ સત્તાવાળાઓએ તપાસ માટે કમિટીની રચના કરી આ બનાવની તટસ્થ તપાસ અને જો કોઈ કસૂરવાર સાબિત થશે તો તેની સામે આકરા પગલાં માટે તંત્રએ કવાયત હાથ ધરી એક વોર્ડ નર્સિંગ કર્મચારી ને કસૂરવાર ગણી ફરજ મુકતકરવામાં આવ્યા છે

સૌરાષ્ટ્રની ''લાઈફલાઈન'' રાજકોટ સરકારી હોસ્પિટલ માં ૨૪ કલાક સતત પણે દર્દીઓના ઈલાજ સારવારની નિરંતર કામગીરી ચાલી રહી છે, ત્યારે સિવિલમાં સારવાર માટે લાવવામાં આવેલા ઈમરજન્સી દર્દી ને દાખલ કરવામાં અને સારવાર આપવામાં વિલંબ થયા ના આક્ષેપ સાથે લોક સાહિત્યકાર મીરાબેન આહિરે વિડિયો વાયરલ કરીને હોસ્પિટલ તંત્ર સામે આકરા પગલા ભરવાની માંગ ઉઠાવી હતી



મીરાબેન આહિર એ સિવિલના તંત્રની કામગીરીને લઈને વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં પોસ્ટ કર્યો હતો ઈમરજન્સી વિભાગમાં કામ કરતા ડોકટર અને સ્ટાફએ ગેરવર્તન અને અભદ્ર ભાષાનો ઉપયોગ કરી દર્દીની સારવાર ને જરા પણ મહત્વ આપ્યું ન હતું ,તેમણે ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે જ્યારે દર્દીને દાખલ કરવા ગયા ત્યારે સિવિલ સ્ટાફ દ્વારા એવું કહેવામાં આવ્યું કે'' નથી દાખલ કરવો તારા થી જે થાય એ કરી લે ''બીજી તરફ અબતક દ્વારા હોસ્પિટલ સત્તાવાળાઓનો સંપર્ક કરી આ અંગે સિવિલ હોસ્પિટલના અધ્યક્ષ ડો, મોનાલી માકડીયા મેડમ નો સંપર્ક કરી વિગતો જાણી આ બનાવ અંગે તેમણે જણાવ્યું હતું કે આ બનાવ અંગે તટસ્થ તપાસ અને જો કોઈ કસૂરવાર સાબિત થશે તો તેની સામે આકરા પગલા માટે તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી આજે આ સમિતિના અહેવાલના પગલે બે સિક્યુરિટી અને એક નર્સિંગ સ્ટાફને બરતરફ કરી સમગ્ર સ્ટાફને દર્દી સાથે જરા પણ અયોગ્ય વર્તન ન કરવા કડકો સૂચના આપી છે.

હતી જેના ભાગરૂપે આજે સિવિલ અધ્યક્ષ ડો, મોનાલી માકડીયા દ્વારા તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી આજે તપાસ ના રિપોર્ટ ના પગલે બેસિક્યુરિટી કર્મચારી અને

---


**આર્યન ટ્રેડર્સ ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના માલ સામાન અંગે જાહેર નોટીસ**

આથી આયર્ન ટ્રેડર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, શ્રી કાન્તાસ્ત્રી વિકાસગૃહ ટ્રસ્ટની માલીકીની દુકાન કે જે વોડાફોન ટેલીનેટ, ઢેબર રોડ, શ્રી કાન્તાસ્ત્રી વિકાસગૃહ, રાજકોટ પાસે આવેલી છે તે તમોએ ભાડે રાખેલ જે દુકાન ખાલી કરવા માટે શ્રી કાન્તાસ્ત્રી વિકાસગૃહ ટ્રસ્ટે રાજકોટના મહે. સ્મોલ કોઝ જજ સાહેબની કોર્ટમાં રે.દી. કેસ નં.૨/૨૦૧૬ દાખલ કરેલ અને તેમાં દુકાન ખાલી કરી આપવા ચડત ભાડુ વસુલ મળવા માટેનું હુકમનામું કરી આપવામાં આવેલ. આ હુકમનામાના અમલ માટે શ્રી કાન્તાસ્ત્રી વિકાસગૃહ ટ્રસ્ટે રાજકોટના મહે. સ્મોલ કોઝ જજ સાહેબની કોર્ટમાં દિવાની દરખાસ્ત નં.૪/૨૦૧૮ દાખલ કરેલ અને તેમાં નામ. કોર્ટે કબજાનું વોરન્ટ કાઢી આપતા કોર્ટના બેલીફ શ્રીએ તા.૬-૭-૨૦૨૪ ના રોજ પંચોની હાજરીમાં દુકાનનો કબજો શ્રી કાન્તાસ્ત્રી વિકાસગૃહ ટ્રસ્ટને સોંપી આપેલ છે અને તેમાં જે સામાન પડેલ હતો તે સામાન કે જેની અંદાજીત કિંમત રૂા.૨૨,૬૨૫/- છે તે જામીનખત ઉપર શ્રી કાન્તાસ્ત્રી વિકાસગૃહ ને સોંપી આપેલ છે. આ સામાન ઘણાં સમયથી શ્રી કાન્તાસ્ત્રી વિકાસગૃહ ટ્રસ્ટના કબજામાં રહેલ છે અને તે સામાન તમો લેવા આવેલ નથી. હુકમનામા મુજબ તમારી ઉપર રૂા.૧૨,૦૫૧/- ભાડાની ચડત રકમ થયેલ છે જે પણ તમો ચુકવવા જવાબદાર છો. તમો ઉપરોકત સામાન લેવા આવતા નથી કે ચડત રકમ વસુલ આપતા નથી તેમજ દાવામાં જણાવેલ તમારા સરનામા સિવાય અન્ય કોઈ સરનામાની ટ્રસ્ટને જાણ નથી જેથી આ જાહેર નોટીસ આપીને તમોને જણાવવામાં આવે છે કે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૦ માં ચડત થયેલ ભાડાની રકમ વસુલ આપી ઉપરોકત સામાન શ્રી કાન્તાસ્ત્રી વિકાસગૃહ ટ્રસ્ટ પાસેથી સ્વીકારી લેશો જેમ કરવામાં કસુર થયે ટ્રસ્ટે કાયદા મુજબની કાનુની કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની નોંધ લેશો.

રાજકોટ, તા. ૦૧-૦૮-૨૦૨૫

**ટ્રસ્ટી,**
**શ્રી કાન્તાસ્ત્રી વિકાસગૃહ, રાજકોટ**



**નામ બદલાવેલ છે**

હું નીચે હસ્તાક્ષરિત **મંજુલાબેન પ્રવીણચંદ્ર અઢિયા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **મંજુલાબેન પ્રવીણચંદ્ર અઢિયા** માંથી બદલીને **મંજુલાબેન પ્રવીણચંદ્ર અઢિયા** કરવામાં આવ્યું છે.હવેથી મને **મંજુલાબેન કૌશિક અઢિયા** તરીકે ઓળખવામાં આવશે.

**સરનામું: મંજુલાબેન પ્રવિણચંદ્ર અઢિયા ઈશાવશ્યામ બીએલ નં.9 માધવ રેસીડેન્સી શેરી નં-1 150 ફીટ રીંગ રોડ રાજકોટ 360005 ગુજરાત**

**નામ બદલાવેલ છે**

હું નીચે હસ્તાક્ષરિત **કૌશિક પ્રવિણચંદ્ર અઢિયા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **કૌશિક પ્રવિણચંદ્ર અઢિયા** માંથી બદલીને **કૌશિક પ્રવિણચંદ્ર અઢિયા** કરવામાં આવ્યું છે.હવેથી હું **કૌશિક પ્રવિણચંદ્ર અઢિયા** તરીકે ઓળખાઈશ.

**સરનામું: કૌશિક પ્રવિણચંદ્ર અઢિયા ઈશાવશ્યામ બીએલ નં.9 માધવ રેસીડેન્સી શેરી નં-1 150 ફીટ રીંગ રોડ રાજકોટ 360005 ગુજરાત**

**નામ બદલાવેલ છે**

હું,નીચે સહી કરેલ **લલિતભાઈ વલ્લભભાઈ તળા**, આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **લલિતકુમાર વલ્લભદાસ તળા** થી બદલીને **લલિતભાઈ વલ્લભભાઈ તળા** કરવામાં આવ્યું છે.હું હવેથી **લલિતભાઈ વલ્લભભાઈ તળા.**

**સરનામું: લલિતભાઈ વલ્લભભાઈ તળા બ્લોક નંબર 28 તુલસી પાર્ક, આલાપ રોયલ પામ રોડ મવડી સરદાર ચોક, રાજકોટ ગુજરાત - 360004**

**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **મિત્તલ કૌશિક અઢિયા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **મિત્તલ કૌશિક અઢિયા** થી બદલીને **મિત્તલ કૌશિક અઢિયા** કરવામાં આવ્યું છે. હવેથી હું **મિત્તલ કૌશિક અઢિયા** તરીકે ઓળખાઈશ.

**સરનામું: મિત્તલ કૌશિક અઢિયા ઈશાવશ્યામ બીએલ નં.9 માધવ રેસીડેન્સી શેરી નં-1 150 ફીટ રીંગ રોડ રાજકોટ 360005 ગુજરાત**

**નામ બદલાવેલ છે**

હું નીચે હસ્તાક્ષરિત **પ્રવીણચંદ્ર હીરાલાલ અઢિઆ** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **પ્રવીણચંદ્ર હીરાલાલ અઢિયા** માંથી બદલીને **પ્રવીણચંદ્ર હીરાલાલ અઢિઆ** કરવામાં આવ્યું છે.હવેથી મને **પ્રવીણચંદ્ર હીરાલાલ અઢિઆ** તરીકે ઓળખવામાં આવશે.

**સરનામું: પ્રવીણચંદ્ર હીરાલાલ અઢિઆ ઈશાવશ્યામ બીએલ નં.9 માધવ રેસીડેન્સી શેરી નં-1 150 ફીટ રીંગ રોડ રાજકોટ 360005 ગુજરાત**



**જાહેર નોટીસ**

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી,કેશ નં.૨૪૮/૨૦૨૫ તા.૨૩/૦૭/૨૦૨૫

શ્રી ચેતનભાઈ ઉર્ફે કેતનભાઈ ખીમાભાઈ સોમૈયા
રહે. મેસપર, મો.નં.૬૩૫૨૯ ૬૩૫૪૨, તા.ગોંડલ ..........અરજદાર

**વિરૂધ્ધ**

રજિસ્ટારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ-મંત્રીશ્રી, ત્રાકુડા ગ્રામ પંચાયત કચેરી, તા.ગોંડલ
જી.રાજકોટ ..........સામાવાળા

**વિષયઃ-જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટિસ**

આ જાહેર નોટિસથી લાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતૃશ્રી શાંતાબેન ખીમાભાઈ સોમૈયાનું અવસાન તા.૧૦/૧૧/૧૯૮૫ના રોજ ત્રાકુડા મુકામે થતાં, તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના અવસાન રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહુ હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.. ૨૧/૦૮/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે, પ્રાંત કચેરી, ''તાલુકા સેવા સદન'', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / તમો સામાવાળા જે કોઈ આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે જાણશો.

આજ તા. ૨૩/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સીક્કો

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ગોંડલ**



ન.મજસ/કેસ નં.૬૯/૨૦૨૫
તા.૨૩/૦૭/૨૦૨૫

ખાખોડીયા સરવણભાઈ અશોકભાઈ ..........અરજદાર
રહે.વઢવાણ ઠે.શિવશક્તિ સોસા.કંકુપાર્ક, તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી ખારવા
તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષય :- જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે જાહેર નોટીસ**

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી ખાખોડીયા સરવણભાઈ અશોકભાઈના પુત્રીશ્રી સપનાબેન સરવણભાઈ ખાખોડીયાનો જન્મ તા.૦૪/૦૪/૨૦૧૪ના રોજ મોજે-ખારવા તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર જન્મ થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાકીય અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રે કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફતે લેખિતમાં વાંધો તેમજ પુરાવા સાથે હાજર રહેવુ. વધુમાં આ જાહેર નોટીસ બહોળી પ્રસિધ્ધી ધરાવતા ન્યુઝ પેપરમાં આપવાની રહેશે જે નોંધ લેવા સારૂ. અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તા.૨૩/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી કરી આ જાહેર નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વઢવાણ તાલુકા**



ન.મજસ/કેસ નં.૭૦/૨૦૨૫
તા.૨૩/૦૭/૨૦૨૫

ખાખોડીયા સરવણભાઈ અશોકભાઈ ..........અરજદાર
રહે.વઢવાણ ઠે.શિવશક્તિ સોસા.કંકુપાર્ક, તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી ખારવા
તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષય :- જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે જાહેર નોટીસ**

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી ખાખોડીયા સરવણભાઈ અશોકભાઈના પુત્રીશ્રી મહેંદીબેન સરવણભાઈ ખાખોડીયાનો જન્મ તા.૦૩/૦૨/૨૦૧૭ના રોજ મોજે-ખારવા તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર જન્મ થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાકીય અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રે કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફતે લેખિતમાં વાંધો તેમજ પુરાવા સાથે હાજર રહેવુ. વધુમાં આ જાહેર નોટીસ બહોળી પ્રસિધ્ધી ધરાવતા ન્યુઝ પેપરમાં આપવાની રહેશે જે નોંધ લેવા સારૂ. અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તા.૨૩/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી કરી આ જાહેર નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

કોર્ટનો સીક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વઢવાણ તાલુકા**



ન.મજસ/કેસ નં.૬૬/૨૦૨૫
તા.૨૩/૦૭/૨૦૨૫

ખાખોડીયા સરવણભાઈ અશોકભાઈ ..........અરજદાર
રહે.વઢવાણ ઠે.શિવશક્તિ સોસા.કંકુપાર્ક, તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી ખારવા
તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષયઃ- જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે જાહેર નોટીસ**

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી ખાખોડીયા સરવણભાઈ અશોકભાઈના પુત્રશ્રી ઓમભાઈ સરવણભાઈ ખાખોડીયાનો જન્મ તા.૦૯/૦૩/૨૦૦૮ના રોજ મોજે-ખારવા તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર જન્મ થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાકીય અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રે કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફતે લેખિતમાં વાંધો તેમજ પુરાવા સાથે હાજર રહેવુ. વધુમાં આ જાહેર નોટીસ બહોળી પ્રસિધ્ધી ધરાવતા ન્યુઝ પેપરમાં આપવાની રહેશે જે નોંધ લેવા સારૂ. અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તા.૨૩/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી કરી આ જાહેર નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

કોર્ટનો સીક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વઢવાણ તાલુકા**



ન.મજસ/કેસ નં.૬૭/૨૦૨૫
તા.૨૩/૦૭/૨૦૨૫

ખાખોડીયા સરવણભાઈ અશોકભાઈ ..........અરજદાર
રહે.વઢવાણ ઠે.શિવશક્તિ સોસા.કંકુપાર્ક, તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી ખારવા
તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષયઃ- જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે જાહેર નોટીસ**

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી ખાખોડીયા સરવણભાઈ અશોકભાઈના પુત્રીશ્રી પલકબેન સરવણભાઈ ખાખોડીયાનો જન્મ તા.૦૬/૦૪/૨૦૧૦ના રોજ મોજે-ખારવા તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર જન્મ થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાકીય અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રે કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફતે લેખિતમાં વાંધો તેમજ પુરાવા સાથે હાજર રહેવુ. વધુમાં આ જાહેર નોટીસ બહોળી પ્રસિધ્ધી ધરાવતા ન્યુઝ પેપરમાં આપવાની રહેશે જે નોંધ લેવા સારૂ. અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તા.૨૩/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી કરી આ જાહેર નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

કોર્ટનો સીક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વઢવાણ તાલુકા**



ન.મજસ/કેસ નં.૬૮/૨૦૨૫
તા.૨૩/૦૭/૨૦૨૫

ખાખોડીયા સરવણભાઈ અશોકભાઈ ..........અરજદાર
રહે.વઢવાણ ઠે.શિવશક્તિ સોસા.કંકુપાર્ક, તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી ખારવા
તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર ..........સામાવાળા

**વિષય :- જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે જાહેર નોટીસ**

**-: જાહેર નોટીસ :-**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી ખાખોડીયા સરવણભાઈ અશોકભાઈના પુત્રશ્રી નવઘણભાઈ સરવણભાઈ ખાખોડીયાનો જન્મ તા.૦૫/૦૭/૨૦૧૨ના રોજ મોજે-ખારવા તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર જન્મ થયેલ હોવાનું જણાવી રજુઆત કરેલ છે કે, તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાકીય અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રે કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફતે લેખિતમાં વાંધો તેમજ પુરાવા સાથે હાજર રહેવુ. વધુમાં આ જાહેર નોટીસ બહોળી પ્રસિધ્ધી ધરાવતા ન્યુઝ પેપરમાં આપવાની રહેશે જે નોંધ લેવા સારૂ. અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તા.૨૩/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી કરી આ જાહેર નોટીસ બહાર પાડવામાં આવેલ છે.

કોર્ટનો સીક્કો

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વઢવાણ તાલુકા**

તંત્રી લેખ

# ગ્રીન હાઈડ્રોજન: આત્મનિર્ભર ભારત તરફ મજબૂત કદમ

પ્રદુષણ નિયંત્રણ અને રિન્યૂએબલ એનર્જીની દિશામાં ગુજરાતે સિમાચિહ્ન હાંસલ કર્યું છે. કંડલામાં મેક ઈન ઈન્ડિયા મેગાવોટ સ્કેલ ગ્રીન હાઈડ્રોજન સુવિધા કાર્યરત કરનાર ભારતનું પ્રથમ બંદર બન્યું છે.આત્મ નિર્ભર ભારત તરફ ભારતનું આ મજબૂત કદમ મનાય રહ્યું છે.

૨૬ મે ૨૦૨૫ ના રોજ ભૂજની મુલાકાત દરમિયા પ્રધાનમંત્રીએ ૧૦ મેગાવોટના ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો હતો. અને માત્ર ચાર મહિનાના ટૂંકા ગાળામાં ૧૦ મેગાવોટ પ્રોજેક્ટના ભાગ રૂપે ૧ મેગાવોટ પ્લાન્ટના પ્રથમ મોડ્યુલનું અમલીકરણ થયું છે, આ પ્રોજેક્ટ દેશમાં ગ્રીન હાઈડ્રોજન ઉદ્યોગ માટે એક નવો માપદંડ સ્થાપિત કર્યા છે

ડીએપી મેક ઈન ઈન્ડિયા મેગાવોટ સ્કેલ ગ્રીન હાઈડ્રોજન સુવિધા કાર્યરત કરનાર ભારતનું પ્રથમ બંદર બન્યું છે, જે વાર્ષિક આશરે ૧૪૦ મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજન ઉત્પન્ન કરવા માટે સક્ષમ છે. આ સફળતા દરિયાઈ સ્તરે કાર્બનનું ઉત્સર્જન ઓછું કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે પર્યારિણને અનુકૂળ હોય તેવા પ્રકારની બંદરની કામગીરીમાં ભારતનું વૈશ્વિક નેતૃત્વ વધારે છે.

ભારતની પ્રથમ મેક ઈન ઈન્ડિયા સંપૂર્ણ ઈલેક્ટ્રિસિટીથી સંચાલિત ટગનો સમાવેશ થાય છે. ભારતીય ઈજનેરો દ્વારા સંપૂર્ણપણે બનાવવામાં આવેલ સંપૂર્ણ આત્મનિર્ભર અને ભવિષ્ય માટે તૈયાર હાઈડ્રોજન ઈકોસિસ્ટમના અમલીકરણ પ્રશંસાને પાત્ર છે. બંદરો માટે નવીન અને પર્યાવરણને અનુકૂળ હોય તેવા ઉપાયો અપનાવવા માટે પ્રેરણારૂપ છે.

ઈંધણ પર ભારણ ઘટાડવા માટે ભારત છેલ્લા ઘણા સમયથી પરંપરાગત ઉર્જા પર ભાર મૂકી રહ્યું છે.જેના પરિણામો હવે દેશને મળવા લાગ્યા છે.

# ક્ષત્રિય આગેવાન ઈન્દ્રવિજયસિંહ (ઈન્દુબા)નો આજે જન્મદિવસ



લાખણકા સ્ટેટ અને આપ ગુજરાતના જોઈન્ટ સેક્રેટરી ઈન્દ્રવિજયસિંહ (ઈન્દુભા) રાઓલનો આજે જન્મ દિવસ છે. તેમણે ૫૦ વર્ષ પુર્ણ કરી ૫૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. ઈન્દુભા જાહેર જીવનનું ખૂબ જાણીતું નામ છે અને એક ક્ષત્રીય આગેવાનની સાથો સાથ તેઓ ક્રિમિનલ બારના પૂર્વ પ્રમુખ, ડોગ શો, અશ્વ શો, એક્તા મિત્ર મંડળમાં પણ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. તેઓ સર્વસમાજ સમૂહલગ્ન ,રાંદલમાં ના લોટા ,ગરીબો ને અનાજ ની કીટ વિતરણ ,ગરીબ વિદ્યાર્થી માટે આર્થિક સહાય સહિત કર્યો કરી રહ્યા છે. આજે તેમના જન્મદિને ચારેકોર થી ઈન્દ્રવિજયસિંહ રાઓલના મો.નં. ૯૮૨૫૦૮૬૨૭૭ પર શુભેચ્છા વરસી રહી છે.

# જિલ્લા કોંગેસ સમિતિના પ્રમુખ હિતેશ વોરાનો જન્મદિવસ



રાજકોટ જિલ્લા કોંગેસ સમિતિ ના પ્રમુખ હિતેશ વોરા નો આજે જન્મદિવસ છે. તેઓ પોતાના જીવનના ૪૭ વર્ષ પૂર્ણ કરી અને ૪૮ માં વર્ષ માં મંગળ પ્રવેશ કર્યો છે. તેઓ રાજકીય માં ૨૦૧૪ થી ૨૦૧૬ સુધી વિધાનસભા -૭૧ ગ્રામ્ય ના ઈન્ચાર્જ તરીકે તેમજ ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી તેઓ એ રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે કામગીરી કરેલ હતી. અને ૨૦૨૫ માં તેઓ એ મોરબીના નિરીક્ષક તરીકે ફરજ બજાવેલ હતી તેમજ તેઓ અનેક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ માં ટ્રસ્ટી તરીકે ફરજ બજાવી રહ્યા છે ટ્રસ્ટી લેઉવા પાટીદાર સમાજ- દ્વારકા, લેઉવા પાટીદાર સમાજ - હરિદ્વાર, લેઉવા પાટીદાર સમાજ- નાથદ્વારા, લેઉવા પાટીદાર સમાજ- ચાંદલી અને ટ્રસ્ટી જે એમ વી વિધાલય - ચાંદલિ. આજે તેમના જન્મદિવસ નિમિતે મિત્ર વર્તુળ, સગા સબંધીઓ, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો વિગેરે મોં. ૯૯૨૪૮ ૨૭૨૭૬ પર જન્મદિવસ ની શુભેચ્છાઓ વરસી રહી છે.

# રણછોડદાસજી આશ્રમ દ્વારા રક્ષાબંધન નિમિતે મિઠાઈ તથા રાખડીઓનું રાહતદરે વિતરણ

**અબતક, રાજકોટ**

પ.પૂ. રણછોડદાસબાપુ આશ્રમ સદગુરુ સદન ટ્રસ્ટ રાજકોટ દ્વારા રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે શુધ્ધ અને પવિત્ર મિઠાઈ, ટોપરા પાકા, સાદા પેંડા, માવાના પેંડા, થાબડી પેંડા વિગેરે મીઠાઈઓનું વ્યાજબી ભાવે વિતરણ કરવામાં આવશે. ખાસ રક્ષાબંધનનાં પવિત્ર તહેવાર નિમિતે અવનવી વિવિધ રાખડીઓનું વ્યાજબી ભાવે વેચાણ કરવામાં આવશે. તો આ રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે અચુક લાભ લેવા અને મિઠાઈનો ઓડર આપવા માટે મો. નં. ૯૫૮૬૩ ૦૮૧૭૮ પર સંપર્ક કરવા જણાવ્યું હતું.

# બજરંગ મિત્ર મંડળ દ્વારા રવિવારે અનાજ કીટનું વિતરણ

**અબતક, રાજકોટ**

બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા આ રવિવારે તા. ૦૩/૦૮/૨૦૨૫ ના રોજ બપોરે ૩:૦૦ થી ૪:૦૦ વાગ્યા સુધી ટ્રસ્ટના કાર્યાલય, ૯ રઘુવીરપરા, ગરેડીયા કુવા પાસે, સાંગણવા ચોક, રાજકોટ ખાતે બજરંગ મિત્ર મંડળના ટ્રસ્ટના કાર્ડ હોલ્ડરો માટે વિનામૂલ્યે અનાજની કીટનુ વિતરણ કરવામાં આવશે જેનો લાભ લેવા બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે.

અનાજકીટની તમામ વસ્તુઓ દાતા ગૌભક્ત દિલીપભાઈ સોમૈયા, નરેન્દ્રભાઈ નથવાણી તથા નીકીતાબેન નથવાણી, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ પૃથ્વિસિંહજી જાડેજા, પુજારા ટેલીકોમ, રાજુભાઈ ગાંધી, મેહુલભાઈ કોટેચા, નરેન્દ્રભાઈ કેસરિયા, સ્વ: ગુણવંતરાઈ લક્ષ્મીચંદ મેહતા હસ્તે મેહતાભાઈ, ચિરાગભાઈ ધામેચા, રઘુવીર મેઘજી એન્ડ સન્સ, આર. એસ. બાવીસી પરિવાર, ચંદુભાઈ ગોળવાળા, મનીષભાઈ પટેલ, કમલભાઈ પોબારુ તથા મહાદેવ ટ્રસ્ટ તરફથી મળેલ છે. આ સાથેજ બપોરે ૦૪:૦૦ થી ૦૫:૦૦ વાગ્યા આયુર્વેદાચાર્ય ડો. કેતનભાઈ ભીમાણીના સહકારથી આયુર્વેદિક નિદાન સારવાર કેમ્પનું પણ આયોજન કરેલ છે જેમાં બાન લેબ તથા બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ તથા ચિરાગભાઈ ધામેચા તરફથી તમામને વિનામૂલ્યે દવા આપવામાં આવશે.

# જય વેલનાથ યુવા મંચ કાવડ યાત્રા સાથે મહાદેવને જળાભિષેક કરશે

## રવિવારે બેડી ચોકડીથી પ્રસ્થાન થશે, વિવિધ સમાજના આગેવાનો કાવડયાત્રાનું સ્વાગત કરશે



તસ્વીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

જય વેલનાથ યુવા મંચ ગુજરાત દ્વારા શ્રાવણ માસ નિમીતે તા.૩/૮/૨૦૨૫ રવિવારે પગપાળા થકી કાવડયાત્રાનું તેમજ શિવ જળાભિષેક, પૂજા, અર્ચના નું દિવ્ય આયોજન રાખેલ છે. આ કાવડયાત્રાનું પ્રસ્થાન સવારે ૮.૦૦ કલાકે જય વેલનાથ બેડી ચોકડીથી પ્રારંભ થશે અને આ કાવડયાત્રાની પૂર્ણાહુતી ઈશ્વરીયા મહાદેવ માધાપર ગામ ખાતે થશે.

વર્ષો જુની પરંપરા મુજબ આજેપણ શ્રાવણ માસના પાવન અવસરે શિવ ભકતો કાવડયાત્રા થકી જળ અભિષેક પૂજા, અર્ચના કરે છે. સૌરાષ્ટ્ર રાજકોટમાં કાવડયાત્રાની સૌ પ્રથમ શરૂઆત ગયા વર્ષે જય વેલનાથ યુવા મંચ દ્વારા કરવામાં આવેલ હતી. ગયા વર્ષે બહોળી સંખ્યામાં શિવ ભકતો જોડાયા હતા. આ ધાર્મિક કાર્યની ખુબજ સફળતા મળેલ હતી. આ વર્ષે પણ પગપાળા થકી દિવ્ય કાવડયાત્રા યોજાશે. આ કાવડયાત્રા ધાર્મિક વિધીની પરંપરા મુજબ સાધુ બ્રાહ્મણ હસ્તે પૂજા, અર્ચના, મહાઆરતી થશે. અને કાવડયાત્રામાં રાજકોટની આજુબાજુની અનેક પવિત્ર નદીઓનું પવિત્ર જળ એકત્ર કરીને આ કાવડયાત્રા નિકળશે. આ કાવડયાત્રામાં સનાતન હિંદુ ધર્મના સર્વે લોકો પગપાળા તથા તેમના અન્ય વાહનો લઈને જોડાઈ શકશે. કાવડયાત્રાનું દરમ્યાન વિવિધ સમાજના આગેવાનો સ્વાગત કરશે. સર્વે શિવ ભકતોમાટે ઠંડાપીણા તેમજ ફરાળની વ્યવસ્થા રાખેલ છે. સર્વે ધર્મપ્રેમી ભાઈઓ-બહેનો, વડીલો, યુવાનોને જોડાવા, અબતક સાથેની શુભેચ્છા મુલાકાત દરમિયાન દેવાંગભાઈ કુકાવા, દિપકભાઈ માનસુરીયા, સોમભાઈ ભાલીયા, ગણપતભાઈ ચૌહાણે કાવડયાત્રાની સંપૂર્ણ માહિતી આપી વિશેષ માહિતી માટે ૯૮૨૫૩ ૧૪૩૦૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# હરિદ્વાર, દેવધર અને અન્યત્ર અકાળે અવસાન પામેલા તરફ પૂ.મોરારિબાપુની સંવેદના અને સહાય



**અબતક, રાજકોટ**

બે દિવસ પહેલા હરિદ્વારમાં મંછાદેવી મંદિર તરફ જતા માર્ગમાં શ્રદ્ધાળુઓ ઉમટી પડયા હતા અને તે દરમિયાન મળતી માહિતી મુજબ ભાગદોડમાં ૮ લોકોનાં કરુણ મોત નિપજયા હતા. પૂજ્ય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રુપિયા ૧૫,૦૦૦ લેખે કુલ મળીને રુપિયા ૧,૨૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે તે ટ્રસ્ટ દ્વારા ઉતરાખડ મુખ્યમંત્રી રાહત ફંડ માં જમા કરાવવામાં આવશે.

ગઈકાલે ઝારખંડમાં દેવઘર ખાતે બિહાર તરફથી આવી રહેલી બસનો ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અને તે ઘટનામાં ૫ કાવડિયા શ્રદ્ધાળુઓ નાં મોત નિપજયા છે. આ કરુણ બનાવમાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી પૂજ્ય મોરારીબાપુએ રુપિયા ૧૫,૦૦૦ લેખે કુલ મળીને રુપિયા ૭૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. રામકથાના શ્રોતા દ્વારા આ વિતિય સેવા કરવામાં આવશે જે ઝારખંડ મુખ્યમંત્રી રાહત ફંડ માં જમા કરાવી દેવામાં આવશે.

ત્રીજી ઘટનામાં જામનગર જિલ્લામાં ધ્રોલ નજીક વાંકિયા ગામે તળાવમાં ડૂબી જતાં ત્રણ બાળકોનાં દુ:ખદ મોત નિપજયા હતા. પૂજ્ય મોરારીબાપુએ આ બાળકો પરતિ સંવેદના વ્યક્ત કરી તેમના પરિવારજનોને રુપિયા ૪૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે. સૌના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે.

# નર્મદા ડેમના દરવાજા ખોલીને સમુદ્રમાં વહી જતા જળને સૌરાષ્ટ્ર ખાલી ડેમો સુધી પહોંચાડવા માંગ

**અબતક, રાજકોટ**

હાલના ચોમાસાની વર્તમાન સ્થિતિમાં સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં અપૂરતો અને અનિયમિત વસ્સાદ નોંધાયો છે. જેના પરિણામે મોટાભાગના ચેકડેમ, તળાવો અને જળસંગ્રહ સ્થાનો હજુ પણ પૂર્ણપણે ભરાયા નથી, અને ઘણા તો ખાલીખમ પડ્યા છે, જે ખેડૂતો અને જનજીવન માટે ચિંતાનો વિષય છે.

આવી ગંભીર પરિસ્થિતિમાં, આજે રોજ, સરદાર સરોવર નર્મદા ડેમના ૫ (પાંચ) દરવાજા ખોલી નાખવામાં આવ્યા છે, અને પરિણામે પાણી સમુદ્ર તરફ વહી રહ્યું છે. આ દ્રશ્ય સૌરાષ્ટ્રના જળવંચિત વિસ્તારો માટે અત્યંત પીડાદાયક છે.

સમુદ્રમાં નિર્થક વહી જતા આ જીવંત જળને બચાવવું અત્યંત આવશ્યક છે. આ પાણીંનો સદુપયોગ કરી, ''સૌની યોજના' અંતર્ગત નર્મદા મુખ્ય કેનાલ અને સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે સૌરાષ્ટ્ર વિસ્તારની નદીઓ અને ડેમો સુધી તાત્કાલિક ધોરણે પહોંચાડવામાં આવે તો, સૌરાષ્ટ્રના ૮૦% થી વધુ ડેમો જે હજી ભરાયા નથી, તે ભરાઈ શકે છે. આનાથી સૌરાષ્ટ્રના લાખો ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી મળી રહેશે, ભૂગર્ભ જળ સ્ચિાર્જ થશે અને સમગ્ર વિસ્તારમાં જીવન કરી ધબકતું થશે.

નર્મદા ડેમમાંથી સમુદ્રમાં વહી જતા પાણીને અટકાવી, જનહિતાર્થે સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રમાં પાણી પહોંચાડવા માટે સત્વરે નિર્ણય લેવામાં આવે.

# તારાબેન દોશી ફાઉન્ડેશન દ્વારા સોમથી શુક્ર નિદાન અને સારવાર કેમ્પ

**અબતક, રાજકોટ**

જન સેવા એજ પ્રભુ સેવાના ઉદ્દેશ્ય સાથે તારાબેન કિશોરભાઈ દોશી ફાઉન્ડેશન દ્વારા લોકોને રાહતભાવે તબીબી તપાસની સુવિધા મળે તેવા હેતુ સાથે રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર ચેરીટેબલ ટ્રસ્ટ અને તારાબેન કિશોરભાઈ દોશી ફાઉન્ડેશનના સહયોગથી સંજીવની સાર્વજનિક કલીનીકનો વિદ્યાનગર મેઈન રોડ, રોટરી કલબ બીલ્ડીંગ, કોઠારી ડાયોગ્નાસીસ સેન્ટરની બાજુમાં રાષ્ટ્રીય શાળા કમ્પાઉન્ડ ખાતે પ્રારંભ કરવામાં આવેલ છે.

રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટર ચેરીટેબલ ટ્રસ્ટ તારાબેન કિશોરભાઈ દોશી ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે આયોજીત આ નિ:શુલ્ક કેમ્પમાં

તા. ૪-૮ થી ૮-૮ ને સોમ થી શુક્ર સવારે ૧૦.૩૦ થી ૧ એલોપથી,

તા. ૮-૮ થી ને શુક્રવારે સાંજે ૫.૩૦ થી ૭ એલોપથી

તા. ૪-૮ થી ૭-૮ને સોમ અને ગુરુ સાંજે ૩.૩૦ થી ૫.૩૦ હોમિયોપેથી

તા. ૫-૮ થી ૬-૮ ને મંગળ અને બુધ સાંજે ૩.૩૦ થી ૫.૩૦ આયુર્વેદિક નિષ્ણાંત સારવાર આપશે.

આ કેમ્પ દરમિયાન નિદાન તથા સારવાર અને ૧૦ દિવસની દવાઓ નિ:શુલ્ક આપવામાં આવશ. આ નિ:શુલ્ક કેમ્પ દર મહિનાના પ્રથમ અઠવાડીયા (રવિવાર સિવાય) દરમ્યાન નિયમીત રુપે આયોજન કરવામાં આવશે. આ સિવાયના દિવસોમાં પણ રાહત દરે સારવાર, નિદાન અને દવાઓ આપવામાં આવે છે. વધુ માહીતી માટે એડમિનિસ્ટ્રેટર મધુભાઈ શાહનો મો. નં. ૯૮૭૯૯ ૭૨૮૯૩ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# લોહાણા સમાજના પ્રશ્નોના નિરાકરણ માટે વેવિશાળ કેન્દ્ર કાર્યરત

**અબતક, રાજકોટ**

રાજકોટ બજરંગ ગ્રુપ ઓફ રાજકોટ સીટી લોહાણા સમાજના યુવક-યુવતિઓના વેવિશાળના પ્રશ્નોના નિરાકરણ માટે દર રવિવારે સાંજે ૫ થી ૭ રાધેશ્યામ કોમ્પ્લેક્સ ગ્રાઉન્ડ ફ્લોર, ગરેડીયા કુવા રોડ ખાતે લોહાણા સમાજ વેવિશાળ કેન્દ્ર કાર્યરત રહે છે.

દર મહિનાના દરેક રવિવારે ગ્રેજ્યુએટ, ઉચ્ચ શૈક્ષણીક લાયકાત ધરાવનાર મીઠી જીભ, કેન્સલ, પુન: લગ્ન સગાઈ વિચ્છેદ લગ્ન વિચ્છેદ વિધુર, વિધવા, ત્યકતા ધરાવતા યુવક યુવતિઓને એન્ટ્રી આપવામાં આવશે.

તેમ જ દર મહિનાના ચોથા રવિવારે ગ્રેજ્યુએટ, ઉચ્ચ શૈક્ષણીક લાયકાત ધરાવનાર નોન મેટ્રીકને પ્રવેશ આપવામાં આવશે.

વધુ વિગત માટે કિશોરભાઈ કારીયા મો. નં. ૯૪૨૮૨ ૫૪૦૦૮ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે. નામ રજીસ્ટ્રેશનની બહેનોની કમીટીમાં હર્ષાબેન કકકડ, મીનાબેન છાગાણી, નેરૂતિબેન કકકડ, અલ્કાબેન તથા ભાઈઓની કમીટીમાં સુનીલભાઈ મજીઠીયા, દિનેશભાઈ તન્ના, બટુકભાઈ રાચ્છ કાર્યરત છે.

# રેસકોર્સમાં ચિલ્ડ્રન પાર્ક અને એનર્જી પાર્કનું રિનોવેશન કરાશે

## ડેપ્યૂટી મ્યુનિસિપલ કમિશનર મનિષ ગુરવાણીએ વોર્ડ નં.૩માં વિવિધ વિસ્તારના બગીચા અને રેસકોર્ષ ગાર્ડનની મુલાકાત લઈ જરૂરી સૂચનાઓ આપી



**અબતક, રાજકોટ**

શહેરના રેસકોર્ષ સંકુલમાં આવેલા ચિલ્ડ્રન પાર્ક અને એનર્જી પાર્કને રિનોવેશન કરી અપગ્રેડ કરવાનું કામ હાથ પર લેવાની તાકીદ ડીએમસી મનિષ ગુરવાણીએ સંબંધિત વિભાગના અધિકારીઓને કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ડેપ્યુટી મ્યુનિસિપલ નાયબ કમિશનર મનીષ ગુરવાનીએ આજે વોર્ડ નં.૦૩માં વિવિધ વિસ્તારો અને રેસકોર્ષના ગાર્ડનની મુલાકાત કરી હતી. મુલાકાત દરમ્યાન નાયબ મ્યુનિસિપલ કમિશનરએ રેલનગરના વિવિધ ગાર્ડન અને રેસકોર્ષના મહિલા ગાર્ડનની માહિતી મેળવી સમીક્ષા કરી હતી.

રેલનગર રોડ, નાથદ્વારા સોસાયટી પાસે ડેવલપ કરાતા ગાર્ડનની મુલાકાત લઈ બાંધકામ શાખાને લગત કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી. હમીરસિંહજી ચોક પાસેનો ડેવલપ કરાતો ફીઝીકલ ફીટનેશ ઝોન તથા ચિલ્ડ્રન પાર્કમાં સાધનો કાર્યરત થાય તે મુજબ સુચના આપવામાં આવી હતી. આજુ બાજુ ની સફાઈ સો.વે.મે. વિભાગ સાથે લાયેઝન કરી સત્વરે કરવા સુચના આપવામાં આવી હતી.

વોર્ડ નંબર-૨, રેસકોર્ષ ખાતે ચિલ્ડ્રન પાર્ક તથા એનર્જી પાર્કને રીનોવેશન/અપગ્રેડ કરવા માટે આયોજન હાથ ધરવા સુચના આપવામાં આવી હતી. વોર્ડ નંબર-૩, પેવેલીયન પાસેના ગાર્ડનમાં ફાઉન્ટેન તથા ટોયલેટ બ્લોકની કામગીરી કરવા સુચના આપવામાં આવી હતી.

# મહિલા સશકિતકરણ માટે નિસ્વાર્થ સેવા ગ્રુપ દ્વારા રવિવારે આત્મનિર્ભરતાના કાર્યક્રમ



તસ્વીર: અમીત મકવાણા

## અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં નિસ્વાર્થ ગ્રુપની સ્થાપના કરાઈ ખાસ કરીને વિવિધ ક્ષેત્રમાં કાર્યરત બહેનોને સ્વનિર્ભર બનાવવા તથા સમાજમાં બહેનોનો ઉત્કર્ષ અને વિકાસ માટે વિવિધ પ્રોજેકટો હાથ ધરવામાં આવશે.

તા.૩-૮ રવિવારે સવારે ૧૦ થી રાત્રીના ૮ વાગ્યા સુધી નિસ્વાર્થ ગ્રુપ દ્વારા બહેનો માટે સ્વ. રોજગારી તથા આત્મનિર્ભરતા માટે ૫૦ થી ૬૦ સ્ટોલ રાખવામા આવેલ છે. જેમાં બહેનો દ્વારા સ્વ. રોજગારી માટેના વિવિધ પ્રોજેકટની માહિતી પ્રોડકટસની માહિતી આપવામાં આવશે. સાથે બહેનોના મનોરંજન માટે બપોર ૩ થી ૬ દરમ્યાન હાઉસીંગેઈન તથા અન્ય મનોરંજનના કાર્યક્રમો યોજાશે. અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં તા. ૩.૮ રવિવારે સવારે ૧૦ થી ૮ સુધી ફુડીઝ બડીઝ કેફે કિશાનપરા ચોક સીઆઈપી બેગ સ્ટોરની સામે બહેનો દ્વારા વિવિધ પ્રોડકટથી માટેની સ્ટોલ તથા પ્રદર્શન યોજાશે. જેનો જાહેર જનતાએ લાભ લેવા જણાવેલ છે.

# વોર્ડ નં.૧૩માં અત્યાધુનીક સુવિધાથી સજજ આંગણવાડીનું લોકાર્પણ

## ૨૨૦૦થી વધુ લોકોને લાભ મળશે



**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં.૧૩માં આ.ઈ.સી.ડી.એસ. વિભાગ(અર્બન)ના ઘટક નં.૩ની રૂ.૧૩ લાખના ખર્ચે નવનિર્મિત આંગણવાડી કેન્દ્ર(નંદઘર)ના બિલ્ડીંગનું લોકાર્પણ આજે ગોકુલધામ મેઈન રોડ, આંબેડકર કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, આંબેડકર નગર, ખાતે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતુ.

આ તકે શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, શિશુ કલ્યાણ ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિ ચેરમેન દિલિપભાઈ લુણાગરીયા, કોર્પોરેટર સુરેન્દ્રસિંહ વાળા, નીતિનભાઈ રામાણી, જયાબેન ડાંગર, સોનલબેન સેલારા, વોર્ડ સંગઠનના હોદેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આ આંગણવાડી કેન્દ્રમાં રૂમ, કિચન, ટોઈલેટ, સ્ટોર રૂમ, કમ્પાઉન્ડ વોલ, ફર્નિચર, વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે. આ આંગણવાડી કેન્દ્રનો આંબેડકર નગર વિસ્તારના ૨૨૦૦ જેટલી માનવ વસ્તીને સુવિધાનો લાભ મળશે.

# રહેવર સ્કુલમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ, વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ



**અબતક, રાજકોટ**

રહેવર સ્કુલ ખાતે બાલ મંદિરથી ધોરણ ૪ માટે રંગપુરણી હરિફાઈ તથા ધો. ૫ થી ૮ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું. બન્ને સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ આ સ્પર્ધામાં કવિ નર્મદ, પાણી બચાવો, પર્યાવરણ અને ભગવાન ભોળાનાથ તથા રાધાકૃષ્ણને યાદ કર્યા હતા.

આ પ્રસંગે વિજેતા થયેલા બાળકોને ઈનામનું વિતરણ સોનલબેન વાછાણી, મહેશભાઈ રાઠોડના હસ્તે કરાયું હતું. પ્રાસંગિક પ્રવચન સોનલબેન વાછાણી, રાજેશભાઈ ભાતેલીયાએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે નેહલબેન જરીયા, સંજનાબેન જરીયા, રુચિબેન કોરડીયા, પલ્લવીબેન જરીયા, વસંતબેન ભટ્ટ, ગૌરીબેન ડાંગર શ્રદધાબેન અમરેલીયા તથા ગીતાબેન કંડોલીયાએ જહેમત ઉઠાવી હતી.

# માઁ ફાઉન્ડેશન ટ્રસ્ટે વિધવાઓને નિ:શુલ્ક સોમનાથ મહાદેવની જાત્રા કરાવી

**અબતક, રાજકોટ**

માઁ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ચાલતી સેવામાં સતત ત્રીજા વર્ષે નિરાધાર વિધવા બહેનોને વિનામુલ્ય સોમનાથ મહાદેવના દર્શન કરાવા અર્થે શ્રાવણ માસના પ્રથમ સોમવારે બે બસ ભરીને બહેનોનો સોમનાથ તેમજ જુનાગઢનો બસ પ્રવાસ કરેલ છે. જેમાં તમામ બહેનોને નિ:શુલ્ક પ્રવાસ તેમજ બે ટાઈમ ફરાળ પણ આપેલ હતું. માઁ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી હતી. આ સાથે નાના આળકોને કપડાં વિતરણ તેમજ નાના બાળકોને નાસ્તો તેમજ કોઈ દાતાની ઈચ્છા મુજબ ગરીબ બાળકોને જમવાનું પણ આપવામાં આવ્યું હતું. જરૂરીયાત દર્દીઓને નિ:શુલ્ક સર્જીકલ સાધનો આપીને સેવાકીય પ્રવૃત્તિ માઁ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા કાર્યરત છે. જેમાં વ્હીલ ચેર, બેડ, પાન, ઘોડી વગેરે જેવા સાધનો જરૂરીયાતમંદો સુધી પહોંચાડીએ છીએ.

# સાંઢીયા પુલમાં કોંક્રીટની ગુણવત્તા ચકાસવા સેમ્પલ લેવાયા

## સ્લેબના પ્લેટ નીચેનો બેલ્ટ તૂટતા ગઈકાલે પુલનો થોડો ભાગ બેસી ગયો હતો, બ્રિજના નિર્માણ કામમાં કોઈ જ ક્ષતિ નથીઃ કોર્પોરેશનની સ્પષ્ટતા



**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર નિર્માણાધીન સાંઢીયા પુલના કામમાં ગઈકાલે પુલનો અમૂક ભાગ બેસી ગયો હતો. દરમિયાન આ સંદર્ભે કોર્પોરેશન દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે સ્લેબના પ્લેટની નીચેનો બેલ્ટ તૂટવાના કારણે થોડો ભાગ બેસી ગયો હતો. તાત્કાલીક અસરથી ચાર પ્લેટ કાઢી નવેસરથી સેન્ટ્રીંગની કામગીરી કરવામાં આવી હતી. દરમિયાન કોંક્રીટની ગુણવત્તા તપાસવા માટે વિજીલન્સ શાખા દ્વારા સેમ્પલ લેવામાં આવ્યા છે.

કોર્પોરેશન દ્વારા રૂ.૭૪.૩૨ કરોડનાં ખર્ચે જામનગર રોડ સ્થિત હયાત સાંઢિયા પુલને ડીસ્મેન્ટલ કરીને નવો ફોર લેન બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે.

ગઈકાલે માધાપર ચોકડી તરફનાં ડેક સ્લેબનાં કોંક્રીટ કામ દરમિયાન મેઈન સ્લેબ સિવાયનાં કેન્ટીલીવર પોર્શનમાં એક પ્લેટની નીચે બોલ્ટ તૂટી જવાથી પ્લેટ બેસી જવાનું ધ્યાને આવતાં તાત્કાલિક ધોરણે તેટલા ભાગમાંથી (૧.૨૦ મી. લંબાઈની ૧-પ્લેટ) ફેસ કોંક્રીટ દૂર કરીને લાઈન લેવલ માટે અન્ય ચાર - પ્લેટ કાઢીને તેટલા ભાગમાં રી-સેન્ટ્રીંગ કરવાની કામગીરી કરવામાં આવેલ અને કોંક્રીટ કામ પૂર્ણ કરવામાં આવેલ છે તથા મેઈન ડેક સ્લેબની ચકાસણી કરેલ છે. તથા તેમાં કોઈપણ જાતની ત્રુટી જણાયેલ નથી. આમ, આ ઘટનાથી ટેકનિકલી તથા ક્વોલીટી બાબતનો કોઈપણ જાતની ક્ષતિ ન હોય, બોલ્ટ તૂટવાનાં કારણે ફકત એક પ્લેટ બેસી જતાં તે પોર્શનમાં સુધારા સાથે સ્લેબ કાસ્ટીંગનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. વિશેષ તકેદારી હેતુથી કોંક્રીટ કામની ગુણવતા ચકાસણી માટે વિજીલન્સ શાખા (ટેક.) દ્વારા સેમ્પલ પણ લેવામાં આવેલ છે. વધુમાં હાલ સાંઢિયા પુલ અંદાજીત ૬૫% કામગીરી પૂર્ણ થઈ છે.

# ૧૦મી ઓગસ્ટે ગીરમાં ‘દિવાળી’

## ‘સિંહ દિવસ’ની ઉજવણી માત્ર સરકારી કાર્યક્રમના બદલે એક જન આંદોલન બની લોકોના હૃદય સુધી પહોંચે એ માટે ડીસીએફનું આહવાન

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**



ગીર પૂર્વ વન વિભાગ દ્વારા આગામી ૧૦ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ વિશ્વ સિંહ દિવસની ભવ્ય ઉજવણી માટે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. આ ઉજવણીને ‘‘ગીરની દિવાળી‘‘ તરીકે ઉજવવાનું આહ્વાન ગીર પૂર્વ વન વિભાગના નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ દ્વારા કરવામાં આવ્યું છે. સિંહ સંરક્ષણના મહત્વને લોકો સુધી પહોંચાડવા અને આ ભવ્ય પ્રાણી પ્રત્યે જાગૃતિ કેળવવા માટે આ એક મહત્વપૂર્ણ પહેલ છે.

આ ઉજવણીની તૈયારીના ભાગરૂપે ધારીના કેસરી સદન ખાતે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક વિકાસ યાદવના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં ગીર પૂર્વ વન વિભાગ, અમરેલી સામાજિક વનીકરણ વિભાગના અધિકારીઓ, અને જિલ્લાના શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ - ડી.ઈ.ઓ., ડી.પી.ઈ.ઓ., ટી.પી.ઈ.ઓ., બી.આર.સી. અને એસ.વી.એસ. કન્વીનરો હાજર રહ્યા હતા. આ ઉપરાંત, વિશ્વ સિંહ દિવસની ઉજવણી માટે ખાસ નિયુક્ત કરાયેલા જિલ્લા અને તાલુકા કોઓર્ડિનેટર્સ પણ આ બેઠકમાં જોડાયા હતા.

બેઠક દરમિયાન, ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કોઓર્ડિનેટર્સે ઉજવણીને વધુ ભવ્ય અને અસરકારક બનાવવા માટે પોતાના મૂલ્યવાન સૂચનો રજૂ કર્યા હતા. વન વિભાગ અને શિક્ષણ વિભાગના સંકલન (કોઓર્ડિનેશન) થી મોટા પાયે વિદ્યાર્થીઓ અને અન્ય લોકોને આ કાર્યક્રમમાં જોડવાની યોજના બનાવવામાં આવી છે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો હતો કે આ ઉજવણી માત્ર એક સરકારી કાર્યક્રમ બનીને ન રહે, પરંતુ એક જન આંદોલન બની લોકોના હૃદય સુધી પહોંચે.

આ પ્રસંગે ગીર પૂર્વ વન વિભાગના નાયબ વન સંરક્ષક વિકાસ યાદવે જણાવ્યું કે વન વિભાગના કર્મચારીઓ દિવસ-રાત સિંહના સંરક્ષણ માટે કાર્યરત રહે છે, અને તેઓ દરેક દિવસને સિંહ દિવસ તરીકે ઉજવે છે. તેમણે વિશ્વ સિંહ દિવસને ’ગીરની દિવાળી’ તરીકે ઓળખાવી, આ તહેવારની જેમ જ ભવ્ય રીતે ઉજવવાનું આહ્વાન કર્યું. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય આ ઉત્સવ દ્વારા સિંહ સંવર્ધનના મૂલ્યો અને સિંહના મહત્વને દરેક વ્યક્તિના મન સુધી પહોંચાડવાનો છે, જેથી લોકો સિંહના સંરક્ષણના કાર્યમાં સહભાગી બને.

# ‘એકિઝમ કોન્કલેવ’ માં કાલે ઈન્ડસ્ટ્રીયલ કમિશનર ઉદ્યોગકારોને માર્ગદર્શન આપશે

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને મ્યુનિ.કમિશ્નર તુષાર સુમારા સહિત હોદેદારો ઉપસ્થિત રહેશે

**અબતક, રાજકોટ**

રાજકોટ ઈન્જનીયરીંગ એસો. અખાતે એક્ષપોર્ટ માં પ્રોત્સાહન આપવા તેમજ સરકારની વિવિધ યોજનાની ઉદ્યોગમાં મદદ કરવા માટે એકિઝમ કોન્કલેવ ૨૦૨૫ નું રાજકોટ ખાતે કાર્યક્રમ યોજવાનો હોઈ જેમાં ઈન્ડટ્રીયલ કમિશ્નર સ્વરૂપ પી. મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે એને એકસપોર્ટ બાબતે વિવિધ માર્ગદર્શન આપશે.

અમદાવાદ મેનેજમેન્ટ એસો. અને રાજકોટ ઈન્જિનીયરીંગ દ્વારા એક્ષપોર્ટ અને ઉદ્યોગમાં પ્રોત્સાહન આપવા અને વિવિધ સરકારી યોજનાથી ઉદ્યોગ ક્ષેત્રે વિકાસ અને મદદ કરવા માટે કાલે તા ૨-૮ ના રોજકોટ ઈન્જીનીયરીંગ ખાતે મુખ્ય મહેમાન તરીકે ઈન્ડસ્ટ્રીઝ કમિશ્નર સ્વરૂપ પી. હાજર રહેશે. જેમાં એક્ષપોર્ટની લગતી ટેકસટાઈલ્સ, એગ્રો ઈન્જીનીયરીંગ, ગુડસ, એગ્રીકલ્ચર, જેવી બાબતે સરકારની વિવિધ યોજનાનો લાભ ઈન્ડસ્ટ્રીયલ ઉદ્યોગ મળવા માટે જરુરી માર્ગદર્શન આપશે જેમાં રાજકોટ ઈન્જીયરીંગ એશો. પ્રમુખ નરેન્દ્રકુમાર પાચાણી સ્વાગત કરશે. તેમ જ આમંત્રીત મહેમાન તરીકે રાજકોટ શાપર ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખ અને રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને રાજકોટના કમિશનર તુષાર સુમેરા હાજર રહેશે.

સવારે ૧૧ કલાકની આ કાર્યક્રમમાં ધીરુભાઈ પટેલ મેનેજીંગ ડાયરેટર ડિ.એન. કાસ્ટીંગ, પાર્થ ગણાત્રા, વાઈસ પ્રેસિડેન્ટ જોન્સન્સ એક્ષપોર્ટ અને જયેશ કોટેચા રાજકોટ મેનેજમેન્ટ એસો. તેમજ અન્ય મહાનુભાવો સાથે એક્ષપોર્ટ બાબતે ચર્ચા કરશે.

આ તકે વિરલ ભટ્ટ જોઈન્ટ ડાયરેકટ ટ્રેડ પ્રમોશન કાઉન્સીલ ઓફ ઈન્ડીયા હાજર રહેશે.

બપોરે ૨ થી ૩.૩૦ સુધી જીલ્લા ઉદ્યોગના જનરલ મેનેજર લાડાણી અને ડે. જનરલ મેનેજર એક્ષપોર્ટ ઈન્ચાર્જ બેક ઓફ બરોડા સાથે વિવિધ ચર્ચા કરશે.

૩.૪૫ થી ૪.૩૦ સુધી ડો. ભુમી રાજયગુરુ જોઈન્ટ ડાયરેકટર કર્વાલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા સાથે વિવિધ યોજનાની માહીતી આપશે.

એક્ષપોર્ટ બાબતે વિવિધ હોદેદારો સાથે સરકાર વિવિધ યોજનાની એક્ષપોર્ટ અને ઉદ્યોગોમાં પ્રોત્સાહન આપવા વિવિધ માહીતી આપશે તેવું યાદીમાં જણાવ્યું હતું.

# જૂનાગઢનું ભવનાથ મંદિર પણ વહીવટદારના હવાલેઃ કાયમી મહંતની નિમણુંક અધ્ધરતાલ

## મહંત પદ માટે ઉઠેલા ભારે વિવાદ બાદ, તંત્રએ વચલો રસ્તો કાઢી વહીવટદાર નીમી દીધાઃ ગિરનારના અંબાજી મંદિર, દત્તાત્રેય અને ભીડભંજન મંદિર બાદ ભવનાથ મંદિરમાં પણ વહીવટદાર

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**





જુનાગઢના ભવનાથ મંદિરના મહંતની ગઈકાલે મુદત પૂરી થઈ છે. ત્યારે મહંતની નિમણૂકને લઈને ઉઠેલા વિવાદ બાદ તંત્ર દ્વારા કોઈપણની મહંત પદે નિમણૂક કરવાનું હાલના સંજોગોમાં ટાળી, વહીવટદાર તરીકે પ્રાંત અધિકારીને મૂકવામાં આવ્યા છે અને પ્રાંત અધિકારી મંદિરનો ચાર્જ સંભાળતાની સાથે જ આજથી ભવનાથ મંદિર સરકારી વહીવટદાર હસ્તક થયું છે. તે ઉપરાંત ભવનાથ મંદિર નીચે આવતો મુસ્કુન્દ ગુફા એટલે કે મુચકુંદ મહાદેવ મંદિર, પ્રેમવતી અતિથિ ગૃહ સહિતની તમામ મિલકતો અને મંદિરો પણ વહીવટી તંત્ર દ્વારા સંભાળી લેવામાં આવ્યા છે

જુનાગઢ ભવનાથ મંદિરના મહંતની ગઈકાલે તા. ૩૧ ના રોજ મુદત પૂર્ણ થઈ હતી. અને આ મહંતપદ માટે હાલના મહંત હરિગીરી બાપુ તથા અન્ય સંતો, મહંતો દ્વારા અરજી કરવામાં આવેલી હતી. જેમાં અમુક સંતો એ ગુરુ શિષ્ય પરંપરા મુજબ મહંત મુકવાની માંગ કરી છે. અને બે સંતોએ આત્મવિલોપનની ચીમકી પણ આપી દીધી હતી. ત્યારે ભવનાથના મહંતની નિમણૂક કલેકરને કરવાની હોય છે. પરંતુ જુનાગઢ જિલ્લા કલેકટર અનિલ રાણાવસિયા અગાઉ મહંત પદ બાબતે બે તત્કાલીન કલેકટર સામે આક્ષેપો થયા છે, ત્યારે તેઓ આ વિવાદથી દૂર રહેવા માંગતા હોય કે કોઈ અન્ય કારણો હોય જેને લઈને મહંતની નિમણૂક કર્યા વગર, જુનાગઢ મનપાના કમિશનરને ચાર્જ શોપીને ૨૦ દિવસની રજા ઉપર ઉતરી જતા, મંદિરના કાયમી મહંતની નિમણૂકના વિવાદ હજુ આધારતાલ લટકતો રહેવા પામ્યો છે. અને હાલમાં પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ એ મંદિરનો ચાર્જ સંભાળી લીધો છે.

આજથી બે વર્ષ પૂર્વે ભવનાથના મહંત પદે તત્કાલીન કલેકટરે અગાઉના મંદિરના મહંત હરિગીરી બાપુની નિમણૂકની અવધિમાં વધારો કરી, હરિગીરી બાપુને મહંત તરીકે યથાવત રાખ્યા હતા, જો કે, થોડા મહિના અગાઉ જુનાગઢ ભૂતનાથ મંદિરના મહંત મહેશગીરી બાપુ એ ભવનાથ મંદિરના મહંત હરીગીરી બાપુ સામે ગંભીરા આક્ષેપો કર્યા હતા. તથા ભવનાથના મહંતે ભાજપના નેતાઓ અને મંત્રીઓને રૂપિયા આપ્યા હોવાના આક્ષેપો કર્યા હતા. ત્યારબાદ ભવનાથના મંદિરના મહંત સામે એક પછી એક અનેક આક્ષેપો ઉઠવા પામ્યા હતા. અને મહંત હરીગીરીને ભવનાથ મંદિરના મહંત પદ ઉપરથી ઉતારવાની માંગ પણ કરવામાં આવી હતી. જો કે, તેમની મુદત આજે ૩૧ જુલાઈના રોજ પૂર્ણ થઈ છે. પરંતુ જિલ્લા કલેકટર દ્વારા કોઈ કાયમી મહંતની નિમણૂક કરવામાં આવી નથી અને હાલમાં આ મંદિરનો વહીવટ પ્રાંત અધિકારીને સોંપવામાં આવ્યો છે.

જો કે, ભવનાથ મંદિરની દાનપેટીમાં રહેલી રકમની વહીવટી તંત્ર દ્વારા મહંત હરિગીરી બાપુની હાજરીમાં બે દિવસ અગાઉ ગણતરી થઈ ગઈ હતી, ત્યારે વહીવટી તંત્ર પણ હાલના હરીગીરી મહારાજને કદાચ મહંતપદ ઉપરથી હટાવે તેવું મનાઈ રહ્યું હતું. અને મંદિરના મહંત માટે ઉઠેલા ભારે વિવાદના કારણે ગિરનાર ઉપરના અંબાજી મંદિર દત્ત શિખર ની જેમ જૂનાગઢના ભવનાથ મંદિરમાં પણ વહીવટદાર નીમાય તેવું મનાઈ રહ્યું હતું. જે મુજબ જુનાગઢ ભવનાથ મંદિરના મહંત તરીકે કોઈ સંતની નિમણૂક કરવામાં આવી નથી અને ગઈકાલે ભવનાથના મહંત હરિગીરી ને તંત્ર દ્વારા નોટિસ પાઠવવામાં આવી હતી અને ત્યારબાદ આજે જુનાગઢ પ્રાંત અધિકારી એ મંદિરનો વહીવટ સંભાળી લીધો છે.

### અંબાજી મંદિર, દત્તાત્રેય મંદિર, બાદ ભવનાથ મંદિર પણ વહીવટદારના હવાલે

આ અગાઉ ગિરનાર ઉપર બિરાજતા માં અંબાજીના મંદિર સહિત અન્ય મંદિરના મહંત માટે પણ વિવાદ ઉઠવા પામ્યો હતો. ત્યારે જિલ્લા તંત્ર દ્વારા અંબાજી મંદિર, ગિરનાર પરના દત્ત મંદિર અને શહેરના ભીડભંજન મહાદેવ મંદિરમાં વહીવટદાર નીમી દેવામાં આવ્યા હતા અને ભવનાથ મહાદેવ મંદિરના મહંત પદ માટે પણ હાલના મહંત હરીગીરી સહિતના અનેક સંતો મહંતોએ અરજી કરી હતી. જેમાં બે સંતોએ ગુરુ શિષ્ય પરંપરા મુજબ નિમણૂક થવી જોઈએ. તેવી માંગ સાથે આત્મવિલોપનની ચીમકી પણ ઉચ્ચારી હતી. ત્યારે તંત્ર દ્વારા કોઈ સંતની મહંત તરીકે નિમણૂક કરવાને બદલે ભવનાથ મંદિરમાં પણ વહીવટદારની હાલના સમયે નિમણૂક કરવામાં આવી છે. અને બાદમાં કાયમી મહંત તરીકે કોઈ સંતની નિમણૂક કરવામાં આવશે તેવું મનાઈ રહ્યું છે.

### તંત્રના નિર્ણયને હું આવકારું છું : હરિહર બાપુ

તંત્રના નિર્ણય બાદ મહંત હરિગીરી બાપુએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આજે ૩૧ તારીખે મંદિરના મહંત પદની અવધિ પૂર્ણ થઈ રહી છે ત્યારે આજે સવારે મામલતદાર સહિતના વહીવટી તંત્રના અધિકારીઓ આવ્યા હતા અને કલેક્ટર તથા તંત્ર દ્વારા જે કંઈ નિર્ણય લેવામાં આવેલ છે તેને હૃદય પૂર્વક હું આવકારું છું. અને પાલન કરું છું.

### ભવનાથ મંદિર હેઠળ આવતા તમામ મંદિરો અને મિલકતો વહીવટદાર દ્વારા સંભાળી લેવામાં આવી

મંદિરના નિમાયેલા વહીવટદાર અને જૂનાગઢના ડે. કલેક્ટર ચરણસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આજથી ભવનાથ મંદિર તથા તેની નીચે આવતી તમામ મિલકતો અને મંદિરો વહીવટદાર દ્વારા સંભાળી લેવામાં આવ્યા છે, જેમાં ભવનાથ મંદિર, પ્રેમગીરી અતિથિ ભવન અને મૂચકુંદ મહાદેવ મંદિર સહિતની મિલકતો અને મંદિરોનો સમાવેશ થાય છે. આ સાથે ડેપ્યુટી કલેક્ટર ગોહિલે વધુમાં જણાવ્યું હતું કે, સરકાર, મુખ્યમંત્રી સહિતનાઓ દ્વારા કલેક્ટરને મળેલી સૂચના મુજબ, મંદિરમાં સ્વચ્છતા સહિતના મંદિરના વિકાસના કામો, શિવરાત્રીના મેળો સહિતના આયોજનો જ્યાં સુધી કાયમી મહંત નહીં નિમાય ત્યાં સુધી વહીવટદાર હસ્તક રહેશે અને યાત્રાળુ, શ્રદ્ધાળુ અને ભક્તો માટે સૂચારું વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક વપરાતા ૮૧ વેપારીઓ દંડાયાઃ રૂ.૨૦૧૫૦નો દંડ વસૂલાયો

**અબતક રાજકોટ**




રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા બે દિવસમાં ત્રણેય ઝોનમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા આસામી સામે દંડની કાર્યવાહી હાથ ધરવામા આવી હતી. ૮૧ આસામીઓ પાસેથી રૂ ૨૦૧૫૦ નો વહીવટી ચાર્જ વસુલ કરાયો હતો.

ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૮૧ આસામીઓ પાસેથી રૂ ૨૦૧૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

# દ્વારકા મંદિરે ઠાકોરજીના કુંડલા ભોગ મનોરથના દર્શન કરતા ભાવિકો

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



યાત્રાધામ દ્વારકામાં આજરોજ દ્વારકાધીશ જગતમંદિરમાં સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે દ્વારકાધીશના પરમભક્ત પરિવાર દ્વારા વારાદાર પુજારી પરિવારના સહયોગથી ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ દર્શન યોજાયા હતા. ગુરૂવારના કેસરી વાઘા તેમજ રત્નાલંકાર તથા દેદિપ્યમાન શૃંગાર સાથેના દિવ્ય દર્શનનો ઉપસ્થિત હજારો ભાવિકોએ પ્રત્યક્ષ રીતે તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભક્તો આ દિવ્ય દર્શન નિહાળી ભાવવિભોર બન્યા હતા.

# ત્રણેય નવા ટાઉન પ્લાનરને ઝોનની ફાળવણી કરી દેવાય

## ભાર્ગવ બરવાડીયાને વેસ્ટ ઝોન, અભી પટેલને ઈસ્ટ ઝોન અને હેતલબેન સોરઠીયાને સેન્ટ્રલ ઝોનમાં મૂકાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકાની ટાઉન પ્લાનિંગ શાખામાં તાજેતરમાં ત્રણ નવા ટાઉન પ્લાનર ઓફિસરની ભરતી કરવામાં આવી છે.

બોર્ડમાં ઓફિસર્સ સિલેકશન કમિટી દ્વારા કરવામાં આવેલી ભરતીને બહાલી આપતાની સાથે જ મ્યુનિ.કમિશનર તુષાર સુમેરાએ ત્રણેય નવા ટાઉન પ્લાનરને ઝોનની ફાળવણી કરી દીધી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ટાઉન પ્લાનરની જગ્યા ભરવા માટે ગત માર્ચ માસમાં પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણ જગ્યા માટે ૫૫ ઉમેદવારોએ અરજી કરી હતી.

ડોક્યુમેન્ટ વેરિફિકેશનમાં માત્ર ૯ ઉમેદવારો લાયકાત અને અનુભવ ધરાવતા હોય તેઓને મૌખિક ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યા હતા. ઓફિસર્સ ઈલેકશન કમિટી દ્વારા ભાર્ગવ બરવાડીયા, અભી પટેલ અને મહિલા માટે અનામત એવી એક જગ્યા પર હેતલ સોરઠીયાની પસંદગી કરવામાં આવી હતી.

જેને જનરલ બોર્ડમાં મંજૂરી આપવામાં આવી હતી. સરકાર દ્વારા ભરતીને બહાલી આપવામાં આવશે. તેવી અપેક્ષા સાથે ત્રણેય ટાઉન પ્લાનરને ૬ માસ માટે અજમાયસી ધોરણે હંગામી નિમણુંક આપવામાં આવી છે.

જેમાં ભાર્ગવ વલ્લભભાઈ બરવાડીયાને વેસ્ટ ઝોન કચેરીના ટાઉન પ્લાનર, અભી રાજેશભાઈ પટેલને ઈસ્ટ ઝોન કચેરીના ટાઉન પ્લાનર અને હેતલબેન માવજીભાઈ સોરઠીયાને સેન્ટ્રલ ઝોન કચેરીના ટાઉન પ્લાનર બનાવવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ સૌથી વધુ ટાઉન પ્લાનિંગ શાખાની કામગીરી ડિસ્ટર્બ થઈ છે. જેના કારણે શહેરમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર પર ખૂબ મોટી અસર થવા પામી છે. હવે ત્રણેય ઝોન કચેરીમાં ટાઉન પ્લાનરની ભરતી કરી દેવામાં આવતા બિલ્ડીંગ પ્લાન મંજૂર કરવા અને બિલ્ડીંગ વપરાશની પરવાનગીની કામગીરી ફરી ધમધમતી થઈ જશે.

# હિંમતનગર ચિતોડગઢ-અસારવા ટ્રેનમાં બિનવારસી બેગમાંથી ૯.૮૨૦ કિ.ગ્રા પોષડોડાનો મળ્યા

## રેલવે પોલીસ દ્વારા નિયમિત ચેકિંગ અને જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે જ આ બિનવારસી બેગ શોધી કાઢવામાં સફળતા મળી

**અબતક, સંજય દિક્ષીત, સાંબરકાંઠા**

સાબરકાંઠાના હિંમતનગર રેલવે સ્ટેશન પર ચિતોડગઢ-અસારવા મેમુ ટ્રેનમાં રેલવે પોલીસને એક બિનવારસી બેગમાંથી ૯.૮૨૦ કિલોગ્રામ પોષડોડાનો ભૂકો મળી આવ્યો હતો પોલીસે આ મુદ્દામાલ કબજે લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે. આ અંગે મળતી માહિતી મુજબ હિંમતનગર રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર-૧ પર તારીખ ૩૦ જુલાઈ ૨૦૨૫ બુધવારના રોજ સાંજના સમયે ચિતોડગઢથી અસારવા આવતી મેમુ ટ્રેનના જનરલ કોચમાં સીટ નીચેથી એક આસમાની કલરની ટ્રોલીબેગ મળી હતી પોલીસે આજુબાજુમાં પૂછપરછ કરી પરંતુ બેગનો કોઈ માલિક સામે આવ્યો નહીં ત્યારબાદ પોલીસે આ બિનવારસી ટ્રોલીબેગ કબજે લીધી અને તેને ખોલતાં અંદર બે પારદર્શક પ્લાસ્ટિકની થેલીઓમાં પોષડોડાનો ભૂકો મળી આવ્યો હતો આ ભૂકાનું વજન કરતાં ૯ કિલો ૮૨૦ ગ્રામ થયું હતું જપ્ત કરાયેલા પોષડોડાના ભૂકાની કિંમત રૂ.૫૮,૯૨૦ આંકવામાં આવી છે જ્યારે હિંમતનગર રેલવે આઉટ પોસ્ટ પોલીસ ચોકીના હેડ કોન્સ્ટેબલ વિજય દેસાઈની ફરિયાદના આધારે અમદાવાદ રેલવે પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરુદ્ધ એન.ડી.પી.એસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# યુવતીને લગ્ન કરવા માટે બ્લેકમેઈલ કરતા યુવકને કાયદાકીય પાઠ ભણાવતી અભયમ ટીમ

## હેલ્પલાઈન પર યુવતીએ ફોન કરી જણાવ્યું કે, પ્રેમ સંબંધ હોવાથી યુવકે મોબાઈલ ફોન લઈ લીધો અને લગ્ન કરવાની જીદ કરી

**અબતક રાજકોટ**

સમગ્ર રાજ્યમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા મહિલાઓને તત્કાળ સહાય પહોંચાડવામાં આવે છે. રાજકોટ ખાતે હેલ્પલાઈન પર એક યુવતીએ ફોન કરી જણાવ્યું હતું કે, તે જે યુવક સાથે પ્રેમ સંબંધમાં હતી તે યુવકે તેમનો મોબાઈલ ફોન લઈ લીધો હતો અને યુવતી સાથે લગ્ન કરવાની જીદ કરી હતી. જેનાં પગલે ૧૮૧ મહિલા હેલ્પલાઈનના કાઉન્સેલર સુમિતાબેન પરમાર, કોન્સ્ટેબલ શિલ્પાબેન તથા પાયલોટ દર્શિત ભાઈ તાત્કાલિક યુવતીની મદદ માટે રવાના થયા હતા. ટીમે સ્થળ પર પહોંચી યુવતીનું કાઉન્સિલિંગ કરતા યુવતીએ જણાવ્યું હતું તે એક યુવકના સંપર્કમાં અંદાજિત છ વર્ષ પહેલાં આવી હતી .જેમાં બંનેને એકબીજા સાથે પ્રેમ થતાં યુવતી અને યુવક બંનેએ લગ્ન કરવાનો નિર્ણય કર્યો હતો. યુવતીએ કહ્યું હતું કે, અંદાજિત છેલ્લા બે વર્ષથી યુવકના વર્તનમાં ફેરફાર થયો હતો. યુવક યુવતી પર અવાર નવાર શંકા કરતો હોય જેથી યુવતીએ યુવક સાથે લગ્ન કરવાની ના કહી હતી. આમ છતાં પણ યુવક યુવતીને લગ્ન કરવાનું દબાણ કરતો તેમજ યુવતીના માતા પિતાને તેમના બંનેના ફોટો મોકલી આપવાની ધમકી આપી યુવતીનો મોબાઈલ છીનવી લીધો હતો. યુવતીએ આ બાબતે અભયમ ટીમની મદદ માંગી હતી.જેમાં ૧૮૧ ટીમે સ્થળ પર પહોંચી યુવક તથા માતા-પિતાનું કાઉન્સેલિંગ કરી યુવકને કડક શબ્દોમાં કાયદાકીય સમજણ આપી હતી. તેથી યુવકે યુવતીનો મોબાઈલ પરત આપી દીધો હતો અને બાહેંધરી આપી હતી કે તે આજ પછીથી તેણી સાથે કોઈપણ પ્રકારનો સંપર્ક રાખશે નહીં. અભયમ ટીમે યુવકના મોબાઈલમાંથી યુવતીના ફોટોઝ ડિલીટ કરાવ્યા હતા. મોબાઈલ પરત મેળવી આપી અને યુવક તરફથી કોઈ હેરાનગતિ નહીં થાય તેવી બાંહેધારી મળતા યુવતી તથા તેમના સંબંધીએ હાલ આગળ કાર્યવાહી કરવાનું ટાળ્યું હતું અને ૧૮૧ ટીમનો આભાર માન્યો હતો.

# લોઠડામાં ક્રેનના પાછલા વ્હીલમાં આવી જતા મજુરનું મોત

## મૂળ યુપીનો ૧૯ વર્ષ યુવાન જમવા જવા નીકળતો હતો ત્યારે અકસ્માત સર્જાયો

**અબતક રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા લોઠડા ગામે આવેલ ફેક્ટરીમાં મજૂર કરતો મૂળ યુપીના હાઈડ્રોલિક ક્રેન ના પાછલા વીલ માં આવી જતા ગંભીર ઈજા થવાથી મોત થયું હતું જાણવા મળ્યા મુજબ મૂળ ઉત્તર પ્રદેશ રોહીત ઈન્દ્રજીત વર્મા ૧૯ નામનો યુવાન લોઠડા ગામે આવેલી મહાદેવ કાસ્ટ નામની કંપનીમાં નોકરી કરતો હોય બપોરે જમવા જવા માટે જતો હતો ત્યારે હાઈડ્રોલિક ક્રેનના ચાલક કે ક્રેન પાછળ લેતા રોહિત પાછલા વીલમાં આવી જતા ગંભીર ઈજા થતા ખાનગી હોસ્પિટલમાં હિરેનભાઈ કશેડીયો હતો પરંતુ અહીં મૂડી રાત્રે મોત થતા આજીડેમ પોલીસ કાર્યવાહી કરી હતી મૃતપામના રોહિત બે ભાઈ માં નાનો હતો અને કુવારો હતો એક મહિનાથી તે અહીં નોકરી કરવા આવ્યો હતો અને રૂમ ભાડે રાખીને રહેતો હતો બનાવની પરિવારોને શોખ છવાઈ ગયો

# રફાળેશ્વરના શ્રમિક યુવકનું આબુ રોડ પર અકસ્માતે મોત

## પત્ની રીસામણે ગયા બાદ એકલા રહેતા યુવાનના આકસ્મિક મોતથી પરિવાર અજાણ

**અબતક રાજકોટ**

મોરબી તાલુકાના રફાળેશ્વર ના વતની અને હાલ લાલપુર માં રહેતા કડિયા કામના કારીગર યુવાન નું આબુ રોડ પર અકસ્માતે ઈજાથયેલ હાલતમાં સારવાર દરમિયાન મોત નીપજ્યા ની ઘટના અંગે પરિવારજનો ને કોઈ જાણકારી ન હોય પોલીસે આબુ પોલીસનો સંપર્ક કરી બનાવની ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ રફાળેશ્વર ગામના અશોકભાઈ દલાભાઈ રાઠોડ ૩૬ તા,૨૫ ના રોજ આબુરોડ પર શિરોહી નજીક મોટરસાયકલ લઈને જતી વખતે અકસ્માત થતાં ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં ૨૬ ના રોજ અર્ધ બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું.અકસ્માત નો ભોગ બનેલ અશોકભાઈ દલાભાઈ રાઠોડ ૩૬ નું બેભાન હાલતમાં જ મોત નીપજતા તે કોની સાથે ફરવા ગયો હતો ?અને કેવી રીતે અકસ્માત થયું ?તે અંગે પરિવારજનોને કોઈ જાણકારી ન હોવાથી રાજકોટ પોલીસે આબુ પોલીસનો સંપર્ક કરી આ બનાવનું ક્રોસ વેરીફીકેશન કરવાની પ્રક્રિયા હાથ ધરીછે

અશોકભાઈ દલાભાઈ રાઠોડ ના પત્ની રિસામણેહોય અને સંતાનમાં એક દીકરો અને એક છે અને હાલ લાલપર ફ્લેટમાં એકલો રહેતો ને લાદી ટાઈલ્સનું કામ કરતો હતો,પ્રાથમિક તપાસમાં તેમિત્રો સાથે આબુ ફરવા ગયો હતો.બનાવ ખરેખર શું બન્યો હતો એ કોઈને ખબર નથી.ક્યાં મિત્રો સાથે ગયો હતો એ પણ પરિવારને જાણ નથી.બનાવની હકીકત ક્રોસ ચેકીંગ માટે આબુ પોલીસનો સંપર્ક રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકી દ્વારા કરાયો છે.

(પહેલા પાનાનું ચાલું)

### હવામાન વિભાગ...

રહી શકે છે. જો કે આ ગાળાને વરસાદના વિરામનો તબક્કા તરીકે ના જોવો જોઈએ. આઈએમડીના મતે ૧ જૂનથી ૩૧ જુલાઈ સુધીમાં દેશમાં ૪૭૪.૩ મીમી વરસાદ નોંધાયો હતો જે ૪૪૫.૮ મીમીની સરેરાશ કરતા ૬ ટકાનો વધારો દર્શાવે છે. દેશમાં ૬૨૫ અતિ ભારે વરસાદની ઘટના નોંધાઈ તથા ૭૬ પુષ્કળ ભારે વરસાદની ઘટનાઓ ઘટી જે વિતેલા પાંચ વર્ષમાં સૌથી નીચા આંકડા છે.જુલાઈમાં મેડન-જુલિયન ઓસિલેશનની અનુકૂળ સ્થિતિ રહેતા તેમજ ૨૮ દિવસ સુધી છ જેટલી હળવા દબાણની સિસ્ટમ સક્રિય રહી હોવાથી સારો વરસાદ પડ્યો હતો. આ પૈકી ચાર સિસ્ટમ ડિપ્રેશનમાં પરિવર્તીત થઈ હતી. પશ્ચિમ બંગાળમાં ઉત્તરની ખાડીથી રાજસ્થાન સુધી જમીન માર્ગે ત્રણ સિસ્ટમ સક્રિય રહી હતી અને તેને પગલે અતિ ભારે વરસાદ નોંધાયો હતો. હાલમાં એન્સો-ન્યુટ્રલ સ્થિતિ પ્રવર્તેલી છે જે ઓક્ટોબર સુધી યથાવત રહેશે. ચોમાસા બાદ લા નિનાની સ્થિતિ નિર્માણ પામશે તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું. ચોમાસા દરમિયાન વરસતો વરસાદ કૃષિ આધારિત આપણા દેશ માટે આર્શીવાદ સમાન રહે છે. દેશની ૪૨ ટકા વસ્તી કૃષિ ક્ષેત્રમાં કામ કરે છે અને પોતાની આજીવિકા મેળવે છે. કૃષિનું દેશના જીડીપીમાં ૧૮.૨ ટકા યોગદાન છે.

### ટ્રમ્પ...

ગયું છે, જે વૈશ્વિક વૃદ્ધિમાં ૧૬% યોગદાન આપે છે.

ત્રીજો વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાની તૈયારી છે. ગોયલે ઉલ્લેખ કર્યો કે આઈએમએફના અંદાજ મુજબ, ભારત આ નાણાકીય વર્ષના અંતે જાપાનને પાછળ રાખી ચોથું સૌથી મોટું અર્થતંત્ર બનશે અને આગામી વર્ષોમાં જર્મનીને પછાડી ત્રીજા ક્રમે આવશે.

ચોથો આત્મનિર્ભર ભારતની દિશામાં છે. ગોયલે 'મેક ઈન ઈન્ડિયા' પહેલ અને ભારતના યુવા, કુશળ અને નવીન વર્ગની પ્રશંસા કરી, જે ભારતને વૈશ્વિક ઉત્પાદન હબ બનાવવામાં મદદ કરી રહ્યા છે. તેમણે 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્ય તરફ આગળ વધવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો.

પાંચમો મુદ્દો વેપાર વાટાઘાટોમાં ભારતની સ્થિતિ છે. ગોયલે જણાવ્યું કે ભારતે યુએઇ, યુકે, ઓસ્ટ્રેલિયા અને ઈએફટીએ દેશો સાથે પરસ્પર લાભદાયી વેપાર કરારો કર્યા છે. અમેરિકા સાથે માર્ચથી શરૂ થયેલી વેપાર વાટાઘાટોમાં ઘણી બેઠકો અને વર્ચ્યુઅલ ચર્ચાઓ થઈ છે, અને ભારત આગળ પણ વાટાઘાટો માટે ખુલ્લું છે.

ટ્રમ્પે ભારતના રશિયા સાથેના તેલ અને શસ્ત્ર વેપારને લઈને વધારાની સજાની ચેતવણી આપી છે. આ ઘટનાક્રમ બાદ ભારત સરકાર હિતધારકો, નિકાસકારો અને ઉદ્યોગોની સલાહ લઈને આ નવા ટેરિફની અસરનું મૂલ્યાંકન કરી રહી છે. ઓગસ્ટના બીજા ભાગમાં અમેરિકન અધિકારીઓ ભારતની મુલાકાતે આવશે, જ્યાં વેપાર વાટાઘાટોનો છઠ્ઠો રાઉન્ડ યોજાશે.

આ ઘટનાક્રમે ભારત-અમેરિકા વેપાર સંબંધોના ભવિષ્ય પર અનિશ્ચિતતા ઊભી કરી છે, પરંતુ ગોયલના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ભારત પોતાના હિતોનું રક્ષણ કરવા અને આત્મનિર્ભર ભારતના લક્ષ્ય તરફ આગળ વધવા માટે પ્રતિબદ્ધ છે.

### કોંગ્રેસ...

તેમજ વર્તમાન સરકારે તેને આગળ ધપાવ્યું હોવાનું જણાવ્યું.

કોંગ્રેસના લોકસભા સાંસદ શશિ થરૂરે અમેરિકા દ્વારા ૨૫% ટેરિફ અને દંડના નિર્ણયને "વાટાઘાટની રણનીતિ" ગણાવી. તેમણે કહ્યું, "આપણે આપણા વાટાઘાટકર્તાઓને શ્રેષ્ઠ સોદો મેળવવા માટે ટેકો આપવો જોઈએ. જો સારો સોદો ન મળે તો આપણે પીછેહઠ કરવી પડી શકે છે." થરૂરે ચેતવણી આપી કે રશિયાથી તેલ અને ગેસ ખરીદવા માટે ૨૫% ટેરિફ ઉપરાંત વધારાનો દંડ ૩૫% કે ૪૫% સુધી પહોંચી શકે છે, જે ભારતના અમેરિકા સાથેના વેપારને નુકસાન પહોંચાડી શકે છે. બીજી તરફ, કોંગ્રેસ સાંસદ કાર્તિ ચિદમ્બરમે કહ્યું, "ટ્રમ્પ પરંપરાગત રાજકારણી નથી. આ તેમની વાટાઘાટની શરૂઆતી સ્થિતિ છે. આપણે તાત્કાલિક ગભરાવું જોઈએ નહીં."

રાહુલ ગાંધીના નિવેદનથી વિરોધાભાસી લાગતા શુક્લાના મંતવ્યોને સ્પષ્ટ કરવા કોંગ્રેસે એક વીડિયો શેર કર્યો, જેમાં શુક્લાએ રાહુલના આર્થિક જ્ઞાનની પ્રશંસા કરી અને કોંગ્રેસ તેમજ યુપીએ સરકારના આર્થિક સુધારાઓની યાદી આપી. તેમણે ભાજપ પર કોંગ્રેસ અને ગાંધી પરિવાર પર નિરાધાર હુમલા કરવાનો આરોપ પણ લગાવ્યો.

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાટાઘાટો ચાલુ છે, અને થરૂરે આશા વ્યક્ત કરી કે ટેરિફમાં ઘટાડો થઈ શકે છે, પરંતુ જો એવું ન થાય તો ભારતના નિકાસને નુકસાન થઈ શકે છે, કારણ કે અમેરિકા ભારત માટે મોટું બજાર છે.

### અનિલ અંબાણી...

ઈન્ફ્રાએ સીએલઈ પ્રાઈવેટ લિમિટેડ નામની અજાણી સંબંધિત પાર્ટી કંપની દ્વારા ઈન્ટરકોર્પોરેટ ડિપોઝિટ્સના રૂપમાં રિલાયન્સ ગ્રૂપની યુનિટ્સમાં મોટી રકમ ડાયવર્ટ કરી હતી.

રિલાયન્સ ગ્રૂપનો ખુલાસો રિલાયન્સ ગ્રૂપના એક નજીકના સૂત્રએ આ આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે દાવો કર્યો કે એક્સપોઝર રૂ.૬,૫૦૦ કરોડનું હતું, અને રૂ.૧૦,૦૦૦ કરોડના ડાયવર્ઝનનો આરોપ ખોટો છે. આ રકમની વસૂલાત માટે નિવૃત્ત સુપ્રીમ કોર્ટ જજની અધ્યક્ષતામાં મધ્યસ્થી કાર્યવાહી દ્વારા સમાધાન થયું હતું, જે બોમ્બે હાઈકોર્ટમાં રજૂ કરાયું છે.

હાલમાં ઈડીની તપાસ ચાલુ છે, અને અનિલ અંબાણીને ૫ ઓગસ્ટે પૂછપરછ માટે હાજર થવાનું છે. જો તપાસમાં નોંધપાત્ર પુરાવા મળે અને મની લોન્ડરિંગના આરોપો સાબિત થાય, તો કાનૂની કાર્યવાહી થઈ શકે છે, જેમાં જેલની સજાનો પણ સમાવેશ થઈ શકે છે. જોકે, આ મામલો જટિલ છે, અને કોર્ટમાં સમાધાન અને વસૂલાતની પ્રક્રિયા ચાલુ હોવાથી, હજુ કોઈ નિશ્ચિત નિષ્કર્ષ કાઢવો શક્ય નથી.

### ગેસ સિલિન્ડર...

સિલિન્ડરના ભાવમાં કોઈ ઘટાડો ન થતાં ગૃહિણીઓ નિરાશ થઈ છે. આમ, ભાવમાં આ ફેરફારથી બજારમાં બે અલગ-અલગ અસર જોવા મળી છે: એક તરફ વ્યાપારી વર્ગ માટે આર્થિક બોજ હળવો થયો છે, તો બીજી તરફ ઘરેલુ વપરાશકારો માટે સ્થિતિ યથાવત રહી છે.

### એલોન...

જીઓએ પોતાની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા શરૂ કરવાની યોજના પણ જાહેર કરી છે. રિલાયન્સ જીઓએ લક્સેમ્બર્ગ સ્થિત એસઈસી કંપની સાથે ભાગીદારી કરીને જીઓ સ્પેસ ફાયબર નામની સેવા લોન્ચ કરવાની તૈયારી કરી છે. આ સેવા પણ ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં ઈન્ટરનેટ પહોંચાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે સ્ટારલિંક સાથે સીધી સ્પર્ધા દર્શાવે છે.

આ હરીફાઈ ભારતના ડિજિટલ લેન્ડસ્કેપને બદલી શકે છે. સ્ટારલિંક જો ભારતમાં સફળ થશે, તો તે અન્ય વિકાસશીલ દેશો માટે એક મોડેલ બની શકે છે. બીજી તરફ, જીઓનું સ્થાનિક જ્ઞાન અને બજાર પરની પકડ તેને મજબૂત સ્પર્ધક બનાવે છે. બંને કંપનીઓ ગ્રામીણ ભારતને ડિજિટલી સશક્ત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે, જે સરકારના ડિજિટલ ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત વિઝન સાથે સંરેખિત છે.

### ભારત...

સર્વાનંદ સોનોવાલના પથદર્શનમાં કંડલા સ્થિત દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ શિલાન્યાસના માત્ર ચાર જ માસમાં ૧ મેગાવોટ પ્લાન્ટ કાર્યાન્વિત કરી કાર્યભાર સંભાળ્યો છે. જેના પરિણામે પ્રદુષણ નિયંત્રણ અને રિન્યૂએબલ એનર્જીની દિશામાં ગુજરાતે સિમાચિહ્ન હાંસલ કર્યું છે. આ પ્લાન્ટ કાર્યાન્વિત થવાથી કંડલા ડીપીએ મેક ઈન ઈન્ડિયા મેગાવોટ સ્કેલ ગ્રીન હાઈડ્રોજન સુવિધા કાર્યરત કરનાર ભારતનું પ્રથમ બંદર બન્યું

આ પ્લાન્ટનું ઉદઘાટન બંદરો, શિપિંગ અને જળમાર્ગ કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા તથા બંદરો, શિપિંગ અને જળમાર્ગ રાજ્યમંત્રી શાંતનુ ઠાકુર, અને બંદરો, શિપિંગ તથા જળમાર્ગ મંત્રાલય સચિવ ટી.કે. રામચંદ્રન, તથા દીનદયાળ પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલ કુમાર સિંહ તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી સોનોવાલે આ પ્રોજેક્ટની ઝડપી ગતિની પ્રશંસા કરતા જણાવ્યું કે, ૨૬ મે ૨૦૨૫ ના રોજ ભૂજની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રીએ ૧૦ મેગાવોટના ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો હતો. અને માત્ર ચાર મહિનાના ટૂંકા ગાળામાં ૧૦ મેગાવોટ પ્રોજેક્ટના ભાગ રૂપે ૧ મેગાવોટ પ્લાન્ટના પ્રથમ મોડ્યુલનું અમલીકરણ થયું છે, આ પ્રોજેક્ટ દેશમાં ગ્રીન હાઈડ્રોજન ઉદ્યોગ માટે એક નવો માપદંડ સ્થાપિત કરે છે. ડીપીએ એ ગતિ, સ્કેલ અને કાર્યમાં કૌશલ્યનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પ્રદર્શિત કર્યું છે. એમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીએ જણાવ્યું હતું કે, આ અમલીકરણ સાથે, ડીપીએ મેક ઈન ઈન્ડિયા મેગાવોટ સ્કેલ ગ્રીન હાઈડ્રોજન સુવિધા કાર્યરત કરનાર ભારતનું પ્રથમ બંદર બન્યું છે, જે વાર્ષિક આશરે ૧૪૦ મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજન ઉત્પન્ન કરવા માટે સક્ષમ છે. આ સફળતા દરિયાઈ સ્તરે કાર્બનનું ઉત્સર્જન ઓછું કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે પર્યારણને અનુકૂળ હોય તેવા પ્રકારની બંદરની કામગીરીમાં ભારતનું વૈશ્વિક નેતૃત્વ વધારે છે.

પર્યાવરણ માટે રક્ષણાત્મક હોય તેવી બંદરની પહેલ પ્રત્યે સતત પ્રતિબદ્ધતાની પ્રશંસા કરતા, મંત્રીએ ડીપીએની અગાઉની સિદ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. જેમાં ભારતની પ્રથમ મેક ઈન ઈન્ડિયા સંપૂર્ણ ઈલેક્ટ્રિસિટીથી સંચાલિત ટગનો સમાવેશ થાય છે. તેમણે ભારતીય ઈજનેરો દ્વારા સંપૂર્ણપણે બનાવવામાં આવેલ સંપૂર્ણ આત્મનિર્ભર અને ભવિષ્ય માટે તૈયાર હાઈડ્રોજન ઈકોસિસ્ટમના અમલીકરની પ્રશંસા કરી, જે અન્ય બંદરો માટે નવીન અને પર્યાવરણને અનુકૂળ હોય તેવા ઉપાયો અપનાવવા માટે પ્રેરણારૂપ છે.

વિશ્વનો કોઈપણ દેશ એક પણ રિતે ભારતને ખોટી રીતે બ્લેક મેઈલ ન કરે તેવું મજબુત આયોજન કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદીની સરકાર કરી રહી છે. અગાઉ ભારત સંરક્ષણના નાનાથી માંડી મોટા શસ્ત્રોની આયાત કરતુ હતુ પરંતુ હવે ભારત સંરક્ષણના સાધનો વિશ્વના અન્ય દેશોને વેંચી રહ્યું છે. ઈંધણ પરની અન્ય દેશો પર ભારતની નિર્ભરતાના કારણે દેશના વિકાસને જોઈએ તેટલો વેગ મળતો નથી. આ વાતની ગંભીરતાને પારખી નરેન્દ્રભાઈએ પોતાનું સંપૂર્ણ ધ્યાન આત્મ નિર્ભરતા પર કેન્દ્રીત કરી દીધું છે. જેના પરિણામો પણ હવે મળવા માંડયા છે. ભારત જે રિતે ખૂબજ ઝડપથી તમામ ક્ષેત્રમાં આત્મનિર્ભર બની રહ્યું છે. હાઈડ્રોજન ઉર્જાથી હવે ટ્રેનો પણ ચલાવવામાં આવશે.ઈંધણ પરનું ભારણ ઘટતા આપોઆપ દેશનું વિદેશમાં થતી અબજો ડોલરોનું હુંડિયામણ બચી જશે. જેનો ઉપયોગ દેશના વિકાસ માટે થઈ શકશે.

(ત્રીજા પાનાનું ચાલું)

### લોકમેળો...

તંત્ર હસ્તકની લોકમેળા સમિતિ દ્વારા આયોજિત આ લોકમેળાની આવક રાજકોટ જિલ્લાના વિકાસકામો માટે ખર્ચવામાં આવે છે. અત્યાર સુધીમાં ઈશ્વરીયા પાર્ક, ઈવનિંગ પોસ્ટ, ઘેલા સોમનાથ, કબા ગાંધીનો ડેલો, વીરપુર મીનળવાવ વગેરે જેવા સ્થળોના વિકાસકામોમાં લોકમેળા સમિતિ દ્વારા થયેલી આવકનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### વન ડે વન વોર્ડ...

અંદર ફોગીંગની કામગીરી કરાવવામાં આવશે.

રહેણાંકની સાથે શાળા, બાંધકામ સાઈટ, હોટલ, હોસ્પિટલ, સરકારી કચેરી વગેરે જેવી પ્રિમાઈસીસની મુલાકાત કરી વાહકનિયંત્રણની કામગીરી કરાવવામાં આવશે. લોકોમાં મચ્છરજન્ય રોગો તથા મચ્છર ઉત્પતિ અટકાયતી વિશે સમજ મળી રહે તે હેતુસર પત્રિકા, પોસ્ટરના માધ્યમથી આરોગ્ય શિક્ષણ આપવાની કામગીરી કરવામાં આવશે.

આરોગ્ય કેન્દ્રોમાં મેલેરિયા કેસોનું નિદાન અને સારવાર માટેની યોગ્ય વ્યવસ્થા વિનામુલ્યે ઉપલબ્ધ છે, જેનો મહત્તમ લાભ લેવા તથા વાહકનિયંત્રણની કામગીરી સહયોગ આપવા મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ દ્વારા અપીલ કરવામાં આવી છે.

### જસદણ...

પ્રયત્નશીલ છે.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. નગરપાલિકાના ચીફ ઓફિસર મેહુલ જોધપુરાએ શાબ્દિક સ્વાગત અને વોર્ડ નં.૩ના પ્રતિનિધિ પંકજભાઈ ચાવએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું, મંત્રીએ ગુજરાત માહિતી વિભાગના વોટ્સએપ પેજ અંગેની ઉપસ્થિત સર્વેને માહિતી આપી હતી.

આ તકે નગરપાલિકાના કારોબારી ચેરમેન કાજલબેન ઘોડકિયા, નગરપાલિકા ઉપપ્રમુખ હિતેશભાઈ થડેશ્વર, નગરપાલિકા પ્રમુખ જીતેન્દ્રભાઈ છાયાણી, ચેમ્બરના પ્રમુખ કોર્પોરેટર, કાર્યકરો, અગ્રણીશ્રીઓ અને મામલતદાર આઈ.જી.ઝાલા સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

(ચોથા પાનાનું ચાલુ)

### ઓબીસી સોશ્યલ એક્ટીવીટી કમીટી...

શિક્ષકો પણ ગર્વની અનુભૂતિ કરી શકશે, કારણકે તેમના સંતાનો અને વિદ્યાર્થીઓની મહેનતનું યોગ્ય સન્માન થશે. આ પહેલથી સમાજમાં શૈક્ષણિક વાતાવરણ વધુ સુદ્રઢ બનશે અને વધુને વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે પ્રેરાશે.

આ સન્માન સમારંભ માટે રાજકોટ શહેરની શાળાઓમાં અભ્યાસ કરતા ઓ.બી.સી. સમાજના વિદ્યાર્થીઓ જ પાત્ર રહેશે. નોંધણી માટે કેટલીક મહત્વપૂર્ણ માર્ગદર્શિકાઓ નક્કી કરવામાં આવી છે.

ધોરણ ૧૦ અને ૧૨(સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ તથા સીબીએસઈ)ના એવા વિદ્યાર્થીઓ કે જેમણે ફાઈનલ રિઝલ્ટ પ્રમાણે ૮૫% કે નોંધણી કરી શકશે. તેથી વધુ ગુણ મેળવ્યા હોય(માત્ર પીઆર માન્ય નહીં), તેઓજ નોંધણી કરી શકશે.

ફોર્મ ભરવા માટે કમિટી દ્વારા પ્રદાન કરવામાં આવેલી ગુગલ ફોર્મ લિંક દ્વારા ઓનલાઈન નોંધણી ફરજિયાત કરવાની રહેશે.

નોંધણીની છેલ્લી તારીખ ૦૬-૦૮-૨૦૨૫(બુધવાર) છે. આ તારીખ પછી કોઈપણ અરજી સ્વીકારવામાં આવશે નહીં.

ફોર્મ સબમિટ કર્યા પછી વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટ તથા જાતિ પ્રમાણપત્ર(અથવા પોતાના નજીકના કૌટુંબિક સભ્યનું ઓ.બી.સી. પ્રમાણપત્ર)ની કોપી વોટસએપ નંબર ૯૨૭૪૩ ૬૮૮૮૭ પર મોકલવી ફરજિયાત છે.

જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરી દીધું હશે પરંતુ જરૂરી દસ્તાવેજો મોકલ્યા નહી હોય, તેમની અરજી માન્ય રાખવામાં આવશે નહીં. દસ્તાવેજોની ચકાસણી કર્યા પછી જ અરજી સ્વીકારવામાં આવશે.

આ ભવ્ય કાર્યક્રમમાં પસંદ કરાયેલા તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ આપીને તેમજ ગિફ્ટ આપીને સન્માનિત કરવામાં આવશે, જે તેમની સિદ્ધિને કાયમી યાદ અપાવશે. સમગ્ર સમારંભમાં ઓ.બી.સી. સમાજના આગેવાનો, શિક્ષણવિદો અને સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વાદ આપશે અને તેમને ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવશે. આ પ્રસંગે વિદ્યાર્થીઓના માતા-પિતા પણ સામેલ થઈ પોતાના સંતાનોની સિદ્ધિઓનો ગૌરવ અનુભવી શકશે. આ એક એવો અવસર હશે જ્યાં સમગ્ર સમાજ એકત્ર થઈને શિક્ષણના મહત્વને ઉજાગર કરશે અને યુવા પેઢીને પ્રેરણા આપશે.

સંપર્ક વિગતો તેમજ કાર્યક્રમ સંબંધિત કોઈપણ માહિતી કે સહાય માટે શક્તિ કોમ્પલેક્ષ પહેલો માળ, કેવડાવાડી શેરીનં-૩ કોર્નર, કેવડાવાડી મેઈન રોડ - રાજકોટ અથવા મો.નં.૯૪૨૮૨ ૦૧૪૦૭ પર સંપર્ક કરવા જણાવેલ છે.

### જૈન સોશ્યલ ગ્રુપ...

સેજલભાઈ કોઠારી સૌરાષ્ટ્ર રીજીયન વિવિધ કમિટી ચેરમેનઓ, રાજ્યસભા સાંસદની રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, શ્રીમતી નયનાબેન પેઢડીયા - મેયર રાજકોટ મહાનગર, શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, જીતુભાઈ કોઠારી, જીતુભાઈ બેનાણી, રાજુભાઈ બાટવીયા, હિતેશભાઈ મહેતા, શૈલેષભાઈ માંઉ, અતુલભાઈ ઉદાણી, અનીષભાઈ વાઘર, કરણભાઈ શાહ, ઉપેનભાઈ મોદી, અમીષભાઈ દેશાઈ- તપસ્વી ઈન્ટરનેશનલ સ્કુલ, પ્રતિકભાઈ સંઘાણી, મિતલભાઈ ખેતાણી, ડો.દિપકભાઈ મહેતા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ એલીટનાં પ્રમુખ અભયભાઈ દોશી, સેક્રેટરીઃ જીજ્ઞેશભાઈ બોરડીયા, જોઈન્ટ સેક્રેટરી વિમલભાઈ બાટવીયા તથા બ્લડ ડોનેશન કમિટી ચેરમેન ચેતનભાઈ પંચમીયા, પ્રોજેકટ ચેરમેન જીતુ પંચમીયા-જીજ્ઞેશ બોરડીયા-ધવલ સંઘવી, પ્રોજેકટ કમીટીનાં પરાગ મહેતા, બકુલેશ મહેતા, ધવલ શાહ, આકાશ શાહ, ડો.હીરન પટેલ, તેજસ દોઢીવાળા, રવિ મહેતા, ચિરાગ મહેતા, નિપેશ દેસાઈ, નિસ્વ મહેતા, વિરલ કામદાર, શ્રુતી શાહ, સોનલ દોશી, સોનલ દેસાઈ, અવની બાવીશી, અમી પંચમીયા, દિપાલી દોશી, આરતી મહેતા, જીનલ મહેતા, પાયલ ગાંધી, દિપ્તી ગાંધી, કલ્પા પંચમીયા, મૈત્રી ગાંધી સહીતનાં લોકો જહેમત ઉઠાવી રહ્યા છે.

### વીવીપી કોલેજ...

શુભેચ્છાઓ પાઠવેલ છે. જે ત્રણ ડિપાર્ટમેન્ટને એન.બી.એ. માન્યતા પ્રાપ્ત થઈ તેમના તેમજ તમામ ડિપાર્ટમેન્ટના કર્મચારીઓએ કરેલી મહેનત વિદ્યાર્થીઓના જ ભવિષ્ય માટે ખૂબ કામ લાગશે.

વીવીપી ની આ જ્વલંત સફળતા બદલ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષણ જગતના અગ્રણીઓ દ્વારા શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે.

### કસ્તુરબા હાઈસ્કુલ...

વિદ્યાર્થીઓ એક સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવના કેળવી શકે અને પોતાની જાતને દરેક પડકાર માટે તૈયાર કરી શકે એવો આશય રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વિવિધ રસપ્રદ અને શક્તિવર્ધક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં સ્લો સાયકલિંગ, વક્તૃત્વ સ્પર્ધા અને કોથળા દોડ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થતો હતો. સ્લો સાયકલિંગ દ્વારા વિદ્યાર્થીઓની ધીરજ અને સંતુલન શક્તિની કસોટી કરવામાં આવી હતી. જ્યારે વક્તૃત્વ સ્પર્ધાથી તેમની વાત રજૂ કરવાની અને આત્મવિશ્વાસ સાથે બોલવાની ક્ષમતાને તક મળી હતી. કોથળા દોડ જેવી મનોરંજક સ્પર્ધાએ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને આનંદનું વાતાવરણ ઊભું કર્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન સાયકલિંગના મહત્વ અને તેના સ્વાસ્થ્યલક્ષી ફાયદાઓ વિશે પણ વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. તેમને સમજાવવામાં આવ્યું હતું કે સાયકલિંગ એ માત્ર એક શોખ કે રમત નથી પરંતુ તે શરીરને સ્વસ્થ અને મનને તંદુરસ્ત રાખવા માટેની એક ઉત્તમ રીત છે. નિયમિત સાયકલિંગ કરવાથી શારીરિક તંદુરસ્તી જળવાય છે અને પર્યાવરણને પણ ફાયદો થાય છે. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને શારીરિક પ્રવૃત્તિઓનું મહત્વ સમજાવીને એક સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધાઓના અંતે, શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરીને તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. સ્પર્ધામાં સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીને એક સાયકલ અને મેડલ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત, દરેક ક્લાસના શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરીને તેમના પ્રયાસોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ગેલેક્સી સાયકલના અનિશભાઈ વાધરે અબતક ન્યૂઝની ટીમ અને સતીષભાઈનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

### અનિશભાઈ વાધર...

મેડલ આપવામાં આવશે. જ્યારે દરેક ક્લાસના શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. હું પોતે પણ આ શાળામાં અભ્યાસ કરી ચૂક્યો છું. આ આયોજનનો મુખ્ય હેતુ બાળકોને સ્પર્ધાઓમાં ભાગ લઈને શૈક્ષણિક અને જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ કાર્યક્રમમાં અબતક ન્યૂઝની ટીમ અને સતીષભાઈનો પણ આભાર વ્યક્ત કરું છું.

(છેલ્લા પાનાનું ચાલુ)

### રીબડા પેટ્રોલ પંપ...

પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હિમકરસિંહ દ્વારા ગુન્હાનો તાત્કાલિક ભેદ ઉકેલવા અને આરોપીઓને પકડી પાડવા માટે સુચના આપવામાં આવી હતી. ધોરાજી એએસપી સીમરન ભારદ્વાજ અને ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરા, ગોંડલ તાલુકા પોલીસ મથકના એ.ડી.પરમાર, એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં અલગ અલગ ટીમો બનાવી ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સીસ અને મોટા પ્રમાણમાં સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરી માહિતી મેળવવામાં આવી રહી હતી. દરમિયાન હાર્દિકસિંહ જાડેજાએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી આ ફાયરીંગ પોતે માણસો મોકલી કરાવેલ હોવાનો વીડીયો પોસ્ટ કરેલ હોય જે પણ ધ્યાને લઈ ટેકનીકલ સોર્સીસથી માહિતી મેળવવામાં આવી હતી.

પોલીસ તપાસ દરમિયાન ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ અન્ય રાજ્યમાં નાશી ગયેલ હોવાની માહિતી મળેલ હોય જેથી પોલીસની અલગ અલગ ટીમો બનાવી મહારાષ્ટ્રના મુંબઈ તથા ઉત્તરપ્રદેશના આગ્રા ખાતે તપાસમાં મોકલી આ ગુન્હામાં સંડોવાયેલા ચાર આરોપીઓને મુંબઈ તથા આગ્રા ખાતેથી પકડી ગુન્હામાં ઉપયોગ કરેલ હથિયાર અને બાઈક કબ્જે કરાયું હતું.

મામલામાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, હાર્દિકસિંહ જાડેજા અગાઉ ત્રણેક મહિના પહેલા આગ્રા ગયેલ ત્યારે તેને દારૂના એક બારમા વિપીનકુમાર જાટને મળેલ જે વિપીનકુમારના માતાને કેન્સર હોય અને તેને પૈસાની જરૂરીયાત હોય જેથી હાર્દીકસિંહે વિપીનકુમારને કહેલ કે, તારે ગુજરાતમાં એક ફાયરીંગ કરવાનુ છે, તેના બદલામાં તને પાંચ લાખ આપીશ. તેમજ અભિષેક જીંદલ અને પ્રાન્સુ જીંદલ આગ્રામાં એમ.એસ. હોટલમાં રહેતા હોય તે દરમ્યાન હાર્દિકસિંહ પણ તે હોટલમાં રહેવા ગયેલ હોય જેથી તેઓ સાથે મુલાકાત થયેલ અને અભિષેક જીંદલ તથા પ્રાન્સ જીંદલને પણ પોતાને ગુજરાતમાં ફાયરીંગ કરવાની વાત કરેલ અને તેના બદલામાં તેઓને એક લાખ રૂપીયા આપવાનું કહેલ હતું. તેમજ હાર્દિકસિંહને ઈરફાન કુરેશીની મુલાકાત સાબરમતી જેલમાં થયેલી જેથી તેને ઓળખતો હતો. જેથી ચારેય શખ્સોને ભેગા કરી કાયદેસરની ગેંગ બનાવી તમામ ઈસમોએ ભેગા મળી પ્લાન બનાવી ગુન્હાને અંજામ આપેલ હતો.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે આરોપી વિપીન અને ઈરફાન બંને ગુનાને અંજામ આપવા માટે રીબડા ખાતે આવ્યા હતા. જ્યાં ઈરફાન વાહન ચલાવી રહ્યો હતો અને વિપીને ફાયરિંગ કર્યું હતું. બાદમાં ચારેય શખ્સો તાત્કાલિક ગુજરાત છોડીને ભાગી ગયા હતા.

### બેડી યાર્ડ...

રૂ. ૭ લાખની રોકડ ઉઠાવી તસ્કર નાસી ગયો હતો.

આજે સવારે માલિક મનોજભાઈ પટેલ પેઢી ખાતે પહોંચતા દુકાનનો સામાન વેર વિખેર જોવા મળ્યો હતો. જે બાદ તેમણે ટેબલનું ખાનું તપાસતા તેનો પણ લોક તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો. બાદ ટેબલના ખાનામાં તપાસ કરતા બે દિવસના વેપારના નાણાં રૂ. ૭ લાખ મળી આવ્યા ન હતા. જેથી ચોરી થયાની શંકા દ્રઢ બની હતી. બાદમાં તેમણે સીસીટીવી ફૂટેજ ચકાસતા એક બુકાનીધારી શખ્સ ધસી આવ્યો હોય તેવું સ્પષ્ટ થયું હતું. બાદમાં પેઢીની બારીનો સળીયો તૂટેલી હાલતમાં જોવા મળતા તસ્કરે બારીનો સળીયો તોડી પ્રવેશ મેળવ્યાનું પ્રાથમિક તારણ સામે આવ્યું હતું.

બનાવને પગલે પેઢી માલિક દ્વારા કવાડવા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી કુવાડવા પોલીસ મથકના પીઆઈ બી પી રજીયા સહિતની ટીમ તેમજ એલસીબી ઝોન-૧ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. પેઢી માલિકની ફરિયાદ પરથી ગુનો નોંધી સીસીટીવીમાં કેદ થયેલ બુકાનીધારી તસ્કરનું પગેરું શોધવા પોલીસે તજવીજ હાથ ધરી હતી.

### નર્મદા ડેમ...

વધારો થયો છે. ૧૩૮.૬૮ મીટરની ઉંડાઈ ધરાવતા નર્મદા ડેમની સપાટી હાલ ૧૩૩ મીટરે પહોચી જવા પામી છે. હવે ડેમ ઓવર ફ્લો થવામાં ૫.૬૮ ફૂટ બાકી છે.હાલ ડેમમાં ૪.૦૨ લાખ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જેની સામે ડેમના ૧૦ દરવાજા ખોલીને ડેમમાંથી ૧.૧૮ લાખ ક્યુસેકથી વધુ પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. આજે બપોરે ડેમમાંથી વધુ ૪ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવશે જેના પગલે વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાના

હેઠવાસના ગામોને સાવચેત કરી દેવામાં આવ્યા છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ખીજડાવાળા રોડ પર બોથડ પદાર્થના ઘા ઝીંકી પરપ્રાંતિય શ્રમિકની કરપીણ હત્યા

## ખુલ્લા પ્લોટમાંથી મૃતદેહ મળી આવતા ડીસીપી, એસીપીઝ પીઆઈ સહિતના અધિકારીઓ દોડી ગયા: ક્રાઈમ બ્રાન્ચ, એલસીબીએ પણ તપાસમાં ઝુકાવ્યું: દારૂ પીવાની ટેવ ધરાવતો મૂળ ઉત્તરપ્રદેશના દેવરીયા જિલ્લાનો વતની યુવાન રાજકોટ ખાતે ફેબ્રીકેશનની મજૂરી કરતો'તો


મૃતક


તસવીર: અભિષેક આશીયાણી

**અબતક, રાજકોટ**

શહેરમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે. માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ખીજડાવાળા રોડ પર ખુલ્લા પ્લોટમાં પરપ્રાંતીય યુવાનની બોથડ પદાર્થના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસની ટીમ, એલસીબી ઝોન-૨ ટીમ, એસીપી તેમજ ડીસીપી કક્ષાના અધિકારીઓ સ્થળ પર પહોંચી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હત્યાની ઘટનામાં પ્રાપ્ત વિગત મુજબ શહેરના માયાણી ચોક નજીક ખીજડાવાળા રોડ પર આવેલ ખુલ્લા પ્લોટમાં એક યુવાનની લાશ પડી હોવાની જાણ ૧૦૮ને કરવામાં આવતા ૧૦૮ના ઈએમટીએ આવી તપાસી યુવકને મૃત જાહેર કરી પોલીસ કંટ્રોલમાં જાણ કરી હતી. બનાવ અંગે જાણ થતા રાજકોટ માલવિયાનગર પોલીસ સ્ટાફ, એલસીબી ઝોન-૨ સ્ટાફ તેમજ ડીસીપી ઝોન-૨ જગદીશ બંગરવા, એસીપી બી જે ચૌધરી સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

પોલીસની તપાસ દરમિયાન મૃતક યુવકની ઓળખ રાજેશ ઉર્ફે રાજુ ચિંતામણી રાજભર(ઉ.વ.૨૫ હાલ રહે. મવડી ચોકડી નજીક, મૂળ રહે. દેવરીયા, ઉત્તરપ્રદેશ) તરીકે થઈ હતી. મૃતક છેલ્લા છ-સાત વર્ષથી રાજકોટ ખાતે રહી માયાણી ચોક નજીક આવેલ નિરાલી ફેબ્રીકેશન નામના કારખાનામાં મજૂરી કરતો હોવાનું સામે આવ્યું હતું. મૃતક હાલ અહીં એકલો જ રહેતો હોય અને અપરિણીત હોવાનું પણ પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક રાજેશ ઉર્ફે રાજુને માથાના ભાગે ઈજાના એક કરતા વધુ નિશાન મળી આવ્યા હતા. જેથી બોથડ પદાર્થના ઘા મારી હત્યા નિપજાવી હોવાની શંકા છે. હાલ મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. સાથે મૃતકના મામા કે જેઓ મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં રહે છે તેમની ફરિયાદ પરથી ગુનો નોંધી હત્યારાની ભાળ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

### મૃતક સાથે ખુલ્લા પ્લોટમાં હાજર શખ્સની સીસીટીવી ફૂટેજના આધારે તપાસ

હાલ પોલીસે હત્યા કરનાર અને તેની પાછળનું કારણ જાણવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સમગ્ર મામલે પોલીસ દ્વારા આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસી મૃતક સાથે ખુલ્લા પ્લોટમાં કોણ હાજર હતું? તે દિશામાં તપાસ શરૂ કરી છે. જો કે, હાલ સુધીની તપાસમાં કશું શંકાસ્પદ નહિ મળી આવ્યાનું પણ પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે.

### મૃતક છેલ્લા પખાવડીયાથી કામે જતો ન હતો: ગઈકાલે શેઠને ફોન કર્યો'તો

મૃતક રાજેશ ઉર્ફે રાજુ અહીં માયાણી ચોક નજીક આવેલ નિરાલી ફેબ્રીકેશન નામના કારખાનામાં મજૂરી કરતો હતો. જે કારખાનાના માલિક મિતુલભાઈ પાણખાણીયાના જણાવ્યા અનુસાર રાજેશ છેલ્લે ૧૩ જુલાઈ બાદ કારખાને આવતો જ ન હતો. તે સતત દારૂ પીવાની ટેવ ધરાવતો હતો. બાદ ગઈકાલે સાંજે આશરે પાંચ વાગ્યે તેણે શેઠ મિતુલભાઈને ફોન કર્યો હતો. જેથી મિતુલભાઈએ તેને કહ્યું હતું કે, કામ કરવું હોય તો કાલે કારખાને આવી જજે પણ આજે સવારે તે કામે ન આવ્યો હતો. બાદમાં તેનો મૃતદેહ મળ્યો હતો.

# બાળકીના શારીરિક અડપલા કરવાના ગુનામાં આરોપીને ૭ વર્ષની સખ્ત કેદ

## સજા શા માટે કરવી જોઈએ અને સજાનું મહત્વ શું છે ૧૫માં અધ્યાયના શ્લોક ૮ માં ''દંડ ઉદંડ પુરુષોનું દમન કરે છે, દુષ્ટોને સજા કરે છે તેથી જ વિદ્વાન પુરુષો તેને દંડ કહે છે: અદાલત



**અબતક, રાજકોટ**

શહેરમાં ત્રણ વર્ષ પૂર્વે ૮ વર્ષની બાળકીને પાડોશમાં રહેતાં ૫૫ વર્ષના ઢગાએ નાસ્તો આપવાની લાલચ આપી ઘરમાં લઈ જઈ શારીરિક અડપલા કર્યાના ગુનાનો કેસ અદાલતમાં ચાલી જતા આરોપીને ૭ વર્ષની સખ્ત કેદની સજા અને રૂા.૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ બનાવ અંગે શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા પરિવારની આઠ વર્ષની માસુમ બાળકી પોતાના ઘરે હતી ત્યારે પાડોશમાં જ રહેતાં ૫૫ વર્ષના ઢગા અશોક નટુભાઈ પોરીયા નામના શખ્સે માસુમ બાળકીને નાસ્તો આપવાની લાલચ આપી પોતાના ઘરે લઈ ગયો હતો. ઢગાની દાનત બગડતાં બાળકીને શારીરિક અડપલા કર્યા હતાં. આ અંગે બાળકીએ પરિવાર સમક્ષ આપવીતી વર્ણવતાં બાળકીના પરિવાર દ્વારા અશોક પોરીયા વિરૂધ્ધ માલવીયાનગર પોલીસ મથકમાં તા.૧-૧૧-૨૦૨૧નાં રોજ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે અશોક પોરીયાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળતાં અદાલમતાં ચાર્જશીટ રજુ કરવામાં આવી હતી. ચાર્જશીટ બાદ કેસ સ્પેશ્યલ પોકસો કોર્ટમાં ચાલવા પર આવતાં પ્રોસિકયુશન દ્વારા ફરિયાદીની કોર્ટમાં સોગંધ ઉપર જુબાની લેવામાં આવી હતી અને તેમની જુબાનીમાં તેઓએ જે ફરિયાદ કરેલી તે બાબતની જુબાની આપી હતી. તેમજ તેમની ભોગ બનનાર પુત્રી સાથે જે બનાવ બનેલ તે અંગેની જુબાની આપેલ હતી. ત્યારબાદ ભોગ બનનાર બાળકીની કોર્ટમાં વલ્નરેબલ વિટનેસ ડિપોઝીશન સેન્ટરમાં બાળકીની જુબાની લેવામાં આવી હતી અને બાળકીએ પણ પોતાની જુબાનીમાં તેણી સાથે શારીરિક અડપલા થયા હોવાની જુબાની આપી હતી અને આરોપીને ઓળખી બતાવ્યો હતો. આ ઉપરાંત સરકારી વકીલ દ્વારા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવ્યા હતાં. બાદમાં બન્ને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ સ્પેશ્યલ પોકસો કોર્ટના જજ પી.એસ.બ્રહ્મભટ્ટે આરોપી ને દોષિત ઠરાવી જજમેન્ટમાં એવું પણ અવલોકન કરેલું છે કે સજા શા માટે કરવી જોઈએ અને સજા નું મહત્વ શું છે આ અંગે પૌરાણિક વાત કરવામાં આવે તો મહાભારતમાં આખુ એક શાંતિપર્વ આપેલું છે અને તેમાં કઈ રીતે રાજા એ લોકોની શાંતિ જળવાઈ રહે તે અંગેના વિવિધ વિષયો પર ચર્ચા કરેલ છે અને શાંતિપર્વના ૧૫માં અધ્યાયના શ્લોક ૮ માં એવું જણાવ્યું છે કે ''પસ્માદદાન્તાન દમયત્યશિષ્ટાન દંડયત્યપી દમનાદ દંડનાચૈવ તસ્માદ દંડમ વિધુબુધધા: ''એટલે કે ''દંડ ઉદંડ પુરુષોનું દમન કરે છે તેમજ દુષ્ટોને સજા કરે છે અને તેથી જ વિદ્વાન પુરુષો તેને દંડ કહે છે'' આરોપી અશોક નટુભાઈ પોરીયા ને ૭ વર્ષની સખત કેદ ની સજા અને રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ ફટકારેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# અકસ્માતના ૧૧ કલેઈમ કેસમાં રૂા.૧.૪૬. કરોડનું જંગી વળતર મંજુર

## અસીલોને ટુંકાગાળામા ન્યાય મળે, ના કોઈ ની જીત , ના કોઈની હાર એ સુત્રને ધ્યાને લઈને લોક અદાલતમાં કેસનો નિકાલ

**અબતક , રાજકોટ**

રાજકોટ સહિત અન્ય શહેરોમાં તાજેતરમાં યોજાયેલી લોક અદાલતમાં કુલ ૧૧ કેસો મૂકી અકસ્માત વળતરના કલેઈમ કેસમાં ખુબ જ ટુકા ગાળામા રૂા.૧.૪૬. કરોડ નું જંગી વળતર મંજુર કરવામાં આવ્યું છે. રાજકોટ અને અન્ય જીલ્લાની ટ્રીબ્યુનલ તરફથી લોકઅદાલતમાં વાહન અકસ્માતમાં ગુજરનારના વારસદારો અને ઈજા પામનારોને જંગી વળતર અને ઝડપી ન્યાય મળે તેમજ સરળતાથી કેસોનો નીકાલ થાય તે અને ટુંકા ગાળામાં વાહન અકસ્માતમા ગુજરનારના વારસદારો અને ઈજા પામનારોને વળતર મળે તે હેતુથી લોકઅદાલતમાં કેસો મુકવામાં આવતા હોય છે. લોક અદાલતમાં કેસો મુકવામાં આવેલ હતા જેમાં ગુજ. મનોજભાઈ ગોરધનભાઈ વાઘેલા ના કેસમા રૂા.૬૭ લાખ, ગુજ. નારાણભાઈ બાબુભાઈ જોગડીયા ના કેસમાં રૂા.૧૭,૭૫ લાખ, ગુજ. દેવરાજભાઈ ઉર્ફે દેવજીભાઈ નાથાભાઈ ઉર્ફે નથુભાઈ પરમાર ના કેસમા રૂા.૨૨,૫૦ લાખ ,ગુજ. પારૂલબેન પ્રહલાદભાઈ લકુમ ના કેસમા રૂા.૧૮ લાખ ગુજ. સગીર પ્રીન્સ પ્રહલાદભાઈ લકુમ ના કેસમા રૂા.૪,૯૦ લાખ, અને ઈજા પામનાર પ્રહલાદભાઈ સોંડાભાઈ લકુમ ના કેસમા રૂમ.૨,૩૦ લાખ, સંદિપભાઈ ગોકળભાઈ કુન્મર ના કેસમાં રૂા.૩,૭૫ લાખ, પ્રતાપસિંહ ઉર્ફે મહિપતસિંહ ઘેલાજી જાડેજા ના કેસમાં રૂા.૨,૨૫ લાખ , રંજનબેન મહેશભાઈ વરદોરીયા ના કેસમા રૂા.૩,૫૦ લાખ, પ્રતિભાબેન મોહનભાઈ પરમાર ના કેસમાં રૂા.૨,૨૫ લાખ, અજયભાઈ ધનજીભાઈ જાદવ ના કેસમાં રૂા.૨,૩૦ લાખ મંજૂર કરાવી અકસ્માત વળતરના કેસમા ખુબ જ ટુંકાગાળા મા અસીલોને ન્યાય મળે અને ના કોઈ ની જીત અને ના કોઈ ની હાર એ સુત્રને ધ્યાને લઈને કુલ ૧૧ કેસોમા કુલ રૂા.૧.૪૬ કરોડ સમાધાન થી મંજુર કરાવેલા હતા. ગુજરનારનાં વારસદારો અને ઈજા પામનાર વતી રાજકોટનાં જાણીતા અકસ્માત વળતરનાં સ્પેશ્યાલીસ્ટ વકીલ અર્જુન ડિ. કારીયા(ગઢવી), કરણ ડિ. કારીયા(ગઢવી) રોકાયેલ હતા.

# દસ્તાવેજ કૌભાંડમાં કર્મચારી જયદીપ ઝાલાની જામીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજુર

## સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન - ૧માં ૧૭ જેટલા અસલ દસ્તાવેજોના રેકર્ડનો નાશ કરી અન્યના નામે દસ્તાવેજો કરવામાં ૩ સામે ગુનો નોંધાયો 'તો

**અબતક, રાજકોટ**

સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન - ૧માં ૧૭ જેટલા અસલ દસ્તાવેજોના રેકર્ડનો નાશ કરી અન્યના નામે દસ્તાવેજો કરી નાખવાના ગંભીર કૌભાંડમાં પકડાયેલા આરોપીઓ પૈકી કર્મચારી જયદીપ ઝાલાની જામીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટ શહેર સબરજિસ્ટ્રાર કચેરી ઝોન-૧ ના સબરજિસ્ટ્રાર અતુલ મધુભાઈ દેસાઈએ શહેર પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં આરોપીઓ (૧) હર્ષ સાહેલીયા ઉર્ફે હર્ષ સોની (૨) જયદિપ ઝાલા (૩) કિશન ડી. ચાવડા સામે ફરીયાદ આપેલ કે આરોપીઓએ ભેગા મળી આર્થિક લાભ મેળવવાના એક સમાન ઈરાદે પુર્વયોજીત કાવતરું રચી ઓફીસમાં રહેલ દસ્તાવેજના કાયમી રેકર્ડમાં ૧૭ જેટલા દસ્તાવેજોને નુકશાન પહોંચાડી કપટપુર્વક નાશ કરી સરકારી કચેરીના કોમ્પ્યુટરમાં રહેલ હસ્તલેખીત દસ્તાવેજોના સ્કેનિંગ રેકર્ડને ડિલીટ કરી તેની જગ્યાએ કોઈપણ રીતે ખોટા બનાવેલા દસ્તાવેજોની સ્કેનિંગ કોપી કોમ્પ્યુટરમાં ચડાવી ખોટા દસ્તાવેજોને સાચા ઠેરવી ઠગાઈ આચર્યાની ફરીયાદ થતા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તેમાં જેલ હવાલે થયેલા આરોપીઓ પૈકીના રાજકોટમાં સહકાર મેઈન રોડ ઉપર રહેતા જયદીપ શાંતિલાલ ઝાલાની રેગ્યુલર જામીન અરજી રાજકોટ સેશન્સ અદાલતે નામંજુર કરતા તેની સામે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. તેમાં રજુઆત કરવામાં આવેલ કે સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા ઉપર આધારીત છે અરજદારને કોમ્યુટરનું જ્ઞાન નથી તે માત્ર સુપરવાઈઝર તરીકે સબરજિસ્ટ્રારમાં નોકરી કરે છે અને તેની જવાબદારીમાં કોમ્પ્યુટર સ્ટાફ મેનેજ કરવા સિવાય અન્ય જવાબદારી ન હોય તેમજ સ્ટ્રોંગ રૂમની ચાવી પણ તેઓ પાસે રહેતી ન હોય જેથી અરજદારે ગુનો આચર્યો હોવાનો પ્રશ્ન રહેતો નથી. તેમજ સહઆરોપી કિશનને સેશન્સ કોર્ટ દ્વારા અને અન્ય મુખ્ય આરોપી હર્ષને હાઈકોર્ટ દ્વારા જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય, પેરિટીના ધોરણે જામીન મંજૂર કરવાની અરજી હાઈકોર્ટે મંજૂર કરી આરોપી જયદીપ ઝાલાને જામીનમુક્ત કરવા હુકમ કર્યો હતો. આ કામમાં આરોપી જયદિપ ઝાલા વતી હાઈકોર્ટમાં એડવોકેટસ પ્રતીક જસાણી તથા રાજકોટના સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા તથા મદદમા નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયા હતા.

# શિક્ષણ બોર્ડે દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહની ગુણ ચકાસણીના રિપોર્ટ જાહેર

## વિદ્યાર્થીઓ ૧૦ ઓગસ્ટ સુધી વેબસાઈટ પરથી રિપોર્ટ મેળવી શકશે

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની ગુણચકાસણી માટેનો રિપોર્ટ જાહેર કર્યો છે. વિદ્યાર્થીઓ ૧૦ ઓગસ્ટ સુધી બોર્ડની વેબસાઈટ પરથી ગુણચકાસણીનો રિપોર્ટ મેળવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયો હશે તેમની નવી માર્કશીટ સ્કૂલોને મોકલી આપવામાં આવશે. ધોરણ-૧૨ સા.પ્ર.માં ૩૦૭ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી અને માત્ર એક જ વિદ્યાર્થીના ગુણમાં સુધારો થયો હોવાનું જાણવા મળે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષાનું પરિણામ ૧૭ જૂલાઈના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર કરાયા બાદ ગુણચકાસણી માટે વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. શિક્ષણ બોર્ડ સમક્ષ નિયત સમય મર્યાદામાં મળેલી અરજીઓની ચકાસણી કર્યા બાદ થયેલા આખરી સુધારા દર્શાવતો રિપોર્ટ બોર્ડ દ્વારા વેબસાઈટ પર ઓનલાઈન જાહેર કરવામાં આવ્યો છે. શિક્ષણ બોર્ડ સમક્ષ અરજી કરનારા વિદ્યાર્થીઓએ પોતાનો ગુણચકાસણીનો રીપોર્ટ બોર્ડની વેબસાઈટ પરથી ગુરૂવારથી લઈને ૧૦ ઓગસ્ટ સુધીમાં મેળવી શકશે.રિપોર્ટ મેળવવા માટે વિદ્યાર્થીઓએ તેમના દ્વારા કરવામાં આવેલી અરજીની વિગતો જેવી કે સીટ નંબર, મોબાઈલ નંબર અને પાસવર્ડ એન્ટર કરી લોગીન થયા બાદ ઓનલાઈન ડાઉનલોડ કરવાની રહેશે. વધુમાં, ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલો હોય તે વિદ્યાર્થીઓના ગુણપત્રક - પ્રમાણપત્ર સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે. શાળઓએ આ ગુણપત્રક વિદ્યાર્થીઓને સત્વરે વિતરણ કરી તેમની પાસેથી અગાઉ મળેલા ગુણપત્રક પરત મેળવી બોર્ડની કચેરીની સામાન્ય પ્રવાહ શાખામાં જમા કરાવવાના રહેશે. વિદ્યાર્થીઓએ ગુણચકાસણી રીપોર્ટ ફકત ઓનલાઈન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને જવાબ ટપાલ દ્વારા મોકલવાની પધ્ધતિ અમલમાં નથી.

# દૂધસાગર રોડ સર્વિસ સ્ટેશનમાં વીજ શોર્ટ લાગતા કારીગરનું મોત

## સાતમઆઠમના તહેવારો પૂર્વે વધુ કામ રહેતા સાળાની મદદ માટે આવેલા બનેવીનું અકસ્માતે મૃત્યુ

**અબતક, રાજકોટ**

રાજકોટના થોરાળામાં આવેલ દૂધસાગર રોડ હાઉસિંગ બોર્ડ હેદરીચોક માં મોડી રાત્રે સર્વિસ સ્ટેશન માં કામ કરી રહેલા ત્રણ કર્મચારીઓને શોર્ટ લાગતા એકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું,

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ દૂધસાગર રોડ પર આવેલ ભારત સર્વિસ સ્ટેશન માં સાતમ આઠમના આગામી તહેવારો ને લઈને વાહનોની સર્વિસ નું વધુ કામ હોય, સર્વિસ સ્ટેશનમાં કામ કરતા રવિરાજ એ અન્ય સર્વિસ સ્ટેશનમાં કામ કરતા પોતાના બનેવી ભાવેશભાઈ રમેશભાઈ લુદરીયા ૩૦ મૂળ જૂનાગઢ હાલ રાજકોટને મદદ માટેકામ ઉપર બોલાવ્યા હતા રવિરાજ ,ભાવેશ અને સર્વિસ સ્ટેશન ના માલિક ફિરોજભાઈ ના ભાઈ જિલ્લાની ભાઈ ગત મોડી રાત્રે૧વાગે સર્વિસનું કામ કરી રહ્યા હતા ત્યારે ભાવેશભાઈ ના હાથમાં રહેલ લોખંડનો સળીયો જીવતા વીજ વાયરને અડી જતા ત્રણેય ને કરંટ લાગ્યો હતો ,જેમાં ભાવેશભાઈ બેભાન થઈને ઢળી પડતા તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ તેમને મૃતજાહેર કર્યા હતા, વીજ કરંટ નો ભોગ બનનાર ભાવેશભાઈ મૂળ જૂનાગઢ પંથકના ને હાલ રાજકોટમાં રહે છે અને તેમને બે બાળકો હોવાનું જાણવા મળ્યું છે તેમના સાલા રવિરાજ ભારત સર્વિસ સ્ટેશનમાં કામ કરે છે ગઈકાલે કામ વધુ હોવાથી તેમના શ રવિરાજ એ બનેવી ભાવેશભાઈ ને મદદ માટે બોલાવ્યા હતા અને વિધિની વક્રતાએ મદદ માટે આવેલા ભાવેશભાઈ નુંજ અકસ્માતે મોત નીપજ્યું હતુંઆ અંગે થોરાળાપોલીસ સ્ટેશન દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે

# પ્રસુતિ પહેલા જ મહિલાનું હૃદય બંધ પડી જતા મોત

**અબતક રાજકોટ**

મોરબીની મહિલા નુંપ્રસુતિ પહેલા લેબર રૂમમાં જ હૃદય રોગના હુમલાથી મોત નીપજવા નો કરુણ બનાવો નોંધાયો છે ૩૨ વર્ષની સગર્ભા હિતાક્ષીબેન ભાડજા નું શહેરની ખાનગી હોસ્પિટલમાં પ્રસુતિ પહેલા મોત નિપજ્યાનો બનાવ થી અરેરાટી ફેલાય છે મોરબીની. સગર્ભા હિતાક્ષીબેન ને નોર્મલ ડિલિવરી માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. ડિલિવરી ઓપરેશન પહેલા જ તેણીનું હૃદય બંધ પડી ગયું હતું.

જેથી તેણીને બીજી હોસ્પિટલમાં રીફર કરાઈ હતી. જ્યાં ફરી હૃદયના ધબકારા ચાલુ થઈ ગયા હતા, જેથી ફરી સીઝેરિયન ઓપરેશન માટે લઈ જવાતા બાળકના જન્મ પહેલા જ શ્વાસ છોડી દીધા હતા.

મોરબી ની, હિતીક્ષાબેન ભાવીનભાઈ ભાડજા (ઉ.વ.૩૨, રહે. ઉપાસના એપાર્ટમેન્ટ, પંચવટી સોસાયટી, રવાપર રોડ, મોરબી)ને પ્રસુતિની પીડા ઉપડતા પ્રથમ રાજકોટના રૈયા રોડ ઉપર આવેલી આગમન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને લેબર પેન ઉપાડતા ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં અચાનક હૃદય બંધ પડી જતા તાત્કાલિક ગીરીરાજ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી જ્યાં તાત્કાલિક સારવારને લઈને યુવતીનું હૃદય ધબકવા લાગ્યું હતું અને સીઝેરીયન માટે ઓપરેશન રૂમમાં લઈ જવાયા હતા. જોકે ત્યાં ફરી પાછુ હૃદય બંધ પડી જતા બપોરે ૧૨વાગ્યાં આસપાસ ડો.નીતાબેન ઠક્કરે જોઈ તપાસી મૃત જાહેર કરેલ. આ અંગે ગિરિરાજ હોસ્પિટલના ડો.ક્રિષ્નાબેન મકવાણાએ રાજકોટ તાલુકા પોલીસને જાણ કરી હતી. જેથી એ.એસ. આઈ. દિનેશભાઈ જોષી ટીમ સાથે ગિરિરાજ હોસ્પિટલ દોડી ગયા હતા.અને મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો. બાળકના જન્મ પહેલા જ યુવતીના મોતના પગલે સાસરીયા અને પિયર પક્ષના પરિવારના હૈયા ફાટ રુદન થી વાતાવરણ ગમગીન બન્યું હતું

# ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરી પ્રવેશના બે રાઉન્ડ પછી ૩૯૬ વિદ્યાર્થીના પ્રવેશ રદ

**અબતક, રાજકોટ**

ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે હાલમાં બે રાઉન્ડ પુરા કરી દેવામાં આવ્યા છે. આગામી દિવસોમાં ત્રીજો રાઉન્ડ શરૂ થવાનો છે ત્યારે અગાઉ જે વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ કરાયો હતો અને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો તેવા ૩૯૬ વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કરવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે છેલ્લા બે વર્ષથી એન્ટ્રન્સ ટેસ્ટ લેવાનું શરૂ કરવામાં આવ્યું છે. ચાલુવર્ષે ટેસ્ટના આધારે પ્રવેશ પ્રક્રિયાના બે રાઉન્ડ પુરા કરી દેવામાં આવ્યા છે. સામાન્ય રીતે વિદ્યાર્થી છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં હોય તે તમામને પહેલા બે રાઉન્ડમાં પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. જે તે સમયે છેલ્લા સેમેસ્ટરનું પરિણામ ન આવ્યું હોય અથવા તો કોઈ વિદ્યાર્થીએ આગળના વર્ષની એટીકેટીની પરીક્ષા આપી હોય તો તેમને પણ પ્રક્રિયામાં સામેલ કરવામાં આવ્યા હતા. મહત્વની વાત એ કે, જે તે સમયે આ પ્રકારના પરિણામ પેન્ડીંગ હોય તેવા વિદ્યાર્થીઓને શરતી પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. એટલે કે ગમે ત્યારે પરિણામ આવે અને તેમાં નાપાસ હોય તો તેનો પ્રવેશ રદ કરવામાં આવશે તેવી શરત સાથે પ્રક્રિયામાં સામેલ કરવામાં આવ્યા હતા.

હાલમાં તમામ સેમેસ્ટરના પરિણામ આવી ગયા બાદ વિદ્યાર્થીઓ પરિણામ જમા કરાવતાં જે વિદ્યાર્થીઓ પાસ થઈ શકયા નથી તેમને પ્રક્રિયામાંથી બાકાત કરી દેવામાં આવ્યા છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે કે, હાલની સ્થિતિમાં કુલ ૩૯૬ જેટલા વિદ્યાર્થીઓને અગાઉ જે તે કોલેજમાં પ્રવેશ ફાળવી દેવામાં આવ્યો હતો પરંતુ ફાઈનલ પરિણામ બાદ તેઓ પ્રવેશ માટે લાયક ન હોવાનું પ્રસ્થાપિત થતાં તેમનો પ્રવેશ રદ કરવામાં આવ્યો છે. આ પ્રવેશ રદ કરવામાં આવતાં મેરિટમાં સામાન્ય ફેરફાર થશે. જોકે, મોટાભાગના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજમાં જ પ્રવેશ મળ્યો હોવાથી સરકારી કોલેજમાં પ્રવેશ લેનારા કે ઉંચુ મેરિટ ધરાવતાં વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી નડે તેમ નથી. બે રાઉન્ડ બાદ ખાલી પડેલી સરકારી કોલેજની બેઠકો માટે હવે આવતીકાલ તા.૧લીથી ૧૦મી સુધી રજિસ્ટ્રેશન પ્રક્રિયા કરવામાં આવશે. સ્વનિર્ભર કોલેજોમાં ખાલી પડેલી બેઠકો માટે પણ તા.૧લીથી ૧૪મી ઓગસ્ટ સુધીમાં કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

# રૂ.૨૮ લાખની ઠગાઈના ગુનામાં આરોપીના જામીન મંજૂર

## મોરબીમાં ઝુડિયોની ફ્રેન્ચાઈઝી આપવાનું કહી ઓનલાઈન ફ્રોડ કર્યું

**અબતક, રાજકોટ**

મોરબીમાં ઝુડિયોની ફ્રેન્ચાઈઝી આપવાનું કહી ઓનલાઈન રૂમ. ૨૮,૦૩,૫૦૦ની છેતરપિંડીના ગુનામાં જેલ હવાલે રહેલા આરોપી ઋત્તુ આનંદ પરમેશ્વર પ્રસાદસિંહને કોર્ટ જામીન પર છોડવાનો હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ મોરબી સ્થિત હિરેનભાઈ મહેન્દ્રભાઈ પુજારા ના મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ પર ઝુડીયોની જાહેરાત જોઈ હતી. તેની ફ્રેન્ચાઈઝી મેળવવા માંગતા હોય ઝુડીયો કંપની નું એક પેજ ખોલી ફોર્મ સબમીટ કરેલુ. બાદ અજાણ્યા મોબાઈલ માંથી ફોન આવેલ અને જણાવેલ કે તમે અરજી કરવા માંગતા હોય તો અમો ની બેંકમાં રકમ ટ્રાન્સફર કરો જે રકમ ફરીયાદીએ તેઓએ જણાવેલ બેંકમાં અલગ-અલગ સમયે કુલ રૂા. ૨૮ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરેલા હતા. તેમ છતાં જુડીયોની ફ્રેન્ચાઈઝી મળેલ નહી.આથી ફરીયાદીએ મોરબી સાયબર કાયમ પોલીસ સ્ટેશન ખાતે ઓનલાઈન છેતરપીંડીની ફરિયાદ નોંધાવેલી હતી.જે તપાસ ઝારખંડનો ઋત્તુ આનંદ પરમેશ્વર પ્રસાદસિંહની સંડોવણી ખૂલતા પોલીસે તેની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપીને જેલ હવાલે કરેલો હતો. ઋત્તુ આનંદ પરમેશ્વર પ્રસાદસિંહ જામીન મેળવવા કોર્ટમાં અરજી કરી હતી. જે અરજી ચાલતા બન્ને પક્ષોની દલીલોને બાદ આરોપીના વકીલ દ્વારા જામીન પર છોડવા રજુઆત કરવામાં આવેલી સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટના ચુકાદાઓ રજુ રાખેલ તે ધ્યાને લઈ આરોપી ની જામીન અરજી મંજુર કરવામા આવી છે. આરોપી વતી રાજકોટના એડવોકેટ હિતેષ આર.ભાયાણી, ભૌમિક એ. કરથીઆ તથા લીગલ આસીસ્ટન્ટ તરીકે દર્શીત પાડલીયા, રોનીત ભાયાણી રોકાયેલા હતાં.

# ગ્રીન યાત્રાની શરૂઆત: ભારતની પહેલી હાઈડ્રોજન ટ્રેન ટૂંક સમયમાં પાટા પર

## ’નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જન’ ના લક્ષ્યાંક તરફ એક મોટું પગલું, ‘‘હાઈડ્રોજન ફોર હેરિટેજ‘‘ પ્રોજેક્ટ હરિયાળા ભવિષ્યનો માર્ગ મોકળો કરશે

અબતક રાજકોટ

ભારતીય રેલવેએ દેશની પર્યાવરણીય પ્રતિબદ્ધતા અને ટેકનોલોજીકલ પ્રગતિ દર્શાવતા એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. રેલવે દ્વારા ભારતના પ્રથમ હાઈડ્રોજન સંચાલિત ટ્રેન કોચનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે, જે ’નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જન’ ના લક્ષ્યાંક તરફ એક મોટું પગલું છે. આ પ્રોજેક્ટ, જેને ‘‘હાઈડ્રોજન ફોર હેરિટેજ‘‘ નામ અપાયું છે, તે ભારતીય રેલવેના ડીઝલ યુગનો અંત લાવીને સ્વચ્છ અને હરિયાળા ભવિષ્યનો માર્ગ મોકળો કરશે.

આશરે ₹૧૩૬ કરોડના બજેટ સાથે ૨૦૨૦-૨૧માં શરૂ થયેલો આ પ્રોજેક્ટ સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજી પર આધારિત છે. આ પ્રોજેક્ટ અંતર્ગત, વર્તમાન ડીઝલ ટ્રેનોને હાઈડ્રોજન પર ચાલવા માટે ફરીથી ડિઝાઈન અને રૂપાંતરિત કરવામાં આવી રહી છે. આ કામ હૈદરાબાદની કંપની મેધા સર્વો ડ્રાઈવ્સ દ્વારા ચેન્નાઈની ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (આઈસીએફ) ખાતે ચાલી રહ્યું છે.



આ ટ્રેન દસ કોચ જેટલી લાંબી હશે અને લગભગ ૨,૬૦૦ મુસાફરોને લઈ જવાની ક્ષમતા ધરાવશે. શરૂઆતમાં, આ ટ્રેન હરિયાણાના જીંદ અને સોનીપત વચ્ચેના ૩૬૫ કિલોમીટરના રૂટ પર દોડશે. આ માટે જીંદમાં એક ખાસ ફ્યુઅલિંગ સ્ટેશન પણ બનાવવામાં આવ્યું છે, જે ૩,૦૦૦ કિલોગ્રામ હાઈડ્રોજનનો સંગ્રહ કરી શકે છે. ભવિષ્યમાં, આ યોજના અંતર્ગત હેરિટેજ અને પહાડી માર્ગો પર કુલ ૩૫ હાઈડ્રોજન ટ્રેનો દોડાવવાનું આયોજન છે.

ભારતીય રેલવેનો આ હાઈડ્રોજન પ્રોજેક્ટ માત્ર પર્યાવરણીય સંરક્ષણ માટે જ નહીં, પરંતુ ઊર્જાના ક્ષેત્રમાં આત્મનિર્ભરતા અને ટેકનોલોજીકલ પ્રગતિ માટે પણ એક મોટું પગલું છે. આ પ્રોજેક્ટ સફળતાપૂર્વક અમલમાં આવવાથી ભારત વિશ્વના અગ્રણી દેશોની હરોળમાં સ્થાન મેળવશે અને ટકાઉ પરિવહનના ભવિષ્યને આકાર આપશે.

### હાઈડ્રોજન જ શા માટે?

* સ્વચ્છતા: હાઈડ્રોજન સૌથી સ્વચ્છ બળતણ છે. તે ડીઝલની જેમ સળગવાથી કાર્બન ડાયોક્સાઈડ જેવા નુકસાનકારક વાયુઓ ઉત્પન્ન કરતું નથી, પરંતુ માત્ર પાણીની વરાળ અને ગરમી પેદા કરે છે. આનાથી વાતાવરણ પ્રદૂષણમુક્ત રહેશે અને ગ્લોબલ વોર્મિંગની સમસ્યામાં ઘટાડો થશે.

* કાર્યક્ષમતા અને બહુમુખી ઉપયોગ: હાઈડ્રોજન વજનમાં હલકું હોવા છતાં અત્યંત ઊંચી ઉર્જા-ઘનતા ધરાવે છે. આ ગુણધર્મો તેને ટ્રેન, ટ્રક અને જહાજો જેવા ભારે વાહનો માટે એક આદર્શ બળતણ બનાવે છે. આ ઉપરાંત, હાઈડ્રોજનને લાંબા સમય સુધી સંગ્રહિત કરી શકાય છે અને પાઈપલાઈન દ્વારા સરળતાથી એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડી શકાય છે.

### હાઈડ્રોજન ટ્રેન: જોખમો અને સલામતીનાં પગલાં

કોઈપણ નવી ટેકનોલોજીની જેમ, હાઈડ્રોજનના ઉપયોગમાં પણ કેટલાક જોખમો રહેલા છે. હાઈડ્રોજન અત્યંત જ્વલનશીલ (સહેલાઈથી સળગી ઊઠે તેવો) છે અને તેની જ્વાળાઓ અદ્રશ્ય હોવાથી આગને શોધવાનું મુશ્કેલ બની શકે છે. આ ઉપરાંત, તે હલકો હોવાથી લીક થવા પર તે ઝડપથી ફેલાય છે અને મર્યાદિત જગ્યાઓમાં ઓક્સિજનને વિસ્થાપિત કરીને ગૂંગળામણનું જોખમ પણ ઊભું કરી શકે છે. હાઈડ્રોજનના સંપર્કમાં આવવાથી કેટલીક ધાતુઓ નબળી પડી શકે છે, જેથી લીક થવાનું જોખમ વધે છે.

આ જોખમોને ઘટાડવા માટે ટ્રેનોમાં ખાસ સલામતી સુવિધાઓ લગાવવામાં આવી છે, જેમાં પ્રેશર રિલીફ વાલ્વ, લીક ડિટેક્શન સિસ્ટમ્સ, ફ્લેમ અને ટેમ્પરેચર ડિટેક્શન સિસ્ટમ્સ અને વેન્ટિલેશન ડિઝાઈન નો સમાવેશ થાય છે. આ સુવિધાઓ અકસ્માત થવાની શક્યતાને ઓછી કરે છે. વધુમાં, જર્મનીના તૃતીય-પક્ષ સલામતી ઓડિટર ’ટીયુવી- એસયુડી’ ને સામેલ કરીને આંતરરાષ્ટ્રીય સલામતી ધોરણોનું પાલન કરવામાં આવી રહ્યું છે, જેથી મુસાફરો અને સ્ટાફની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

### ડીઝલ ટ્રેન અને હાઈડ્રોજન ટ્રેન વચ્ચેનો મુખ્ય તફાવત

હાઈડ્રોજન ટ્રેન અને ડીઝલ ટ્રેન વચ્ચેનો સૌથી મોટો તફાવત તેમના ઉત્સર્જન અને પર્યાવરણીય અસરમાં છે. ડીઝલ ટ્રેન જ્યારે ચાલે છે, ત્યારે તે ડીઝલ બાળીને ઊર્જા મેળવે છે, જેના પરિણામે કાર્બન ડાયોક્સાઈડ અને અન્ય નુકસાનકારક વાયુઓ વાતાવરણમાં ભળે છે. આ પ્રદૂષણ ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તનમાં મોટો ફાળો આપે છે. તેનાથી વિપરીત, હાઈડ્રોજન ટ્રેન હાઈડ્રોજન ગેસનો ઉપયોગ કરે છે, જે માત્ર પાણીની વરાળ અને ગરમી ઉત્પન્ન કરે છે. આનાથી કોઈ પણ પ્રકારનું પ્રદૂષણ થતું નથી, જેના કારણે તે પર્યાવરણ માટે એક સ્વચ્છ અને સુરક્ષિત વિકલ્પ છે. આ ઉપરાંત, હાઈડ્રોજન ટ્રેન ડીઝલ ટ્રેન કરતાં અત્યંત શાંત હોય છે અને વિદેશી આયાત પરની નિર્ભરતા પણ ઘટાડે છે, જ્યારે ડીઝલ માટે આપણે મોટાભાગે વિદેશી આયાત પર નિર્ભર રહેવું પડે છે.

### જર્મની, ચીન અને ફ્રાન્સ જેવા દેશો અપનાવી રહ્યા છે હાઈડ્રોજન ટ્રેન ટેકનોલોજી

જર્મનીએ ૨૦૨૨માં વ્યવસાયિક સેવા માટે હાઈડ્રોજન ટ્રેનો શરૂ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો. જોકે, ઊંચા ખર્ચને કારણે આ સેવા એક વર્ષ પછી બંધ કરવી પડી હતી. ફ્રાન્સ પણ ૨૦૨૫-૨૬ સુધીમાં વાણિજ્યિક ઉપયોગ માટે હાઈડ્રોજન ટ્રેનો શરૂ કરવાની તૈયારીમાં છે. એશિયામાં, ચીને પણ ૨૦૨૪માં તેની પ્રથમ હાઈડ્રોજન-સંચાલિત ટ્રેનનું અનાવરણ કર્યું છે. આ ઉપરાંત, સ્વિસ કંપની સ્ટેડલર જેવી કંપનીઓએ આ ક્ષેત્રમાં મોટો વિકાસ કર્યો છે, જેણે યુએસમાં એક જ રિફ્યુઅલિંગ પર ૨,૮૦૦ કિલોમીટરથી વધુની મુસાફરીનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે.

# ફેફસાના કેન્સરની સારવાર માટે ગુજરાત બન્યું રાષ્ટ્રીય કેન્દ્ર : પાંચ વર્ષમાં ૪૩૯૭ દર્દીઓને મળ્યું

## પાંચ વર્ષમાં ૩,૨૫૬ દર્દીઓને મફત અથવા ઓછી કિંમતે સારવાર મળી: ગુજરાતના દર્દીઓની સાથે સાથે અન્ય રાજ્યોના દર્દીઓનો પણ સમાવેશ

**અબતક, રાજકોટ**

કેન્સરની સારવારમાં, ગુજરાત એક રાષ્ટ્રીય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. રાજ્ય સરકારનું લક્ષ્ય ગુજરાતને મેડિકલ સર્વિસિસ માટેનું શ્રેષ્ઠ વૈશ્વિક કેન્દ્ર બનાવવાનું છે. આ માટે ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં, જીસીઆરઆઈએ હજારો ફેફસાના કેન્સરના દર્દીઓને અત્યાધુનિક સારવાર આપીને નવજીવન આપ્યું છે.જીસીઆરઆઈ ખાતે ૨૦૨૦ થી ૨૦૨૪ દરમિયાન, કુલ ૪,૩૯૭ દર્દીઓએ ફેફસાના કેન્સરની સારવાર લીધી. આ દર્દીઓમાં ૩,૫૯૭ પુરુષો, ૭૯૯ મહિલાઓ અને એક બાળકનો સમાવેશ થાય છે. આ આંકડા દર્શાવે છે કે જીસીઆરઆઈ માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ અન્ય રાજ્યોના દર્દીઓ માટે પણ એક વિશ્વસનીય સારવાર કેન્દ્ર બની રહ્યું છે. ૨૦૨૦ માં ૭૦૦ દર્દીઓથી શરૂ થઈને, આ સંખ્યા ૨૦૨૪ માં ૧૦૮૬ સુધી પહોંચી, જે દર્શાવે છે કે કેન્સરની સારવાર માટે ગુજરાત પર વિશ્વાસ વધી રહ્યો છે.

પીએમજેએવાય-એમએ યોજના અને અદ્યતન ટેકનોલોજીનો સમન્વય ગુજરાતમાં ફેફસાના કેન્સરની સારવારને સુલભ અને સસ્તી બનાવવામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મા અમૃતમ યોજનાએ મુખ્ય ભૂમિકા ભજવી છે. આ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૩,૨૫૬ દર્દીઓને મફત અથવા ઓછી કિંમતે સારવાર મળી છે. આ ઉપરાંત, સારવારની ગુણવત્તા જાળવવા માટે જીસીઆરઆઈ અત્યાધુનિક ટેકનોલોજી જેવી કે સાયબરનાઈફ, ટ્રુ બીમ લીનિયર એક્સિલરેટર, ટોમોથેરેપી અને રોબોટિક સર્જરીનો ઉપયોગ કરે છે. સચોટ નિદાન માટે હાઈ-રિઝોલ્યુશન ઉપકરણો જેવા કે નેક્સ્ટ જનરેશન સિક્વન્સિંગ , પીઈટી-સીટી, અને ૩ ટેસ્લા એમઆરઆઈ પણ ઉપલબ્ધ છે.વર્લ્ડ લંગ કેન્સર ડે નિમિત્તે, જીસીઆરઆઈના ડિરેક્ટર ડો. શશાંક પંડ્યાએ લોકોને ફેફસાના કેન્સરથી બચવા માટે જાગૃત થવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે ભારતમાં ૪૦% થી વધુ કેસ મોડા નિદાન થાય છે, જેનાથી સારવાર મુશ્કેલ બની જાય છે. તેથી, જીસીઆરઆઈ એ તમાકુનું સેવન કરતા લોકો અને લાંબા સમયથી પ્રદૂષણના સંપર્કમાં રહેતા લોકોને નિયમિતપણે લો-ડોઝ સીટી સ્કેન કરાવવાની ભલામણ કરી છે. વહેલું નિદાન અને તાત્કાલિક સારવાર આ રોગ સામે લડવા માટે સૌથી અસરકારક પગલાં છે.

# ખાંડની ‘‘મીઠાશ’’ ૧૮ ટકા વધીને ૩.૫ કરોડ ટન પહોંચશે: નિકાસ પણ ડબલ થવાની

## દેશ ૨૦ લાખ ટન ખાંડની નિકાસ કરી શકશે, જે વર્તમાન સીઝનના ૧૦ લાખ ટનના અંદાજ કરતાં બમણું

**અબતક, રાજકોટ**

ભારતમાં ખાંડનું ઉત્પાદન આગામી સીઝન, ૨૦૨૫-૨૬માં, નોંધપાત્ર રીતે વધવાની ધારણા છે. ઈન્ડિયન સુગર એન્ડ બાયો-એનર્જી મેન્યુફેકચરર્સ એસોસિએશન (આઈએસએમએ) દ્વારા જાહેર કરાયેલા પ્રારંભિક અંદાજ મુજબ, દેશમાં ખાંડનું ઉત્પાદન ૧૮% વધીને ૩૪.૯૦ મિલિયન ટન સુધી પહોંચી શકે છે. આ વધારો મુખ્યત્વે શેરડીના ઉત્પાદનમાં અપેક્ષિત ૪૨%ના વધારાને કારણે છે, જે સારા વરસાદ અને વાવેતર વિસ્તારમાં નજીવા વધારાને આભારી છે. આ સારા સમાચારથી ઉદ્યોગમાં આશાનો સંચાર થયો છે, કારણ કે આનાથી સ્થાનિક જરૂરિયાતો સંતોષવા ઉપરાંત નિકાસની તકો પણ વધશે.

આઈએસએમએ ના પ્રમુખ ગૌતમ ગોયલે આ અંદાજ રજૂ કરતાં જણાવ્યું હતું કે, આગામી સીઝનમાં ખાંડના ઉત્પાદનમાં વધારો થવાની સાથે, દેશ ૩૦ લાખ ટન ખાંડની નિકાસ કરી શકશે, જે વર્તમાન સીઝનના ૧૦ લાખ ટનના અંદાજ કરતાં બમણું છે. જોકે, તેમણે ચેતવણી આપી હતી કે સરકાર દ્વારા ખાંડની નિકાસ અને ઈથેનોલ ઉત્પાદન માટે સમયસર મંજૂરી આપવી જરૂરી છે, નહીં તો ઉદ્યોગને નુકસાન થઈ શકે છે. આ અંદાજમાં ઈથેનોલ ઉત્પાદન માટે ૫૦ લાખ ટન ખાંડનું ડાયવર્ઝન પણ શામેલ છે, જે ચાલુ સીઝનના ૩૦.૫ લાખ ટન કરતાં વધુ છે. રાજ્યવાર અંદાજો દર્શાવે છે કે મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને કર્ણાટક જેવા મુખ્ય ખાંડ ઉત્પાદક રાજ્યો આ વધારામાં મોટો ફાળો આપશે. આઈએસએમએ એ મહારાષ્ટ્રમાં ૧૩.૨૬ મિલિયન ટન, ઉત્તર પ્રદેશમાં ૧૦.૨૫ મિલિયન ટન અને કર્ણાટકમાં ૬.૬૧ મિલિયન ટન ખાંડનું ઉત્પાદન થવાનો અંદાજ મૂક્યો છે.

આ આંકડાઓ દર્શાવે છે કે આ રાજ્યોની ખેતીમાં થયેલો સુધારો અને અનુકૂળ પરિસ્થિતિઓ ઉત્પાદન વધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.આગામી સીઝનમાં વધારાના ઉત્પાદનને કારણે દેશ પાસે પૂરતો સ્ટોક ઉપલબ્ધ રહેશે. ઈથેનોલ ડાયવર્ઝન પછી પણ, આઈએસએમએ ૩૦ મિલિયન ટન તાજી ખાંડ અને ૫.૨ મિલિયન ટનનો પ્રારંભિક સ્ટોક ઉપલબ્ધ થવાની અપેક્ષા રાખે છે, જે ૨૮.૫ મિલિયન ટનના અંદાજિત સ્થાનિક વપરાશ કરતાં ઘણો વધારે છે. આ કારણે, આઈએસએમએ ના ડિરેક્ટર જનરલ દીપક બલ્લાનીએ સ્પષ્ટ કર્યું કે કાચી ખાંડની આયાત કરવાની કોઈ આવશ્યકતા નથી. તેમણે ઉમેર્યું કે, આ અંદાજો પ્રારંભિક છે અને સપ્ટેમ્બરમાં વધુ સચોટ અંદાજ જાહેર કરવામાં આવશે, જે ચોમાસાની પરિસ્થિતિઓ પર પણ આધાર રાખશે.

# પાણી પુરવઠા બોર્ડની કચેરીએ સીએમની ઓચિંતી મુલાકાત: અધિકારીઓની પુછપરછ

## પાણી સમિતિઓની રજુઆત હલ કરવા માટે કરાતી કામગીરીની પણ સમીક્ષા કરી: અધિકારીઓને જરૂરી સુચના આપી

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સરકારના વિભાગો અને જિલ્લા કચેરીઓની કામગીરી તથા અરજદારો સાથે સંવેદનાપૂર્ણ વ્યવહાર માટે સતત મોનિટરિંગ કચેરીઓની પ્રત્યક્ષ અને ઓચિંતી મુલાકાત દ્વારા કરતા રહે છે. કોઈપણ આગોતરી જાણ કર્યા વિના જિલ્લા કચેરીઓની ઓચિંતી મુલાકાતનો ઉપક્રમ તેમણે અપનાવ્યો છે.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉપક્રમમાં ગુરુવારે ગાંધીનગરમાં સહયોગ સંકુલમાં કાર્યરત ગુજરાત પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડના જાહેર આરોગ્ય બાંધકામ વિભાગના કાર્યપાલક ઈજનેરની કચેરીની મુલાકાતે ઓચિંતા જ પહોંચ્યા હતા.

સહયોગ સંકુલના બી-બ્લોકમાં આવેલી આ કચેરી સાથે જ કાર્યરત વાસ્મોની જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ કચેરીની કામગીરીની વિગતો પણ મુખ્યમંત્રીએ આ ઓચિંતી મુલાકાત દરમિયાન મેળવી હતી.

તેમણે હેલ્પલાઈન પર મળતી ઓનલાઈન ફરિયાદો અને તેના નિવારણ માટે કરવામાં આવતી કાર્યવાહીની જાણકારી પણ અધિકારીઓને પુછપરછ કરીને મેળવી હતી. તેમજ ગ્રામીણ સ્તરની પાણી સમિતિઓની રજૂઆતો હલ કરવા માટે થતી કામગીરીની પણ સમીક્ષા કરી હતી અને અધિકારીઓને જરૂરી સુચનો કર્યા હતા.

## સ્વ. વિજયભાઈ રૂપાણીને શાબ્દિક આદરાજંલી

# તાલ તરંગ દ્વારા આજે હેમુ ગઢવી હોલમાં સુરીલી ભજન સંધ્યા

**અબતક, રાજકોટ**

તાલ તરંગ દ્વારા સ્વ. વિજયભાઈ રૂપાણીના શાબ્દિક આદરાજંલી આપવા તાલ તરંગ દ્વારા સુરીલ ભજન સંધ્યા આજે હેમુગઢવી હોલ રાજકોટ ખાતે રાત્રે ૯ કલાકે મુંબઈના કલાકારો કવિતા મૂર્તિ, ગોવિંદ મિશ્રા, ધારણા પહાવા, અશ્વિની મેહતા એંકર આર.જે. ગૌરવ આ તમામ કલાકારો દ્વારા સૂરીલી ભજન સંધ્યાં ફિલ્મી નોન ફિલ્મી ભજનનું સુંદર આયોજન ભારતીબેન નાયક તાલ તરંગ



કલબના સંચાલનમાં થઈ રહ્યું છે. આ કરવાનો ખાસ હેતુ એટલોજ છે લોકોને એક સારો સંદેશ પહોંચાડવાનો છે વિજયભાઈ રૂપાણી એમના જેવું સરળ નિર્દોશ વ્યક્તિતવ પોલિટિક્સમાં હોવા છતાં પોલિટિક્સ વગરનું જીવન લોકો માટેની લાગણી લોકો માટેની મદદની ભાવના જે ગુણો વિજયભાઈમાં હતા એમાંથી પ્રેરણા લઈએ એમના જેવું જીવન થોડું પણ આપડે જીવી જઈયે ક્યાંક સારી પ્રેરણા લોકો ને આપી શકીયે એના માટે નો એક નાનો પ્રયાસ તાલ તરંગ સંસ્થા કરી રહી છે.

# ગુજરાતમાં ૧૫મીથી માછીમારીની નવી સિઝન શરૂ

## માછીમારી બોટમાં મરીન ડીઝલ ઓઈલનો ઉપયોગ કરવા ભાર મૂકાશે: મંત્રી રાઘવજીભાઈ પટેલે કરી સમીક્ષા

**અબતક,રાજકોટ**

ગુજરાતમાં આગામી ૧૫મી ઓગસ્ટથી માછીમારીની નવી સીઝન શરૂ થઈ રહી છે. માછીમારી બોટમાં મરીન ડીઝલ ઓઈલનો ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવશે.

ગાંધીનગર ખાતે મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતા હેઠળ મત્સ્યોદ્યોગ પ્રભાગની ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. રાજ્યમાં આગામી તા. ૧૫મી ઓગસ્ટથી શરુ થઈ રહેલી માછીમારીની નવી સીઝનને ધ્યાને લઈને માછીમારોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તેવા શુભ આશય સાથે મંત્રી રાઘવજી પટેલે



આ બેઠકમાં વિવિધ મુદ્દે ગહન ચર્ચા અને યોજનાકીય પ્રગતિની સમીક્ષા કરી હતી. જેમાં મત્સ્યોદ્યોગ વિભાગના સચિવ સંદીપકુમાર અને મત્સ્યોદ્યોગ કમિશનર વિજય ખરાડી સહિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં માછીમારી બોટમાં મરીન ડીઝલ ઓઈલનો ઉપયોગ શરૂ કરવા અંગે નીતિગત ચર્ચા કરવામાં આવી હતી. હાલમાં રાજ્ય સરકાર દ્વારા માછીમારોને આપાતી ડીઝલ સબસીડી માટે નવા ડીઝલ કાર્ડ આપવાની કામગીરીની સમીક્ષા કરતા મંત્રીએ જણાવ્યું હતુ કે, ચાલુ વર્ષે રાજ્યનો કોઈપણ માછીમાર ડીઝલની સબસીડીથી વંચિત ન રહે તે આપણો મુખ્ય નિર્ધાર હોવો જોઈએ. આ વર્ષે હજુ પણ જે લાભાર્થીઓને ડીઝલ સબસીડી ચૂકવવાની બાકી હોય તેમને સત્વરે ચૂકવણા કરવા મંત્રીએ સંબંધિત અધિકારીઓને આદેશ કર્યો હતો.બેઠક દરમિયાન મંત્રી પટેલે મત્સ્યોદ્યોગ પ્રભાગ હસ્તક મંજૂર થયેલી નવી યોજનાના અમીકરણની કામગીરી તેમજ ચાલુ યોજનાની પ્રગતિની સઘન સમીક્ષા કરી હતી. આ સંદર્ભે તેમણે કહ્યું હતું કે, મત્સ્યોદ્યોગ પ્રભાગની દરેક યોજનાને તેના સેચ્યુરેશન પોઈન્ટ સુધી પહોંચાડવી એ આપની સૌની નૈતિક જવાબદારી છે. મત્સ્યોદ્યોગ સંબંધિત દરેક યોજનાથી માછીમારો અવગત થાય અને તેનો મહત્તમ લાભ મેળવી શકે તે માટે વિવિધ માધ્યમોથી યોજનાઓનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવા મંત્રીએ સૂચન કર્યું હતું. આ સંદર્ભે તેમણે, જ્યાં માછીમારોની વસ્તી વધારે હોય તેવા વિસ્તારોમાં વિશેષ ઝુંબેશના ભાગરૂપે કેમ્પનું આયોજન કરવા પણ સૂચન કર્યું હતું.

# ગત વર્ષના પ્રમાણમાં ૧૦૦ ઓછા માર્કે પણ મેડિકલમાં પ્રવેશ મળી જશે

## ચાલુવર્ષે ૧૨૧ માર્કસ જેટલું મેરિટ નીચુ ગયુ જેના કારણે નીચી ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીને પણ મેડિકલમાં પ્રવેશ માટેની તક ઉભી થઈ

**અબતક, અમદાવાદ**

મેડિકલ-ડેન્ટલ સહિતના કોર્સમાં પ્રવેશ માટે મેરિટલીસ્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો માટે પહેલો રાઉન્ડ ૧૧મી ઓગસ્ટના રોજ પુરો થવાનો હોવાથી હવે રાજયની મેડિકલ કોલેજો માટે ૭મી પછી ચોઈસ ફિલિંગ શરૂ કરવામાં આવશે. મહત્વની વાત એ કે, ચાલુવર્ષે ૧૨૧ માર્કસ જેટલું મેરિટ નીચુ ગયુ છે. જેના કારણે નીચી ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીને પણ મેડિકલમાં પ્રવેશ માટેની તક ઉભી થઈ છે. ગતવર્ષે મેરિટમાં પહેલા ક્રમે આવેલા વિદ્યાર્થીને ૭૨૦ માર્કસ હતા જેની સામે ચાલુવર્ષે ૬૫૭ માર્કસ ધરાવતાં વિદ્યાર્થી મેરિટમા પહેલા ક્રમે આવ્યો છે. કુલ ૧૫૯૮૮ બેઠકો માટે ૨૪૩૭૪ વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ કરાયો છે.મેડિકલ,ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથી , નીટ આધારિત ચાલ કોર્સની ૧૫૯૮૮ બેઠકો પર પ્રવેશ માટે ૨૫૧૮૮ પીન વિતરણ કરાઈ હતી. જેની સામે ૨૪૧૧૭ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન થયું હતું. ૨૪૮૪૫ વિદ્યાર્થીઓએ ડોક્યુમેન્ટ વેરિફિકેશનની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. જેની સામે ૭૩૬ વિદ્યાર્થીઓ એવા છે કે, જેઓને જુદા જુદા કારણોસર પ્રવેશ માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. મેડિકલમાં ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો માટે ૧૧મી ઓગસ્ટ સુધી પહેલો રાઉન્ડ પૂર્ણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આમ, હવે ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો માટેનો રાઉન્ડ પુરો થયા બાદ સ્થાનિક બેઠકો માટે પહેલા રાઉન્ડમાં પ્રવેશ ફાળવણી કરવામાં આવશે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે કે, આગામી ૭મી પછી ચોઈસ ફિલિંગની પ્રક્રિયા શરૂ કરીને ૧૧મી પછી ફાળવણી કરવામાં આવશે. ચાલુવર્ષે ઓવરઓલ મેરિટ ૧૨૧ માર્કસ નીચુ ગયુ છે. ચાલુવર્ષે ૭૨૦માંથી ૬૫૭ માર્કસ ધરાવતો વિદ્યાર્થી મેરિટમાં પહેલા ક્રમે આવ્યો છે. જાહેર કરાયેલી મેરિટયાદીમાં ઈડબલ્યુએસ કેટેગરીમાં વિદ્યાર્થિનીઓ ૨૭૨૬ અને વિદ્યાર્થી ૧૯૨૬ મળીને કુલ ૪૬૫૨ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. આજ રીતે ઓપન કેટેગરીમાં વિદ્યાર્થિનીઓમાં ૩૩૧૩ અને વિદ્યાર્થીઓમાં ૨૦૫૧ મળીને કુલ ૫૩૬૪, સહિત જુદી જુદી કેટેગરીઓના મળીને ૨૪૩૭૪ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ગુજરાતના સૌથી મોટા ડિજિટલ અરેસ્ટ કેસમાં રાજકોટના બે શખ્સોને ઉઠાવી લેવાયા

## ગાંધીનગરની મહિલા તબીબને ડિજિટલી ગોંધી રાખી ૧૯.૨૪ કરોડ પડાવી લેવાયા'તા

**અંબિકા ટાઉનશિપમાં રહેતા નિલેશ રાંક અને નાજ સુમરાને ઝડપી પાટનગર ખાતે લઈ જવાયા : ગાંધીનગર સાયબર ક્રાઈમ ટીમ અને શહેર એસઓજીની સયુંકત કાર્યવાહી**

**અબતક, રાજકોટ**

ગુજરાતની સૌથી મોટી ડિજિટલ એરેસ્ટ ગુનામાં રાજકોટના બે શખ્સોને પોલીસે ઝડપી લઈ પોલીસે તપાસ આદરી છે. ગાંધીનગરની મહિલા તબીબને ત્રણ મહિના ડિજિટલ એરેસ્ટ કરી સાયબર માફિયાઓએ ૧૯ કરોડથી વધુની રકમ પડાવી હતી. જે મામલે ગાંધીનગર સાયબર ક્રાઈમની ટીમે તપાસ હાથ ધરતાં તેનું પગેરું રાજકોટ સુધી પહોંચ્યું હતું. જે મામલે શહેર એસઓજીની ટીમે સાથે રહી અંબિકા ટાઉનશીપમાં રહેતાં નિલેશ રાંક સહિત બે શખ્સોને ઉપાડી લીધાં હતાં.

બનાવ અંગે જોઈએ તો ગાંધીનગરમાંથી સૌથી મોટો ડિજિટલ એરેસ્ટનો કેસ સામે આવ્યો હતો. જેમાં મહિલા તબીબ ડિજિટલ એરેસ્ટનો ભોગ બની હતી. આરોપીઓએ મહિલા તબીબને ૩ મહિના સુધી ડિજિટલ એરેસ્ટ કરીને મની લોન્ડરિંગ કેસમાં ફસાવવીની ધમકી આપી હતી અને ૩૫ જેટલા બેંક એકાઉન્ટ ૧૯.૨૪ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. આરોપીઓએ મહિલા તબીબનું ઘર, ઘરેણા, એફડી, શેર સર્ટિફિકેટ વેચાવી રૂપિયા પડાવ્યા હોવાનો તપાસમાં ઘટસ્ફોટ થયો હતો. જે બાદ સાયબર ક્રાઈમની ટીમે તપાસ હાથ ધરતા આ ફ્રોડનું કનેકશન કંબોડિયા ખાતેનું તપાસમાં સામે આવ્યું છે. સાઈબર ક્રાઈમ પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.

સાઈબર ક્રાઈમ પોલીસે સુરતનાં લાલજી બલદાણીયા નામની વ્યક્તિની ધરપકડ કરી હતી અને તેના એકાઉન્ટમાં ૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર થયા હોવાનું તપાસમાં ખુલ્યું હતું. પૂછપરછ બાદ મળેલ માહિતી અનુસાર, આરોપીઓએ મહિલા તબીબને ૧૯ માર્ચનાં રોજ પહેલો વીડિયો કોલ કર્યો હતો અને ફેમા અને પીએમએલએનાં ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપી હતી. ત્યારબાદ આરોપીઓએ તબીબ મહિલાને મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિત દેશનાં અલગ-અલગ રાજ્યોના બેંક એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા.જ્યારે તપાસ આગળ વધતાં જે ૧૯ કરોડ ૩૫ એકાઉન્ટમાં ગયેલ તેમાંથી ૨૫૦૦ એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર થયાનો ઘટસ્ફોટ થયો હતો. જે તપાસમાં તેનું પગેરું રાજકોટ સુધીનું નીકળ્યું હતું અને બે એકાઉન્ટમાં રૂ.૩૮ લાખ ટ્રાન્સફર થયાનું પણ ખુલતાં ગાંધીનગર સાયબર ક્રાઈમની ટીમ રાજકોટ દોડી આવી હતી અને શહેર એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા અને ટીમને સાથે રાખી અંબિકા ટાઉનશીપમાં રહેતા નિલેશ જમન રાંક અને નાજ સુમરા નામના શખ્સને દબોચી લીધો હતો. અને ગાંધીનગરની ટીમ તેને લઈ રવાના થઈ ગઈ હતી.

ઉપરાંત પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, બંને આરોપીઓએ ૫ થી ૧૦હજારમાં બેંક એકાઉન્ટ ભાડે દિધાનું પ્રાથમિક સામે આવ્યું છે. વધુ સાયબર ગુનામાં પણ તેની સંડવણી હોવાની પૂરેપૂરી શકયતા દર્શાવાઈ રહી છે.

### ઠગાઈના બે ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો નિલેશ રાંક જૂનો ખેલાડી

મહિલા તબીબને ડિજિટલ અરેસ્ટ કરી ૧૯.૨૪ કરોડની રકમ પડાવી લેવાના ગુનામાં પકડાયેલ આરોપી રાજકોટના નિલેશ રાંક અગાઉ પણ ઠગાઈના ગુનામાં પકડાઈ ચૂકેલ છે. તેની વિરુદ્ધ હિંમતનગર સહિતના શહેરમાં ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું હતું.

**બેલડીના બેંકમાં એકાઉન્ટમાં ૩૮ લાખની રકમ ટ્રાન્સફર થયાનું ખુલ્યું : અન્ય ગુનામાં પણ સંડોવણી ખુલવાની પ્રબળ શક્યતા**

### ભેજાબાજોએ પ્રથમ ૩૭ એકાઉન્ટમાં અને બાદ અઢી હજાર બેંક એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરી નાખ્યાનો ખુલાસો

રાજ્યની સૌથી મોટા ડિજિટલ એરેસ્ટના ગુનામાં રાજકોટથી બે શખ્સોને પોલીસે દબોચી લીધા હતા. જે બાબતે પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે, જ્યારે મહિલા તબીબને ડિજિટલ એરેસ્ટ કરવામાં આવ્યા ત્યારે તેમના નાણા કુલ ૩૭ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. એ બાદ તુરંત જ સાયબર માફિયાઓએ તે એકાઉન્ટમાંથી અલગ અલગ અઢી હજાર બેંક એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા.

# હિટ એન્ડ રન :રાજકોટમાં અજાણ્યા વાહનની અડફેટે બે મિત્રોના મોત

## મોડીરાત્રે હોટલમાં જમવા જતા બંને મિત્રોને રસ્તામાં કાળ ભેટી ગયો

**અબતક , રાજકોટ**

રાજકોટ શહેરના રાજમાર્ગો નિરંતર જીવલેણ અકસ્માત માટે ગોઝારા બન્યા હોય એમ ગત રાત્રે વધુ એક અકસ્માતમાં બે બે આશાસ્પદ યુવાન મિત્રો ના મોત નીપજ્યાનો બનાવ નોંધાયો છે.

રાજકોટનાભાગોળે જીવલેણ અકસ્માત ના આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ આજીડેમ પોલીસ મથકની હદમાં રિદ્ધિ સિદ્ધિ નાલુ બ્રીજ ઉતરતી વખતે અજાણ્યા વાહને શાંતિધામ સાપર માં રહેતા અને એસોકેમ્પ કંપનીમાં નોકરી કરતા દિવ્યેશભાઈ ગોવિંદભાઈ પરમાર ૨૪, અને તેની સાથે તેના




મિત્રઅનેકુરિયરમાં કામ કરતા ત અવિનાશ ચાવડા ને અડફેટે લેતા બંને મિત્રો ને ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા સારવાર મળે તે પહેલા જ બંનેના મોતનીપજ્યા હતા, અકસ્માતનો ભોગ બનેલ દિવ્યેશ પરમાર બે ભાઈમાં મોટો હતો પિતાના અવસાન બાદ માતા અને નાના ભાઈની જવાબદારી ઉઠાવતા દિવ્યેશ ના હજુ લગ્ન પણ થયા ન હતા બંને મિત્રો અકસ્માતનો ભોગ બન્યા હોવાની જાણકારી પરિવારજનોને હોસ્પિટલમાંથી મળી હતી દિવ્યેશ ની સાથે મોતને ભેટનાર અવિનાશ ચાવડા કુરિયર નું કામ કરે છે,બંને મિત્રો નિયમિત સાંજે ભેગા થતા હતા.. ગઈકાલે સાંજે બંને સાથે હોટલમાં જમવા જવાનું નક્કી કરી પગપાળા રોડ ઉપર જતા હતા ત્યારે રિદ્ધિ સિદ્ધિ નાલા પાસે કોઈ અજાણ્યા વાહને બંનેને ઠોકર મારી હતી, રાતના અંધારામાં અકસ્માત સર્જી વાહન ચાલક નાસી છૂટ્યો હતો, બંને યુવાનોને લોહી લુહાણ હાલતમાં રાહદારી લોકોએ ૧૦૮મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા, એક સાથે બે બે મિત્રોના મૃતદેહ જોઈને બંને યુવાનોના પરિવારજનોએ હોસ્પિટલમાં કરુણ આક્રંદ , મચાવી દીધું હતું આ અંગે આજી ડેમ પોલીસ દ્વારા તપાસ હાથ ધરી સીસીટીવી ફૂટેજ ના આધારે અકસ્માત સર્જી નાસી છૂટેલા વાહનની તલાશ હાથ ધરી છે

# ઈડરના ગોલવાડામાં હત્યાના ગુનામાં એક જ પરિવારના ૬ સભ્યોને આજીવન કેદ

**અબતક**
**સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના ગોલવાડાના આરોપીઓએ ગોલવાડા ગામની સીમમાં તા.૧૭/૧૦/૨૦૧૦ના રોજ લાકડી, કુહાડી જેવા ઘાતક હથીયારો લઈને વિરમ માવજીભાઈ રબારી પર તૂટી પડ્યા હતા અને ગંભીર ઈજાઓ પહોંચાડી મોતને ઘાટ ઉતાર્યો હતો. જેનો કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે તમામ આરોપીઓને આજીવન કેદની સજા સંભળાવી હતી.

આ અંગે મળતી વિગતો અનુસાર ફરીયાદીની બહેન કલીબેનને માર મારતા થયેલા તકરારમાં સમાજ મેળે સમાધાન થયેલ તેની આ કામના આરોપીઓએ અદાવત રાખી પુર્વ આયોજીત કાવતરૂ ઘડી ઈડર તાલુકાના ગોલવાડા ગામે આરોપીઓએ ઘાતક હથીયારો ધારણ કરી ફરીયાદીના ભાઈ વિરમ માવજીભાઈ રબારી તપાસ કરનાર અધિકારી દ્વારા કોર્ટમાં ચાર્જશીટ થતા જે અનુસંધાને ફરીયાદ પક્ષ દ્વારા સાહેદોએ આપેલ નિવેદનો તથા કોર્ટમાં રજુ થયેલ લેખિત મૌખિક પુરાવાને ધ્યાને લઈ કોર્ટ દ્વારા હુકમ કર્યો હતો જેમાં આ કેસમાં ફરીયાદી તરફે સરકારી વકિલ પ્રણય જયંતિલાલ સોનીએ કોર્ટ સમક્ષ રજૂ કરેલ ધારદાર દલીલોને ધ્યાને લઈ આરોપીઓને એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એમ.વાય. રાધનપુરવાલાએ હેમરાજ માલાભાઈ રબારી, અમૃત સોમાભાઈ રબારી, રાજુ સોમાભાઈ રબારી, દિનેશ હેમરાજ રબારી, ભરત હેમરાજ રબારી અને જયરામ હેમરાજ રબારીને તકસીરવાન ઠરાવી તમામ આરોપીઓને આજીવન સજાનો હુકમ તથા તમામ આરોપીઓને રૂા.૨૫૦૦૦ /- દંડનો હુકમ તથા આ કામના મરણ જનારના પરિવારને દંડની રકમ પૈકીની રૂ.૧,૦૦૦૦૦/- વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

# આમ આદમી પાર્ટીના રાહુલ ભુવા વિરુદ્ધ બદનક્ષીની નોટિસ

## ભાજપના કોર્પોરેટર પરેશભાઈ પીપળીયા વિરૂધ્ધ ગેરકાયદે બાંધકામો કરાવ્યા મીડિયામાં આક્ષેપો કર્યા હતા

**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નંબર ૪ના ભાજપના કોર્પોરેટર પરેશભાઈ પીપળીયા વિરૂધ્ધ ગેરકાયદે બાંધકામો કરાવ્યા સંદર્ભેના ટીપી સ્કીમને લગતા ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયામાં આક્ષેપો કરવા સબબ આમ આદમી પાર્ટીના પૂર્વ વિધાનસભાના ઉમેદવાર રાહુલ ભુવા જાહેરમાં માફી ન માંગે તો કોર્પોરેટર પીપળીયાએ બદનક્ષી દાવો દાખલ કરવાની નોટિસ ફટકારતા રાજકારણમાં ગરમાવો આવ્યો છે.આ અંગેની હકીકત મુજબ, ગઈ તા. ૦૪/ ૦૭/ ૨૦૨૫ના રોજ ઈલેક્ટ્રોનીક ન્યુઝ ચેનલો સમક્ષ અને સોશીયલ મીડીયામાં આમ આદમી પાર્ટીના વિધાનસભા- ૬૮ના ભુતપુર્વ ઉમેદવાર રાહુલભાઈ ભુવાએ ઈલેક્ટ્રોનિક મીડિયા અને સોશિયલ મીડિયા ચેનલો સમક્ષ વોર્ડ નં.૪ના ભાજપના કોર્પોરેટર પરેશભાઈ પીપળીયા વિરૂધ્ધ આક્ષેપો કરતા જણાવ્યું હતું કે શહેરના વોર્ડ નં.૪માં તીરૂપતી બાલાજી પાર્ક પાસે, ૬૦ ફુટના રોડ ઉપર વર્ષો જુના મકાનો તથા દુકાનોના બાંધકામો આવેલા છે, જે વિસ્તારની આશરે ૨ માસ પહેલા ટી.પી.-૧૪ની સ્કીમ જાહેર થઈ, તેમાં સદર બાંધકામોનું રિઝર્વેશન ન હતું. જે ગેરકાયદે બાંધકામો પરેશભાઈએ કરાવી અને વહેંચેલ હતા. જેના ઉપર હાલ ઉપરોકત ટી.પી. લાગુ પડેલ છે. તે મુજબનું પ્રત્યક્ષ નિવેદન રાહુલ ભુવાએ ઈલેક્ટ્રોનીક મીડીયા સમક્ષ તેમજ સોશીયલ મીડિયામાં કરાયાનું પરેશભાઈ પીપળીયાના ધ્યાનમાં આવતા, તે તમામ આક્ષેપો ખોટા હોય રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી આ વર્ષે યોજાવાની હોય જેથી ચુંટણી પહેલા પાયા વિહોણા આક્ષેપો કરી અને પરેશભાઈની છબી ખરાબ કરવાનો રાહુલ ભુવાનો પ્રયત્ન હોય, જેથી પરેશભાઈએ પોતાની જાહેરમાં થયેલી બદનામી બદલ તેમના એડવોકેટ અંશ ભારદ્વાજ મારફતે રાહુલ ભુવાને બદનક્ષીની કાનુની નોટીસ ફટકારી છે.

રાહુલ ભુવાને પાઠવવામાં આવેલ બદનક્ષીની નોટીસમાં પોતાના અસીલ પરેશભાઈ પીપળીયા તરફે એડવોકેટ અંશ ભારદ્વાજે જણાવ્યું છે કે, રાજકોટ-સૌરાષ્ટ્રમાં સામાજીક તેમજ રાજકીય ક્ષેત્રે સમાજમાં અને લોકોમાં ખુબ જ પ્રતિષ્ઠિત વ્યકિત તરીકેની છબી ધરાવે છે. અમોના અસીલ ખુબ જ માન ધરાવતી વ્યકિત છે. આપ આમ આદમીની પાર્ટીના રાજકોટના કાર્યકર્તા છો અને કોઈ પણ પ્રકારના વજુદ કે સત્ય વગર તમો એ મીડીયા, ચેનલોમાં અને સોશીયલ મીડીયામાં અસીલને ખોટી રીતે ટાર્ગેટ કરી બદનક્ષીકારક બાબતો જણાવેલ છે અને બદનક્ષીભર્યું કૃત્ય આચરેલ છે જે કૃત્ય સામાન્ય લોકાના



એડવોકેટસ અંશ ભારદ્વાજ

જનમાનસમાં અમારા અસીલની છબી ખરડી નાખવાનું બદનક્ષીવાળું કૃત્ય કરેલ છે.''ઉપરાંતમાં નોટીસમાં જણાવેલ છે કે, ''આપના ખોટી રીતના નિવેદનથી નાગરીકોમાં અમોના અસીલ બાબતે ગેરસમજ ઉભી થાય તેવું વાતાવરણ ઈરાદાપુર્વક ઉભું કરવામાં આવેલ છે. જેથી અમોના અસીલના નાણાંમા માપી ન શકાય તેવી પારાવાર નુકશાની થવા પામેલ છે, જેના સંપુર્ણ જવાબદાર આપ નોટીસી છો.''નોટીસ પાઠવ્યા બાદ પરેશભાઈએ જણાવેલ હતું કે, '' ગત ચુંટણીમાં રાહુલભાઈનો ભાજપના ઉમેદવારો સામે કારમો પરાજય થયો હતો, જે હારને હજુ સુધી રાહુલભાઈ પચાવી નથી શક્યા અને આવતી ચુંટણીમાં પણ તેઓને હારનો સામનો કરવો પડે તેવી પરસ્થિતિ છે, જેથી મારી વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરી અને મારી છબી ખરાબ કરવા હિન પ્રયાસ રાહુલભાઈ દ્વારા કરવામાં આવ્યો છે. તેની સામે કાયદાકીય રીતે લડત આપીશ. આ કામમાં પરેશભાઈ પીપળીયાના વકીલ દરજ્જે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સના એડવોકેટસ અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, શ્રેયસ શુક્લ, ચેતન પુરોહીત, દિશા ફળદુ, મિહિર શુકલ રોકાયા છે.

# વગડ ચોકડી પાસે બાંધકામ સાઈટ પર સાતમા માળેથી પટકાયેલા શ્રમજીવીનું મોત

## સાંજે કામ પૂરું કરીને ઘેર જતી વખતે પરપ્રાંતીય યુવાન ને કાળ આંબી ગયો

**અબતક, રાજકોટ**

રાજકોટ ન વગડ ચોકડી પાસે નવા બની રહેલા બિલ્ડીંગ ના સાતમા માળે થી અકસ્માતે નીચે પટકાયેલા પરપ્રાંતીય યુવક નુ સારવાર દરમિયાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ વગડ સોસાયટી પેટ્રોલ પંપ પાસે રહેતા અને કડિયાકામ કરી ગુજરાન ચલાવત મૂળ મધ્યપ્રદેશના કમરસિંહ જુહુ મચાર ૧૯ ગઈકાલે સાંજે છ વાગે વગડ ચોકડી નજીક નવા બની રહેલાકે'' ધ ફોર્ટીન'' સાઈડ પર કામ કરી સાંજે કામ પૂરું થયા પછી કમરસિંહ અકસ્માતે સાતમા માળે થી નીચે પડી જતા બેભાન હાલતમાં તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી વિભાગમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન મોડી સાંજે તેને મૃત જાહેર કર્યો હતો. મરનાર મધ્યપ્રદેશ થી પરિવાર સાથે રાજકોટમાં ગુજરાત ચલાવવા આવ્યું છે અને તે અપર્ણિત હોવાનું જાણવા મળ્યું છે આ અંગે તાલુકા પોલીસે તપાસ શરૂ કરી છે.

# સોની વેપારીનું ૧૭ લાખનું સોનુ મેળવી રાજસ્થાની કારીગર છનનન

## ઘરેણાં બનાવવા આપેલું ૨૦૦ ગ્રામ સોનુ મેળવ્યા બાદ દુકાન-મોબાઈલ બંધ કરી પરિવાર સાથે પલાયન : એ ડિવિઝન પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરમાં વધુ એક સોની વેપારી સાથે વિશ્વાસઘાતની ઘટના બની છે. દાગીના બનાવવા માટે મૂળ રાજસ્થાનનો શખસ વેપારી પાસેથી રૂ.૧૬.૯૯ લાખનું સોનું લઇ ગયા બાદ પરત આપ્યું ન હતું. તેનો મોબાઇલ સ્વીચઓફ હોય દુકાને જઈ તપાસ કરતા દુકાન બંધ હતી. એટલું જ નહીં તે ઘરને તાળા મારી પરિવાર સાથે રાજકોટ છોડી જતો રહ્યો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી વેપારીએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

શહેરમાં ગીતાનગર, વસુધારા એલિગન્સ બી-૫૦૪, ગાયત્રીનગર મેઈન રોડ પર રહેતા અનિલભાઈ ચંદુભાઈ રાધનપુરા(ઉ.વ ૬૩) નામના સોની વેપારીએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે વિરેન્દ્રભાઈ ઓમપ્રકાશભાઈ સોની(રહે. મોરબી રોડ, જુના જકાત નાકા પાસે, આર.કે. ડ્રીમ લેન્ડ એપાર્ટમેન્ટ, બી વિંગ, ત્રીજા માળે, ફ્લેટ નંબર ૩૦૩ મૂળ પાલી, રાજસ્થાન) નું નામ આપ્યું છે.

સોની વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે પેલેસ રોડ, ૧૯ - પ્રદ્યુમન શોપિંગ સેન્ટરમાં, રાજમંદિર કોમ્પ્લિક્સની સામે 'ત્રિશુલ જ્વેલર્સ' નામની દુકાન ધરાવે છે અને છેલ્લા ચાલીસ વર્ષથી સોના-ચાંદીના દાગીનાનો વેપાર કરે છે.

આરોપી વિરેન્દ્ર પેલેસ રોડ પર શિલ્પ જ્વેલર્સ વાળી શેરીમાં શ્રી કોમ્પ્લેકસમાં દુકાન નં.૨૦૨ માં શ્રી



વિનાયક ગોલ્ડ નામની દુકાન ધરાવી સોનાની મજૂરીકામ અને વેપાર કરે છે. દોઢ વર્ષ પહેલાં, અનિલભાઈ અને વિરેન્દ્ર વચ્ચે ધંધાકીય સંબંધો વિકસ્યા હતા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, વિરેન્દ્રભાઈ અનિલભાઈની દુકાને આવી તેમની પાસેથી દાગીના બનાવવા માટે ૨૦૦ ગ્રામ ફાઈન સોનું લીધું હતું તેણે અઢી મહિનામાં સોનું પરત આપવાનું વચન આપ્યું હતું. જીએસટી સહિત સોનાની કિંમત રૂ. ૧૬,૯૯,૫૦૦ હતી. અનિલભાઈએ વિરેન્દ્રભાઈને જીએસટી નંબરનું બિલ પણ આપ્યું, જેના પર બંનેની સહી હતી.અઢી મહિના વીતી ગયા પછી પણ વિરેન્દ્રએ સોનું કે પૈસા પરત ન આપ્યા. અનિલભાઈએ તેમને ફોન કરીને વારંવાર માંગણી કરતા હતાં. પરંતુ વિરેન્દ્ર બહાના બતાવી વાયદાઓ કર્યે રાખતો હતો. થોડા દિવસો બાદ અનિલભાઈએ ફોન કરતા તેનો બંધ આવતો હતો.જેથી વિરેન્દ્રની દુકાને જતા તે પણ બંધ હતી. બાદમાં વેપારીને જાણવા મળ્યું કે, વિરેન્દ્ર પોતાનો ફ્લેટ વેચી દીધો છે અને પરિવાર સાથે ક્યાંક જતા રહ્યો છે.આમ વિરેન્દ્ર ઓમપ્રકાશભાઈ સોનીએ વેપારી પાસેથી ૨૦૦ ગ્રામ ફાઈન સોનું કિં.રૂ ૧૬,૯૯,૫૦૦ દાગીના બનાવવા માટે લઈ ગયા બાદ સોનું કે તેના પૈસા પરત ન આપી તેમની વિશ્વાસઘાત કર્યો હોય જે અંગે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવવામાં આવી છે. જે ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ચેક રિટર્ન કેસમાં સજાના વોરંટની ફરારી મહિલાને ભક્તિનગર પોલીસે દબોચી

## ફરારી આરોપીઓ પર કાયદાનો સકંજો કશાતા ગુનેગારોમાં ફફડાટ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર પંથકમાં લાંબા સમયથી નાસ્તા ફરતા આરોપીઓને ઝડપી લેવા તેમજ પેરોલ ફર્લોજંપ અને જામીન પર છુટ્ટી ફરાર ,કોર્ટના સજાના વોરંટ માં હાજર ન થતાં આરોપીઓને તાત્કાલિક ઝડપી લેવાના આદેશના પગલે ભક્તિનગર પોલીસે ચેક રિટર્ન કેસના મહિલા આરોપીને દબોચી લીધી હતી.ભક્તિનગર પી.આઈ મયુરધ્વજસિંહ સરવૈયા ના આદેશના પગલે પોલીસ ટીમે રામનાથ પરા આંગણવાડી બ્લડ બેન્ક ની બાજુનીશેરી માં રહેતી નયનાબેન રાજેન્દ્રસિંહ ડાભી સજાના વોરંટ માં લાંબા સમયથી હાજર ન થવાના પગલે ભાગતીફરતી રહેતી હતી તેને નીલકંઠ ટોકીઝ પાસેથી ઝડપી લીધી હતી આ કામગીરીમાં ભક્તિનગર પોલીસ ટીમના કેતનભાઈ બોરીચા વસંતભાઈ બાલાસરા, આરતીબા હરદેવસિંહ, વિજયભાઈ જોશી એ જહેમત ઉઠાવી હતી

# મોટા મવા ગામેથી અંકિત પરમાર ૨૬૪ બોટલ દારૂ ઝડપાયો

## યુનિવર્સિટી પોલીસે દરોડો પાડી ૨.૦૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક રાજકોટ**

શહેરના મોટા મવા ગામે નવદુર્ગા શેરી નંબર સાતમા રૂપિયા ૨,૦૫ લાખની કિંમતનો ૨૬૪ બોટલ દારૂ યુનિવર્સિટી પોલીસે ઝડપી પાડ્યો છે.ત્યારે પોલીસને જોઈ નાસી છૂટેલા બુટલેગર અંકિત જયંતિ પરમારની શોધખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ તહેવારો અને ૧૫ ઓગસ્ટ પૂર્વે શહેરમાં દારૂ બંધીનો કડક અમલ કરવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ આપેલી સૂચનાને પગલે યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ એચ.એમ.પટેલ સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે મોટા મવા નવદુર્ગા પરામાં રહેતો અંકિત જયંતિ પરમાર નામના શખ્સ મોટા મવા વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો હોવાની કોન્સ્ટેબલ યશપાલસિંહ જનકાતને મળેલી બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ વીરદેવસિંહ જાડેજા ગોપાલસિંહ જાડેજા અને પ્રતાપસિંહ મોયા સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન અલગ અલગ બ્રાન્ડની ૨૬૪ બોટલ વિદેશી દારૂ મળે આવતા પોલીસે રૂપિયા ૨.૦૫ લાખની કિંમતનો મુદામાંલ કબજે કર્યો છે અંકિત જયંતિ પરમાર પોલીસને જોઈ નાસી છૂટવામાં સફળ રહેતા તેને ઝડપી લેવા એ.એસ.આઈ જમાલભાઈ ખટાસણા સહિતના સ્ટાફે ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે

# રેલનગર સંતોષીનગરમાં ઘર પાસેથી નીકળવા બાબતે પડોશી યુવક પર હુમલો

## શેરીમાં મહિલાઓ બેઠી હોય ત્યાંથી તું કેમ નીકળે છે કહી ત્રિપુટી ની પાઈપ વાળી

**અબતક રાજકોટ**

રેલ નગરમા મહિલાઓ બેઠી હોય ત્યાંથી નીકળવા બાબતે પાડોશી એ પાડોશી પર હુમલો કરિયાણું બનાવ પોલીસ દફતરે નોંધાયો છે, આ અંગે પ્રાપ્ત વિગત મુજબ સંતોષીનગર પાણીના ટાંકા રેલનગર નજીક રહેતા કાળુભાઈ મેરામભાઈ રાઠોડ ૩૫ ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે ઘેર હતા ત્યારે ઘર પાસે જ રહેતા ડેની, સંદીપ અને તેના સાગરીતો એ કાળુભાઈ ના ઘેર આવી ઝઘડો કરી કાળુભાઈ પર હુમલો કરી લોખંડના પાઈપથી માથામાં ઘા ઝીંકી દેતા કાળુભાઈ નું માથું ફાટી ગયું હતું અને લોહી લુહાણ હાલતમાં સરકારી હોસ્પિટલ સર્જરી વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. પાડોશીઓ વચ્ચે મારામારી ની આ ઘટનામાં કાળુભાઈ ને દવાખાને લાવનાર નિલેશભાઈએ જણાવ્યું હતું કે કાળુભાઈ ના ઘર પાસે શેરીની મહિલાઓ ઓટલે બેઠતી હોય અને કાળુભાઈ ગલી માંથી નીકળતા ડેની અને સંદીપ એ કાળુભાઈ ને કહ્યું હતું કે મહિલાઓ બેસે છે ત્યાંથી કેમ નીકળે છે? કાળુભાઈ એ કહ્યું કે મારા ઘરના ઓટે મહિલાઓ બેસે છે મારે બહાર જવા આવવું નહીં !!!તેમ કહેતા બંનેએ હુમલો કર્યો હતો આ અંગે પ્રદ્યુમન નગર પોલીસે તપાસ હાથ ધરી છે

# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીની તારીખ જાહેર: ૯ સપ્ટેમ્બરે મતદાન


## ૭ થી ૨૧ ઓગસ્ટ સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે, ફોર્મ પરત ખેંચવાની અવધિ ૨૫ ઓગસ્ટ

**અબતક, રાજકોટ**

સંસદમાં ચોમાસું સત્રના આરંભના પ્રથમ દિવસે જ જગદીપ ધનખડે ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપી દીધું હતું. કેન્દ્રિય ચુંટણી પંચ દ્વારા માત્ર ૧૧ દિવસમાં જ ઉપરાષ્ટ્રપતિની ચુંટણી માટેની તારીખનું એલાન કરી દેવામાં આવ્યું છે. આગામી ૯ સપ્ટેમ્બરના રોજ ઉપરાષ્ટ્રપતિની ચુંટણી યોજાશે અને તે દિવસે જ પરિણામ પણ જાહેર કરી દેવામાં આવશે. ચુંટણીની તારીખ જાહેર થતાની સાથે જ શાસક પક્ષ અને વિપક્ષ હવે એંડીચોંટીનો જોર લગાવવાનું શરૂ કરી દેશે.

જસ્ટીસ વર્મા સામે મહાભિયોગનો પ્રસ્તાવ લાવવાના મુદ્દે શાસક પક્ષ ભાજપ અને જગદીપ ધનખડ વચ્ચે થોડા મતભેદ ઉભા થવાના કારણે ઉપરાષ્ટ્રપતિ પદેથી જગદીપ ધનખડે આરોગ્યનું બહાનું આગળ ધરી ઓચિંતું રાતોરાત રાજીનામું આપી દીધું હતું. દરમિયાન આજે કેન્દ્રિય ચુંટણી પંચ દ્વારા ઉપરાષ્ટ્રપતિની ખાલી પડેલી જગ્યા માટે ચુંટણી યોજવાની તારીખનું એલાન કરી દેવામાં આવ્યું છે. આગામી ૭ ઓગસ્ટના રોજ ચુંટણીનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. આ સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા પણ શરૂ થઈ જશે. ૨૧ ઓગસ્ટ સુધીમાં ઉમેદવારી ફોર્મ ભરી શકાશે.

૨૨મીએ ફોર્મની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ અવધિ ૨૫ ઓગસ્ટ નિર્ધારિત કરવામાં આવી છે. જ્યારે મતદાન ૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન યોજાશે. મતદાન પૂર્ણ થયા બાદ તુરંત મત ગણતરી શરૂ કરી દેવામાં આવશે અને તે દિવસે જ પરિણામ પણ જાહેર કરી દેવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચુંટણીમાં



દેશની સામાન્ય જનતાએ મતદાન કરવાનું હોતું નથી. ધારાસભ્યો અને સંસદ સભ્યો જ મતદાર હોય છે. આટલું જ નહિં રાજ્યની વસતી પ્રમાણે ધારાસભ્ય અને સાંસદની મતની કિંમત હોય છે. એટલે કે સામાન્ય માણસો આ ચુંટણીમાં સિધા જોડાયેલા હોતા નથી.

## દિવ્યાંગો માટે આશાનું કિરણ

# નવજીવન વિકલાંગ સેવાશ્રય દ્વારા નિઃશુલ્ક સાધન સહાય કેમ્પનું આયોજન

### અબતકની શુભેચ્છા મુલાકાતમાં નવજીવન વિકલાંગ સેવાશ્રયના સભ્યોએ આપી માહિતી



તસ્વીર: અભીષેક આશીયાણી

**અબતક, રાજકોટ**

દિવ્યાંગજનોની સેવા અને તેમને આત્મનિર્ભર બનાવવાની નેમ સાથે છેલ્લા ૩૩ વર્ષથી કાર્યરત નવજીવન વિકલાંગ સેવાશ્રય દ્વારા રાજકોટમાં પ્રથમવાર એક અનોખા અને ભગીરથ કાર્યનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા નિઃશુલ્ક સાધન સહાય કેમ્પનું આયોજન કરીને દિવ્યાંગજનોને સમાજમાં સન્માનભેર અને સ્વમાનભેર જીવન જીવવા માટે જરૂરી સાધનો પૂરા પાડવામાં આવશે. આ ઉપક્રમમાં, સહયોગી સંસ્થા ''ૐ દાદા ફાઉન્ડેશન, રાજકોટ'' અને ગુરુદેવ પરમ પૂજ્ય આત્મયોગી ૐ દાદાના હસ્તે શુભારંભ થશે.

અબતકની શુભેચ્છા મુલાકાતમાં નિમેશભાઈ ભાલોડીયાએ જણાવ્યું હતું કે આ કેમ્પમાં જરૂરિયાતમંદ દિવ્યાંગોને તેમની શારીરિક સ્થિતિ અને જરૂરિયાત અનુસાર વિવિધ સાધનો પૂરા પાડવામાં આવશે. જેમાં બેટરી ચાલિત ટ્રાયસિકલ, વ્હીલચેર, અને સાદી ટ્રાયસિકલનો સમાવેશ થાય છે. ખાસ કરીને, ૮૦% કે તેથી વધુ શારીરિક દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓને ઈલેક્ટ્રિક ટ્રાયસિકલ જેવી અદ્યતન સુવિધા પણ પૂરી પાડવામાં આવશે, જે તેમને ગતિશીલતા અને સ્વતંત્રતા આપશે.

આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દિવ્યાંગજનો માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજીસ્ટ્રેશન બાદ, કેમ્પનું સ્થળ અને સમયની જાણ મોબાઈલ અથવા વોટ્સએપ દ્વારા કરવામાં આવશે. લાભાર્થીઓએ કેમ્પ સમયે જરૂરી દસ્તાવેજો જેવા કે આધાર કાર્ડ, દિવ્યાંગતાનું પ્રમાણપત્ર, UDID કાર્ડ, આવકનો દાખલો, રાશન કાર્ડ અને પાસપોર્ટ સાઈઝનો ફોટોની નકલ સાથે લાવવાની રહેશે.

વધુ માહિતી અને રજીસ્ટ્રેશન માટે નવજીવન વિકલાંગ સેવાશ્રયના નિમેશભાઈ ભાલોડિયાનો મો. ૯૭૩૭૨ ૯૭૬૧૨ અને ૯૯૦૪૨ ૪૧૮૧૪ પર સંપર્ક કરી શકાય છે.

# રાષ્ટ્રીય શાળામાં રવિવારે 'કરાઓકે' કાર્યક્રમ

### મેયર નયનાબેન પેઢડીયા, કિરીટભાઈ ગણાત્રા, જીતુભાઈ ભટ્ટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે

**અબતક, રાજકોટ**

એક સુંદર કર્ણપ્રિય કરીયોકે ટ્રેક પર આધારીત કાર્યક્રમ રવિવારના રોજ સાંજે ૫ કલાકથી રાષ્ટ્રીય શાળાના મધ્યસ્થ હોલમાં આયોજીત થયો છે. આ કાર્યક્રમને સાંગીતીક ઓપ આપશે. શોભનાબેન વિઠલાણી કે જેઓ રાજકોટમાં ટ્રેક આધારીત મ્યુઝિક શો કરી સંગીત પ્રેમી સુધી પહોચાડે છે. કાર્યક્રમમાં રાજકોટના જુદા જુદા ફીલ્ડમાંથી આવતા સફળ મહાનુભાવો પોતાની કલાને સંગીતપ્રેમીઓ સુધી પહોચાડવા શોભનાબેન સેતુ બની આ કાર્યક્રમ કરી રહ્યા છે. રાષ્ટ્રીય શાળાના ચેરમેન જીતુભાઈ ભટ્ટનો સહયોગ મળશે.

ગાયક કલાકારોમાં નયનભાઈ પંચોલી, બીપીનભાઈ કોટક, દેવેન્દ્રભાઈ સાતા, અનિલભાઈ વણઝારા, પંકજભાઈ જોશી, પ્રદિપભાઈ નિર્મળ, ક્રિશ્નકાંતભાઈ પોતાની કલા પીરસશે. આમંત્રીત મહાનુભાવો મેયર નયનાબેન પેઢડીયા, કીરીટભાઈ ગણાત્રા મોભી અકિલા દૈનિક, ભાવેશભાઈ જાદવ એસીપી, જીતુભાઈ ભટ્ટ ચેરમેન રાષ્ટ્રીય શાળા, મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## સ્વ. વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ નિમિતે

# ગજાનનધામ ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

ગજાનન ધામ ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા રાજકોટના પનોતા પુત્ર પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણી ના ૬૯ મા જન્મદિવસ નિમિત્તે સિવિલ હોસ્પિટલ ગરીબ દર્દીઓ તેમજ થેલેસેમિયા પીડિત બાળકો માટે રકતદાન કેમ્પનું આયોજન તા.૨.૮.૨૦૨૫ શનિવાર.સાંજે ૫ થી ૧૧ સુધી. સ્થળ બાલાજી મંદિર ભુપેન્દ્ર રોડ, રાજકોટ. દરેક રક્તદાતાને ટ્રાવેલિંગ બેગ પ્રસાદી રૂપે ભેટ આપવામાં આવશે દરેક



દર્શનાથી ને રક્તદાન કરવા નમ્ર અરજ છે.આયોજન ને સફળ બનાવવા કિરીટભાઈ પાંધી,મુકેશભાઈ ગુસાણી, ભરતભાઈ ગમારા, રાજુભાઈ ચાવડા, સંજયભાઈ વાઘેલા, સતિષભાઈ ગમારા, સંજયભાઈ જીવરાજાની, અજયભાઈ ચાવડા,રૂપેશભાઈ દુધરેજીયા,લાલાભાઈ મનાણી,મેહુલભાઈ ગમારા, દિલીપભાઈ આડેસરા, સંદીપભાઈ પટેલ, રમણીકભાઈ મીરાણી, કિશનભાઈ પાંધી, દક્ષભાઈ પુજારા, ધનેશભાઈ જીવરાજાની, શ્યામભાઈ રાઠોડ, દિલીપભાઈ ગમારા, હિશિતભાઈ પુજારા વગેરે જહેમત ઉઠાવવી રહીયા છે.

# તિરા પર 'પુરવેદા' લોન્ચ: રિલાયન્સ રિટેલનો આયુર્વેદિક સૌંદર્ય બજારમાં પ્રવેશ

## પુરવેદાની પ્રથમ કલેક્શનમાં ૪ શ્રેણીમાં વહેંચાયેલા ૫૦થી વધુ ઉત્પાદનોનો સમાવેશ



**અબતક, રાજકોટ**

રિલાયન્સ રિટેલના બ્યુટી ડેસ્ટિનેશન 'તિરા'એ તેની પોતાની નવી આયુર્વેદિક સૌંદર્ય બ્રાન્ડ 'પુરવેદા' લોન્ચ કરી છે. આ બ્રાન્ડ પ્રાચીન ભારતીય આયુર્વેદિક જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનના સંયોજન પર આધારિત છે, જે સર્વગ્રાહી સૌંદર્ય અને સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તિરાના સહ-સ્થાપક અને સીઈઓ ભક્તિ મોદીએ જણાવ્યું કે, પુરવેદાનું લોન્ચિંગ એ તિરાના મિશનમાં એક મહત્વપૂર્ણ પગલું છે, જેનો ઉદ્દેશ ગ્રાહકોને અર્થપૂર્ણ અને ઈરાદાપૂર્વક સૌંદર્ય અનુભવો પ્રદાન કરવાનો છે. આ સાથે, રિલાયન્સ રિટેલ ભારતના ઝડપથી વિકસતા આયુર્વેદિક સૌંદર્ય બજારમાં પ્રવેશી રહી છે.

પુરવેદાની પ્રથમ કલેકશનમાં ૫૦ થી વધુ ઉત્પાદનોનો સમાવેશ થાય છે, જે ચાર મુખ્ય શ્રેણીઓમાં વહેંચાયેલા છે: ધારા, નિયમા, સામ અને ઉર્જા. દરેક શ્રેણીમાં આયુર્વેદિક તત્વો જેમ કે ચંદન, કુમકુમાડી, ગુલાબ, મુલેથી, હિબિસ્કસ અને આધુનિક સક્રિય તત્વો જેવા કે ડી-પેન્થેનોલ અને સ્કવાલેનનું અનોખું મિશ્રણ છે. આ ઉત્પાદનો ત્વચાની સંભાળ, વાળની સંભાળ અને શરીરની સંભાળ માટે તૈયાર કરવામાં આવ્યા છે અને તે પરંપરા અને નવીનતાનું સંયોજન કરીને ગ્રાહકોને અસરકારક અને સંતુલિત સૌંદર્ય અનુભવો પ્રદાન કરે છે.

તિરા, જે ૨૦૨૩ માં રિલાયન્સ રિટેલ દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું, તે ભારતનું સૌથી ઝડપથી વિકસતું ઓમ્ની-ચેનલ બ્યુટી પ્લેટફોર્મ છે. ૨૦ મિલિયનથી વધુ એપ ડાઉનલોડ્સ અને દેશના ૯૮% થી વધુ પિનકોડમાં ડિલિવરી સાથે, તિરા ભારતના દરેક ખૂણે સુંદરતાને સુલભ બનાવી રહ્યું છે. આ પ્લેટફોર્મ વર્ચ્યુઅલ ટ્રાય-ઓન ટૂલ્સ અને ત્વચા વિશ્લેષકો જેવી અદ્યતન ટેકનોલોજી દ્વારા ગ્રાહકોને વ્યક્તિગત અને ઉન્નત શોપિંગ અનુભવ પ્રદાન કરે છે. પુરવેદાના લોન્ચથી તિરાના બ્રાન્ડ પોર્ટફોલિયોને વધુ મજબૂતી મળશે અને તે બ્યુટી માર્કેટમાં તેનું સ્થાન વધુ સુદ્રઢ કરશે.


# રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ આયોજીત સર્વરોગ નિદાન કેમ્પને બહોળો પ્રતિસાદ

**અબતક,રાજકોટ**

સમાજ આરોગ્ય અને પર્યાવરણ પ્રત્યેની પોતાની અવિરત પ્રતિબદ્ધતા રૂપે રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ દ્વારા આજે તેના દત્તક ગામ નાગલપુર ખાતે આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રોના ૭ નિષ્ણાત ડોકટરોની ટીમના સહકારથી યોજાયેલી આ આરોગ્ય શિબિરમાં ગામ તથા આસપાસના વિસ્તારના ૮૫થી વધુ દર્દીઓને સલાહ, ચેકઅપ, દવાઓ તથા પ્રાથમિક સારવાર પૂરી પાડવામાં આવી.

કેમ્પ નાગલપુર ગામની પ્રાથમિક શાળામાં યોજાયો હતો. ગામ તથા આસપાસના વિસ્તારોના નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી અને આ સેવા યજ્ઞનો લાભ લીધો હતો.

કેમ્પમાં બાળરોગ, દાંત-પેઢા, કોસરોસ્કોપી, મગજ, ગાયનેક, ઓર્થોપેડિક, ફિઝિયોથેરાપી તેમજ સુજોક થેરાપી જેવી વિવિધ વિશેષતા ધરાવતા નિષ્ણાત ડોકટરોએ મફત તપાસ કરી હતી. આ ઉપરાંત કન્સલ્ટેશન, શુગર ટેસ્ટ તથા ચેકઅપ પણ મફતમાં કરાયા હતા. કેમ્પમાં ડો. ઋષિ સૂચક (પીડીયાટ્રીક), ડો. વંદન કાનાબાર



### નિષ્ણાંતોએ ૮૫થી વધુ દર્દીઓને ચેકઅપ, પ્રાથમિક સારવાર, દવાઓ પુરી પાડી

(જનરલ પ્રેક્ટિશનર), ડો. વંદના મૃગ (ડેન્ટિસ્ટ), ડો. ખુશબુ ઝાલાવડિયા (ગાયનેક), ડો. સાગર ઘોડાસરા (ન્યુરો સર્જન), ડો. કૃપેન ટેલર (ઓર્થોપેડિક), કાજલ હરિયા (સુજોક થેરાપિસ્ટ) વગેરે નિષ્ણાંતોએ સેવા આપી હતી.

પર્યાવરણ સંરક્ષણ તરફના પ્રયાસ રૂપે, નાગલપુર પ્રાથમિક શાળાના પરિસરમાં ૫૧ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું અને તેમની યોગ્ય દેખભાળ રાખવાનો સંકલ્પ લેવાયો હતો.

આરોગ્ય શિબિર દરમિયાન ગ્રામજનોને તાત્કાલિક પરિસ્થિતિમાં જીવન બચાવનારી પદ્ધતિઓની સમજ આપવા સીપીઆર જાગૃતિ સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાગલપર ના સરપંચ મનોજ ભાઈ તથા કલબના પ્રમુખ નિહાર ચંદરાણા, પ્રોજેક્ટ ચેરમેન ડો. અંકુર પટેલ તથા સેક્રેટરી મેહુલ પરમાર, કૃતિબેન રાઠોડ, કૌશાબેન દોશી, રક્ષિત મેનપરા, પરીન પટેલ, ગૌરવ માખેચા, મેહુલ જામંગ, રવિ ઠક્કર, જેનીશ પડિયા, મીરલ પડિયા, પરીન અવલાણી, ઉપસ્થિત રહ્યા હતા.

# વરસાદમાં પણ એસ.ટી. ટોપ ગિયરમાં દોડી:૯ કરોડ મુસાફરોને સંતોષકારક સવારીનો અહેસાસ

## ચોમાસાની સ્થિતિએ ૨૪ લાખથી વધુ ટ્રીપો પૂર્ણ કરી

**અબતક, રાજકોટ**


કુદરતી આપદા જેમ કે, ભારે વરસાદ, પૂર જેવી પરિસ્થિતિઓમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની બસ મુસાફરોને સમયસર અને સલામત રીતે પોતાના ગંતવ્ય સ્થળે પહોંચાડવા માટે કટિબદ્ધ રહી છે. હાલ ચાલુ વર્ષે ચોમાસાની ઋતુમાં તા.૧ જૂન ૨૦૨૫થી લઈને અત્યારસુધી એટલે કે, ૩૦ જૂલાઈ ૨૦૨૫ સુધીમાં રાજ્યના ૧૨૫ એસ.ટી ડેપોમાંથી ૨૪ લાખથી વધુ ટ્રીપો પૂર્ણ કરીને ૯ કરોડથી વધુ મુસાફરોને નિગમની બસો દ્વારા તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોચાડ્યા છે. રાજ્યમાં જૂન માસમાં ભારે વરસાદ દરમિયાન સૌરાષ્ટ્રના ભાવનગર અને બોટાદ જિલ્લાની ફક્ત ૧.૪૦% ટ્રીપો રદ થઈ હતી. જ્યારે દક્ષિણ ગુજરાતના સુરત અને તાપી જિલ્લાની ૧.૬૦% ટ્રીપો રદ કરવામાં આવી હતી. જુલાઈ માસમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં થયેલ ભારે વરસાદથી ૦.૬૪% ટ્રીપો રદ કરવામાં આવી હતી. આ રદ થયેલ ટ્રીપો માત્ર ત્રણ દિવસમાં નિગમે પુનઃ કાર્યરત કરી હતી. નાગરિકોને બસ સ્ટેશન અને ડેપોથી લઈને પોતાની મુસાફરી પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ પણ પ્રકારની હાલાકી ન રહે તે બાબતની ચિંતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવી કરી રહ્યા છે. જેના ભાગરૂપે ગુજરાતમાં એસ.ટી નિગમની સ્લીપર, વોલ્વો, મિનીબસ સહિતની અન્ય બસો આજે ટેક્નોલોજીયુક્ત છે. પર્યાવરણને નુકશાન ન થાય તે માટે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનર શીપ ધોરણે ૫૦ મીની ઈલેક્ટ્રિક બસો તેમજ નિગમની ૦૫ ડબલ ડેકર બસ મળીને કુલ ૫૫ ઈલેક્ટ્રિક બસો હાલ ગુજરાતમાં કાર્યરત છે.

ગુજરાત એસ.ટી. નિગમ માત્ર વાહન ચલાવવાનું કામ નથી કરતું, પરંતુ તે રાજ્યના નાગરિકોની જીવનશૈલીનું એક અવિભાજ્ય અંગ બની ગયું છે. નિગમની બસો દૈનિક સરેરાશ ૩૨ લાખ કિલોમીટરનું અંતર કાપી, અંદાજે ૩૭,૦૦૦ જેટલી ટ્રીપો દ્વારા ૨૭ લાખથી વધુ મુસાફરોને પરિવહન સેવાઓ રાજ્યના નાગરિકોને આપી રહી છે. આ ઉપરાંત નિગમ દ્વારા દૈનિક ૪.૪૨ લાખ જેટલી ગ્રામીણ વિદ્યાર્થીનીઓને ૧૦૦% ફ્રી વિનામૂલ્યે મુસાફરી કરવાની સુવિધા આપવામાં આવે છે. આમ દૈનિક ૫.૫૦ લાખ વિદ્યાર્થીઓને ૮૨.૫૦%ના રાહત દરે મુસાફરી કરાવવાનો લાભ આપવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિદ્યાર્થીઓ, દૈનિક નોકરિયાત વર્ગ અને અન્ય મુસાફરોને પડતી મુશ્કેલીઓ માટે નિગમ સતત કાર્યરત રહી અસરકારક આયોજન કરી રહી છે. દર વર્ષે ચોમાસામાં એસ.ટી. નિગમના ડ્રાઈવર, કંડક્ટર તથા મિકેનિકલ સ્ટાફ દ્વારા વાહનોની તકનિકી તપાસ તથા માર્ગોની સ્થિતિને ધ્યાને લઈ રાજ્યમાં કાર્યરત એસ.ટી બસોની ટ્રીપોનું આયોજન તૈયાર કરવામાં આવે છે.

# સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયા સહકારી ક્ષેત્રના વટવૃક્ષ, જેની શીતળ છાયા આજે પણ મળી રહી છે: ચેતન રામાણી

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપના અગ્રણી અને સૌરાષ્ટ્રના લડાયક ખેડૂત નેતા ચેતન રામાણીએ પૂર્વ કેબિનેટ મંત્રી અને ખેડૂતોના મસીહા ગણાતા સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે તેમને શત શત વંદન કર્યા છે. અને ચેતનભાઈએ જણાવ્યું કે, વિઠ્ઠલભાઈ રાદડિયાએ ખેડૂતો, સહકારી ક્ષેત્ર અને શિક્ષણ માટે



આપેલા યોગદાનની સુવાસ આજે પણ સમાજમાં પ્રસરી રહી છે. ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે લોન અને અકસ્માત વીમા જેવી યોજનાઓનો પ્રારંભ કરાવનાર સ્વ .વિઠ્ઠલભાઈ રાદડિયા ની ગેરહાજરી આજે પણ ગુજરાતને વ્યથિત કરે છે. તેમની પુણ્યતિથિ નિમિત્તે ઠેર ઠેર રક્તદાન શિબિરોનું આયોજન થતાં, તેમની સેવાભાવના જીવંત રહી છે. ચેતનભાઈ રામાણીએ તેમના અંગત મિત્ર અને માર્ગદર્શક સમા સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયા ને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# રાજ્યના ૫૨ લાખથી વધુ ખેડૂતોને મળશે રૂ.૧,૧૧૮ કરોડની સહાય

## વડાપ્રધાન દેશના ખેડૂતો સાથે સંવાદ કરીને સંબોધન કરશે તેમજ ખેડૂતો માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૦મો હપ્તો રિલીઝ કરશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે આવતીકાલે રાષ્ટ્રીય કક્ષાનો પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાન દેશના ખેડૂતો સાથે સંવાદ કરીને સંબોધન કરશે તેમજ ખેડૂતો માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૦મો હપ્તો રિલીઝ કરશે. જે અનુસંધાને ગાંધીનગર ખાતે પણ આવતીકાલ તા. ૦૨ ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાશે. જ્યારે, કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને રાજકોટ ખાતે જિલ્લા કક્ષાનો સમારોહ યોજાશે. રાજ્ય અને જિલ્લા કક્ષાના સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ખેડૂતોને લાઈવ ટેલીકાસ્ટના માધ્યમથી વર્ચ્યુઅલ સંબોધન કરશે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પીએમ કિસાન યોજનાના ૨૦માં હપ્તા પેટે સમગ્ર દેશના ૯.૭ કરોડથી વધુ ખેડૂતોને રૂ. ૨૦,૫૦૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવશે. જે પૈકી ગુજરાતના આશરે ૫૨.૧૬ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૧૧૮ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.રાજ્ય કક્ષાના સમારોહમાં મુખ્યમંત્રીના હસ્તે પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થીઓ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાય વિતરણ તેમજ પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત ગુજરાતના દરેક જિલ્લામાં પણ પીએમ કિસાન ઉત્સવ દિવસનું



આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે, રાજ્યની ગ્રામ પંચાયતો અને ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. રાજ્યભરમાં યોજાનાર આ કાર્યક્રમોમાં રાજ્ય મંત્રી મંડળના સભ્ય, સાંસદ અને ધારાસભ્ય સહિતના પદાધિકારી-અધિકારીઓ ઉપરાંત આશરે ૨.૫ લાખથી વધુ ખેડૂતો ઉપસ્થિત રહેશે.

### અત્યાર સુધી ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારો લાભ લઈ ચુક્યા છે

અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ-કિસાન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ભારતના કુલ ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને અત્યાર સુધીમાં ૧૯ હપ્તાના માધ્યમથી કુલ રૂ. ૩.૬૯ લાખ કરોડની સહાય આપવામાં આવી છે. જે અન્વયે ગુજરાતના લાભાર્થી ખેડૂત પરિવારોને ૧૯ હપ્તાના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૯,૯૯૩ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી છે.

# ગૌમાતાની 'વિજય' વંદના: સ્વ.વિજયભાઈના જન્મદિને કાલે સેવા-દયાનો અનોખો સમન્વય

## જૈન વિઝન દ્વારા ગૌ-માતાને મિષ્ટાન, ડ્રાયફ્રુટ અને વિવિધ પ્રકારની લીલોતરી વસ્તુઓના ૫૬ ભોગ ધરાવાયા: સ્વ. વિજયભાઈના પુત્ર ઋષભ રૂપાણી સહિત જૈન સમાજના અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત



**અબતક, રાજકોટ**

રાજકોટના પનોતા પુત્ર અને ગુજરાતના દિવંગત પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસના એક દિવસ પહેલા જૈન વિઝન દ્વારા અનોખી અને પવિત્ર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજયભાઈ રૂપાણી જે આપણા સૌના હૃદયમાં કાયમી સ્થાન ધરાવે છે. તેમના જન્મદિવસની ઉજવણીને સેવા અને દયાના પ્રકલ્પ સાથે જોડવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય, તેમના જન્મદિવસને માત્ર ઉજવણી પૂરતો સીમિત ન રાખતા જીવદયાના મહાન કાર્ય સાથે જોડીને એક ઉમદા ઉદાહરણ પૂરું પાડવાનો હતો.

આ આયોજન જૈન વિઝન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું જેઓ છેલ્લા ઘણા વર્ષોથી આ પરંપરા જાળવી રહ્યા છે. સંસ્થા દ્વારા સ્વ. વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ અવસરે વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે કારણ કે જૈન ધર્મમાં જીવદયાને સર્વોપરી માનવામાં આવે છે. આ વર્ષે આ પરંપરાને આગળ ધપાવતા, ગૌમાતાની સેવા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે એક ખૂબ જ પ્રશંસનીય પગલું છે.

આ કાર્યક્રમ અંતર્ગત ગૌમાતાને 'છપ્પન ભોગ' ધરાવવાનો અનોખો પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો હતો. આ ભોગમાં મિષ્ટાનથી લઈને ડ્રાયફ્રુટ અને વિવિધ પ્રકારની લીલોતરી વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ આયોજન પાછળનો હેતુ એ હતો કે જો આપણે બધા સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી શકીએ તો આપણા સમાજમાં પવિત્ર ગણાતી ગૌમાતાને પણ તેટલું જ ઉત્તમ ભોજન કેમ ન પીરસવું જોઈએ. આ વિચાર દ્વારા ગૌમાતા પ્રત્યેનો આદર અને પ્રેમ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું નામ ''ગૌમાતાની 'વિજય' વંદના'' રાખવામાં આવ્યું હતું. જે વિજયભાઈ રૂપાણીના નામ સાથે ગૌમાતા પ્રત્યેની વંદનાને જોડે છે. આ પવિત્ર પ્રસંગની શરૂઆત નવકાર મંત્રના મહાજાપથી કરવામાં આવી હતી જે જૈન ધર્મનો એક પવિત્ર મંત્ર છે. નવકાર મંત્રના જાપ કરીને આ ભોગ ગૌમાતાને અર્પણ કરવામાં આવ્યા હતા જેથી આ કાર્યમાં ધાર્મિક અને આધ્યાત્મિક ભાવના પણ જોડાઈ રહે.

આ ભવ્ય કાર્યક્રમનું આયોજન રાજકોટ મહાજન પાંજરાપોળ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રકારના કાર્યો માત્ર ગૌમાતાની સેવા પૂરતા સીમિત નથી રહેતા પરંતુ તે સમાજમાં સેવા અને દયાનો સંદેશ ફેલાવે છે અને લોકોને આવા કાર્યોમાં જોડાવા માટે પ્રેરણા પણ આપે છે. હિન્દુ ધર્મની માન્યતા મુજબ ગૌમાતામાં તેત્રીસ કરોડ દેવી-દેવતાઓનો વાસ હોય છે. તેથી ગૌમાતાને ભોજન કરાવવું એ એક રીતે તમામ દેવી-દેવતાઓને સન્માન આપવા બરાબર છે. આ કાર્યક્રમ દ્વારા ગૌમાતા પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિ પ્રગટ કરવામાં આવી હતી. આ આયોજન વિજયભાઈ રૂપાણીના જન્મદિવસની ઉજવણીને એક નવી ઊંચાઈ પર લઈ ગયું જ્યાં ઉજવણી અને સેવા એકબીજા સાથે જોડાઈને એક સુંદર અને પવિત્ર પ્રકલ્પ બન્યા હતા.

### સ્વ. વિજયભાઈ રૂપાણીના સેવાભાવી જીવનને શ્રદ્ધાંજલિ: મિલન કોઠારી



અબતક સાથેની વાતચીતમા જૈન વિઝનના મિલનભાઈ કોઠારીએ જણાવ્યું હતું કે, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર સ્વ. વિજયભાઈ રૂપાણીના જન્મદિવસની પૂર્વસંધ્યાએ તેમના જન્મદિવસને યાદગાર બનાવવા માટે ગૌમાતાના ૫૬ ભોગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો હેતુ વિજયભાઈના સેવાભાવને સન્માન આપવાનો હતો. જૈન ધર્મમાં જીવદયાનું ખૂબ મહત્વ છે તે ભાવનાને અનુસરીને આયોજકો દ્વારા દર વર્ષે વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે. આ વખતે એવું વિચારવામાં આવ્યું કે જો આપણે સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી શકીએ તો ગૌમાતાને પણ મિષ્ટાન, ડ્રાયફ્રુટ્સ અને લીલોતરી જેવી વસ્તુઓનો ૫૬ ભોગ શા માટે ન જમાડી શકાય?

આ કાર્યક્રમમાં ગૌમાતાને ભોગ અર્પણ કરતા પહેલાં નવકાર મંત્રના મહાજાપ પણ કરવામાં આવ્યા હતા કારણ કે હિંદુ માન્યતા મુજબ ગૌમાતામાં તેત્રીસ કરોડ દેવી-દેવતાઓનો વાસ હોય છે. આમ આ કાર્યક્રમ દ્વારા ગૌમાતા પ્રત્યેની શ્રદ્ધા અને દયાનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો.




તસવીર: શૈલેષ વાડોલીયા

---

### સ્વ. વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ નિમિત્તે

# મનોદિવ્યાંગ બાળકો માટે પૂજિત રૂપાણી ટ્રસ્ટ દ્વારા કાલે ''વિજય વ્હાલ સંગમ'' કાર્યક્રમ

## મેડિકલ ચેકઅપ, રમતગમત અને પ્રસાદ તેમજ અવનવી ભેટો આપી બાળકો પર સ્નેહ વરસાવશે



**અબતક,રાજકોટ**

કુદરતે જેને અકાળે છીનવી લીધા છે તેવા સૌના લાડીલા અને હૃદયસ્થ એવા પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના સપૂત વિજયભાઈ રૂપાણી આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમનો હસમુખો ચહેરો અને તેમનો દયાળુ આત્મા કાયમ સ્મરણમાં રહેશે. સ્વ. વિજયભાઈને બાળકો ખુબ જ પ્રિય હતા અને તેમાં પણ ખાસ કરીને મનો દિવ્યાંગ બાળકો ઉપર અપાર સ્નેહ વરસાવતા હતા. તેમના આ માયાળુ સ્વભાવ અને સેવાકાર્યોને ધ્યાનમાં રાખીને સ્વ. પૂજિત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ તથા રૂપાણી પરિવાર દ્વારા આ વખતે વિજયભાઈનો જન્મદિવસ ' વિજય વ્હાલ સંગમ' તરીકે ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આવતીકાલે વિજયભાઈનો જન્મદિવસ છે અને આ દિવસે મનોદિવ્યાંગ બાળકો માટે મેડીકલ ચેકઅપ કેમ્પ, રમતોત્સવ અને ભોજન સહિતનું આયોજન કરવામાં આવ્યું છે. વિજય વ્હાલ સંગમ કાર્યક્રમ કાલે સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી અવધ રોડ ઉપર આવેલી હોટેલ સિઝન્સ ખાતે યોજાશે. મનોદિવ્યાંગ બાળકોને હોટેલ સિઝન્સમાં લઈ જવાશે અને ત્યાં તેમનું મેડીકલ ચેકઅપ થશે. આ કેમ્પમાં રાજકોટના ૪૦ થી વધુ સ્પેશીયાલીસ્ટ અને સુપર સ્પેશીયાલીસ્ટ ડોકટર્સ સેવા આપશે. આ કેમ્પમાં મનો દિવ્યાંગ બાળકોને થતા તમામ પ્રકારના રોગનું નિદાન કરવામાં આવશે અને તેમને જરૂરી દવા પણ આપવામાં આવશે. આ દવા રાજકોટ ફાર્માસિસ્ટ એસોસિએશનના સહયોગથી આપવામાં આવનાર છે. આ કેમ્પ બાદ બાળકોના મનોરંજન માટે ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટની સ્થાપના ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને અંજલી રૂપાણીએ પોતાના પુત્ર પૂજિત રૂપાણીની યાદમાં કરી હતી. આ ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ બાળકો, યુવાનો અને મહિલાઓને મદદ કરવાનો છે. અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક કોચિંગ આપવામાં આવે છે. આ વિદ્યાર્થીઓને ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ના અભ્યાસક્રમમાં પણ મદદ કરવામાં આવે છે. શિક્ષણનો તમામ ખર્ચ ઉઠાવવામાં આવે છે. આમાં ટ્યુશન, શાળાનો ખર્ચ, અને અન્ય શૈક્ષણિક જરૂરિયાતોનો સમાવેશ થાય છે.


પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટનો હેતુ સમાજના વંચિત વર્ગના લોકોને સશકત અને આત્મનિર્ભર બનાવવાનો છે, જેથી તેઓ ગૌરવપૂર્ણ જીવન જીવી શકે.

ખાસ કરીને અવનવી રમતો યોજવામાં આવી છે. આ માટે ફનવર્લ્ડનો સહયોગ પ્રાપ્ત થયો છે. રમત ઉપરાંત બાળકો કાર્ટુન કેરેક્ટર સાથે અને અવનવી ઈલેક્ટ્રોનીક રમતો પણ રમશે. ગીફ્ટ હેમ્પર પણ આપવામાં આવશે. રાષ્ટ્રસેવા-સમાજસેવા ને જીવનમંત્ર -આરાધ્ય બનાવનાર સ્વ. વિજયભાઈની સેવાયાત્રા સાતત્યપૂર્ણ રીતે નિરંતર ચાલુ રાખી પરિવાર તેમજ ટ્રસ્ટ સેવાયજ્ઞ તેને જીવનકાર્ય બનાવશે. બાળકો માટે તેમજ છેવાડાના ના માનવી ની સેવા અને કલ્યાણ માટે અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ હાથ ધરી વિજયભાઈ રૂપાણી ના સેવાકાર્ય ને આગળ વધારવામાં આવશે તેમ અંજલિબેન રૂપાણી, ઋષભ રૂપાણી,રાધિકા રૂપાણી-મિશ્રા તેમજ સાથી કાર્યકર્તાઓ-પરિવારજનોએ જણાવ્યું છે.

---

# રૂ.૧૧,૦૦૦ કરોડના બિઝનેસ સાથે રાજકોટ નાગરિક બેંકની ઐતિહાસીક સિધ્ધિ

## સૌરાષ્ટ્ર-કચ્છમાં તમામ ખાતેદારો-ગ્રાહકો અને સભાસદોના અપ્રતિમ વિશ્વાસનું ઝળહળતું પરિણામ: ચેરમેન દિનેશ પાઠક



**અબતક,રાજકોટ**

રૂા. ૧૧,૦૦૦ કરોડથી વધુના બિઝનસવાળી સૌરાષ્ટ્ર-કચ્છની સર્વપ્રથમ સહકારી બેંક બનવાનું ગૌરવ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ને મળ્યું છે.

બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક અને ઈન્ચાર્જ વાઈસ ચેરમેન ચંદ્રેશભાઈ ધોળકીયાની સંયુક્ત યાદી જણાવે છે કે, સાત દાયકાથી વધુ સમયથી જનવિશ્વાસની આરાધના કરતી રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની રૂા. ૧૧,૦૦૦ કરોડથી વધુનાં બિઝનેસની સિદ્ધી અત્યંત ગૌરવપ્રદ છે. આ સિદ્ધી બેંકના સભાસદો, ખાતેદારો, ગ્રાહકો અને સમગ્ર નાગરિક પરિવારની અથાગ મહેનતથી મળી છે અને બેંકની અવિરત પ્રગતિનું પ્રતિબિંબ છે. મહારાષ્ટ્ર અને ગુજરાતભરમાં શાખા ધરાવતી બેંકના ત્રણ લાખથી વધુસભાસદો હોવા એ વિશાળ પરિવારની નિશાની છે. વિશેષમાં ખાતેદારોને અદ્યતન સુવિધા પુરી પાડવા માટે દેશની અગ્રગણ્ય સોફટવેર કંપની, ઈન્ફોસીસનો સીબીએસ સોફટવેર ટુંક સમયમાં બેંકમાં અમલમાં આવશે.'

આ તકે બેંકની વિવિધ સેવાની આછેરી માહિતી આપીએ તો, મોબાઈલ-વ્હોટ્સએપ બેંકિંગ ઉપરાંત વેપારી વર્ગને વ્યવસાયમાં ડીજીટલ બુસ્ટ મળે તે માટે ક્યુઆર કોડ સ્કેનર ફ્રીમાં આપવામાં આવે છે. મોબાઈલ બેંકિંગ થકી જ એનઈએફટી-આરટીજીએસ કરી શકાય છે.

બેંક ખૂબ જ આકર્ષક દરે કાર લોન, સોના ધિરાણ, જીએસટી સરોગેટ ઓવરડ્રાફ્ટ, હોમ લોન, નાગરિક સહકાર ધિરાણ જેવી તમામ લોન ફિક્સ વ્યાજદરે ઉપલબ્ધ છે. છેલ્લા ૧૩ વર્ષથી બેંકના વ્યક્તિગત સભાસદોને રૂા. ૧ લાખના અકસ્માત વીમાના કવચની ભેટ આપવામાં આવી છે. આઈપીઓ એપ્લીકેશન માટે આસ્બા સુવિધા છે. બેંકનું ડેબિટ કમ એટીએમ કાર્ડ દેશભરનાં એટીએમમાં વપરાશ કરી શકાય છે. યુપીઆઈ થકી સરળતાથી પેમેન્ટ કરી શકાય છે.

બેંકની વિવિધ શાખાઓમાં કાર્યરત ઈ-લોબી સુવિધાને લીધે ૨૪*૭ કલાક રોકડની લેવડ-દેવડ, પાસ બુક પ્રિન્ટીંગ અને ચેક ડિપોઝીટની સુવિધા મળી રહે છે. ૧૦ વર્ષથી વધુ અને ૧૮ વર્ષ સુધીના (માઈનોર) બાળકોને નાનપણથી જ બેંકિંગ વ્યવહારની ટેવ પડે તે હેતુથી તેમની સહીથી ખાતુ ઓપરેટ થાય તેવી સુવિધા આપનાર ગુજરાતની સર્વપ્રથમ સહકારી બેંક છે.

---

# રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે' ક્વોન્ટમ વિજ્ઞાન પર સેમિનારમાં માર્ગદર્શન અપાયું



રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ ખાતે 'ઈન્ટરનેશનલ યર ફોર ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેકનોલોજી' ની ઉજવણીના ભાગરૂપે તાજેતરમાં એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ટેકિંગ ક્વોન્ટમ ટુ સોસાયટી' થીમ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં, આર.કે. યુનિવર્સિટીના ડો. સાવન કત્બા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડો. મેધા વાગડિયાએ ક્વોન્ટમ સેન્સિંગ, મેટ્રોલોજી અને કમ્પ્યુટિંગ જેવા વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.

આ સેમિનારમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ ભાગ લીધો હતો, જેનો હેતુ ક્વોન્ટમ વિજ્ઞાન વિશે જાગૃતિ ફેલાવવાનો અને ભવિષ્યની ટેકનોલોજીઓ સાથે લોકોને પરિચિત કરાવવાનો હતો. આ કાર્યક્રમ ગુજકોસ્ટના નેતૃત્વ હેઠળ યોજાયો હતો, જેને યુનાઈટેડ નેશન્સ દ્વારા 'ક્વોન્ટમ વર્ષ' માટે નોલેજ પાર્ટનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

---

# શિક્ષણ અને તાલીમ ભવનની વિદ્યાર્થીનીઓએ માહિતી કચેરીની લીધી મુલાકાત

## સરકારી યોજનાઓ અને ડિજિટલ પ્લેટફોર્મ વિશે માહિતગાર કરાઈ



**અબતક રાજકોટ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટની ડી. એલ. એડ. ના પ્રથમ વર્ષની ૫૮ વિદ્યાર્થીનીઓએ અભ્યાસના ભાગરૂપે પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓને સરકારી સંદેશાવ્યવહાર અને પ્રકાશનોની કામગીરીથી પરિચિત કરાવવાનો હતો.

આ પ્રસંગે, સહાયક માહિતી નિયામક રાધિકાબેન વ્યાસે વિદ્યાર્થીનીઓને ગુજરાત સરકાર દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની ઋષિફફિડિંપ લોગો ડિઝાઈન સ્પર્ધા અને ગુજરાત ઈન્ફોર્મેશનની વોટ્સએપ ચેનલ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે વિદ્યાર્થીનીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા અને વોટ્સએપ ચેનલ ફોલો કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ ઉપરાંત, સહાયક માહિતી નિયામક શ્રી પ્રિયંકાબેન પરમારે 'ગુજરાત પાક્ષિક' અને 'રોજગાર સમાચાર' જેવા સરકારી પ્રકાશનોની ઉપયોગિતા સમજાવી હતી અને તેમને શૈક્ષણિક યોજનાઓનો લાભ લેવા માટે અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને 'ગુજરાત પાક્ષિક' અને 'રોજગાર સમાચાર'નું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. અધ્યાપકો પ્રવીણચંદ્ર જાની અને એલ.જી. પુરોહિતના માર્ગદર્શન હેઠળ આ મુલાકાત સફળ રહી હતી, જે વિદ્યાર્થીનીઓ માટે માહિતી અને જ્ઞાનનું ઉત્તમ કેન્દ્ર બની રહી.

# ભારતને ગિલના "આત્મઘાતી" રનમાંથી ઉગારતા કરૂણ-વોશિંગ્ટન: ૩૦૦ રન ઈંગ્લેન્ડને "ભારે" પડશે?

## પ્રથમ ઈનિંગમાં ભારતીય બોલરોએ યોગ્ય લાઈન અને લેન્થ સાથે બોલિંગ કરવી જરૂરી બનશે: આજે પણ ઓવલમાં વરસાદની શક્યતા

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીની છેલ્લી મેચ લંડનના ઓવલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે



રમાઈ રહી છે. આ મેચમાં ભારતીય ટીમ ટોસ હારી ગઈ અને પહેલા બેટિંગ કરવા ઉતરી. ભારતીય ટીમની શરૂઆત પહેલી ઈનિંગમાં સારી રહી ન હતી અને ૮૩ રનના સ્કોર પર ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી.ભારતીય કેપ્ટન શુભમન ગિલ પાસેથી મોટી ઈનિંગની અપેક્ષા હતી, પરંતુ તે તેના ''આત્મઘાતી'' રન લેવામાં આઉટ થયો.વરસાદને કારણે ઓવલ ટેસ્ટના પહેલા દિવસે માત્ર ૬૪ ઓવર ફેંકાઈ હતી. ટીમ ઈન્ડિયા ૬ વિકેટ ગુમાવીને ૨૦૪ રન બનાવી શકી હતી. કરુણ નાયર ૫૨ રન અને વોશિંગ્ટન સુંદર ૧૯ રન બનાવીને અણનમ રહ્યા હતા.આજે ભારત ૩૦૦ સુધીનો સ્કોર કરે તો પણ ઓવલમાં સારો સાબિત થશે.

હવામાન વિભાગની આગાહી મુજબ, ૧ ઓગસ્ટે પણ ઓવલમાં ભારે વરસાદની શકયતા છે. ઈંગ્લેન્ડના સ્થાનિક સમય મુજબ, બપોરે ૨ વાગ્યા પછી વરસાદની શક્યતા ૪૬ ટકા હોવાનું કહેવાય છે, જે દિવસ આગળ વધતાં વધુ ઘેરી બની શકે છે. આ વરસાદ માત્ર રમતને જ નહીં, પણ મેચના પરિણામને પણ અસર કરી શકે છે. આ સ્થિતિમાં ભારતીય ટીમે તેમની રણનીતિ ઝડપથી બદલવાની જરૂર પડશે જેથી તેઓ મર્યાદિત સમયમાં વધુ સારું પ્રદર્શન કરી શકે. જોકે, વરસાદને કારણે રમતમાં વિક્ષેપો મેચનો ઉત્સાહ ઘટાડી શકે છે અને ભારતની જીતની શક્યતાઓ પર પણ અસર પડી શકે છે.બંને ટીમો માટે પહેલા દિવસની હારની ભરપાઈ કરવા માટે બીજો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. જો ભારત શ્રેણી ડ્રો કરવા માંગે છે તો તેણે મજબૂત બેટિંગ અને બોલિંગ સાથે મેદાન પર પ્રભુત્વ મેળવવું પડશે. બીજી તરફ, ઈંગ્લેન્ડની ટીમ પણ પોતાની લીડ જાળવી રાખવા માટે આ તકનો લાભ લેવા માંગશે. વરસાદ વચ્ચે રમતની સ્થિતિમાં પીચ પર ભેજ વધી શકે છે, જે ઝડપી બોલરો માટે મદદરૂપ સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં ભારતીય બોલરોએ યોગ્ય લાઈન અને લેન્થ સાથે બોલિંગ કરવી પડશે.

## અભિમન્યુંનો ટીમમાં સમાવેશ ન કરતા પિતા નાસીપાસ થયા!



ભારતીય ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવવા માટે અભિમન્યુ ઈશ્વરનની લાંબી રાહને લઈને તેમના પિતાએ પોતાનું મૌન તોડ્યું છે. તેમણે જણાવ્યું કે, અભિમન્યુએ ઘરેલું ક્રિકેટમાં સતત શાનદાર પ્રદર્શન કર્યું છે, પરંતુ રાષ્ટ્રીય ટીમમાં તેને તક નથી મળી. હું આ વાત સમજી શકતો નથી. દુલીપ ટ્રોફી ૨૦૨૪માં ઈન્ડિયા બીના કેપ્ટન તરીકે અભિમન્યુએ ૩૪મી સદી ફટકારી, છતાં ભારતીય ટેસ્ટ ટીમમાં તેનું ડેબ્યૂ હજુ બાકી છે.તેમના પિતાએ વધુમાં કહ્યું, અભિમન્યુએ બંગાળ માટે ડોમેસ્ટિક ક્રિકેટમાં અનેક મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી છે, પરંતુ સિલેક્ટર્સ તેના પ્રદર્શનને ધ્યાનમાં લેતા નથી એવું લાગે છે.

## શુભમન ગિલે સુનિલ ગાવસ્કરનો ૫૯ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો



ઓવલ ટેસ્ટ મેચમાં શુભમન ગિલે વધુ એક સિધ્ધિ મેળવી જેમાં તે ભારત માટે એક ટેસ્ટ સિરીજમાં કેપ્ટન તરીકે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ બની ગયો છે. શુભમન ગિલે આ મામલે સુનીલ ગાવસ્કરનો રેકોર્ડ તોડ્યો છે.

જેમાં ગાવસ્કરે વર્ષ ૧૯૭૮-૭૯માં વેસ્ટ ઈન્ડીઝ સામે ટેસ્ટ સિરીઝમાં કેપ્ટન તરીકે કુલ ૭૩૨ રન બનાવ્યાં હતા.

હવે આ યાદીમાં શુભમન ગિલ ટોપ પર પહોંચી ગયો છે.

## કરૂણ નાયરે ટેસ્ટ ક્રિકેટમાં ૩૧૪૬ દિવસ પછી અડધી સદી ફટકારી




ઈંગ્લેન્ડે પિચને ઓળખી લીધી હતી અને ટોસ જીતીને તે પ્રમાણે જ નિર્ણય લીધો હતો. જે તેના માટે ફાયદારૂપ સાબિત થયો છે. ભારતે શરુઆતથી જ વિકેટો ગુમાવી દેતા ઈંગ્લેન્ડના બોલરોના હાથ ખુલ્લા થઈ ગયા હતા. જોકે, કરૂણ નાયરે ટીમને થોડી સંભાવાની કોશિશ કરી જેમાં તે સફળ થયો છે. ભારતીય ક્રિકેટ ટીમના બેટ્સમેન કરુણ નાયરની કહાની કોઈથી છુપાયેલી નથી. દરેક ચાહક તેના પુનરાગમન વિશે જાણે છે. ૮ વર્ષ પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસીની તક મળ્યા બાદ, હવે ઈંગ્લેન્ડ સામેની છેલ્લી મેચમાં તેના બેટમાંથી એક મહત્વની ઈનિંગ્સ આવી છે. ત્રણ ટેસ્ટમાં સામાન્ય પ્રદર્શન બાદ તેને બહાર કરવામાં આવ્યો હતો, પરંતુ કેપ્ટન શુભમન ગિલે તેને છેલ્લી મેચમાં તક આપી અને તે મુશ્કેલ સમયમાં ટીમ માટે શાનદાર બેટિંગ કરીને કેપ્ટનના વિશ્વાસ પર ખરો ઉતર્યો છે. કરૂણ નાયરે ટેસ્ટ ક્રિકેટમાં ૩૧૪૬ દિવસ પછી અડધી સદીનો આંકડો પાર કર્યો છે.

## ભારતના ત્રણ ખેલાડીઓ તો માત્ર પાણી પીવડાવવા જ ઈંગ્લેન્ડ ગયા

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલી ૫ મેચની ટેસ્ટ સિરીઝની ત્રીજી મેચ ૩૧ જુલાઈથી લંડનના કેનિંગ્ટન ઓવલ ખાતે રમાઈ રહી છે. ઈંગ્લેન્ડે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતીય ટીમ ઘણા ફેરફારો સાથે મેદાનમાં ઉતરી છે. જોકે, આ પ્રવાસમાં ૩ એવા ખેલાડીઓ હતા જેમને આ સિરીઝમાં રમવાની તક નથી મળી. આ ખેલાડીઓ આખી સિરીઝ દરમિયાન તે પાણી જ પીવડાવતા રહી ગયા.એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની છેલ્લી મેચ રમાઈ રહી છે. આ સિરીઝમાં અત્યાર સુધી ઘણા ખેલાડીઓને ભારતીય ટીમ તરફથી રમવાની તક મળી છે. અંશુલ કંબોજને પણ આ સિરીઝ દ્વારા ભારત માટે ટેસ્ટ ડેબ્યુ કરવાની તક મળી. પરંતુ આ પ્રવાસમાં ભારતીય ટીમનો ભાગ રહેલા અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ અને અભિમન્યુ ઈશ્વરનને એક પણ મેચ રમવાની તક નથી મળી. ઘણા ભૂતપૂર્વ અનુભવી ખેલાડીઓએ પણ ત્રણેય ખેલાડીઓને પ્લેઈંગ ઈલેવનમાં સમાવવા સલાહ આપી હતી. પરંતુ મેનેજમેન્ટે કોઈની વાત ન સાંભળી અને આ ૩ ખેલાડીઓ સમગ્ર પ્રવાસ દરમિયાન પાણી પીવડાવતા રહી ગયા.એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં અવગણવામાં આવેલા અભિમન્યુ ઈશ્વરનને ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી સિરીઝમાં તક મળશે. પરંતુ તેને એક પણ મેચ રમવાની તક ન મળી. ઈશ્વરન ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કરી રહ્યો છે. પરંતુ આ ખેલાડીએ ભારત માટે ડેબ્યુ કરવા માટે હજુ રાહ જોવી પડશે. ઘરેલુ ટૂર્નામેન્ટમાં તેના આંકડા ઉત્તમ રહ્યા છે. અત્યાર સુધી રમાયેલી ૧૦૩ ફર્સ્ટ ક્લાસ મેચોમાં, તેણે ૪૮.૭૦ની એવરેજ સાથે ૭૮૪૧ રન બનાવ્યા છે, જેમાં ૨૭ સદી અને ૩૧ અડધી સદીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અર્શદીપ સિંહ પણ આ સિરીઝમાં ભારત માટે તેના ટેસ્ટ ડેબ્યુની રાહ જોતો રહ્યો.

## આ જુઓ! ફૂટબોલ સ્ટાર મેસીની ૩.૭ મિલિયન કિંમતની ઘડિયાળ



### મેસ્સીના સંગ્રહમાંથી શ્રેષ્ઠ

- પેટેક ફિલિપ નોટિલસ પર્પેચ્યુઅલ કેલેન્ડર (રૂ.૫ કરોડ)
- રોલેક્સ ડેટોના જિરાફ (રૂ.૩ કરોડ)
- જેકબ એન્ડ કંપની એપિક એક્સ ક્રોનો (રૂ.૧.૭ કરોડ)
- હુબ્લોટ બેટ બેંગ ટુરબિલોન (રૂ.૧.૩ કરોડ)
- ઓડેમર્સ પિગેટ રોયલ ઓક જમ્બો (રૂ.૮૬.૮૪ લાખ)

**અબતક, નવી દિલ્હી**

આર્જેન્ટિનાના સુપરસ્ટાર લિયોનેલ મેસ્સીએ ગયા સપ્તાહના અંતે સિનસિનાટી એફસી સામે તેની ટીમ ઈન્ટર મિયામીના મેચમાં અતિ દુર્લભ રોલેક્સ ડેટોના ઘડિયાળ પહેરીને હાજરી આપી હતી ત્યારે તેણે આ ઝગમગાટ ઉજાગર કર્યો હતો.એમએલએસ ઓલ-સ્ટાર રમત છોડી દેવા બદલ એક મેચનો પ્રતિબંધ ભોગવતો મેસ્સી હજુ પણ ગુલાબી 'બાર્બી' ઘડિયાળ સાથે હેડલાઈન્સ ઝડપવામાં સફળ રહ્યો. બ્રિટિશ ટેબ્લોઈડ, ધ સન અનુસાર, આ ઘડિયાળની કિંમત ૯૨૩,૨૨૭ (આશરે રૂ.૮ કરોડ) છે. આ ઘડિયાળ ગુલાબી નીલમ હીરાનો ઉપયોગ કરીને બનાવવામાં આવી છે અને તે શુદ્ધ ૧૮ કેરેટ સોનાથી બનેલી છે. મેસ્સીની લક્ઝરી એકસેસરી સ્વિસ ઘડિયાળ નિર્માતા દ્વારા ઉત્પાદિત માત્ર ૧૦ ઘડિયાળોમાંથી એક હોવાનું માનવામાં આવે છે આર્જેન્ટિનાનો ઘડિયાળનો ઉત્સાહી સંગ્રહકર્તા તરીકે જાણીતો છે, તેના ઘડિયાળ સંગ્રહની કિંમત ૩.૭ મિલિયન (રૂ.૩૨૪ કરોડ) થી વધુ હોવાનો અંદાજ છે.

## ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના ચીફ ભારત-ઈંગ્લેન્ડ સિરીઝની ઉગ્રતાથી કેમ બહુ ખુશ છે?

**અબતક, મેલબર્ન**

ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના વડા ટોડ ગ્રીનબર્ગનું એવું માનવું છે કે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની વર્તમાન ટેસ્ટ-સિરીઝમાં જે ઉગ્રતા અને આક્રમકતા જોવા મળી એને કારણે આગામી ઍશિઝ શ્રેણીમાં મેચની ટિકિટો ધડાધડ વેચાઈ જશે.ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લેન્ડ વચ્ચેની ઍશિઝ ટેસ્ટ શ્રેણી આગામી નવેમ્બરમાં રમાશે અને ગ્રીનબર્ગને એવી આશા છે કે તાજેતરમાં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી બોર્ડર-ગાવસકર ટ્રોફી માં કુલ જે ૮,૩૭,૮૭૯ ટિકિટો વેચાઈ હતી એ આંકડો આગામી ઍશિઝમાં પાર થઈ જશે.

ગ્રીનબર્ગે ઑસ્ટ્રેલિયાના એક જાણીતા દૈનિકના પત્રકાર સાથેની વાતચીતમાં ભારત-ઈંગ્લૅન્ડ ટેસ્ટ-શ્રેણીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે ' ઇટ્સ ગ્રેટ ક્રિકેટ. ક્રિકેટપ્રેમી તરીકે મને આ શ્રેણી જોવાની ખૂબ મજા પડી. આ શ્રેણીને કારણે નવેમ્બરમાં અમારી ઍશિઝ સિરીઝમાં વધુ ટિકિટો વેચાશે.'

ઑસ્ટ્રેલિયામાં એક ઍશિઝ સિરીઝ દરમ્યાન સ્ટેડિયમોમાં સૌથી વધુ પ્રેક્ષકોએ મેચો જોઈ હોય એવા રેકોર્ડસમાં ૧૯૩૬-'૩૭ની ઍશિઝ સિરીઝનું સ્થાન મોખરે છે.

સર ડોન બ્રેડમેન ત્યારે અસલ ફોર્મમાં હતા અને તેમની હાજરીવાળી ઈંગ્લેન્ડ સામેની એ સિરીઝની મેચો કુલ ૯,૪૬,૭૫૦ પ્રેક્ષકોએ સ્ટેડિયમમાં બેસીને માણી હતી.ત્યાર પછી ભારત-ઑસ્ટ્રેલિયાની ૨૦૨૪-'૨૫ સિરીઝની ૮,૩૭,૮૭૯ ટિકિટોનો આંકડો બીજા નંબરે છે અને ગ્રીનબર્ગ એ આંકડો નવેમ્બરની ઈંગ્લેન્ડ સામેની ઍશિઝમાં પાર થતો જોવા માગે છે.ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની વર્તમાન ટેસ્ટમાં મેદાન પર ઘણી વાર હરીફ ખેલાડીઓ વચ્ચે દલીલો અને તકરાર થઈ હતી. ડ્યૂક્સ બોલ નરમ પડી જતો હોવાના વિવાદે પણ આખી ક્રિકેટ દુનિયાનું ધ્યાન ઈંગ્લેન્ડના મેદાનો તરફ દોર્યું હતું.ઑસ્ટ્રેલિયામાં રમાનારી ઈંગ્લેન્ડ સામેની આગામી ઍશિઝ સિરીઝની તમામ પાંચ ટેસ્ટની પ્રથમ દિવસની તમામ ટિકિટો વેચાઈ ગઈ છે. આ પાંચ મેચ પર્થ, બ્રિસ્બેન, ઍડિલેઇડ, મેલબર્ન અને સિડનીમાં રમાશે.

# વિશ્વ સ્તનપાન સપ્તાહ: માતાનું દૂધ અમૃત જે બાળકના ઉજ્જ્વળ ભવિષ્યનો આધાર

## આજે ૧ ઓગસ્ટથી ૭ ઓગસ્ટ સુધી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ દ્વારા જાગૃતિ અભિયાન



### માતાનું દૂધ: માત્ર આહાર જ નહીં, એક સંપૂર્ણ સુરક્ષા કવચ

નિષ્ણાત તબીબોના મતે, માતાનું દૂધ એ બાળકના જીવનનો પ્રથમ અને શ્રેષ્ઠ આહાર છે. તેના કરતાં ઉત્તમ અને સંપૂર્ણ બીજો કોઈ આહાર હોઈ જ ન શકે. માતાના દૂધમાં બાળકના પ્રથમ છ મહિના માટે જરૂરી તમામ પોષક તત્વો, વિટામિન્સ, મિનરલ્સ અને પૂરતું પાણી હોય છે. આ દૂધ સરળતાથી પચી જાય છે, જેથી બાળકના પાચનતંત્ર પર બિનજરૂરી ભાર પડતો નથી. આ ઉપરાંત, માતાના દૂધમાં રહેલા એન્ટિબોડીઝ અને રોગપ્રતિકારક શક્તિ વધારતા તત્વો શિશુને ન્યુમોનિયા, ઝાડા, કાનના ચેપ અને અન્ય સામાન્ય રોગો સામે રક્ષણ આપે છે, તેની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. આ જ કારણથી, સ્તનપાન કરાવતા બાળકોની બીમાર પડવાની સંભાવના ઘણી ઓછી હોય છે.

### આરોગ્ય વિભાગો, હોસ્પિટલો અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જાગૃતિ અભિયાનનું આયોજન

આ સપ્તાહ દરમિયાન, દેશભરમાં આરોગ્ય વિભાગો, હોસ્પિટલો અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં સ્તનપાનના ફાયદા, યોગ્ય પદ્ધતિ અને માતાઓને આવતી મુશ્કેલીઓનું નિવારણ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવશે. આ સપ્તાહ એ વાત પર ભાર મૂકે છે કે સ્તનપાન એ કુદરતી અને શ્રેષ્ઠ ઉપાય છે,

જે દરેક બાળકનો અધિકાર છે અને દરેક માતાની નૈતિક ફરજ છે. સમાજમાં સ્તનપાન અંગેની ખોટી માન્યતાઓ દૂર કરીને એક સશક્ત અને સ્વસ્થ પેઢીનું નિર્માણ કરવાનો આ સપ્તાહનો મુખ્ય સંકલ્પ છે.

**અબ તક રાજકોટ:**

આજે, ૧ ઓગસ્ટથી શરૂ થયેલા વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી દુનિયાભરમાં જોરશોરથી કરવામાં આવી રહી છે. આ સપ્તાહનો મુખ્ય ઉદ્દેશ્ય માતાના દૂધના અમૂલ્ય લાભો વિશે જાગૃતિ ફેલાવી, શિશુના સ્વાસ્થ્યને સુધારવાનો અને માતાઓને સ્તનપાન માટે પ્રોત્સાહિત કરવાનો છે. દર વર્ષે આ ઉજવણી WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) અને UNICEF (યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે. આ વર્ષે પણ, આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ કાર્યક્રમો અને અભિયાનો દ્વારા સ્તનપાનના મહત્વ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

### બાળક અને માતા બન્ને માટે વરદાન

સ્તનપાન માત્ર બાળક માટે જ નહીં, પણ માતા માટે પણ ફાયદાકારક છે. સ્તનપાન કરાવવાથી માતાના શરીરમાંથી ગર્ભાવસ્થા દરમિયાન સંગ્રહિત થયેલી વધારાની ચરબી બળે છે, જે વજન ઘટાડવામાં મદદ કરે છે. આ ઉપરાંત, આ પ્રક્રિયાથી ગર્ભાશય તેના સામાન્ય કદમાં ઝડપથી પાછું ફરે છે. સંશોધનો દર્શાવે છે કે જે માતાઓ સ્તનપાન કરાવે છે તેમને ભવિષ્યમાં સ્તન કેન્સર અને અંડાશયના કેન્સરનું જોખમ પણ ઓછું રહે છે.

### ભાવનાત્મક બંધન મજબૂત કરવાનો સેતુ

સ્તનપાન એ માત્ર પોષણનો સ્રોત નથી, પરંતુ માતા અને બાળક વચ્ચેના ભાવનાત્મક બંધનને મજબૂત કરવાનું એક ઉત્તમ માધ્યમ છે. આ પ્રક્રિયા દરમિયાન થતા શારીરિક સંપર્કથી ઓક્સીટોસિન નામના હોર્મોનનું ઉત્પાદન વધે છે, જે પ્રેમ અને લાગણીની લાગણીને વેગ આપે છે. આ બંધન બાળકના માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે અત્યંત જરૂરી છે, કારણ કે તે બાળકને સુરક્ષા અને આત્મવિશ્વાસની લાગણી પૂરી પાડે છે.



# કાલાવડઃ ગ્રાહકના સ્વાંગમાં રૂ.૫.૯૪ લાખના ઘરેણા તફડાવનાર રાજકોટનું દંપતી ઝડપાયું

## સોનાના ઘરેણાનો ડબ્બો ઉઠાવી જનાર સુત્રધાર મહિલા ઘરેણાં સાથે ફરાર થઈ જતાં પોલીસ દ્વારા શોધખોળ

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ ટાઉનમાં એક સોની વેપારી ની દુકાને ગ્રાહક ના સ્વાગમાં આવેલી એક મહિલા રૂપિયા ૫.૯૪ લાખના ઘરેણા ભરેલો ડબ્બો ઉઠાવી ગયા ની પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે, અને રાજકોટના એક દંપતિની અટકાયત કરી લઈ ત્રણ તોલા સોનું, દોઢ લાખની રોકડ અને મોબાઈલ તથા રિક્ષા વગેરે કબજે કર્યા છે, જ્યારે અન્ય દાગીના લઈને રફુ ચક્કર થઈ જનાર મુખ્ય મહિલાની શોધખોળ ચલાવાઈ રહી છે.

ચોરીના આ બનાવની વિગત એવી છે કે કાલાવડ ટાઉનમાં સ્વામિનારાયણ શેરીમાં રહેતા અને મેઈન બજારમાં મંગલમ જ્વેલર્સ નામની સોના ચાંદીના ઘરેણાંની દુકાન ધરાવતા જયેશકુમાર નવીનચંદ્ર ઝીંઝુવાડીયા નામના સોની વેપારીએ પોતાની દુકાનમાં ગ્રાહક તરીકે આવેલી એક મહિલા રૂપિયા ૫.૯૪ લાખની કિંમતના સોના ચાંદીના ઘરેણાં પારદર્શક ડબ્બાની ઉઠાંતરી કરી ગયા ની ફરિયાદ કાલાવડ ટાઉન પોલીસ મથકમાં નોંધાવી છે.

વેપારીની નજર ચુકવીને ઉઠાંતરી કરી લેવામાં આવી હતી, અને મહિલા રફફુચક્કર થઈ ગઈ હતી.

પાછળથી સોની વેપારીને ગણતરી દરમિયાન ૫.૯૩.૮૫૪ ની કિંમતના જુદા જુદા દાગીનાઓ ભરેલો એક ડબ્બો ગાયબ થઈ ગયો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી આખરે આ મામલો કાલાવડ ટાઉન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને પોલીસ ઈન્સ્પેક્ટર એન. વી. આંબલીયા અને તેઓની ટીમ દ્વારા સમગ્ર મામલામાં ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી દેવામાં આવી હતી, અને સીસીટીવી કેમેરા વગેરે ની ચકાસણીના આધારે ઉપરોક્ત દાગીનાની ચોરી કરી જનાર રાજકોટની મહિલા કિરણબેન પોપટભાઈ સોલંકી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જે આરોપી મહિલા હાલ ફરાર છે. અને તે પોતાની સાથે કેટલાક ઘરેણા લઈને ભાગી છુટી છે.

પરંતુ આ પ્રકરણમાં પોલીસે રાજકોટના એક દંપતિ કિશન નટુભાઈ સોલંકી અને પૂજાબેન કિશનભાઈ સોલંકી ની અટકાયત કરી લીધી છે. જેઓ પાસેથી ત્રણ તોલા સોનું એક લાખ ચાલીસ હજારની રોકડ રકમ ૧૦,૦૦૦ ના મોબાઈલ ફોન તેમજ એક રીક્ષા વગેરે કબજે કરી લીધા છે. મુખ્ય આરોપી મહિલાની શોધખોળ ચલાવાઈ રહી છે.

બનાવના સમયે મુખ્ય આરોપી મહિલા કિરણબેન દુકાનમાં અંદર ગઈ હતી, જ્યારે તેનો પુત્ર અને પુત્રવધુ બહાર ઊભા હતા, અને ડબ્બો લઈને નીકળ્યા બાદ ત્રણેય રિક્ષામાં ભાગી છુટ્યા હતા. પરંતુ પોલીસના હાથે દંપત્તિ ઝડપાયું છે, અને મુખ્ય આરોપી મહિલાની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

# થોરાળા પોલીસે ચોરાઉ બાઈક સાથે તસ્કર ઝડપાયોઃ બે ગુનાનો ભેદ ઉકેલાયો

## ગુનેગારો પર પોલીસની આકરી કાર્યવાહીથી ફફડાટ

**અબતક રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં મિલકત સંબંધી ગુનાઓના ઝડપી ડિટેક્શન માં ટેકનોલોજી અને બાતમીદારોના નેટવર્ક નો ઉપયોગ કરવાના આદેશના પગલે ભક્તિનગર તથા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ના મોટરસાયકલ ચોરીના અનડીટેકટ ગુનાઓ ઈ ગુજકોપ અને બાતમીદારો ની મદદથી ઉકેલી લેવામાં થોરાળા પોલીસ સફળ રહી છે.

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા ,નાયબ પોલીસ કમિશનર સજ્જનસીહ પરમાર, મદદનીશ પોલીસ કમિશનર વિ,વિ જાદવ ની સૂચનાથી ભક્તિનગર અને ગાંધીગ્રામ મા નોંધાયેલ મોટરસાયકલ ચોરીની ફરિયાદો નો ભેદ થોરાળા પોલીસે ઉકેલી લીધો હતો.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ થોરાળા પીઆઈ એન,જી વાઘેલા ના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ ના પી.એસ.આઇ એમ એસ મહેશ્વરી દ્વારા ડિટેક્ટ ગુનાઓ ઉકેલવા ની કામગીરી દરમિયાન ઈ ગુજકોપ અને બાતમી દારોને કામે લગાડી ભક્તિનગર



અને ગાંધીગ્રામ પોલીસમાં નોંધાયેલી મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલી ને આરોપી રોહીત ઉર્ફ ગટ્ટુ મુન્નાભાઈ શામજીભાઈ વજકાણી૨૦ રહે ગંજીવાળા શેરી નંબર ૭ મહાકાળી ચોક રાજકોટ ને ઝડપી લઈ બે સ્પ્લેન્ડર મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલ્યો હતો

# વિનોદનગર સહિતના વિસ્તારોમાં પાણીના નિકાલની સમસ્યાઃ શહેર કોંગ્રેસ દ્વારા મ્યુનિ. કમિશનરને રજૂઆત

**અબતક, રાજકોટ**

રાજકોટના વોર્ડ નં. ૧૮માં ડ્રેનેજ લાઈનનું કામ પૂર્ણ થયા બાદ તેની ઉપર રોડ બનાવવામાં આવ્યો છે. પરંતુ રોડની બંને બાજુની કામગીરી હજુ અધૂરી છે. ખાસ કરીને વિનોદનગર સોસાયટીની શેરી નંબર ૧ થી ૮ માં પાણીનો ભરાવો થાય છે અને તેના નિકાલ માટે કોઈ વ્યવસ્થા નથી. આ ઉપરાંત, વિનોદનગર મેઈન રોડ, પુરુષાર્થ મેઈન રોડ, રાધા કૃષ્ણ મેઈન રોડ, રેઈમ્બો



કાઈટસથી ડી-માર્ટવાળો રોડ અને શ્યામ હોલની આજુ બાજુના વિસ્તારોમાં પણ રોડનું કામ યોગ્ય રીતે થયું નથી. આ વિસ્તારોમાં ખાડા અને ખબડા પણ જોવા મળે છે. રાધિકા ડેરી સામેનો પુરુષાર્થ રોડ અને જૂના પાઈપ રોડ પર બ્લોકનું કામ કરવામાં આવ્યું છે, જેના કારણે પાણીનો નિકાલ અટકી ગયો છે. વરસાદનું પાણી ગટરમાં જઈ શકતું નથી કારણ કે કોઈ પણ કુંડી ઊંચી લેવામાં આવી નથી. પરિણામે, વરસાદ પૂરો થયા પછી પણ પાણીનો ભરાવો રહે છે અને પાણીનો નિકાલ થતો નથી. રાધિકા ડેરી સામે, વિનોદનગર (પાઈપ રોડ) ખાતે જ્યાં પાણીના નિકાલ માટે જૂનો હોકળો હતો, ત્યાં બ્લોક નાખીને પાણી રોકી દેવામાં આવ્યું છે. આ હોકળો ફરીથી ખોલવા માટે વિનંતી છે. અમારી આ સમસ્યાનું વહેલી તકે નિવારણ લાવવામાં આવે અને ખાસ કરીને પાણીના નિકાલ માટે જૂનો હોકળો ખોલવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી શહેર કોંગ્રેસે માંગ કરી છે.

# દુષ્કર્મના ગુનામાં કલ્પેશ નસીતની સ્પેશિયલ પી.પી. તરીકે નિમણુક

**અબતક, રાજકોટ**



જસદણ તાલુકાના આટકોટ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મોની નોંધાયેલી ફરિયાદમાં પીઢિતા અને તેના પરિવારને ન્યાય મળી રહે તે માટે કાયદા વિભાગ દ્વારા કેસની કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી ''પટેલ લો-ફર્મ ના સૌરાષ્ટ્રના જાણીતા ધારાશાસ્ત્રી કલ્પેશ બી. નસીત એડવોકેટ ખાસ સરકારી વકિલની નિયુકતી કરેલ છે. આ કેસમાં તેઓ સ્પે.પી.પી. તરીકે કામગીરી કરશે. સરકારે ગુનાની ગંભીરતા લઈ અને આરોપીઓને સજા થાય અને આવા પ્રકરણમાં ગુનેગારોને ભય ફેલાય તે હેતુસર કલ્પેશ નસીત જેવા ફોજદારીમાં કાબેલ વકીલની નિમણુક કરવામાં આવેલ હતી.હવે પછી આ ગુનાના કામે સરકાર તરફે કલ્પેશ નસીત એડવોકેટ ઉપસ્થિત રહી કેસ ચલાવશે. અદાલતમાં કાનૂની જંગ જામશે.રાજકોટના એડવોકેટ કલ્પેશ નસીતની સ્પે.પી.પી. તરીકે નિમણુક થતા રાજકોટ જીલ્લામાં ખુશીની લહેર થઈ ગયેલ છે.

# સિવિલ કોર્ટના ક્લાર્કે સરકારી તિજોરીને રૂ.૧૦.૮૫ લાખનો ચુનો ચોપડ્યો

## કોર્ટની ટ્રેઝરી શાખામાં જમા કરવાની થતી રકમ ક્લાર્ક એન.એમ. વસાવડાએ કટકટાવી લીધીઃ જુલાઈ ૨૦૨૩થી કટકી કરતો'તો

**અબતક, રાજકોટ**

જેતપુર સિવિલ કોર્ટના સિનિયર કલાર્કે રૂ.૧૦.૮૫ લાખની ઉચાપત કરી સરકારી તિજોરીને નુકશાન પહોંચાડતા જેતપુર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. કોર્ટમાં જમા થતી રકમ કલાર્ક એન.એમ.વસાવડાએ ટ્રેઝરીમાં જમા કરાવી ન હતી. જુલાઈ ૨૦૨૩ થી કારસ્તાન ચાલતું હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે રાજકોટ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટના રજિસ્ટ્રાર અર્ચનાબેન ઠાકર દ્વારા નોંધાવવામાં આવેલ ફરીયાદમાં આરોપી તરીકે જેતપુર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટના સિનિયર કલાર્ક એન.એમ.વસાવડાનું નામ આપતાં જેતપુર સીટી પોલીસે બીએનએસ એક્ટ ૩૧૬(૫) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરીયાદ મામલે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, ફરીયાદી રાજકોટ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટના રજિસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે. તેમજ જેતપુર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટના સિનિયર કલાર્ક જેઓને કોર્ટમાં વકીલ અથવા અન્ય અરજદારો દ્વારા માંગવામાં આવતી ખરી નકલ, ગુનાના કામના ડોક્યુમેન્ટ સહિત જે કાગળો અરજી મારફતે અરજદારોને આપવાના હોય તેની આવતી રકમ સિનિયર કલાર્ક ટ્રેઝરીમાં જમા કરાવવાની હોય છે.

દરમિયાન ફરીયાદી દ્વારા જેતપુર કોર્ટનું હિસાબી તપાસવામાં આવતાં ગેરરીતિ સામે આવી હતી. જેમાં આરોપીએ કોર્ટમાં આવતી રકમ જે ટ્રેઝરીમાં જમા કરાવવાની હોય છે તે વર્ષ ૨૦૨૩ જુલાઈથી જમા ન કરાવ્યાનું ખુલ્યું હતી. જે બાદ વધું તપાસ કરતાં આરોપી એન.એમ.વસાવડાએ પોતાના હોદાનો દુરૂપયોગ કરી હિસાબી સાહિત્યમાં ગેરરીતી આચરી સરકાર ખાતે જમાં કરાવવાની થતી રકમ કુલ રૂ.૧૦,૮૫,૨૧૯ ની ઉચાપત કરી પોતાના અંગત હેતુ માટે ઉપયોગ કરતા ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી જેતપુર સીટી પોલીસે ગુનો નોંધી પીઆઈ વી.એમ.ડોડીયા અને ટીમે તપાસ આદરી હતી.

**રાજકોટ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટના રજિસ્ટ્રારે ફરીયાદ નોંધાવતા જેતપુર પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ**

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચડીની પ્રવેશ પરીક્ષા શરૂ કરોઃ એનએસયુઆઈ

## બે વર્ષથી રદ થતી પીએચડીની પરીક્ષા પુનઃ શરૂ કરવા એનએસયુઆઈએ કુલપતિને આવેદન પાઠવી રજૂઆત કરી

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ એનએસયુઆઈ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી છેલ્લા બે વર્ષથી પીએચડી પ્રવેશ પરીક્ષા રદ કરી રહી હોવાથી વિરોધ નોંધાવવામાં આવ્યો છે. એનએસયુઆઈ ના પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ આ અંગે તાત્કાલિક નિર્ણય લેવા અને હજારો વિદ્યાર્થીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને પ્રવેશ પરીક્ષા ફરીથી શરૂ કરવાની કુલપતિ ઉત્પલ જોશીને આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવી છે , સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આ નિર્ણયથી હજારો વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ગુજરાતની અન્ય સરકારી યુનિવર્સિટીઓમાં નિયમિત રીતે પીએચડી પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે અને તાજેતરમાં જ રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસુરીયાએ પણ



પ્રવેશ પરીક્ષા આપીને પીએચડી માં પ્રવેશ મેળવ્યો છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કયા કારણોસર પરીક્ષા રદ કરવામાં આવી રહી છે, એનએસયુઆઈએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને આ વર્ષે તાત્કાલિક ધોરણે પીએચડી પ્રવેશ પરીક્ષા ફરી શરૂ કરવા વિનંતી કરી છે, જેથી સૌરાષ્ટ્રભરના વિદ્યાર્થીઓને તેનો લાભ મળી શકે. જો આ મામલે યોગ્ય નિર્ણય નહીં લેવાય તો આવનારા દિવસોમાં યુનિવર્સિટી ખાતે આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

# ગોંડલ-પડધરીમાં પ્યાસીઓના છાંટાપાણી પર બુલડોઝર ફરી વળ્યું : દારૂની ૨૦૨૬૮ બોટલનો નાશ

## જિલ્લા પોલીસવડા હિમકરસિંહ અને ડીવાયએસપી કે જી ઝાલાના માર્ગદર્શન હેઠળ કુલ ૧.૦૪ કરોડના શરાબનો નિકાલ કરાયો

**અબતક, રાજકોટ**

ગોંડલ અને પડધરીમાં પ્યાસીઓની પ્યાસ પર બુલડોઝર ફરી વળ્યું હોય તેમ એસપી હિમકરસિંહના માર્ગદર્શન હેઠળ ૨૦૨૬૮ બોટલ રૂ.૧.૦૪ કરોડના દારૂનો નાશ કરી નાંખવામાં હતો.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હિમકરસિંહના માર્ગદર્શન હેઠળ પડધરી પોલીસ મથકના દારૂના કુલ ૧૦ કેશનો મુદામાલ નાશની સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખીત મંજુરીના આધારે ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલા, નશાબંધી અને આબકારી શાખાના પીએસઆઇ બી.એન.પંચોલી, પડધરી પોલીસ મથકના પીઆઇ એસ.એન.પરમારની દેખરેખ હેઠળ પડધરી જામનગર હાઈવે બાયપાસ રોડ પર રેલ્વે ઓવરબ્રીજ નીચે પડધરી પોલીસ મથક



વિસ્તારમાં પ્રોહીબીશન ગુન્હાઓમા ગેરકાયદેસર પકડાયેલ ઈગ્લીંશ દારૂની કુલ ૧૭૨૧ બોટલ રૂ.૪,૧૫,૫૦૩ નો મુદ્દામાલ નાશ કરવામા આવેલ છે.

જયારે રાજકોટ એસપી હિંમકરસિંહ દ્વારા દારૂબંધીના કડક અમલીકરણ માટે જીલ્લામાં દારૂની બદી ડામવા માટે ગેરકાયદેસર દારૂનું વેચાણ કરતા શખ્સો પર વોચ રાખી સફળ રેઈડો કરી, પ્રોહીબીશના વધુમાં વધુ ગુન્હા દાખલ કરવાની આપેલ સુચનાથી ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશનના અલગ અલગ કુલ ૨૨ ગુન્હામાં કુલ બોટલ નંગ-૧૮૫૪૭ રૂ. ૯૯,૮૭,૨૪૦ ની કિંમતનો ઈંગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડવામાં આવેલ હોય જે પકડાયેલ દારૂના જથ્થાનો સરકારના નીયમ મુજબ કોર્ટની પરવાનગી મેળવી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ગોંડલ ગોંડલની અધ્યક્ષતામાં ગોંડલ વોરા કોટડા ગામે જવાના રોડ પર આવેલ ગોંડલ સબ જેલ પાછળના ભાગે ખરાબાની સરકારી જમીનમાં કુલ બોટલ નંગ-૧૮,૫૪૭ કિં.રૂ.૯૯,૮૭,૨૪૦ ના ઈંગ્લીશ દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવેલ હતો.

# સામખીયાળી નજીક ટેન્કરમાંથી ૫૬.૮૫ લાખના બિયર સાથે ચાલક ઝડપાયો

## એસ.એમ.સી.એ દરોડો પાડી ચોર ખાનામાં છૂપાવેલો ૨૪૧૯૨ બિયરના ટીન અને વાહન મળી રૂા.૮૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

રાજ્ય સ્તરની એસ.એમ.સી.ની એક ટીમ કચ્છમાં હતી દરમ્યાન સામખિયાળી ટોલ નાકા પાસેથી પસાર થનાર ઈનોક્સ એર પ્રોડક્ટ્સ અને પાછળ ઓકિસજન લિકવીડ લખેલા ટેન્કરને અટકાવવામાં આવ્યું હતું. આ ટેન્કરની પાછળની ભાગે તપાસ કરાતા પાછળ ગુપ્તખાનું બનાવાયું હોવાનું બહાર આવ્યું હતું. આ ખાનાનું ઢાંકણું ખોલી ટેન્કરની અંદર જોવાતા તેમાં બીયરની



પેટીઓ હોવાનું બહાર આવ્યું હતું. દરમ્યાન ચાલક બાડમેર, સિંધરી રાજસ્થાનના વિંજારામ લચ્છારામ સિયાગ (જાટ)ને ઝડપી લેવામાં આવ્યો હતો. આ ટેન્કર નંબર જીજે-૦૬-એઝેડ-૫૯૧૬ને સામખીયાળી પોલીસ મથકે લઈ જઈ તેમાંથી કિંગફિશર બ્રાન્ડની પેટીઓ ઉતારાઈ હતી. ટેન્કરમાંથી રૂ.૫૬,૮૫,૧૨૦ના ૨૪,૧૯૨ બીયરના ટીન જપ્ત કરવામાં આવ્યા હતના. પકડાયેલા વિંજારામ પાસેથી બે મોબાઈલ, ઓકસીજન સીલીન્ડર, ટેન્કર એમ કુલ રૂ.૮૨,૦૫,૩૬૦નો મુદ્દામાલ હસ્તગત કરવામાં આવ્યો હતો. પકલાયેલા શખ્સની પુછપરછ દરમ્યાન આ માલ રાજસ્થાનના સીકર, ફતેહપુરના અનિલકુમાર ઉર્ફે પંડ્યા જગદીશ પ્રસાદ જાટ નામના શખ્સે મોકલ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ હેરાફેરીમાં તેને માણસ અર્જુન (રહે. અમદાવાદ) પણ સામેલ હતો. સામખીયાળી ખાતે માલ મંગાવનાર શખ્સનું નામ બહાર આવ્યું નહોતું. પકડાયેલા વિંજારામને રાજસ્થાનના પીંડવાડા ખાતે અજાણ્યા શખ્સે ટેન્કર આપ્યું હતું તેમજ ટેન્કર માલીક કોણ છે તે પણ બહાર આવ્યું નથી.એસએમસીની કાર્યવાહી બાદ સામખીયાળી પોલીસ મથકે ફરિયાદ નોંધવા સહિતની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૪૪૦ | ૯૦ | ૫૧૦ |
| પપૈયા | ૪૨ | ૧૪૦ | ૨૪૦ |
| બટેટા | ૩૮૧૦ | ૨૫૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૧૬૦૫ | ૧૦૦ | ૩૨૫ |
| ટમેટા | ૧૭૭૧ | ૫૭૦ | ૧૦૬૦ |
| સુરણ | ૬૦ | ૮૮૦ | ૧૩૯૦ |
| કોથમરી | ૫૦૪ | ૧૯૦ | ૪૧૦ |
| મુળા | ૧૬ | ૧૯૦ | ૩૫૦ |
| રીંગણા | ૪૫૦ | ૯૦ | ૨૫૦ |
| કોબીજ | ૧૮૦ | ૧૫૦ | ૪૦૦ |
| ફલાવર | ૫૬૦ | ૩૪૦ | ૫૯૦ |
| ભીંડો | ૫૭૦ | ૪૯૦ | ૭૧૦ |
| ગુવાર | ૪૬૦ | ૯૯૦ | ૧૪૯૦ |
| ચોળાસીંગ | ૮૦ | ૨૯૦ | ૬૧૦ |
| વાલોળ | ૧૫ | ૭૯૦ | ૧૨૧૦ |
| ટીંડોળા | ૯૮ | ૩૮૦ | ૮૯૦ |
| દુધી | ૫૭૦ | ૧૩૦ | ૨૩૦ |
| કારેલા | ૩૬૦ | ૧૧૦ | ૨૫૦ |
| સરગવો | ૧૨૦ | ૨૪૦ | ૧૨૬૦ |
| તુરીયા | ૧૮૦ | ૨૯૦ | ૫૧૦ |
| પરવર | ૩૩૦ | ૭૯૦ | ૧૨૧૦ |
| કાકડી | ૪૫૦ | ૧૧૦ | ૪૧૦ |
| ગાજર | ૩૪૦ | ૧૯૦ | ૩૬૦ |
| કંટોળા | ૩૪ | ૧૧૯૦ | ૧૬૧૦ |
| ગલકા | ૪૪૦ | ૧૯૦ | ૩૧૦ |
| બીટ | ૩૦ | ૨૪૦ | ૫૪૦ |
| મેથી | ૯૦ | ૭૯૦ | ૧૨૧૦ |
| વાલ | ૮ | ૧૦૫૦ | ૧૪૧૦ |
| ડુંગળી લીલી | ૨૪૦ | ૧૯૦ | ૪૧૦ |
| આદુ | ૨૮૪ | ૪૯૦ | ૯૬૦ |
| મરચા લીલા | ૫૧૦ | ૨૯૦ | ૪૬૦ |
| મગફળી લીલી | ૨૦૦ | ૫૯૦ | ૯૧૦ |
| મકાઈ લીલી | ૨૮૦ | ૧૫૦ | ૩૩૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૭૧૦ | ૧૨૫૧ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૨૧૦ | ૪૯૫ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૧૪૦૦ | ૫૧૦ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૫૦ | ૬૦૦ | ૭૪૨ |
| જુવાર પીળી | ૨ | ૪૧૩ | ૪૩૫ |
| બાજરી | ૫૦ | ૩૫૦ | ૪૯૦ |
| તુવેર | ૨૪૬ | ૧૦૧૦ | ૧૩૨૫ |
| ચણા પીળા | ૯૦૦ | ૯૫૦ | ૧૨૧૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૨૨૫ | ૨૨૧૮ |
| અડદ | ૧૨૦ | ૧૨૦૦ | ૧૪૯૬ |
| મગ | ૫૦૦ | ૧૨૫૦ | ૧૬૪૦ |
| વાલ દેશી | ૯૦ | ૬૦૦ | ૧૧૬૦ |
| ચોળી | ૧૨૦ | ૧૦૦૦ | ૧૪૩૫ |
| મઠ | ૫ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૧૭ | ૧૮૫૧ | ૨૭૦૦ |
| કળથી | ૪૫ | ૫૪૦ | ૭૭૫ |
| રાજમા | ૫૦ | ૫૦૦ | ૯૬૦ |
| સીંગદાણા | ૫૦ | ૧૩૫૦ | ૧૪૨૪ |
| મગફળી જાડી | ૨૦૦ | ૯૧૦ | ૧૧૭૫ |
| મગફળી જીણી | ૧૧૦ | ૯૧૫ | ૧૧૫૦ |
| તલી | ૦ | ૧૪૦૦ | ૨૦૮૦ |
| એરંડા | ૩૬ | ૧૧૫૦ | ૧૨૯૪ |
| અજમો | ૬ | ૧૧૦૦ | ૧૨૯૨ |
| સુવા | ૬ | ૧૧૦૦ | ૧૨૫૫ |
| સોયાબીન | ૧૧૪ | ૮૧૦ | ૮૯૮ |
| સીંગફાડા | ૮૦૦ | ૧૦૦૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૮૮૦ | ૨૯૫૦ | ૪૦૫૧ |
| લસણ | ૧૮૦ | ૪૧૫ | ૮૦૯ |
| ધાણા | ૨૦૦ | ૧૧૮૦ | ૧૪૪૮ |
| ધાણી | ૧૬૦ | ૧૨૧૦ | ૧૫૧૧ |
| વરીયાળી | ૨૫ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| જીરૂ | ૩૬૦ | ૩૩૦૦ | ૩૬૦૪ |
| રાય | ૮૦ | ૧૨૮૦ | ૧૫૨૫ |
| મેથી | ૫૦૦ | ૮૪૦ | ૧૩૫૦ |
| ઈસબગુલ | ૮ | ૮૦૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૨૪ | ૨૦૦૦ | ૪૧૫૦ |
| રાયડો | ૧૬૦ | ૧૧૫૦ | ૧૨૮૦ |
| રજકાનું બી | ૨૦ | ૪૪૦૦ | ૫૮૦૦ |
| ગુવારનું બી | ૪૦ | ૯૪૦ | ૯૯૦ |

# રાજ્યના ૧૧૮ પોલીસ અધિકારી-કર્મચારીઓને કાલે વિશિષ્ટ-પ્રશંસનીય સેવા મેડલ એનાયત કરાશે

## રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ, તત્કાલીન પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, સુરત સિપી અનુપમસિંહ ગેહલોત સહિતના અધિકારીઓનો સમાવેશ

**અબતક, રાજકોટ**

રાજ્યના ૧૧૮ પોલીસ અધિકારી કર્મચારીઓને આવતીકાલે વિશિષ્ટ સેવા મેડલ તથા પ્રશંસનીય સેવા મેડલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવનાર છે. ફરજ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ આપવામાં આવતા એવોર્ડ આવતી કાલે કરાઈ એકેડમી ખાતે મુખ્યમંત્રી અને ગૃહ રાજ્ય મંત્રીની અધ્યક્ષતામાં એનાયત કરવામાં આવનાર છે.

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ સત્તાવાર યાદી અનુસાર રાજ્ય પોલીસબેડામાં ફરજ બજાવતા ૧૧૮ પોલીસ અધિકારી-કર્મચારીઓને આવતીકાલે ગાંધીનગર સ્થિત કરાઈ એકેડમી ખાતે એવોર્ડ અર્પણ કરવામાં આવનાર છે. જે એવોર્ડ સેરેમનીમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેનાર છે.

એવોર્ડ મેળવનાર અધિકારીઓની યાદી પર નજર કરવામાં આવે તો તેમાં રાજકોટના તત્કાલીન પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જોઈન્ટ પોલીસ કમિશનર ખુરશીદ અહેમદ, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, સુરત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોત, વડોદરા પોલીસ કમિશનર નર્સિંમ્હા કોમાર, રાજકોટના તત્કાલીન રેન્જ આઈજી અને હાલ વડોદરા રેન્જ આઈજી તરીકે ફરજ બજાવતા સંદીપસિંઘ, ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર, સુરત રેન્જ આઈજી પ્રેમવીરસિંહ,



ઈન્ટેલિજન્સ બ્યુરોના વડા મહેન્દ્ર ભરાડા સહિતના અધિકારીઓને આવતી કાલે વિશિષ્ટ સેવા અને પ્રશંસની સેવા મેડલથી સન્માનિત કરવામાં આવનાર છે.

ઉપરાંત અમદાવાદ શહેરના જોઈન્ટ પોલીસ કમિશનર નરેન્દ્ર ચૌધરી, સીઆઈડી ક્રાઈમના ડીઆઈજી પરીક્ષિતા વિજયકુમાર રાઠોડ, વડોદરા એસઆરપી જૂથના રાજેન્દ્રસિંહ ચુડાસમા, રાજકોટ ડીસીપી ઝોન-૧ સજનસિંહ પરમાર, એટીએસના ડીઆઈજી કનુભાઈ પટેલ, સુરત ડીસીપી ક્રાઈમ ભાવેશ રોજીયા, વડોદરા જિલ્લા પોલીસ વડા બળવંતસિંહ ચાવડા, કેશોદના એસપીએસ બિપીનભાઈ ઠક્કર, નડિયાદ એસઆરપી જૂથના શશીભૂષણ શાહ, જામનગર ડીવાયએસપી રાજેન્દ્ર દેવધા, એસીબીના ડીવાયએસપી કૃષ્ણકુમારસિંહ ગોહિલ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓને પ્રશંસનીય સેવા અને વિશિષ્ટ સેવા મેડલથી આવતી કાલે ગાંધીનગર સ્થિત કરાઈ એકેડમી ખાતે સન્માનિત કરવામાં આવનાર છે.

## લો એન્ડ ઓર્ડરના વડા રાજકુમાર પાંડિયન, વડોદરા સીપી નર્સિંમ્હા કોમાર અને રેન્જ આઈજી સંદીપસિંઘ, ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમારને પણ સન્માનિત કરાશે

# રીબડા પેટ્રોલપંપ ફાયરિંગ પ્રકરણઃ મુંબઈ-આગ્રાથી ભાડુતી શૂટરો સહિત ચાર ઝબ્બે

### ત્રણ માસ પૂર્વે આગ્રાના બાર ખાતે હાર્દિકસિંહની મુલાકાત વિપિનકુમાર જાટ સાથે થઈ'તી : માતાની કેન્સરની સારવાર અર્થે નાણાંની જરૂરિયાત હોય પાંચ લાખમાં ભડાકા કરવા તૈયાર થયો'તો

### આગ્રાની એમ.એસ. હોટેલમાં અભિષેક અને પ્રાન્સુ જીંદલ નામના બંધુઓ સાથે મુલાકાત થતાં એક લાખની લાલચે બંને ગેંગમાં શામેલ થયાં

### જેલવાસ દરમિયાન મળેલ ઈરફાન કુરેશીને સાથે રાખી હાર્દિકસિંહે ફાયરિંગનો આખેઆખો પ્લાન ઘડ્યો : ઈરફાન વાહન ચલાવતો'તો જયારે વિપિને ભડાકો કર્યાનો ખુલાસો



**અબતક, રાજકોટ**

રીબડા ખાતે પેટ્રોલપંપ પર ફાયરિંગની ઘટનામાં એક સપ્તાહ બાદ અંતે મુંબઈ અને આગ્રાથી ભાડુતી શૂટરો સહીત ચાર શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. જે બાદ આખેઆખી ઘટના પરથી પડદો ઊંચકાયો છે. હાર્દિકસિંહ જાડેજા ત્રણેક મહિના પહેલા આગ્રામાં દારૂના બારમા વિપીનકુમાર જાટને મળેલ હતો. તેને માતાને કેન્સરની સારવાર માટે પૈસાની જરૂરીયાત હોય જેથી રૂ.૫ લાખમાં ફાયરીંગ કરવા તૈયાર થયો હતો. જ્યારે આરોપી અભિષેક અને પ્રાન્સુ જીંદલ આગ્રામાં એમ.એસ. હોટલમાં મળ્યાં અને એક લાખમાં તે બંનેને ગેંગમાં સામેલ કર્યા હતા. જ્યારે સાબરમતી જેલમાં મળેલ ઈરફાન કુરેશીએ વિપેન સાથે મળી ગુનાને અંજામ આપ્યો હતો.



### શૂટરો આણી ગેંગમાં કોણ કોણ સામેલ?

- ઈરફાન ઉર્ફે સીપા મોહમદઈસ કુરેશી (ઉ.વ.૩૨, રહે. અમદાવાદ, દાણીલીમડા, પાંચપીપળાની દરગાહ, આબાદનગરના છાપરા, દાણીલીમડા પોલીસ લાઇન સામે, મુળ, બરેલી મટકી ચોકી,રાયબરેલી (ઉત્તરપ્રદેશ)
- અભિષેકકુમાર પવનકુમાર જીંદલ/અગ્રવાલ (ઉ.વ.૨૮, રહે. મુળ. નવી પોસ્ટ ઓફીસ સુરજગંજ સાદાબાદ આગ્રા, ઉત્તરપ્રદેશ)
- પ્રાન્સુકુમાર પવનકુમાર જીંદલ/અગ્રવાલ (ઉ.વ.૨૯, રહે. નવી પોસ્ટ ઓફીસ સુરજગંજ સાદાબાદ જી.હાથરસ હાલ, આગ્રા, ઉત્તરપ્રદેશ)
- વિપીનકુમાર વિરેન્દ્રસીંગ જાટ (ઉ.વ.૨૬,રહે.નગલાકલી (સદાબાદ) મદકભોજ હાથરસ ઉત્તરપ્રદેશ)

### અભિષેક વિપીનને અમદાવાદ મૂકી ગયો'તોઃ ફાયરીંગ બાદ પ્રાંશુએ યુપી ખાતે આશરો આપ્યો'તો

અનિરુદ્ધસિંહ જાડેજાના ભત્રીજાની રીબડા સ્થિત પેટ્રોલ પંપ પર થયેલ ફાયરિંગના બનાવમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આગ્રા રહેતા અભિષેક અને તેના ભાઈ પ્રાંશુએ હાલનો ખર્ચો ઉપાડ્યો હતો. અભિષેક વિપેનને રાજકોટ મૂકવા માટે પણ આવ્યો હતો. જે બાદ ઈરફાન સાથે મળી બંને રીબડા પહોંચ્યા હતા. બાદમાં ફાયરિંગ કરીને નાસી જતાં પ્રાંશુએ યુપી ખાતે આશરો આપી તમામ ખર્ચ ઉઠાવ્યો હતો.


સમગ્ર બનાવ પર એક નજર કરવામાં આવે તો ગત તા. તા.૨૪/૦૭/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે ગોંડલ તાલુકાના રીબડા ગામે આવેલ રીબડા પેટ્રોલીયમ ખાતે બે બુકાનીધારી શખ્સો ડબલ સવારી બાઈકમાં આવી પાછળ બેસેલ શખ્સ દ્વારા પોતાની પાસે રહેલ હથીયારથી પેટ્રોલપંપ પર હાજર ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે એક રાઉન્ડ ફાયરીંગ કરી બાઈકમાં નાસી છૂટ્યા હતાં. જે મામલે કોઠારીયા સોલવન્ટમાં રહેતા અને રીબડા ગામે આવેલ અનિરુદ્ધસિંહ જાડેજાના ભત્રીજા જયદીપસિંહ ભાગીરથસિંહ જાડેજાની માલિકીના રીબડા પેટ્રોલિયમમાં ફિલરમેન તરીકે નોકરી કરતા જાવેદભાઈ રહીમભાઈ ખોખર નામના ૩૮ વર્ષીય યુવાને ફરીયાદ આપતા બે અજાણ્યા બુકાનીધારી ઈસમો વિરૂધ્ધ ગોંડલ તાલુકા પોલીસ મથકમાં હત્યાનો

(અનુ. આઠમા પાને)

### રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, એસઓજી પીઆઈ એફ એ પારગી, ગોંડલ તાલુકા પીઆઈ એ ડી પરમાર ટીમની સંયુક્ત કાર્યવાહી : જિલ્લા પોલીસવડા હિમકરસિંહે સતત મોનીટરીંગ કરી માર્ગદર્શન પૂરું પાડ્યું

# બેડી યાર્ડની કરિયાણાની પેઢીમાં તસ્કર ત્રાટક્યોઃ સાત લાખની રોકડ ઉઠાવી ફરાર

### મુખારવિંદ એન્ટરપ્રાઈઝ નામની પેઢીની બારીનો સળીયો તોડી તસ્કરે પ્રવેશ મેળવ્યો, ડિસમિસ વડે ટેબલનું ખાનું તોડી રોકડ ઉઠાવી ગયોઃ બુકાનીધારી શખ્સ સીસીટીવીમાં કેદ






**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ બેડી માર્કેટિંગ યાર્ડની કરિયાણાની પેઢીમાં ગત રાત્રે બુકાનીધારી તસ્કર ત્રાટક્યો હતો. મુખારવિંદ એન્ટરપ્રાઈઝ નામની પેઢીની બારીનો કાચ ગ્રાઈન્ડર વડે તોડી તસ્કર રૂ. ૭ લાખથી વધુની રોકડ ઉઠાવી જતા કુવાડવા પોલીસનો કાફલો બનાવો સ્થળે દોડી ગયો હતો અને સીસીટીવીમાં કેદ થયેલ બુકાનીધારી શખ્સની શોધખોળ શરૂ હતી.

### બેંકમાં જમા કરાવવા રાખેલા વેપારના પૈસા તસ્કર ઉઠાવી ગયો

મામલામાં મુખારવિંદ એન્ટરપ્રાઈઝ પેઢીના માલિક મનોજભાઈ પરસોત્તમભાઈ વેકરીયાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, બે દિવસના વેપારના નાણાં આજે બેંકમાં ડિપોઝીટ કરવાના હતા. જેથી ગત રાત્રે તેમણે નાણાં દુકાનના ટેબલના ખાનામાં રાખી લોક મારી ઘરે ચાલ્યા ગયા હતા. જે ટેબલનો લોક તોડી બુકાનીધારી તસ્કર રૂ. ૭ લાખ ઉઠાવી ફરાર થઈ ગયો હતો.

ચોરીની ઘટનાની પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ-મોરબી રોડ પર આવેલ બેડી માર્કેટિંગ યાર્ડના એન્ટ્રી ગેટ સામે જ આવેલ મનોજભાઈ પરસોત્તમભાઈ વેકરીયા(રહે.મોરબી રોડ મધુવન પાર્ક ૪, રાજકોટ)ની માલિકીની મુખારવિંદ એન્ટરપ્રાઈઝ નામની પેઢીમાં ગત મોડી રાત્રે તસ્કર ત્રાટક્યો હતો. રાત્રીના ૯:૪૨ વાગ્યે મુખારવિંદ એન્ટરપ્રાઈઝ પેઢીની બારીનો સળિયો ગ્રાઈન્ડર વડે તોડી તસ્કરે પેઢીમાં પ્રવેશ મેળવ્યો હતો. બાદમાં દુકાનના થડાનો લોક ડિસમિસ વડે તોડી બે દિવસના વેપારના રાખેલા

(અનુ. આઠમા પાને)

### કુવાડવા પોલીસ, એલસીબી ઝોન-૧ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયોઃ સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ

# સૌરાષ્ટ્ર-કચ્છના ૨૧ સહિત જીએએસ કેડરના ૫૯ અધિકારીઓની બદલી

### ૨૩ ઉપસચિવને નાયબ સચિવ તરીકે બઢતી અપાય

**અબતક, રાજકોટ**

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ૨૧ સહિત રાજ્યના જીએએસ (જુનીયર સ્કેલ) કેડરના ૫૯ અધિકારીઓની બદલી કરવામા આવી છે.

અમરેલીના ડેપ્યુટી કલેકટર એમ.જી. નિમાવત, પોરબંદરના ડેપ્યુટી ડીઈઓ, વી.આર. માકડીયા, જામનગરના ડે. ડીઈઓ એ.પી. ગોહિલ, જામનગરના પ્રાંત અધિકારી પી.બી. પરમાર, સુરેન્દ્રનગરના ડે. ડીડીઓ એમ.જે. ભરવાડ, જુનાગઢના ડે. ડીઈઓ ડી.જે. જાડેજા, જુનાગઢના ડે. મ્યુનિ. કમિશ્નર એ.એસ. જોપડા, રાજકોટના ડેપ્યુટી કલેક્ટર કે.એ. રાઠોડ, ગીર સોમનાથના ડે.ડીડીઓ એસ.મી. દુધપીયા, પોરબંદરના ડેપ્યુટી કલેક્ટર એન.બી. રાજપુત, ભાવનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નર જે.કે. રાવલ, મોરબીના ડેપ્યુટી કલેક્ટર ઉમંગ પટેલ, પોરબંદરના ડેપ્યુટી કલેક્ટર પી.કે. જાખેર, બોટાદના ડે. ડીઈઓ કે.એન. કાચા, કચ્છના પ્રાંત ઓફીસર એસ.એન. સુથાર, જુનાગઢના ડેપ્યુટી કલેકટર સિદધરાજસિંહ ગઢવી, સુરેન્દ્રનગરના ડે. ડીડીઓ એસ.ડી. શાહ, જામનગરના ડે. ડીડીઓ ડી.એસ. કોટક, કચ્છના પ્રાંત અધિકારી કે.જે. વાઘેલા, અને ભાવનગરના ડિસ્ટ્રીકટ સપ્લાય ઓફીસર સી.એમ. પ્રજાપતિ સહીતના રાજયના ૫૯ ગુજરાત વહીવટી સેવા (જુનીયર સ્કેલ) કેડરના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત સચિવાલય સેવાના ઉપસચિવ કેડરના ૨૩ અધિકારીઓને નાયબ સચિવ તરીકે બઢતી આપવામાં આવી છે.

# નર્મદા ડેમની સપાટી એક જ દિવસમાં ૨.૮૦ મીટર વધીઃ છલકાવામાં ૫.૬૮ મીટર બાકી !

### ડેમ ૮૧ ટકા ભરાયોઃ ૪.૦૨ લાખ કયુસેક પાણીની આવક સામે ૧.૧૮ લાખ કયુસેકની જાવક

**અબતક, રાજકોટ**

ઉપરવાસના વિસ્તારોમાં સતત વરસી રહેલા વરસાદના કારણે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં પાણીની ધીગી આવક થઈ રહી છે. એકજ દિવસમાં ડેમની સપાટીમાં ૨.૭૭ મીટરનો રેકોર્ડબ્રેક વધારો થવા પામ્યો છે. ૧૩૮.૬૮ મીટરની ઉંડાઈ ધરાવતો નર્મદા ડેમ સંગ્રહ શકિતના ૮૧ ટકાથી વધુ ભરાય ગયો છે. ડેમની સપાટી હાલ ૧૩૩ મીટર પહોચી જવા પામી છે. હવે છલકાવવામાં માત્ર ૫.૬૮ મીટર બાકી રહ્યો છે. હાલ ડેમના ૧૦ દરવાજા ખોલી પાણી છોડવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં ભલે મેઘરાજાએ વિરામ લીધો હોય પરંતુ રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમના કેચમેન્ટ વિસ્તારમાં સતત વરસાદ પડી રહ્યો છે. જેના કારણે ડેમમાં પાણીની ધીંગી આવક થઈ રહી છે. એક જ દિવસમાં ડેમની સપાટીમાં ૨.૮૦ મીટરનો

(અનુ. આઠમા પાને)


રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
કાર લોન
૭.૮૫% થી
- પ્રિ-ક્લોઝર/પાર્ટ પેમેન્ટ ચાર્જ નહીં
- લોનનો સમયગાળો મહત્તમ ૭ વર્ષ
- ૧૦૦% સુધી ધિરાણની સુવિધા
- મોર્ગેજની જરૂર નહીં
- ૪૮ કલાકમાં જ ધિરાણ
- નહિવત ડોક્યુમેન્ટ
ફિક્સ વ્યાજદર
સંપર્ક : 95707 80707
નાના માણસની મોટી બેંક PROUDLY CO-OPERATIVE સહકારથી સમૃદ્ધિ

